ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/170-179/છ, તા. 23-03-2016 –થી મંજૂર

# ગુજરાતી

## (પ્રથમ ભાષા)

## ધોરણ 9

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

તમસોમા જ્યોતિર્ગમય
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર – 382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

શ્રી મનસુખ સલ્લા

**લેખન-સંપાદન**

ડૉ. રમેશ પંડ્યા (કન્વીનર)
ડૉ. પિંકીબહેન પંડ્યા
ડૉ. અજયસિંહ ચૌહાણ
શ્રી હેતલબહેન નાયક
ડૉ. સંતોષ દેવકર
ડૉ. રામદેવસિંહ ગોહિલ
શ્રી નસીમબહેન પઠાણ
શ્રી મમતાબહેન શર્મા

**સમીક્ષા**

ડૉ. દિલીપ વ્યાસ
ડૉ. રાકેશ રાવત
શ્રી ધરમસિંહ પરમાર
શ્રી મંગળદાસ મકવાણા
શ્રી લાભુભાઈ ચાવડા
શ્રી જિતેન્દ્ર ફિલિપ ડાભી
શ્રી મીનાબહેન બ્રહ્મભટ્ટ
શ્રી ગીતાબહેન કુંપાવત
શ્રી નીતાબહેન પટેલ

**સંયોજન**

ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન. સી. ઈ. આર. ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિવિધ વિષયોના નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેને ગુજરાત સરકારના શિક્ષણવિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમના પરિપ્રેક્ષ્યમાં તૈયાર કરાયેલા જુદા જુદા વિષયોના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **ધોરણ 9, ગુજરાતી (પ્રથમ ભાષા)**નું આ પાઠ્યપુસ્તક આ સ્તરે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. લેખક-સંપાદક સભ્યશ્રીઓએ આ પાઠ્યપુસ્તકની હસ્તપ્રતની નિર્માણ-પ્રક્રિયામાં પૂરતી કાળજી લીધી છે. લેખક-સંપાદકોએ રાજ્યનાં પાઠ્યપુસ્તકો વધુ ગુણવત્તાસભર બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં આ હસ્તપ્રતની શિક્ષણકાર્ય કરતાં શિક્ષકો-તજ્જ્ઞો દ્વારા સર્વાંગીણ સમીક્ષા કરાવવામાં આવી છે. સમીક્ષાના સુધારા-વધારા આમેજ કરવામાં આવ્યા છે. તેમ જ મંજૂરી-ક્રમાંક-પ્રક્રિયા દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કરેલ ચકાસણી-અહેવાલ બાદ મળેલા સુધારા-વધારા આમેજ કરી આ પાઠ્યપુસ્તકની આખરી પ્રત તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

નવા અભ્યાસક્રમમાં ભાષા-અભિવ્યક્તિ અને લેખન અંગેની વિગતો દ્વારા વિદ્યાર્થીઓ ભાષાની ખૂબીઓ સમજે અને વધુ મહાવરો કરે તથા તેમની સંવેદનશીલતા કેળવાય તેવી કૃતિઓ પસંદ કરવા અંગે પૂરતું ધ્યાન આપ્યું છે. શિક્ષક વર્ગખંડમાં કૃતિ રજૂ કરતી વખતે કઈ કઈ કાળજી લે તે અંગેની વિગતો પણ આ વખતે ઉમેરવામાં આવી છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતી કાળજી લીધી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હરહંમેશ આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા. 04-11-2019 — ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016, પુનઃમુદ્રણ : 2017, 2018, 2019, 2020**

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી (IAS), નિયામક.

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ **6** વર્ષથી **14** વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-(ક)

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 1. | સાંજ સમે શામળિયો | (ગીત-કાવ્ય) | નરસિંહ મહેતા | 1 |
| 2. | ચોરી અને પ્રાયશ્ચિત્ત | (આત્મકથાખંડ) | ગાંધીજી | 3 |
| 3. | પછે શામળિયોજી બોલિયા | (આખ્યાનખંડ) | પ્રેમાનંદ | 7 |
| 4. | ગોપાળબાપા | (નવલકથાખંડ) | મનુભાઈ પંચોળી 'દર્શક' | 10 |
| ● | **વ્યાકરણ એકમ-1 : ધ્વનિશ્રેણી, સંજ્ઞા, વિશેષણ, સર્વનામ** | | | 15 |
| 5. | ગુર્જરીના ગૃહકુંજે | (ગીત) | સુન્દરમ્ | 36 |
| 6. | લોહીની સગાઈ | (ટૂંકી વાર્તા) | ઈશ્વર પેટલીકર | 39 |
| 7. | કામ કરે ઈ જીતે | (ગીત-કાવ્ય) | નાથાલાલ દવે | 47 |
| 8. | છાલ, છોતરાં અને ગોટલા | (હાસ્યનિબંધ) | બકુલ ત્રિપાઠી | 50 |
| ● | **વ્યાકરણ એકમ-2 : ધાતુ-પ્રત્યય** | | | 55 |
| 9. | પુત્રવધૂનું સ્વાગત | (ગીત) | મકરંદ દવે | 65 |
| 10. | ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ | (નિબંધ) | વિનોબા ભાવે | 68 |
| 11. | મરજીવિયા | (સૉનેટ) | પૂજાલાલ | 72 |
| 12. | સખી માર્કંડી | (લલિત નિબંધ) | કાકાસાહેબ કાલેલકર | 75 |
| ● | **વ્યાકરણ એકમ-3 : રવાનુકારી, અંગસાધક પ્રત્યય, સંધિ** | | | 78 |
| 13. | રસ્તો કરી જવાના | (ગઝલ) | અમૃત 'ઘાયલ' | 92 |
| 14. | વાડી પરનાં વહાલાં | (નિબંધ) | ઈસ્માઈલભાઈ નાગોરી | 95 |
| 15. | ગોદ માતની ક્યાં ? | (ઊર્મિકાવ્ય) | ચંદ્રકાન્ત શેઠ | 99 |
| 16. | કુદરતી | (એકાંકી) | લાભશંકર ઠાકર | 102 |
| ● | **વ્યાકરણ એકમ-4 : સમાસ** | | | 110 |
| 17. | મારા સપનામાં આવ્યા હરિ | (ઊર્મિગીત) | રમેશ પારેખ | 118 |
| 18. | પંગું લંઘયતે ગિરિમ્ | (રેખાચિત્ર) | સંકલિત | 121 |
| 19. | પપ્પા, હવે ફોન મૂકું ? | (ગીત) | મનોહર ત્રિવેદી | 126 |
| 20. | સમાજ સમર્પિત શ્રેષ્ઠી | (રેખાચિત્ર) | સંકલિત | 129 |
| ● | **વ્યાકરણ એકમ-5 : વાક્યપ્રકાર** | | | 133 |
| 21. | તેજમલ | (લોકગીત) | – | 147 |
| 22. | બોળો | (લોકવાર્તા) | ઝવેરચંદ મેઘાણી | 150 |
| 23. | લઘુકાવ્યો | (દુહા-મુક્તક-હાઈકુ) | મુકુન્દરાય પારાશર્ય<br>સ્નેહરશ્મિ | 155 |
| 24. | પ્રેરક પ્રસંગો | (ગદ્ય) | સંકલિત | 158 |
| ● | **વ્યાકરણ એકમ-6 : અલંકાર** | | | 160 |
| | | **પૂરક વાચન** | | |
| 1. | પંડ્યનાં | (લઘુકથા) | નસીમ હરીશ મહુવાકર | 164 |
| 2. | એકલો જાને રે | (કાવ્ય) | મહાદેવભાઈ દેસાઈ | 165 |
| 3. | કાશીમાની કૂતરી | (ટૂંકી વાર્તા) | પન્નાલાલ પટેલ | 166 |
| 4. | ઉપયોગી ટાંકણી લઈ લઈએ | (નિબંધ) | કુમારપાળ દેસાઈ | 171 |


●

| 1 | # સાંજ સમે શામળિયો |
|---|---|

**નરસિંહ મહેતા**
**(સમય : આશરે 15મું શતક)**

ભાવનગર પાસેના તળાજામાં તેમનો જન્મ થયો હતો. તેમનું બાળપણ જૂનાગઢમાં વીત્યું. તેમને ગુજરાતી ભાષાના ‘આદિકવિ’નું બિરુદ મળેલ છે. ‘હિંડોળાનાં પદ’, ‘વસંતનાં પદ’, ‘કૃષ્ણલીલા’, ‘ભક્તિબોધ’ વગેરેનાં પદોમાં તેમની કવિતા મળે છે. ઝૂલણા છંદમાં નરસિંહનાં પ્રભાતિયાં આજે પણ લોકકંઠે ગવાય છે. હાર, હૂંડી, મોસાળું, વિવાહ અને શ્રાદ્ધ એમનાં આત્મવૃત્તાંતનાં પદો છે. નરસિંહ મહેતાનાં પદોમાં અધ્યાત્મની ઊંચાઈ જોવા મળે છે.

‘સાંજ સમે શામળિયો’ કૃષ્ણના મધુર રૂપવર્ણનનું ગીત કાવ્ય છે. સાંજના સમયે ગાયોનું ધણ ગામ તરફ પાછું વળતું હોય એવે સમયે શામળિયો(કૃષ્ણ) વૃંદાવનથી આવતો હોય એવા વર્ણનથી કાવ્યની શરૂઆત થાય છે. મુગુટ, કાનના કુંડળ, પીતાંબર અને ફૂલની પછેડી ધારણ કરેલા કૃષ્ણ ચંદનની જેમ મહેકે છે. કૃષ્ણના રૂપની આવી શોભા વર્ણવવા માટે નરસિંહ મહેતા જુદી જુદી ઉપમાઓ પ્રયોજે છે. જેમ કે તારાઓની વચ્ચે જેમ ચંદ્ર શોભતો હોય, સોના વચ્ચે હીરો શોભે એમ ગોવાળો વચ્ચે ગિરિધર શોભી રહ્યા છે. છેલ્લી બે પંક્તિઓમાં સુંદર-મધુર કૃષ્ણ પર ભક્ત નરસિંહ મહેતા કેવી રીતે વારી જાય છે એ ભાવ શૃંગારિક રીતે વ્યક્ત થયો છે. આવા વહાલા, શુભકારી, રસિક કૃષ્ણ વગર રહી શકાય એમ નથી. એને વારંવાર નીરખતા રહેવાના ભાવ સાથે આ કાવ્ય પૂરું થાય છે.

---

સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે;
આગળ ગોધન, પાછળ સાજન, મનમાં મોહ ઉપજાવે. – સાંજ. 1

મોર મુગુટ શિર સુંદર ધરિયો, કાને કુંડળ લહેકે;
પહેર્યાં પીતાંબર, ફૂલની પછેડી, ચુઆ-ચંદન મહેકે, – સાંજ. 2

તારામંડળમાં જેમ શશિયર શોભે હેમે જડિંગ હીરો;
તેમ ગોવાળમાં ગિરધર શોભે, હરિ હળધરનો વીરો. – સાંજ. 3

વહાલાજીનું રૂપ રૂદેમાં વસિયું, મનડું તે ધસિયું મારું;
આળ કરી આલિંગન દીધું તન-મન મુખ પર વારું. – સાંજ. 4

વહાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયા વિણ કેમ રહીએ ?
નરસૈંયાચા સ્વામીની શોભા નિરખી નિરખી હરખીએ. – સાંજ. 5

**(‘નરસિંહ મહેતાના કાવ્યો’માંથી)**

### શબ્દ-સમજૂતી

#### સમાનાર્થી/શબ્દાર્થ

**ગોધન** ગાય રૂપી ધન, અહીં ગાયોનું ધણ; **કુંડળ** કાને પહેરવાનું ઘરેણું; **પીતાંબર** પીળું રેશમી વસ્ત્ર; **પછેડી** ઓઢવાની જાડી ચાદર; **ચુઆ** સુગંધી તેલ; **ચંદન** એક જાતનું સુગંધી લાકડું, સુખડ; **શશિયર** ચંદ્ર; **હેમ** સોનુ, કનક, સુવર્ણ; **હળધર** બલરામ, હળને ધારણ કરનાર; **નીરખવું** ધ્યાનથી જોવું; **આળ** આક્ષેપ અહીં વહાલ, ઓળખ

#### વિરુદ્ધાર્થી

**મોહ** નિર્મોહ; **રૂપ** કુરૂપ; **શુભ** અશુભ

#### તળપદા શબ્દો

**વિણ** વિના; **સમે** સમયે; **ધરિયો** ધારણ કર્યો; **જડિંગ** જડેલું; **રૂદે** હૃદયમાં

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ગોવાળમાં ગિરધર કેવા શોભી રહ્યા છે ?

(A) હળધર જેવા
(B) તારામંડળમાં ચંદ્ર જેવા
(C) સોનામાં જડેલા હીરા જેવા
(D) ઉપરના (B) અને (C) બંને જેવા

(2) 'હરિ હળધરનો વીરો' એટલે ?

(A) ખેડૂતોનો ભાઈ
(B) હળ ધારણ કરનારમાં હીરો
(C) બલદેવજીના ભાઈ
(D) હરિએ વીરની માફક હળ ધારણ કર્યું છે.

(3) ભગવાન શ્રીકૃષ્ણએ....

(A) લાલ રંગનાં વસ્ત્રો પહેર્યાં છે.
(B) પીળા રંગનાં વસ્ત્રો પહેર્યાં છે.
(C) હાથમાં મોરપિચ્છ ધારણ કર્યું છે.
(D) કાનમાં કુંડળ પહેર્યું નથી.

(4) શ્રીકૃષ્ણની શોભા જોઈને નરસિંહ મહેતા...

(A) દુઃખી દુઃખી થાય છે.
(B) કલ્પાંત કરે છે.
(C) ભાવમુક્ત બની ગયા છે.
(D) હરખ પામી રહ્યા છે.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) નરસિંહ મહેતા હરખી રહ્યા છે, કારણ કે

(2) કાવ્યના આધારે સાંજના સમયનું દૃશ્ય આલેખો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) કૃષ્ણરૂપ મહાશુભકારી છે એમ કવિ શા માટે કહે છે ?

(2) કવિના મનમાં કોણ મોહ ઉપજાવે છે ?

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ કાવ્યનું વર્ગમાં સમૂહગાન કરો.
- કૃષ્ણભક્તિનાં અન્ય કાવ્યો મેળવી પ્રોજેક્ટ તૈયાર કરો.

### ભાષા-અભિવ્યક્તિ

- કવિએ આવે - ઉપજાવે, લહેકે - મહેકે, હીરો - વીરો, મારું - વારું, રહીએ - હરખીએ જેવા પ્રાસસભર શબ્દોથી કાવ્ય ગૂંથ્યું છે.
- 'તારાના વૃંદનો ચંદ્ર' અને 'સોને મઢ્યો હીરો' - જેવી સરખામણીથી શ્રીકૃષ્ણનું સૌંદર્ય પ્રગટ કર્યું છે.
- 'કુંડળ લહેકે' - 'ચંદન મહેકે'
- ચાલતા કૃષ્ણ સાથે હાલતા કુંડળ વર્ણવવા કવિ કુંડળ સાથે 'લહેકે' શબ્દ લાવ્યા છે તો વળી ચંદન સાથે 'મહેકે' પ્રયોજી અંત્યાનુપ્રાસ અલંકાર પણ કવિએ સરસ રીતે વણી લીધો છે.

### શિક્ષકની ભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શિરમોર કવિઓમાંથી મીરાં, નરસિંહ અને દયારામે કૃષ્ણને સખીભાવે આરાધ્યા છે.

નરસિંહના પ્રસ્તુત કાવ્યમાં કૃષ્ણનું મનમોહક વર્ણન, કૃષ્ણ માટેનાં દૃષ્ટાંતો અને તેમની સુંદરતા પર સર્વસ્વ વારી જતા નરસિંહ મહેતાના મનોભાવો ધ્યાનાકર્ષક છે. આ બધી બાબતો અંગે વિદ્યાર્થીઓને સમજ આપવી. કૃષ્ણનું દર્શન માત્ર શુભકારી છે તે સુંદર રીતે રજૂ થયેલા ભાવની સ્પષ્ટતા કરવી.

ભક્તિના જુદાજુદા પ્રકારો પૈકી પ્રેમલક્ષણા ભક્તિ વિશે સમજ આપવી. આ કાવ્યમાં વ્યક્ત થયેલા ભાવ જેવા જ ભાવ વ્યક્ત કરતાં અન્ય કાવ્યો મેળવી બંનેની તુલનાત્મક ચર્ચા કરવી.

●

# 2 ચોરી અને પ્રાયશ્ચિત

**ગાંધીજી**

**(જન્મ : 2-10-1869, અવસાન : 30-1-1948)**

'બાપુ', 'રાષ્ટ્રપિતા', 'મહાત્મા'. મોહનદાસ કરમચંદ ગાંધી. ગાંધીજીનો જન્મ પોરબંદરમાં થયો હતો. તેમના પિતા કરમચંદ ગાંધી પોરબંદર રાજ્યના દિવાન હતા. માતાનું નામ પૂતળીબાઈ હતું. પોરબંદર, રાજકોટ અને ઇંગ્લેન્ડમાં અભ્યાસ કર્યો. તેમણે ઇંગ્લૅન્ડમાંથી કાયદાની ઉપાધિ મેળવી હતી. દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓના હકો માટે અને ભારતમાં આઝાદીનું નેતૃત્વ તેમણે કર્યું હતું. તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો'ના અનેક ભાષામાં અનુવાદો થયા છે. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'આરોગ્યની ચાવી', 'અનાસક્તિ યોગ', 'હિંદ સ્વરાજ', 'સર્વોદય', 'મંગળપ્રભાત' તેમનાં નોંધપાત્ર પુસ્તકો છે. તેમણે હજારો પત્રો લખેલા છે. 'ગાંધીજીનો અક્ષરદેહ' ગ્રંથશ્રેણીમાં તેમનાં લખાણો સંગ્રહાયાં છે.

ગાંધીજીની આત્મકથા, 'સત્યના પ્રયોગો'માંથી લેવાયેલો આ પ્રસંગ ગાંધીજીની નિર્ભિકતા, પ્રાયશ્ચિત્ત કરવાની પ્રામાણિકતાની દ્યોતક છે. પોતાના માંસાહારી ભાઈને દેવું થયું હોવાથી એમના કડામાંથી સોનું ચોરવાની વાત આલેખી છે. આ ચોરી કર્યા બાદ ગાંધીજીને પશ્ચાત્તાપ થાય છે. તેઓ પિતાજી આગળ ચિઠ્ઠી લખીને એની નિખાલસ કબૂલાત કરે છે. ક્રોધી સ્વભાવના પિતા સજા કરવાને બદલે અશ્રુ સારે છે. તેમાંથી ગાંધીજીને જીવનમાં પહેલી વાર સત્યાચરણ અને અહિંસાનો પાઠ શીખવા મળે છે, પ્રાયશ્ચિત્ત કેવું મોટું પરિણામ લાવે છે તે અનુભવાય છે.

ગાંધીજીએ એક વાર કરેલી ભૂલ ફરી ન કરી તેમાંથી મહાત્મા બન્યા છે.

---

મારા એક સગાની સાથે મને બીડી પીવાનો શોખ થયો. અમારી પાસે પૈસા ન મળે. બીડી પીવામાં કંઈ ફાયદો છે અગર તો તેની ગંધમાં મજા છે એવું તો અમ બેમાંથી એકેને નહોતું લાગ્યું, પણ કેવળ ધુમાડો કાઢવામાં જ કંઈક રસ છે એવું લાગેલું. મારા કાકાને બીડી પીવાની ટેવ હતી, ને તેમને તથા બીજાને ધુમાડા કાઢતાં જોઈ અમને પણ ફૂંકવાની ઇચ્છા થઈ. પૈસા તો ગાંઠે ન મળે, એટલે કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરવાનું અમે શરૂ કર્યું.

પણ ઠૂંઠાં કંઈ હરવખતે મળી ન શકે અને તેમાંથી બહુ ધુમાડાયે ન નીકળે એટલે ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ ચોરવાની ટેવ પાડીને અમે બીડી ખરીદતા થયા. પણ એને સંઘરવી ક્યાં એ સવાલ થઈ પડ્યો. વડીલોના દેખતાં તો બીડી પિવાય જ નહીં એ ખબર હતી. જેમતેમ કરી બેચાર દોકડા ચોરીને થોડાં અઠવાડિયાં ચલાવ્યું. દરમિયાન સાંભળ્યું કે એક જાતના છોડ (તેનું નામ તો ભૂલી ગયો છું) થાય છે, તેની ડાંખળી બીડીની જેમ સળગે છે, ને તે પી શકાય. અમે તે મેળવીને ફૂંકતા થયા !

પણ અમને સંતોષ ન થયો. અમારી પરાધીનતા અમને સાલવા લાગી. વડીલોની આજ્ઞા વિના કંઈ જ ન થાય એ દુ:ખ થઈ પડ્યું. અમે કંટાળ્યા ને અમે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો !

પણ આપઘાત કઈ રીતે કરવો ? ઝેર કોણ આપે ? અમે સાંભળ્યું કે ધતૂરાના ડોડવાનાં બી ખાઈએ તો મૃત્યુ નીપજે. અમે વગડામાં જઈ તે મેળવી આવ્યા. સંધ્યાનો સમય શોધ્યો. કેદારજી મંદિરે દીપમાળમાં ઘી ચડાવ્યું, દર્શન કર્યાં ને એકાંત શોધ્યું. પણ ઝેર ખાવાની હિંમત ન ચાલે, તુરંત મૃત્યુ નહિ થાય તો ? મરીને શો લાભ ? પરાધીનતા કાં ન ભોગવી છૂટવું? છતાં બેચાર બી ખાધાં. બીજાં ખાવાની હિંમત જ ન ચાલી. બંને મોતથી ડર્યા અને રામજીને મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું ને આપઘાતની વાત ભૂલી જવી એવો ઠરાવ કર્યો

હું સમજ્યો કે આપઘાતનો વિચાર કરવો સહેલો છે, આપઘાત કરવો સહેલો નથી. આથી જ્યારે કોઈ આપઘાત કરવાની ધમકી આપે છે ત્યારે તેની મારા ઉપર બહુ ઓછી અસર થાય છે, અથવા મુદ્દલ થતી જ નથી એમ કહું તો ચાલે.

આ આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે અમે બંને એઠી બીડી ચોરીને પીવાની તેમજ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની ટેવ ભૂલી જ ગયા. મોટપણે બીડી પીવાની ઇચ્છા જ મને કદી નથી થઈ અને એ ટેવ જંગલી, ગંદી ને હાનિકારક છે એમ મેં સદાય માન્યું છે. બીડીનો આટલો જબરદસ્ત શોખ દુનિયામાં કેમ છે એ સમજવાની શક્તિ હું કદી મેળવી શક્યો નથી. જે આગગાડીના ડબામાં ઘણી બીડી ફૂંકાતી હોય ત્યાં બેસવું મને ભારે થઈ પડે છે ને તેના ધુમાડાથી હું ગૂંગળાઈ જાઉં છું.

બીડીઓનાં ઠૂંઠાં ચોરવાં ને તેને અંગે ચાકરના દોકડા ચોરવા એ દોષના કરતાં બીજો એક ચોરીનો દોષ જે મારાથી થયો તેને હું વધારે ગંભીર ગણું છું. બીડીનો દોષ થયો ત્યારે ઉંમર બારતેર વર્ષની હશે; કદાચ તેથીયે ઓછી. બીજી ચોરી વેળાએ ઉંમર પંદર વર્ષની હશે. આ ચોરી મારા માંસાહારી ભાઈના સોનાના કડાના કકડાની હતી. તેમણે નાનું સરખું એટલે પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. એ કેમ પતાવવું એનો અમે બંને ભાઈ વિચાર કરતા હતા. મારા ભાઈને હાથે સોનાનું નક્કર કડું હતું. તેમાંથી એક તોલો સોનું કાપવું મુશ્કેલ નહોતું.

કડું કપાયું. કરજ ફીટ્યું. પણ મારે સારું આ વાત અસહ્ય થઈ પડી. હવે પછી ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો. પિતાજીની પાસે કબૂલ પણ કરી દેવું જોઈએ એમ લાગ્યું. જીભ તો ન ઊપડે. પિતાજી પોતે મને મારશે એવો ભય તો ન જ હતો. તેમણે કોઈ દિવસ અમને એકે ભાઈને તાડન કર્યું હોય એવું મને સ્મરણ નથી. પણ પોતે દુઃખી થશે, કદાચ માથું કૂટશે તો ? એ જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઈએ, તે વિના શુદ્ધિ ન થાય, એમ લાગ્યું. છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને માફી માગવી એવો મેં ઠરાવ કર્યો. મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી, પોતે પોતાની ઉપર દુઃખ ન વહોરી લે એવી આજીજીપૂર્વક વિનંતી કરી ને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની પાટની સામે બેઠો. આ વેળા તેમને ભગંદરનું દરદ તો હતું જ, તેથી તેઓ ખાટલાવશ હતા. ખાટલાને બદલે લાકડાની પાટ વાપરતા.

તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં. ચિઠ્ઠી ભીંજાઈ. તેમણે ક્ષણવાર આંખ મીંચી ચિઠ્ઠી ફાડી નાખી, ને પોતે વાંચવા સારુ બેઠા થયા હતા તે પાછા સૂતા.

હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું એટલું તે આજે પણ મારી આંખ સામે તરી રહ્યું છે.

એ મોતીબિંદુનાં પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણેઃ

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે.

મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો. તે વેળા તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું, પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું. આવી અહિંસા જ્યારે વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે તે પોતાના સ્પર્શથી કોને અલિપ્ત રાખે? એવી વ્યાપક અહિંસાની શક્તિનું માપ કાઢવું અશક્ય છે.

આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી પ્રતિકૂળ હતી. તે ક્રોધ કરશે, કટુ વચન સંભળાવશે, કદાચ માથું કૂટશે, એવું મેં ધાર્યું હતું. પણ તેમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી એમ હું માનું છું. જે માણસ અધિકારી આગળ, સ્વેચ્છાએ, પોતાના દોષનો, નિખાલસપણે ને ફરી કદી તે ન કરવાનો, પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે તે શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત કરે છે. હું જાણું છું કે, મારા એકરારથી પિતાજી મારે વિશે નિર્ભય થયા ને તેમનો મહાપ્રેમ વૃદ્ધિ પામ્યો.

**('સત્યના પ્રયોગો'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**બીડીનાં ઠૂંઠાં** પીધેલી બીડીનો વધેલો પાછળનો ભાગ; **ધતૂરાના ડોડવા** ધતૂરાનાં ઝીંડવાં; **કરજ** દેવું; **તાડન** મારવું તે; **અસહ્ય** સહી ન શકાય તેવું

### વિરુદ્ધાર્થી

**સ્વાધીનતા** પરાધીનતા; **આજ્ઞા** અવજ્ઞા; **ઝેર** અમૃત; **સંધ્યા** ઉષા; **હાનિ** લાભ; **સ્મરણ** વિસ્મરણ; **શુદ્ધિ** અશુદ્ધિ

### તળપદા શબ્દો

**દોકડો** જૂના ચલણ અનુસાર એક પૈસો

### રૂઢિપ્રયોગ

**જીભ ન ઊપડવી** બોલવાની હિંમત ના હોવી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ચોરીની ભૂલ સ્વીકારવામાં ગાંધીજીની જીભ ઊપડતી નથી, કારણ કે...

(A) પિતાજી મારશે તેવો ડર હતો.

(B) પોલીસ પકડવા આવશે તેવો ભય હતો.

(C) પિતાજી દુ:ખી થશે, કદાચ માથું કૂટશે તેવા ભયે.

(D) ગાંધીજી ભૂલ સ્વીકારવા માગતા ન હતા.

(2) સોનાના કડામાંથી એક તોલો સોનું કાપીને વેચવાની ઘટનાની ગાંધીજી ઉપર શી અસર થઈ ?

(A) કરજ ભરાતા મન શાંત થયું.

(B) ઘરમાંથી સોનું ગયાનો અફસોસ થયો.

(C) ચોરી કરવાની વાત ગાંધીજી માટે અસહ્ય થઈ પડી.

(D) ભાઈ પ્રત્યે લાગણી જન્મી.

(3) ખોટું કાર્ય કર્યાના અપરાધભાવમાંથી બહાર આવવા શું કરવું જોઈએ ?

(A) કોઈનેય વાત ન કરવી
(B) જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઈએ.

(C) ખોટા રસ્તે જવું
(D) ખોટું કાર્ય વારંવાર ન કરવું.

(4) બીડી પીવાની કુટેવમાંથી બીજી કઈ કુટેવ આવી ?

(A) ધુમાડો કાઢવાની
(B) નોકરના પૈસા ચોરવાની

(C) વડીલોના દેખતાં બીડી પીવાની
(D) ધતૂરાના ડોડવા ખાવાની

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) ગાંધીજીએ ચિઠ્ઠીમાં શું લખ્યું હતું ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) પાઠને આધારે ગાંધીજીના ગુણોનું વર્ણન કરો.

(2) ગાંધીજીના અંતરમાં થતા મનોમંથનનું વર્ણન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'ગાંધી' ફિલ્મ જુઓ તથા આ ફિલ્મમાં તમારી દૃષ્ટિએ શ્રેષ્ઠ પ્રસંગની પાંચ-સાતના જૂથમાં ચર્ચા કરો.
- ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચો. એમાં તમને સૌથી સારા લાગતા પ્રસંગનું વર્ણન વર્ગમાં કરો.
- શિક્ષકની મદદથી ગાંધીજીના જીવનપ્રસંગો વિશેની ક્વિઝનું આયોજન કરો.
- પરીક્ષામાં ચોરી કરવી ન જોઈએ તે અંગે તમારા મિત્રો સાથે ચર્ચા કરી તેનાં તારણો શિક્ષકને જણાવો.

## ભાષા-અભિવ્યક્તિ

- એ મોતીબિંદુના પ્રેમબાણે... શુદ્ધ થયો.

અહીં એક જ વાક્યમાં શણગાર અને શસ્ત્ર - મોતી અને બાણ ગોઠવાયાં છે. પ્રેમરૂપી ઉપદેશની આ અનોખી રીત

જાણો અને સમજો. બાણની અસર અદ્‌ભુત રહી એમ ગાંધીજી સ્વીકારે છે. ગાંધીજીના ગદ્યનું સૌંદર્ય અહીં પ્રદર્શિત થાય છે.

● બીડીનો આટલો જબરદસ્ત શોખ... શક્યો નથી.

બીડી હાનિકારક છે, કુટેવ છે એ સમજ્યા, સ્વીકાર્યા પછી ગાંધીજી સીધો ઉપદેશ આપતા નથી. તેઓ તો 'બીડીના શોખનું કારણ હું સમજી શક્યો નથી' કહીને બીડી ન પીવા ઈશારો આપે છે.

● નીચેનાં વાક્યો તપાસો. ઓછા શબ્દોમાં કેવી અસરકારક રીતે કેટલી મોટી વાત ગાંધીજી મૂકી દે છે તે જુઓ.

(1) કડુ કપાયું. કરજ ફીટ્યું. પણ મારે સારુ આ વાત અસહ્ય થઈ પડી.

(2) હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો... હું શુદ્ધ થયો.

● 'તે ક્રોધ કરશે... મેં ધાર્યું હતું-' ક્રોધ કરશે, કડવાં વેણ બોલશે, માથું પછાડશે- આ એક જ વાક્યમાં લેખકે અલગ-અલગ ક્રિયાઓ આલેખી પિતાજીના સ્વભાવનું આલેખન કર્યું છે. ક્રિયાઓ દ્વારા વ્યક્તિચિત્ર આપવાની આ રીત સમજો.

## શિક્ષકની ભૂમિકા

બાળપણમાં જ નહિ, કોઈ પણ ઉંમરે વ્યક્તિથી ભૂલ થઈ શકે છે. ભૂલ થયા પછી એનો સ્વીકાર કરવો, તેનું પ્રાયશ્ચિત્ત કરવું અને પુનઃ તે ભૂલ ન કરવાની પ્રતિજ્ઞા કરવી તેના જેવા અનેક ગુણોને કારણે ગાંધીજી મોહનમાંથી મહાત્મા બની શક્યા એ વાત વિદ્યાર્થીઓને સમજાવવી. વિદ્યાર્થી પોતે ભૂલ કરે તો તેનો સ્વીકાર કરે તેવી હિંમત આપવી.

સત્ય, અહિંસા અને ક્ષમામાં જે શક્તિ છે તે ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને જણાવવી.

પિતાજી દ્વારા થયેલા અહિંસાના પ્રયોગે ગાંધીજીના જીવનમાં કેવું પ્રેરકબળ પૂરું પાડ્યું તે સ્પષ્ટ કરવું.

●

# 3 પછે શામળિયોજી બોલિયા

**પ્રેમાનંદ**

**(સમય : ઈ.સ.ની સત્તરમી સદી)**

'કવિ-શિરોમણિ'નું માન પામેલા પ્રેમાનંદ વડોદરાના વતની હતા. ગુજરાતી ભાષાના ઉત્તમ આખ્યાનકાર અને માણભટ્ટ તરીકે પ્રસિદ્ધ છે. આંગળીઓ પર પહેરેલી વીંટીઓ વડે તાંબાની માણ રણકાવીને, એના તાલ સાથે સુરીલા કંઠે, અભિનય દ્વારા પ્રેમાનંદ લોકસમુદાયને રસતરબોળ કરતા હતા. તેઓ પૌરાણિક ગ્રંથોમાંથી કથાનકો લઈને, રસસ્થાનોને ખીલવીને, ગુજરાતી વાતાવરણમાં મૂકીને લોકોને રસપાન કરાવતા હતા. 'ઓખાહરણ', 'ચંદ્રહાસ આખ્યાન', 'અભિમન્યુ આખ્યાન', 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' વગેરે આખ્યાનો દ્વારા તેમણે ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરી છે. તેઓ આખ્યાનમાં વિવિધ રસની ગૂંથણી કરી શકતા. જ્ઞાન અને બોધ આપતાં તેમનાં આખ્યાનો ખૂબ લોકપ્રિય રહ્યાં છે.

મહાકવિ પ્રેમાનંદના 'સુદામા-ચરિત્ર' આખ્યાનમાંથી લેવામાં આવેલા આ કડવામાં કૃષ્ણ અને સુદામાની મૈત્રીનો ભાવ સંવાદશૈલીમાં રજૂ થયો છે. સાંદીપનિ ઋષિના આશ્રમમાં સાથે ભણેલા કૃષ્ણ અને સુદામા વર્ષો પછી મળે છે ત્યારે કૃષ્ણ દ્વારિકાના રાજા છે અને સુદામા એક ગરીબ બ્રાહ્મણ. આમ છતાં બંનેની અતૂટ મૈત્રી અને પરસ્પરનો પ્રેમભાવ ઉત્કટ રીતે આ કડવામાં રજૂ થયો છે. બાળપણમાં મૈત્રી તો ઘણાં સાથે થાય પણ છેવટ સુધી નભાવી રાખવાવાળા વીરલાઓ જ હોય છે. અહીં પરસ્પર સંવાદ દ્વારા બંને મિત્રો પોતે વેઠેલાં સંકટો, પોતે કરેલાં કાર્યોનાં સંભારણાં વાગોળે છે. એમ એક અતૂટ-મધુર મૈત્રીનું દૃષ્ટાંત આ કડવામાં મળે છે.

**(રાગ રામગરી)**

પછે શામળિયોજી બોલિયા, તને સાંભરે રે ?
હાજી, નાનપણાનો નેહ, મને કેમ વીસરે રે ?
આપણ બે મહિના પાસે રહ્યા, તને સાંભરે રે ?
હાજી, સાંદીપનિ ઋષિને ઘેર, મને કેમ વીસરે રે ?
આપણ અન્ન ભિક્ષા માગી લાવતા, તને સાંભરે રે ?
મળી જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે ?
આપણ સૂતા એક સાથરે, તને સાંભરે રે ?
સુખદુ:ખની કરતા વાત, મને કેમ વીસરે રે ?
પાછલી રાતના જાગતા, તને સાંભરે રે ?
હાજી, કરતા વેદની ધૂન, મને કેમ વીસરે રે ?
ગુરુ આપણા જ્યારે ગામ ગયા, તને સાંભરે રે ?
કોઈ એકને જાચવા મુન, મને કેમ વીસરે રે ?
ત્યારે કામ કહ્યું ગોરાણીએ, તને સાંભરે રે ?
લઈ આવો કહ્યું, કાષ્ઠ, મને કેમ વીસરે રે ?
ખાંધે કુહાડા ધર્યા, તને સાંભરે રે ?
ઘણું દૂર ગયા, રણછોડ, મને કેમ વીસરે રે ?
વાદ વદ્યો બેઉ બાંધવે, તને સાંભરે રે ?
હાજી, ફાડ્યું મોટું ખોડ, મને કેમ વીસરે રે ?
ત્રણ ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે ?
હાજી, આવ્યા બારે મેહ, મને કેમ વીસરે રે ?
શીતળ શરીર થાયે ઘણું, તને સાંભરે રે ?
ટાઢે ધ્રૂજે આપણી દેહ, મને કેમ વીસરે રે ?
નદીએ પૂર આવ્યાં ઘણાં, તને સાંભરે રે ?

ઘન વરસ્યો મુસળધાર, મને કેમ વીસરે રે ?
પછી ગુરુજી શોધવા નીસર્યા, તને સાંભરે રે ?
કહ્યું સ્રીને, તેં કીધો કેર, મને કેમ વીસરે રે ?
આપણ હૃદિયા સાથે ચાંપિયા, તને સાંભરે રે ?
ગુરુ તેડી લાવ્યા ઘેર, મને કેમ વીસરે રે ?
આપણ તે દહાડાના જૂજવા, તને સાંભરે રે ?
ફરીને મળિયા આજ, મને કેમ વીસરે રે ?
તમો પાસ અમો વિદ્યા શીખતા, તને સાંભરે રે ?
હું ને મોટો કીધો, મહારાજ, મને કેમ વીસરે રે ?

**(વલણ)**

મહારાજ, લાજ નિજ દાસની, વધારો છો શ્રી હરિઃ
પછી દારિદ્ર ખોવા દાસનું, સોમદૃષ્ટિ શ્યામે કરી.

**('સુદામા ચરિત'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**સાંભરે** સ્મરણ કરે, યાદ કરે; **ભ્રાત** ભાઈ, અહીં ત્રણે ભ્રાત, કૃષ્ણના મોટા ભાઈ બલરામ, કૃષ્ણ અને સુદામો **સાથરે** (સાથરો) ઘાસની પથારી; **વેદની ધૂન** વેદનું લયાનુકારી ગાન; **જાચવું** યાચના કરવી, માગવું; **ગોરાણી** ગોર મહારાજનાં પત્ની, અહીં ગુરુપત્ની; **કાષ્ઠ** લાકડાં, બળતણ; **ખાંધ** ખભો; **વાદ** ચર્ચા, અહીં અંદરોઅંદર વાદ (હરીફાઈ) કરવો; **ખોડ** મોટું જૂનું લાકડું, ઝાડનું થડિયું; **મુસળધાર** સાંબેલા જેવી ધાર, ધોધમાર વરસાદ; **કેર** જુલમ; **જૂજવા** જુદા, અલગ; **સોમદૃષ્ટિ** ચંદ્ર જેવી શીતળ કૃપાદૃષ્ટિ

### વિરુદ્ધાર્થી

**સાંભરવું** વિસરવું; **શીતળ** ઉષ્ણ

### તળપદા શબ્દો

**મુન** મુનિ, ઋષિ

### રૂઢિપ્રયોગો

**હૃદય સાથે ચાંપવું** પ્રેમથી ભેટવું, આલિંગન આપવું; **તેડી લાવવું** બોલાવી લાવવું

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ગોરાણીએ શ્રીકૃષ્ણ-સુદામાને કયું કામ સોંપ્યું હતું ?

(A) ગાય દોહવાનું (B) લાકડાં (બળતણ) લાવવાનું

(C) કુહાડો લાવી આપવાનું (D) ભિક્ષા માગી લાવવાનું

(2) 'પછે શામળિયો' આખું કાવ્ય કોના સંવાદરૂપે આગળ વધે છે ?

(A) સાંદીપનિ ઋષિ અને તેમનાં પત્ની વચ્ચે (B) શ્રીકૃષ્ણ અને સુદામા વચ્ચે

(C) શ્રી કૃષ્ણ અને બલરામજી વચ્ચે (D) સુદામા અને સાંદીપનિ ઋષિ વચ્ચે

(3) શ્રીકૃષ્ણની નમ્રતા કયા વાક્યમાં દેખાય છે ?

(A) પછી ગુરુજી શોધવા નીસર્યા (B) ટાઢે ધ્રૂજે આપણી દેહ

(C) મળી જમતા ત્રણે ભ્રાત (D) તમો પાસ અમો વિદ્યા શીખતા

(4) સાંદીપનિ ઋષિને પોતાના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સ્નેહ હતો તેવી પ્રતીતિ કયા વાક્યમાં થાય છે ?

(A) પછી ગુરુજી શોધવા નીસર્યા (B) કહ્યું સ્ત્રીને, તેં કીધો કેર

(C) આપણ હૃદિયા સાથે ચાંપિયા (D) (A), (B), (C) ત્રણેય વાક્યોમાં

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) સાંદીપનિ ઋષિની ચિંતા તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

(2) શ્રીકૃષ્ણ અને બલરામજી વચ્ચે કઈ સ્પર્ધા થઈ હતી ?

**3. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) શ્રીકૃષ્ણ-સુદામાનું વિદ્યાર્થીજીવન તમારા શબ્દોમાં વર્ણવો.

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

''તમો પાસ અમો વિદ્યા શીખતા, તને સાંભરે રે ?
હું ને મોટો કીધો મહારાજ, મને કેમ વીસરે રે ?''

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારા વર્ગમાં બધા જ વિદ્યાર્થીઓ બે જૂથમાં વહેંચાઈને આ કાવ્ય સંવાદ રૂપે રજૂ કરો. પહેલું જૂથ માત્ર કૃષ્ણ દ્વારા બોલાતી પંક્તિઓ ગાય અને બીજું જૂથ સુદામાની પંક્તિઓ રજૂ કરે એ રીતે ભાવવાહી સ્વરે ગાન કરો અથવા પઠન કરો.
- તમે જ્યારે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે તમારા મિત્ર/સખી સાથેના અનુભવો વિશે વર્ગમાં વાત કરો. આ અનુભવોને આધારે પ્રાસ મળે એવી પંક્તિઓ બનાવો.

**ઉદાહરણ :**

રજા પડતાં જતા નદીકાંઠે તને સાંભરે રે ?
પથરો ફેંકી વમળ ગણતા મને કેમ વીસરે રે...

- મૈત્રીના ઉત્તમ નમૂનારૂપ પ્રસંગો એકઠા કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● કવિ માત્ર તને સાંભરે ? મને કેમ વીસરે ? થી સમગ્ર કાવ્ય લખી શક્યા હોત પરંતુ દરેક પંક્તિમાં અંતે 'રે' ઉમેરતાં લયની જે સુંદરતા ઉમેરાય છે તે નોંધનીય છે.

● મધ્યકાળમાં પ્રશ્નોત્તર શૈલીમાં ઘણાં કાવ્યો રચાયાં છે. અહીં પણ તને સાંભરે રે ? મને કેમ વીસરે રે? ની સંવાદશૈલીથી કૃષ્ણ-સુદામાની આત્મીયતા, સ્નેહ અને આનંદ ઊપસી આવ્યાં છે.

● કાવ્યમાં ભાવની રજૂઆત માટે કવિઓ કેવી કેવી શૈલી યોજે છે તે અન્ય કાવ્યોમાં પણ સમજો.

## શિક્ષકની ભૂમિકા

મિત્રતાનું મહત્ત્વ સમજાવતા આ આખ્યાનકાવ્યમાં નિઃસ્વાર્થ મૈત્રી એ જીવનની મહામૂડી છે તે સ્પષ્ટ થાય છે. ઊંચ-નીચ, અમીર-ગરીબ, નાના-મોટા એવા ભેદભાવથી પર હોય તે સાચી મૈત્રી. શિક્ષકે આવી મિત્રતાનાં ઉદાહરણો રજૂ કરી મૈત્રીનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવવું.

આ કાવ્ય દ્વારા શિક્ષકે ગુરુકુળ પરંપરામાં અપાતા શિક્ષણની, તે વખતે શિષ્ય અને ગુરુના આત્મીય સંબંધોની, વિદ્યાર્થીજીવનમાં શ્રમ, નિષ્ઠા, કર્તવ્યભાવના અને ગુરુવચનનો/આદેશનો કેવો મહિમા હતો તે સ્પષ્ટ કરવું.

કૃષ્ણ અને સુદામા સાંદીપનિ ઋષિને ત્યાં ભણતા હતા તે સમયના પ્રસ્તુત કાવ્યમાં વ્યક્ત થયેલા પ્રસંગોને વાર્તા સ્વરૂપે રજૂ કરવા. નીચે આપેલી પંક્તિઓ અને એના જેવી અન્ય પંક્તિઓ દ્વારા મિત્રતા કેવી હોય તે સમજાવવું :

- 'મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડી રહે, દુઃખમાં આગળ હોય.'
- 'શેરી મિત્ર સો મળે, તાળી મિત્ર અનેક; જેમાં સુખ-દુઃખ વામીએ, સો લાખનમાં એક'

●

# 4 ગોપાળબાપા

**મનુભાઈ પંચોળી 'દર્શક'**

**(જન્મ : 2-11-1914, અવસાન : 29-8-2001)**

મનુભાઈ રાજારામ પંચોળી, 'દર્શક'નો જન્મ રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના પંચાશિયા ગામે થયો હતો. સ્વાતંત્ર્ય સૈનિક હતા. જેલનિવાસ દરમિયાન ખૂબ વાચન કર્યું, મનન-ચિંતન કર્યું. તેઓ ઇતિહાસના ઊંડા અભ્યાસી હતા. તેમણે ગ્રામદક્ષિણામૂર્તિ, લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં ઉચ્ચસ્થાને રહી રાષ્ટ્રીય કેળવણી ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી. કેળવણીના નવા પ્રયોગો કર્યા. ગાંધીવિચાર, ધર્મ, શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય અને સંસ્કૃતિ વિશે ઊંડાણપૂર્વક લેખન કર્યું છે. 'બંધન અને મુક્તિ', 'દીપ નિર્વાણ', 'સોક્રેટિસ' અને 'કુરુક્ષેત્ર' વગેરે તેમની સુપ્રસિદ્ધ નવલકથાઓ છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1-2-3 ગાંધીયુગની સમર્થ નવલકથાઓમાંની એક છે. 'પરિત્રાણ', 'અંતિમ અધ્યાય', 'ગૃહારણ્ય' વગેરે તેમનાં ઉત્તમ નાટકો છે. તેઓ 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'પદ્મભૂષણ', 'સાહિત્ય અકાદમી ઍવૉર્ડ, દિલ્હી' તથા જ્ઞાનપીઠના મૂર્તિદેવી પુરસ્કારથી સન્માનિત થયા હતા.

'ગોપાળબાપા' અંશ મનુભાઈ પંચોળી 'દર્શક'ની બૃહન્નવલ 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ના પ્રથમ ભાગમાંથી લેવામાં આવ્યો છે. ગોપાળબાપા અને મહારાજા સયાજીરાવનો સંવાદ અહીં કેન્દ્રમાં છે. પોતાના મિત્રના દીકરાને ઉછેરવા માટે ગોપાળબાપા ઝાડી-ઝાંખરાં અને કોતરોવાળી જમીન સયાજીરાવ પાસે માગે છે. એમાં ગોપાળબાપાની નીડરતા, પરોપકાર તથા સમર્પણનાં દર્શન થાય છે. તો સામે પક્ષે સયાજીરાવની ઉદારતા અને માણસને પારખવાની દૃષ્ટિ પ્રગટ થાય છે. સાચું જીવતર જીવતા ગોપાળબાપા આપણી સંત-પરંપરાના વારસદાર જેવા લાગે છે. માંડણ ભગતની ધરતીને સેવવાની ભલામણ આજના યુગને બંધબેસતી છે.

---

એક જ આદમીનાં પુણ્યે આ કોતરોને આંબા, જાંબુડા, રાયણ અને ચીકુનાં ઝુંડથી મહેકતાં કરી મૂક્યાં છે. ચાલીસ વર્ષ એ વાતને હજુ માંડ થયાં છે.

...વર્ષની શિયાળાની એક સવારે એ વખતના સ્વપ્નસેવી મહારાજ શ્રીમંત સયાજીરાવ આવા એક કોતરની ભેખડ ઉપર એક-બે અંગરક્ષકો સાથે ઊભા હતા. પડખેના ગીરના જંગલમાંથી એક દીપડો આવ્યાના વાવડે એ આ તરફ ઊતરી આવ્યા હતા. થોડાક શિકારીઓ ગોરડ બાવળનાં જાળાંઝાંખરામાંથી નીચે કોતરમાં જતી કેડીએ સાવચેતીથી ઊતરતા હતા. એ બધા ગોરડની ઝાડીમાં દેખાતા બંધ થયા, મહારાજ દૂર દેખાતી ટેકરીએ દૂરબીન માંડીને જોતા હતા ત્યાં કોતરમાંથી એક ખેડુ માણસે આવીને પ્રણામ કરી થોડાં ફળ ભેટ ધર્યાં.

મહારાજે દૂરબીન બાજુ પર મૂકી કહ્યું : ''શું છે ?''

''બોર.''

''બોર ! મૂઠી જેવડાં ?'' આશ્ચર્યથી મહારાજ મીઠા લીંબુ જેવાં બોરને જોઈ રહ્યા.

પછી પૂછ્યું, ''ક્યાંથી લાવ્યા ?''

''અહીંની મારી બોરડી પરથી. મેં એ જાતે ઉછેરી છે.''

''ભેટ ધરવા આવ્યા હશો !''

''ના જી ! ભેટ લેવા આવ્યો છું.''

હસીને મહારાજ કહે, ''હં, ત્યારે તો લોભેલોભે આવ્યા છો ! કહો, શું અરજ છે ?''

''મહારાજ, અરજ તો એટલી જ છે કે આ કોતર મને યોગ્ય કિંમતે આપો.''

''માગણી કરજો.''

''માગણી કર્યે તો વરસ ત્રણ થઈ ગયાં. કોણ દાદ દે છે !''

''આપું, શું કરશો ? બોરડી ઉછેરશો ?''

''બોર પણ આ ગામડાંનાં છોકરાંને નથી મળતાં, પણ સાચું કારણ તો એ છે કે આ બધાં કોતરોનું તળ

સાચું છે. અંદરના ગાળામાં ધરા ભર્યા છે. ગમે ત્યાં આઠ હાથે પાણી નીકળે છે. જમીન પણ કોઈ ભાતની છે. શીંગોડાના મારને જો કોઈક રીતે રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે ને ગરીબનાં અમરફળ જેવાં બોરો ઢગલેઢગલા ઊતરે.

''દીપડા રંજાડશે નહિ ?''

''આ તમારી પડખેના દીપડા ન રંજાડે તોયે ઘણું છે.''

મહારાજે ઊંચું જોયું. એમની ભમ્મરો ઘડીક ખેંચાઈ. એમને મોઢામોઢ આવું કહેનાર કોણ હતો ? જોયું તો બોલનાર મરકમરક હસી રહ્યો છે. નેણમાં ફરિયાદના રોષને બદલે સહજ કૌતુક છે. સયાજીરાવની માણસને પારખવાની શક્તિ અચૂક હતી. એમણે ધારીધારીને બોલનારને જોયો. ઊંડો શ્વાસ લીધો. જાણે મનમાં કંઈક ઉતાર્યું, પછી એકાએક કહે :

''તમને આ કોતર આપ્યું. હમણાં જ લખી આપું છું, બીજી કંઈ મદદ જોઈતી હોય તો એ પણ ખેતીખાતું આપશે. પણ એક કામ કરો, પે...લું મંદિર જોયું ?'' એમણે કોતરને છેડે મથાળા પર ઊભેલ એક જીર્ણ શિવાલય બતાવ્યું.

''જી.''

''એ અપૂજ રહે છે. પેશ્વા સરકારે બંધાવ્યું છે અને જુનવાણી શિલ્પનો નમૂનો છે. એની પૂજાનો બંદોબસ્ત કરો.'

''દખ લગાડતા નહિ મહારાજ, મારાથી બને તેવું નથી.''

''કેમ, મૂર્તિને નથી માનતા ?''

''ના રે બાપુ ! એમ તો અમે અને તમે સૌ મૂરતિયું જ છીએ ને ? આ મૂરતિયુંને રહેવાની જગા નથી મળતી ત્યાં વળી પાણાની મૂરતિયું ક્યાં પધરાવવી ?''

મહારાજ ઘડીભર કહેનાર સામે એકીટશે જોઈ રહ્યા. પછી કહે : ''વાત તો સાચી છે. પણ ત્યાંયે મૂર્તિને નામે આશરો સૌને મળે તેવું કરજો.''

''ધરમશાળા બંધાવીશ.''

''ભલે. આ તુલસીશ્યામ જવા-આવવાનો ધોરીમાર્ગ છે.''

શિકારીઓ હજુ આવ્યા નહોતા એટલે પછી વાતે વળગ્યા, મહારાજને આમાં રસ પડ્યો. એમાં જાણ્યું કે આ ખેડૂત તો વણિક છે. નામ છે ગોપાળદાસ. બરડાના પેટાળના એક ગામડામાં રહે છે, આ બધી જમીનની ખટપટ કરે છે તે તો ભાઈબંધના દીકરા માટે, ઝરિયાની કોલિયરીનો ભાગીદાર એ ભાઈબંધ ચારેક મહિના પહેલાં જ મરી ગયેલ છે અને જતાં જતાં દૂરથી જ એક ચિઠ્ઠીમાં બધી માલમિલકત અને દીકરાની ભાળવણી કરતા ગયા છે ગોપાળદાસને.

''તે આભપરાનો છાંયો મૂકીને અહીં શા સારુ જમીન માગો છો ?''

''બાપુ, અમે રહ્યા વાણિયા. મૂડી નાખતા પહેલાં સો ગળણે ગળીએ. ને એમાં આ તો પારકું ધન. જતે દહાડે પડ હોંકારો દે ત્યાં જ નાખ્યું કામનું ને ? વળી મારા ભાઈબંધના વડવાઓ અસલ ગાયકવાડીના વતની હતા.''

''તમે અહીં આવશો તો તમારા વેપારનું શું થશે ?''

''વેપાર કંઈ કરવો જ નથી, હરિનામનો જ વેપાર કરવાનું મારા ગુરુએ કહ્યું છે.''

''કોણ ગુરુ ?''

''ગુરુ ? ગુરુ માંડણ ભગત, થઈ ગયા ધોરાજી પડખે. મહારાજ એના આતમાની ગુલાબી કોળી'તી, એવી તો ભલભલા રિદ્ધિસિદ્ધિવાળાંનીયે કોળતાં જોઈ નથી.''

''નામ તો સાંભળ્યું નથી.'' મહારાજે વિસ્મયથી કહ્યું. પછી કહે :

''પણ તમે કંઈક ચમત્કાર જોયો હશે.''

''એકવાર મળ્યો છું, બાપુ. બીજી વાર દર્શને ગયો ત્યારે તો દેહ પડી ગયો'તો. અમે તો પરીખ વાણિયા- એકવારમાં પારખી લીધું.''

''શું બન્યું હતું ?'' મહારાજે પૂછ્યું.

''મારડમાં હું મગફળીના સોદા માટે ગયેલો. બરાબર દસ વરસ ઉપરની વાત કરું છું. ગામમાં ખાસ કોઈને ઓળખું નહીં. દરવાજા પાસેની મોટી ધરમશાળામાં ઊતરેલો. દોઢીમાં ભગત બેઠેલા, ગામમાંથી લોટની કાવડ માગી આવેલા, તે એની વહુ રોટલા ઘડે. ને ભગત કૂતરાંને નીરતા જાય-કાળોવાન, આંખ્યો નીચે રાખવાની ટેવ. હસે ભારે. જાણે સાવ બાળક જેવું. અવાજ જોયો હોય તો વાંસળી જેવો. ગલૂડિયાં હારે કંઈક ગડબડ ગડબડ વાતો કરતા જાય અને મરક મરક હસ્યે જાય. ત્યાં મારી સામે જોઈને ભગત કહે :

'શેઠ છો ? શેનો વેપાર કરો છો ?'

મેં કહ્યું : 'પરચૂરણ.'

'જથ્થાબંધ મૂકીને આવા પરચૂરણમાં શીદ પડ્યા છો ?'

મેં કહ્યું : 'બાપુ, મૂડી જુવે ને ?'

'મૂડી તો માંઈ પડી જ છે'- કહી મારી સામે એકીટશે જોઈ રહ્યા. એની આંખોના તેજે મનમાં મારગ કરી દીધો. શિલા જાણે ખસવા માંડી-મારાથી આંખ સામે આંખ મંડાણી નહીં. નીચે જોઈ ગયો. જોઉં તો ભગતના પડખામાં કાળો ગીંગોડો ચડી ગયેલો.

'મહારાજ, આ ગિંગોડો ચડી ગયો છે.' કહી હું એ ઉખેડવા ગયો ત્યાં કહે :

'રે'વા દ્યો એને. એને વળી બીજે ખાજ લેવા જાવું પડશે ને ? બહુ દી થઈ ગ્યા છે એને.'

'વાહ !' શ્રીમંત સરકારથી બોલાઈ જવાયું.

**('ઝેર તો પીધા છે જાણી જાણી'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**શીંગોડો** નદીનું નામ; **વિલક્ષણ** અદ્ભુત, અસાધારણ; **ધોરીમાર્ગ** મુખ્ય રસ્તો, સરિયામ માર્ગ; **ભાળવણી** સોંપણી, ભાળ રાખવા સોંપણી કરવી, ભલામણ કરવી; **વિસ્મય** આશ્ચર્ય, અચંબો; **ગિંગોડો** કૂતરાં, ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓના કાન વગેરે અંગો પર બાઝતો જીવ

### વિરુદ્ધાર્થી

**અસલ** નકલ

### તળપદા શબ્દો

**ગિંગોડો** જિંગોડો; **પડખે** બાજુમાં; **અરજ** વિનંતી; **નેણ** આંખ; **દોઢી** દેવડી, દરવાજા પાસેની જગ્યા; **વાવડ** ખબર, સમાચાર; **ખાજ** ખોરાક

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ''આ તમારી પડખેના દીપડા ન રંજાડે તોય ઘણું છે.'' - આ વાક્ય કોણ બોલે છે ?

(A) મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (B) ગુરુ માંડણ ભગત

(C) ગોપાળદાસ (C) પેશ્વા સરકાર

(2) મહારાજા સયાજીરાવમાં કઈ શક્તિ હતી ?

(A) જાનવરના સગડ પારખવાની (B) ખોટા રૂપિયા પારખવાની

(C) હીરા પારખવાની (D) માણસને પારખવાની

(3) તુલસીશ્યામ જવા-આવવાના માર્ગે શિવાલય કોણે બંધાવ્યું હતું ?

(A) ગાયકવાડ સરકારે (B) પેશ્વા સરકારે

(C) ગુરુ માંડણ ભગતે (D) ગોપાળબાપાએ

(4) ગોપાળબાપા શાનો વેપાર કરવા ઇચ્છતા હતા ?

(A) અમરફળ જેવા બોરનો (B) આંબાની કેરીનો

(C) કોલસાનો (D) હરિનામનો

**2. કારણ આપો :**

(1) ગોપાળબાપાએ શિવાલયની પૂજા કરવાની ના પાડી દીધી, કારણ કે...

(2) ગોપાળબાપા શીંગોડા નદીનાં કોતરો ખરીદવા ઇચ્છતા હતા, કારણ કે...

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) પાઠને આધારે સયાજીરાવ ગાયકવાડ વિશે સાત-આઠ વાક્યો લખો.

(2) ગોપાળબાપાનું પાત્રાલેખન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથા મેળવીને વાંચો, એમાંથી તમને ગમતા પ્રસંગની વાત વર્ગમાં રજૂ કરો.
- શાળામાં વૃક્ષારોપણ કરો. તમે રોપેલા વૃક્ષને કોઈ સંત કે મહાપુરુષનું નામ આપો અને એ વૃક્ષને ઉછેરો.
- તમારી જાણમાં હોય અથવા શિક્ષકની મદદથી કોઈ વૃક્ષપ્રેમીની મુલાકાત લઈ ચર્ચા કરો.
- આ પાઠનું નાટ્યરૂપાંતર કરી વર્ગમાં ભજવો.

## ભાષા-અભિવ્યક્તિ

- ''આ તમારી પડખેના દીપડા ન રંજાડે તો યે ઘણું''

'પડખેના દીપડા' શબ્દોથી મહારાજાના રાજવહીવટમાં વહીવટદારો કેવા હતા તે ઈશારામાં કહેવાયું છે. લાઘવથી ઘણું કહી દેવાની લેખકની શક્તિનો અહીં પરિચય થાય છે.

- ''દખ લગાડતા નહિ, મહારાજ મારાથી બને એમ નથી.''

'દખ' જેવા તળપદા શબ્દથી શરૂ થતું આ વાક્ય 'મારાથી'ના ભાવે પ્રયોગથી પૂર્ણ થાય છે. મહારાજા સામેની અદબ, કર્તાની મજબૂરી અહીં આ પ્રયોગથી સરસ રીતે દર્શાવાઈ છે. 'હું કરી શકીશ નહિ'' ને બદલે ''મારાથી બને એવું નથી' વધુ વિનયભર્યું જણાય છે.

- કૃતિના ધ્યાન ખેંચે એવા નીચેના રૂઢિપ્રયોગોથી કૃતિ વધુ આસ્વાદ્ય બની છે, અને જે-તે પાત્રો યોગ્ય રીતે ઊપસી આવ્યાં છે :

- હોંકારો દેવો - મનમાં મારગ થઈ જવો

- ભમર ચડાવવી - આભપરાનો છાંયો હોવો

- સો ગળણે ગાળીને પીવું

## શિક્ષકની ભૂમિકા

'પોતાને માટે જીવે તે સ્વાર્થ અને બીજાને માટે જીવે એ પરમાર્થ'- એ વાત નવલકથા ખંડના ગોપાળબાપાના પાત્ર દ્વારા સમજાવવી.

ખેતીકાર્ય દ્વારા સમાજની ખૂબ મોટી સેવા કરી શકાય છે, પર્યાવરણનું રક્ષણ કરી શકાય છે. બિનઉપયોગી કે પડતર જમીનનો યોગ્ય ઉપયોગ કરી તેના ઉત્પાદન દ્વારા દેશને તેનો લાભ પહોંચાડી શકાય અને એ રીતે ખેતી / વૃક્ષો રાષ્ટ્રની સમૃદ્ધિનો આધાર બની શકે તે વાત વિદ્યાર્થીઓને જણાવવી.

સયાજીરાવ ગાયકવાડની માણસને પારખવાની ક્ષમતા અને રાજા તરીકે પ્રજાને મદદરૂપ થવાની જે ભાવના હતી તેને કારણે તે લોકપ્રિય અને વિકાસોન્મુખ રાજા તરીકે પંકાયા તેની ચર્ચા કરવી.

'શાંતિ પમાડે તેને સંત કહીએ.' એ ઉક્તિને આધારે સંત/સાધુ/ગુરુના સંસ્કાર, જ્ઞાન અને તેમની આધ્યાત્મિકતા અંગેની સમજ મહત્ત્વની છે, નાત-જાત નહિ; તે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા. નાત, જાત, પ્રદેશ, ભાષા વગેરેના વાડા અને ભેદભાવથી વિદ્યાર્થીઓ મુક્ત થાય તે અંગે ચર્ચા કરવી.

●

# વ્યાકરણ

## એકમ-1 ધ્વનિશ્રેણી, સંજ્ઞા, વિશેષણ, સર્વનામ

### ધ્વનિશ્રેણી

મિત્રો, ગયા વર્ષે તમે ગુજરાતી ભાષાની ઉચ્ચારણપ્રક્રિયા ભણી ગયા. સ્વર અને વ્યંજન કોને કહેવાય, તે શીખ્યા. તમને ખબર છે કે ગુજરાતી ભાષા 'ફોનેટિક' ભાષા છે ? 'ફોનેટિક' એટલે આપણે જે રીતે બોલીએ છીએ તે જ રીતે લખીએ છીએ. અંગ્રેજી ભાષા 'ફોનેટિક' ભાષા નથી. તેમાં 'put' - 'પુટ' અને 'bus' 'બસ' છે. ઉચ્ચારણ અને જોડણી જુદાં પડે છે. જ્યારે ગુજરાતી ભાષામાં બંને સરખા જ હોય છે. જેમ કે, 'ગોપાળ' લખાશે, તો બોલાશે પણ 'ગ્-ઓ-પ્-આ-ળ્', 'વહાલો' શબ્દના ધ્વનિઓ જોઈએ તો 'વ્-અ-હ્-આ-લ્-ઓ' થશે.

તમે જો આ ધ્વનિશ્રેણીને ધ્યાનથી વાંચી હશે તો ખ્યાલ આવશે કે 'વહાલો' શબ્દની ધ્વનિશ્રેણીમાં અંતે 'ઓ' સ્વર છે. પરંતુ 'ગોપાળ' ધ્વનિશ્રેણીમાં અંતે માત્ર 'ળ્' વ્યંજનધ્વનિ છે. તેના પછી 'અ' સ્વર લખ્યો નથી. કારણ કે છેલ્લા અક્ષર પછી 'અ' સ્વર આવે તો આપણે તે બોલતા નથી, ગુજરાતી ભાષા વ્યંજનાન્ત ભાષા કહેવાય છે.

ચાલો, આપણે આવા કેટલાક શબ્દોના ધ્વનિઓને તેના ક્રમમાં જોઈએ.

અરજ - અ + ર્ + અ + જ્

ગિરિધર - ગ્ + ઇ + ર્ + ઇ + ધ્ + અ + ર્

હળધર - હ્ + અ + ળ્ + અ + ધ્ + અ + ર્

શું - શ્ + ઉં

આત્મકથા - આ + ત્ + મ્ + અ + ક્ + અ + થ્ + આ

બિંદુ - બ્ + ઇ + ન્ + દ્ + ઉ

અહીં તમે ધ્યાનથી વાંચ્યું હશે તો ખ્યાલ આવશે કે 'શું'માં 'ઉં' સ્વર છે. પણ 'બિંદુ'માં 'ઇં' સ્વર નથી. કારણ કે આપણે અનુસ્વાર લખીએ છીએ, પણ ત્યાં આપણે ખરેખર 'ન્' બોલીએ છીએ. એટલે કે, શબ્દોને ખરેખર બોલી જોવાના અને તેને આધારે ધ્વનિશ્રેણી નક્કી કરવાની.

બોલો, શબ્દોની આવી ધ્વનિશ્રેણી છૂટી પાડવાની મઝા આવે ને ? ચાલો, કેટલાક શબ્દો અહીં આપ્યા છે. તેની કઈ ધ્વનિશ્રેણી હોઈ શકે તે વિકલ્પ પસંદ કરો.

(1) દૂરબીન

(ક) દ્ + ઉ + ર્ + અ + બ્ + ઇ + ન્

(ખ) દ્ + ઊ + ર્ + અ + બ્ + ઈ + ન્

(ગ) દ્ + ઉ + ર્ + અ + બ્ + ઈ + ન્

(ઘ) દ્ + ઊ + ર્ + અ + બ્ + ઇ + ન્

(2) અપૂજ

(ક) અ + અ + પ્ + ઉ + જ્ + અ

(ખ) અ + પ્ + ઉ + જ્

(ગ) અ + અ + પ્ + ઊ + જ્ + અ

(ઘ) અ + પ્ + ઊ + જ્

(3) દોકડો

(ક) દ્ + ઓ + ક્ + અ + ડ્ + અ + ઓ

(ખ) દ્ + ઈ + ક્ + અ + ડ્ + ઓ

(ગ) દ્ + ઓ + ક્ + અ + ડ્ + ઓ

(ઘ) દ્ + ઉ + ક્ + અ + ડ્ + ઓ

(4) હાથોહાથ

(ક) હ્ + આ + થ્ + ઓ + હ્ + આ + થ્

(ખ) હ્ + આ + થ્ + ઓ + હ્ + આ + થ્ + અ

(ગ) હ્ + ઓ + થ્ + ઓ + હ્ + ઓ + થ્

(ઘ) હ્ + આ + થ્ + આ + હ્ + આ + થ્

(5) ભાઈબંધ

(ક) ભ્ + ઓ + ઇ + બ્ + ન્ + ધ્ + અ

(ખ) ભ્ + આ + ઇ + બ્ + ન્ + ધ્ + અ

(ગ) ભ્ + આ + ઈ + બ્ + ન્ + ધ્ + અ

(ઘ) ભ્ + આ + ઈ + બ્ + ન્ + ધ્ + ઈ

ઉપરોક્ત શબ્દોની ધ્વનિશ્રેણી ધરાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરી શક્યા ? ચાલો, સાથે સમજીએ. શબ્દ-1 'દૂરબીન' કઈ ધ્વનિશ્રેણીથી રચાયેલો શબ્દ છે ? વિકલ્પ-ખ. કારણ કે દૂરબીનમાં 'દ્' પછી દીર્ઘ 'ઊ' અને 'બ્' પછી દીર્ઘ 'ઈ' છે અને તે વ્યંજનાન્ત શબ્દ છે. શબ્દ-2 માં વિકલ્પ-ઘ સાચો વિકલ્પ છે. કારણ ? 'પૂ' - દીર્ઘ 'ઊ'. શબ્દ-3માં 'ગ' અને શબ્દ-4માં 'ક' સાચો વિકલ્પ છે. શબ્દ-5 બોલી જોયો ? અનુસ્વાર બોલો છો કે 'ન્' ? અહીં, સાચો વિકલ્પ 'ગ' છે. કારણ કે શબ્દને અંતે જોડાક્ષર આવતો હોય તો તેના પછી 'અ' સ્વર બોલાય છે.

આપણે જે ક્રમમાં ધ્વનિઓ બોલીએ છીએ, તે જ ક્રમમાં લખતા હોઈએ છીએ. પણ તમે નાના બાળકોને બોલતાં સાંભળ્યાં હશે. - તેમનાથી ઘણી વાર એકના બદલે બીજો શબ્દ બોલાઈ જતો હોય તેવું લાગે છે. જેમકે, 'તકલીફ'ને બદલે 'તફલીક' અથવા 'રકાબી'ના બદલે 'રબાકી'. અહીં તરત ખ્યાલ આવે છે કે ધ્વનિઓનો ક્રમ બદલાઈ ગયો છે. આપણે ઘણી વાર ઉતાવળમાં પરીક્ષામાં પણ એકના બદલે બીજો શબ્દ લખી નાખતાં હોઈએ છીએ. પણ એના લીધે અર્થ બદલાઈ જાય છે, તેવું તરત ધ્યાન નથી જતું. જેમ કે, 'કાન' શબ્દ લખવા માટે 'ક-આ-ન' ધ્વનિશ્રેણી આપણા મનમાં છે. પણ લખતી વખતે આ ક્રમ બદલાઈ જાય - 'ન-આ-ક' થઈ જાય તો ? લખવું છે 'કાન', પણ લખાઈ જશે 'નાક'.

નીચેનાં વાક્ય જુઓ :

(1) - દાદાને કેમ છે ?

- દાદાને કામ છે ?

(2) - મા તો બસ દીકરાનો વટ જોતી રહી !

- મા તો બસ દીકરાની વાટ જોતી રહી !

(3) - ભારત અને પાકિસ્તાનના વડાપ્રધાન વચ્ચે યોજાયેલ મુલાકાત.

- ભારત અને પાકિસ્તાનના વડાપ્રધાન વચ્ચે યોજાયેલ મુકાલાત.

આવા કેટલાક શબ્દોની ધ્વનિશ્રેણી લખીએ ?

વાત - તાવ -

મકાન -　　　　　　　કમાન -

કરમ -　　　　　　　કમર -　　　　　　　રકમ -

ખેતર -　　　　　　　ખાતર -

નાચે -　　　　　　　નીચે -

શસ્ત્ર -　　　　　　　શાસ્ત્ર -

હવે નીચેના શબ્દોની ધ્વનિશ્રેણી જૂઓ :

પુણ્ય - પ્ + ઉ + ણ્ + ય્ + અ

શિલ્પ - શ્ + ઇ + લ્ + પ્ + અ

અહીં તમે જોઈ શકો છો કે પુણ્યમાં 'ણ' પછી કોઈ સ્વર નથી. તેથી 'ણ્ય' જોડાક્ષર છે. એ જ રીતે 'શિલ્પ'માં 'લ્પ' બોલતી વખતે વચ્ચે કોઈ સ્વરનું ઉચ્ચારણ થતું નથી, તેથી તે જોડાક્ષર છે. કેટલાક જોડાક્ષર ધરાવતી ધ્વનિશ્રેણીને જોઈએ.

વચ્ચે - વ્ + અ + ચ્ + ચ્ + એ

સ્વરૂપ - સ્ + વ્ + અ + ર્ + ઊ + પ્

અન્ન - અ + ન્ + ન્ + અ

અશક્ય - અ + શ્ + અ + ક્ + ય્ + અ

ચિઠ્ઠી - ચ્ + ઇ + ઠ્ + ઠ્ + ઈ

ઉપર જોડાક્ષર ધરાવતી ધ્વનિશ્રેણી તમે જોઈ. તમને ખ્યાલ આવ્યો હશે કે જોડાક્ષરમાં જે અક્ષર પહેલા બોલાય છે - પહેલા લખાય છે, તે અડધો લખાય છે. ગુજરાતી ભાષામાં કેટલાક જોડાક્ષરો જુદી રીતે લખાય છે અથવા વિશિષ્ટ લિપિચિહ્ન ધરાવે છે. આવા જોડાક્ષરોનો પરિચય કરીએ.

વિશિષ્ટ લિપિચિહ્ન ધરાવતા જોડાક્ષરો :

ક્ષ - ક્ + ષ્ + અ

જ્ઞ - જ્ + ઞ્ + અ

ત્ર - ત્ + ર્ + અ

આ જોડાક્ષરો ધરાવતા શબ્દોની ધ્વનિશ્રેણી જોઈએ.

ક્ષમા - ક્ + ષ્ + અ + મ્ + આ

ભિક્ષા - ભ્ + ઇ + ક્ + ષ્ + આ

વિજ્ઞાન - વ્ + ઇ + જ્ + ઞ્ + આ + ન્ + અ

આજ્ઞા - આ + જ્ + ઞ્ + આ

ત્રાડ - ત્ + ર્ + આ + ડ્ + અ

ચિત્ર - ચ્ + ઇ + ત્ + ર્ + અ

તમને આવા શબ્દોની ધ્વનિશ્રેણી શોધતાં આવડશે. ચાલો જોઈએ. નીચેના શબ્દોની ધ્વનિશ્રેણી ધરાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1)　અંગરક્ષક

(ક)　અં + ગ્ + અ + ર્ + અ + ક્ + શ્ + અ + ક્

(ખ)　અં + ગ્ + અ + ર્ + અ + ક્ + ષ્ + અ + ક્

(ગ)　અં + ગ્ + અ + ર્ + અ + ક્ + સ્ + અ + ક્

(ઘ)　અં + ગ્ + આ + ર્ + અ + ક્ + ષ્ + અ + ક્

(2) અક્ષાંશ

(ક) અ + ક્ + શ્ + અ + આં + શ્

(ખ) અ + ક્ + સ્ + આં + શ્

(ગ) અ + ક્ + ષ્ + આં + શ્

(ઘ) અ + ષ્ + ક્ + આં + શ્

(3) નક્ષત્ર

(ક) ન્ + અ + ક્ + શ્ + અ + ત્ + ર્ + અ

(ખ) ન્ + અ + ક્ + સ્ + અ + ર્ + ત્ + અ

(ગ) ન્ + અ + શ્ + ક્ + અ + ત્ + ર્ + અ

(ઘ) ન્ + અ + ક્ + ષ્ + અ + ત્ + ર્ + અ

(4) છત્રપતિ

(ક) છ્ + અ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઇ

(ખ) છ્ + અ + ર્ + ત્ + અ + પ્ + અ + ત્ + ઇ

(ગ) છ્ + અ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઈ

(ઘ) છ્ + આ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઈ

(5) ક્ષેત્ર

(ક) ક્ + શ્ + એ + ત્ + ર્ + અ

(ખ) ક્ + ષ્ + એ + ર્ + ત્ + અ

(ગ) ષ્ + ક્ + એ + ત્ + ર્ + અ

(ઘ) ક્ + ષ્ + એ + ત્ + ર્ + અ

(6) ગણિતજ્ઞ

(ક) ગ્ + અ + ણ્ + ઈ + ત્ + અ + જ્ + ઞ્ + અ

(ખ) ગ્ + અ + ણ્ + ઇ + ત્ + અ + જ્ + ઞ્ + અ

(ગ) ગ્ + અ + ણ્ + ઇ + ત્ + અ + ઞ્ + જ્ + અ

(ઘ) ગ્ + અ + ણ્ + ઇ + ત્ + અ + જ્ઞ્ + અ

(7) જ્ઞાતિ

(ક) જ્ + ઞ્ + આ + ત્ + ઇ

(ખ) ઞ્ + જ્ + આ + ત્ + ઇ

(ગ) જ્ + ઞ્ + આ + ત્ + ઈ

(ઘ) જ્ઞ્ + આ + ત્ + ઇ

(8) યજ્ઞચિત્ર

(ક) ય્ + અ + ઞ્ + જ્ + અ + ચ્ + ઇ + ત્ + ર્ + અ

(ખ) ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઇ + ર્ + ત્ + અ

(ગ) ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઈ + ર્ + ત્ + અ

(ઘ) ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઇ + ત્ + ર્ + અ

ધ્વનિશ્રેણીઓ ધ્યાનથી વાંચી છે ને ? તો જ સાચો ઉત્તર દેખાશે. નહીં તો 'ઇ + ઈ', 'ત્ + ર્' - 'ર્ + ત્' બધું સરખું જ લાગશે. ઉત્તર મેળવવા છે ?

(1) અંગરક્ષક : (ખ) અં + ગ્ + અ + ર્ + અ + ક્ + ષ્ + અ + ક્

(2) અક્ષાંશ : (ગ) અ + ક્ + ષ્ + આં + શ્

(3) નક્ષત્ર : (ઘ) ન્ + અ + ક્ + ષ્ + અ + ત્ + ર્ + અ

(4) છત્રપતિ : (ક) છ્ + અ + ત્ + ર્ + અ + પ્ + અ + ત્ + ઇ

(5) ક્ષેત્ર : (ઘ) ક્ + ષ્ + એ + ત્ + ર્ + અ

(6) ગણિતજ્ઞ : (ખ) ગ્ + અ + ણ્ + ઇ + ત્ + અ + જ્ + ઞ્ + અ

(7) જ્ઞાતિ : (ક) જ્ + ઞ્ + આ + ત્ + ઇ

(8) યજ્ઞચિત્ર : (ઘ) ય્ + અ + જ્ + ઞ્ + અ + ચ્ + ઇ + ત્ + ર્ + અ

ગુજરાતી ભાષાના કેટલાક જોડાક્ષર દેવનાગરી લિપિ (હિન્દી અથવા સંસ્કૃત ભાષા જેમાં લખાય છે તે) અનુસાર લખીએ છીએ. જેમકે 'દ', 'શ'. આ અક્ષરોના જોડાક્ષર લખતી વખતે મૂંઝવણ થતી હોય છે. વળી, 'દ' અને 'ધ' ના જોડાક્ષરમાં સામ્ય પણ ખૂબ લાગે છે. તેથી તેવા જોડાક્ષર પણ મૂંઝવતા હોય છે. આ અક્ષરના જોડાક્ષરનો પરિચય નીચે મુજબ મેળવી શકાય.

| **દેવનાગરી લિપિચિહ્નનો પ્રયોગ : દ-द** | | | |
|---|---|---|---|
| **જોડાક્ષર** | **ઉદાહરણ** | **શબ્દ** | **ધ્વનિશ્રેણી** |
| દ્ + દ = દ્દ | મુદ્દો, રદ્દી, મુદ્દલ, તદ્દન, હોદ્દો | મુદ્દો | મ્ + ઉ + દ્ + દ્ + ઓ |
| દ્ + ધ = દ્ધ | શુદ્ધ, યુદ્ધ, બુદ્ધ, વૃદ્ધ, પદ્ધતિ | શુદ્ધ | શ્ + ઉ + દ્ + ધ્ + અ |
| દ્ + મ = દ્મ | પદ્મ, છદ્મ | પદ્મ | પ્ + અ + દ્ + મ્ + અ |
| દ્ + ય = દ્ય | ગદ્ય, પદ્ય, વિદ્યા | વિદ્યા | વ્ + ઇ + દ્ + ય્ + આ |
| દ્ + ર = દ્ર | ચંદ્ર, ભદ્ર, મુદ્રા, તદ્રૂપ | મુદ્રા | મ્ + ઉ + દ્ + ર્ + આ |
| દ્ + વ = દ્વ | દ્વિતીય, દ્વિગુ, વિદ્વાન | દ્વિતીય | દ્ + વ્ + ઇ + ત્ + ઈ + ય્ |
| દ્ + ઋ = દૃ | દૃઢ, દૃશ્ય | દૃશ્ય | દ્ + ઋ + શ્ + ય્ + અ |

'દ' સાથે 'ધ' ધ્વનિના જોડાક્ષરને પણ જોવા જોઈએ.

| **'ધ'ના જોડાક્ષર** | | | |
|---|---|---|---|
| **જોડાક્ષર** | **ઉદાહરણ** | **શબ્દ** | **ધ્વનિશ્રેણી** |
| ધ્ + ધ = ધ્ધ | યોધ્ધા, અધ્ધર | અધ્ધર | અ + ધ્ + ધ્ + અ + ર્ |
| ધ્ + ય = ધ્ય | સંધ્યા, અધ્યાપક | સંધ્યા | સ્ + અં + ધ્ + ય્ + આ |
| ધ્ + ર = ધ્ર | ધ્રુવ, ધ્રુજારી | ધ્રુવ | ધ્ + ર્ + ઉ + વ્ |
| ધ્ + વ = ધ્વ | ધ્વનિ, ધ્વજ | ધ્વજ | ધ્ + વ્ + અ + જ્ |
| ધ્ + ઋ = ધૃ | ધૃતિ, ધૃતરાષ્ટ્ર | ધૃતિ | ધ્ + ઋ + ત્ + ઇ |

'શ' ધ્વનિના જોડાક્ષર પણ દેવનાગરી લિપિ અનુસાર થાય છે.

| 'શ'ના જોડાક્ષર | | | |
|---|---|---|---|
| **જોડાક્ષર** | **ઉદાહરણ** | **શબ્દ** | **ધ્વનિશ્રેણી** |
| શ + ર = શ્ર | શ્રવણ, શ્રદ્ધા, શ્રેયસ | શ્રદ્ધા | શ્ + ર્ + અ + દ્ + ધ્ + આ |
| શ + વ = શ્વ | શ્વાસ, શ્વેત, શ્વાન | શ્વાન | શ્ + વ્ + આ + ન્ |
| શ્ + ચ = શ્ચ | આશ્ચર્ય, નિશ્ચિત | નિશ્ચિત | ન્ + ઇ + શ્ + ચ્ + ઇ + ત્ |

'હ' ધ્વનિના જોડાક્ષર વિશે વિચાર્યું છે ? ખબર જ હશે, પણ નીચેના શબ્દો જોશો એટલે ખ્યાલ વધુ સ્પષ્ટ થશે.

| | |
|---|---|
| હ્ + મ = હ્મ | બ્રહ્મ, બ્રાહ્મણ |
| હ્ + ન = હ્ન | મધ્યાહ્ન, જાહ્નવી |
| હ્ + ય = હ્ય | બાહ્ય, સહ્ય |
| હ્ + ર = હ્ર | હ્રસ્વ, હ્રાસ |
| હ્ + વ = હ્વ | જિહ્વા, ગહ્વર |
| હ્ + ઋ = હૃ | હૃદય, હૃષીકેશ |

હવે તમે ધ્વનિશ્રેણી છૂટી પાડશો ?

1. મુદ્દલ
2. પદ્ધતિ
3. પદ્ય
4. વિદ્વાન
5. યોધ્ધા
6. અધ્યાપક
7. શ્રવણ
8. શ્વેત
9. દ્વિજિહ્વ
10. મૂલ્યહ્રાસ

ઉત્તર જોઈએ :

(1) મુદ્દલ : મ્ + ઉ + દ્ + દ્ + અ + લ્

(2) પદ્ધતિ : પ્ + અ + દ્ + ધ્ + અ + ત્ + ઇ

(3) પદ્ય : પ્ + અ + દ્ + ય્ + અ

(4) વિદ્વાન : વ્ + ઇ + દ્ + વ્ + આ + ન્

(5) યોધ્ધા : ય્ + ઓ + ધ્ + ધ્ + આ

(6) અધ્યાપક : અ + ધ્ + ય્ + આ + પ્ + અ + ક્

(7) શ્રવણ : શ્ + ર્ + અ + વ્ + અ + ણ્

(8) શ્વેત : શ્ + વ્ + એ + ત્

(9) દ્વિજિહ્વ : દ્ + વ્ + ઇ + જ્ + ઇ + હ્ + વ્ + અ

(10) મૂલ્યહ્રાસ : મ્ + ઊ + લ્ + ય્ + અ + હ્ + ર્ + આ + સ્

આપણા કક્કામાં જોડાક્ષર લખાય ત્યારે પહેલાં લખાતો અક્ષર જો 'ખ, ગ, ચ, મ' વગેરે જેવો 'ા' ધરાવતો હોય તો તેને ખસેડવાથી અડધો લખાય છે. જેમકે, 'અન્ય'માં 'ન'નો 'ા' દૂર કરતાં તે અડધા અક્ષર તરીકે લખી શકાયો. જો અક્ષર 'ક, જ, ફ' જેવો હોય તો તે બાજુબાજુમાં લખાય છે. જેમકે, 'ચક્કર'. તો 'ટ, ઠ, ડ' જેવા ધ્વનિઓ ઉપર-નીચે લખાય છે. જેમકે, 'ચિઠ્ઠી'. પરંતુ 'ર' ધ્વનિ આ બધા કરતાં જુદો છે.

'ર' અક્ષરના જોડાક્ષર બે જુદી રીતે થાય છે. (1) 'ર' વ્યંજનધ્વનિ જોડાક્ષરમાં પહેલા આવે અને (2) 'ર' ધ્વનિ જોડાક્ષરમાં પછી આવે. ઉદાહરણ સહિત જોઈએ. 'વાર્તા' શબ્દની ધ્વનિશ્રેણી જોઈએ તો 'વ્-આ-ર્-ત્-આ'માં 'ર્ત' જોડાક્ષરમાં 'ર' ધ્વનિ પહેલા આવ્યો છે અને 'ત' ધ્વનિ પછી આવ્યો છે, તેથી 'ર' ધ્વનિ રેફ તરીકે 'ત' ઉપર લખાય છે. તો 'આક્રમણ' શબ્દની ધ્વનિશ્રેણી જોઈએ તો 'આ-ક્-ર્-અ-મ્-અ-ણ્'માં 'ક' ધ્વનિ પહેલા આવ્યો છે, 'ર' ધ્વનિ ત્યાર બાદ આવ્યો છે. તેથી તે 'ક્ર' તરીકે લખાય છે. અન્ય ઉદાહરણો જોતાં 'ર' ધ્વનિના જોડાક્ષર વધુ સ્પષ્ટ થશે.

| **'ર' પહેલા આવે તો 'ર્' તરીકે** | |
|---|---|
| **ધ્વનિશ્રેણી** | **શબ્દ** |
| સ્ + અ + ર્ + પ્ + અ | સર્પ |
| વ્ + અ + ર્ + ણ્ + અ + ન્ | વર્ણન |
| પ્ + અ + દ્ + આ + ર્ + થ્ + અ | પદાર્થ |

નીચેની ધ્વનિશ્રેણી અને શબ્દ વાંચીએ :

(1) ન્ + ઇ + ર્ + ભ્ + અ + ય્ - નિર્ભય

(2) જ્ + ઈ + ર્ + ણ્ + અ - જીર્ણ

(3) સ્ + ઊ + ર્ + ય્ + અ - સૂર્ય

(4) મ્ + આ + ર્ + ગ્ + અ - માર્ગ

(5) સ્ + પ્ + અ + ર્ + શ્ + અ - સ્પર્શ

| **અન્ય વ્યંજન પહેલા આવે તો '્ર' તરીકે** | |
|---|---|
| **ધ્વનિશ્રેણી** | **શબ્દ** |
| ક્ + ર્ + અ + મ્ | ક્રમ |
| વ્ + અ + જ્ + ર્ + અ | વજ્ર |
| પ્ + ર્ + અ + ત્ + ય્ + એ | પ્રત્યે |

(1) ક્ + ર્ + અ + મ્ + અ + બ્ + અ + દ્ + ધ્ + અ - ક્રમબદ્ધ

(2) આ + શ્ + ર્ + અ + ય્ - આશ્રય

(3) પ્ + અ + ર્ + ઇ + શ્ + ર્ + અ + મ્ - પરિશ્રમ

(4) વ્ + ઇ + ગ્ + ર્ + અ + હ્ - વિગ્રહ

(5) ર્ + આ + ષ્ + ટ્ + ર્ + અ - રાષ્ટ્ર

(6) વ્ + ઇ + દ્ + ર્ + ઓ + હ્ - વિદ્રોહ

આમ, આપણે જોયું કે આપણે જે બે વ્યંજન વચ્ચે સ્વર નથી બોલતા, તે બે ધ્વનિઓ જોડાક્ષર તરીકે લખીએ છીએ. હવે, જોડાક્ષરમાં જો વચ્ચે સ્વર બોલીએ તો ?

'વસ્યું - વ્ + અ + સ્ + ય્ + ઉં

ધ્વનિશ્રેણીમાં 'સ્યું' જોડાક્ષર છે. આ ધ્વનિશ્રેણીમાં સ્વર ઉમેરાય-

વસિયું - વ્ + અ + સ્ + ઇ + ય્ + ઉં

'સાંજ સમે શામળિયો'માં 'ધર્યો'ને બદલે 'ધરિયો', 'ધસ્યું'ને બદલે 'ધસિયું' આ પ્રકારના શબ્દો છે. બોલચાલમાં ઘણી વાર આપણે આ રીતે જોડાક્ષરને છૂટો પાડીને બોલતા હોઈએ છીએ. જેમકે, 'દર્દ'ના બદલે 'દરદ'. હવે તમે જ્યારે કોઈ જોડાક્ષર લખશો ત્યારે પહેલાં એ શબ્દ બોલશો ને ?

## સંજ્ઞા

મિત્રો, તમે અગાઉ ભણી ગયાં છો કે ભાષાના જે શબ્દો દ્વારા કોઈ વ્યક્તિ, વસ્તુ, સ્થળ કે ખ્યાલનો નિર્દેશ થાય છે તેને 'સંજ્ઞા' કે 'નામ' કહે છે. સંજ્ઞાની મહત્ત્વની લાક્ષણિકતા પર નજર નાંખીએ તો-

- 'સંજ્ઞા' કે 'નામ' લિંગ ધરાવતાં હોય છે.
  - ➲ ગુજરાતી ભાષામાં ત્રણ લિંગ છે : પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ.
- 'સંજ્ઞા' કે 'નામ' વચન ધરાવે છે.
  - ➲ ગુજરાતી ભાષામાં બે વચન છે : એકવચન, બહુવચન.
- સંજ્ઞા વિકારી કે અવિકારી હોય છે :
  - ➲ વિકારી સંજ્ઞા : લિંગ કે વચન અનુસાર જે સંજ્ઞાનું રૂપ બદલાય તે વિકારી સંજ્ઞા.

    દા.ત. વાંદરો - વાંદરી - વાંદરું, કાંસકો-કાંસકી, લિંગ અનુસાર ચપ્પુ-ચપ્પાં, પંખો-પંખા વગેરે
  - ➲ અવિકારી સંજ્ઞા : લિંગ અનુસાર જે સંજ્ઞાનું રૂપ ન બદલાય, યથાવત્ત રહે તે અવિકારી સંજ્ઞા.

  દા.ત. ખેતર, વર્ગ, રાજા, ઘી, લાડુ, નદી વગેરે
- સંજ્ઞા મૂર્ત કે અમૂર્ત હોય છે :
  - ➲ મૂર્ત સંજ્ઞા : જેને કોઈ પણ ઇન્દ્રિય (પંચેન્દ્રિય - આંખ, નાક, કાન, સ્પર્શ, સ્વાદ)થી અનુભવી શકાય તે. દા.ત. ચળકાટ, અવાજ, વાસ, કમળ, જલેબી વગેરે.
  - ➲ અમૂર્ત સંજ્ઞા : જેને કોઈ રંગ, રૂપ, કદ, આકાર, ગંધ આદિ નથી, માત્ર તર્કથી અનુભવી શકાય તે. દા.ત., વિચાર, ક્રોધ, દુઃખ, માનવતા વગેરે.
- સંજ્ઞાના મુખ્ય પ્રકાર નીચે મુજબ કરી શકાય :
  - ➲ જાતિવાચક સંજ્ઞા : જ્યારે કોઈ શબ્દ દ્વારા આખો વર્ગસમૂહ સૂચવાતો હોય ત્યારે તેને જાતિવાચક સંજ્ઞા કહે છે. જેમકે, ભેંસ, ઘર, તપેલી, પેન, મૂર્તિ, તકિયો, ઝભ્ભો, બારણું. (જ્યારે 'ભેંસ' શબ્દ વપરાય ત્યારે 'કાળું, ચાર પગવાળું, દૂધ આપતું પ્રાણી' જેવાં સામાન્ય લક્ષણ ધરાવતો અર્થ સૂચવાય.)
  - ➲ વ્યક્તિવાચક સંજ્ઞા : જ્યારે કોઈ શબ્દ દ્વારા કોઈ ચોક્કસ વ્યક્તિ, પ્રાણી કે પદાર્થ સૂચવાતો હોય ત્યારે તેને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે. જેમકે, 'પર્વત' - જાતિવાચક

સંજ્ઞા છે. પરંતુ, 'હિમાલય', 'ગિરનાર' આદિ ચોક્કસ પર્વતનો નિર્દેશ કરે છે. તેથી તે વ્યક્તિવાચક સંજ્ઞા છે.

- દ્રવ્યવાચક સંજ્ઞા : ગણી ન શકાય તેવા પદાર્થને દર્શાવતી સંજ્ઞા, તે દ્રવ્યવાચક સંજ્ઞા. જેમકે, પાણી, લોખંડ, દૂધ, માટી વગેરે. આ સંજ્ઞાને કિલોગ્રામ કે લિટર આદિમાં માપી શકાય છે. પણ એક પાણી કે ચાર દૂધ એમ સંખ્યાવાચક વિશેષણ લાગતું નથી.
- સમૂહવાચક સંજ્ઞા : કોઈ જૂથ કે સમૂહનો નિર્દેશ કરતી સંજ્ઞા તે સમૂહવાચક સંજ્ઞા. (સમૂહનો અર્થ આપનાર આ સંજ્ઞા હંમેશાં એકવચનમાં પ્રયોજાય છે.) જેમકે, ટોળું, ધણ, સેના વગેરે.
- ભાવવાચક સંજ્ઞા : ભાવનો નિર્દેશ કરતી સંજ્ઞા, તે ભાવવાચક સંજ્ઞા. જેમકે, માનવતા, સુખ, ક્રોધ, મઝા વગેરે.
- ક્રિયાવાચક સંજ્ઞા : ક્રિયા દર્શાવતી સંજ્ઞા, તે ક્રિયાવાચક સંજ્ઞા. જેમકે, 'બોલવું' ક્રિયા છે પણ 'બોલ' ક્રિયા દર્શાવનાર સંજ્ઞા છે. (જેમકે, મહેમાનશ્રી આપણને બે બોલ કહેશે.) દોડ, ચાલ, લેખન, દર્શન, રમત વગેરે.

મિત્રો, નીચેના વાક્યમાંથી સંજ્ઞા શોધી શકો ને ? તો સંજ્ઞા શોધો અને તેને વર્તુળ કરો. એક વાક્યમાં એકથી વધુ સંજ્ઞા હોઈ શકે. ધ્યાનથી વાંચજો.

(1) મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી.

(2) તે ગોવાળમાં ગિરિધર શોભે.

(3) પણ દોષ કબૂલ્યા વિના શુદ્ધિ ન થાય.

(4) ખાંધે કુહાડા ધર્યા, તને સાંભરે રે ?

(5) દીપડા રંજાડશે નહીં ?

તમે ચિઠ્ઠી, ગોવાળ, ગિરિધર, દોષ, શુદ્ધિ, ખાંધ, કુહાડા, દીપડા – શબ્દોને વર્તુળ કર્યું ને ? એટલે કે, તમને સંજ્ઞા ખબર છે !

તો હવે, નીચે વાક્યો સાથે વિકલ્પો આપ્યા છે. તેમાં કયા વિકલ્પમાં જાતિવાચક સંજ્ઞા છે તે શોધો ?

(1) હાજી, ફાડ્યું મોટું ખોડ, મને કેમ વીસરે રે ?

(ક) મોટું (ખ) મને (ગ) ફાટ્યું (ઘ) ખોડ

(2) તેમણે ક્ષણવાર આંખ મીંચી.

(ક) આંખ (ખ) મીંચી (ગ) તેમણે (ઘ) ક્ષણવાર

(3) આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું.

(ક) આજે (ખ) હું (ગ) શુદ્ધ (ઘ) અહિંસા

(4) તેમ ગોવાળમાં ગિરિધર શોભે, હરિ હળધરનો વીરો.

(ક) ગિરિધર (ખ) ગોવાળ (ગ) હરિ (ઘ) હળધર

(5) અહીં શા સારુ જમીન માગો છો ?

(ક) સારું (ખ) શા (ગ) જમીન (ઘ) અહીં

તમે ખોડ, આંખ, ગોવાળ અને જમીન - ઉત્તર ધરાવતા વિકલ્પ શોધ્યા છે ને ! શાબાશ !

હવે, નીચે આપેલા વિકલ્પોમાં કોઈ એક વિકલ્પ જાતિવાચક સંજ્ઞા નથી, કોઈ અન્ય સંજ્ઞા છે. મળશે ? શોધો તો...

(1) કોતરમાંથી ગોપાળબાપાએ આવીને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ મહારાજને લીંબુ જેવડાં બોર ભેટ ધર્યાં.
(ક) કોતર (ખ) ગોપાળબાપા (ગ) લીંબુ (ઘ) બોર

(2) શામળિયાના શિર પર મોરમુગટ અને કાનમાં કુંડળ શોભે છે.
(ક) શામળિયો (ખ) શિર (ગ) કાન (ઘ) કુંડળ

(3) જો આગગાડીના ડબ્બામાં ઘણી બીડી ફૂંકાતી હોય તો ગાંધીજી તેના ધુમાડાથી ગૂંગળામણ અનુભવતા.
(ક) આગગાડી (ખ) બીડી (ગ) ગાંધીજી (ઘ) ડબ્બો

(4) મહારાજ, અરજ તો એટલી જ છે કે શીંગોડા નદીનું આ કોતર મને યોગ્ય કિંમતે આપો.
(ક) કિંમત (ખ) નદી (ગ) કોતર (ઘ) શીંગોડા

(5) મહારાજ શ્રીમંત સયાજીરાવ આવા એક કોતરની ભેખડ ઉપર એક-બે અંગરક્ષકો સાથે ઊભા હતા.
(ક) સયાજીરાવ (ખ) કોતર (ગ) ભેખડ (ઘ) અંગરક્ષક

તમને ખબર પડી ગઈ ને, કે કયો વિકલ્પ જાતિવાચક સંજ્ઞા નથી ? ગોપાળબાપા, શામળિયો, ગાંધીજી, શીંગોડા અને સયાજીરાવ. બરાબર !

અરે, તમારો પરિચય મેળવવાનો તો રહી જ ગયો... ચાલો તો, નીચેના ફોર્મમાં તમારી વિગતો ભરી આપો.

(1) તમારું નામ : ..........................................................................................

(2) તમારા પિતાજીનું નામ : ..........................................................................................

(3) તમારી માતાનું નામ : ..........................................................................................

(4) તમારો જન્મ કયા મહિનામાં થયો છે ? ..........................................................................

(5) તમારા રહેઠાણનો વિસ્તાર : ..........................................................................................

(6) તમારી શાળાનું નામ : ..........................................................................................

(7) તમારી શાળાનો વિસ્તાર : ..........................................................................................

(8) તમારા ગામ-શહેરનું નામ : ..........................................................................................

(9) તમારે પ્રવાસમાં જવાનું હોય તો ક્યાં જવાનું ગમે ? ..................................................

(10) તમારા ગામ - શહેર પાસે કોઈ નદી છે ? જો હા, તો નદીનું નામ : ..................................

(11) તમારા ગામ - શહેર પાસે કોઈ પર્વત છે ? જો હા, તો પર્વતનું નામ : ...............................

(12) તમારા ખાસ મિત્ર - બહેનપણીનું નામ : ..........................................................................

(13) તમારો પ્રિય તહેવાર : ..........................................................................................

(14) તમારા પ્રિય નેતાનું નામ : ..........................................................................................

(15) તમારા પ્રિય ખેલાડીનું નામ : ..........................................................................................

તમને ખબર પડી ? તમે અહીં વ્યક્તિ, જગ્યા, તહેવાર વગેરેનાં જે નામ આપ્યાં, તે વ્યક્તિવાચક સંજ્ઞા કહેવાય !

નીચેનાં વાક્યોમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા ઓળખી બાજુમાં આપેલી જગ્યામાં લખશો ?

(1) સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે. .........................., ..........................

(2) શીંગોડાના મારને જો કોઈક રીતે રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે. ..........................

(3) એ મંદિર પેશ્વા સરકારે બંધાવ્યું છે. ..........................

(4) ઘણું દૂર ગયા રણછોડ, મને કેમ વીસરે રે ? ..........................

(5) ધોરાજીના પડખે, કોળીગુરુ માંડણ ભગત થઈ ગયા.......................... ..........................

જવાબ ખબર પડી ને ! શામળિયો, વૃંદાવન, શીંગોડા, પેશ્વા સરકાર, રણછોડ, ધોરાજી, માંડણ ભગત

નીચેનાં વાક્યોમાં, આપેલા વિકલ્પોમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા ખબર પડી જ જશે !

(1) હાજી, સાંદીપનિ ઋષિને ઘેર, મને કેમ વીસરે રે ?

(ક) સાંદીપનિ (ખ) ઋષિ (ગ) ઘેર (ઘ) મને

(2) આ તુલસીશ્યામ જવા-આવવાનો ધોરીમાર્ગ છે.

(ક) આ (ખ) તુલસીશ્યામ (ગ) જવા-આવવાનો (ઘ) ધોરીમાર્ગ

(3) મારડમાં હું મગફળીના સોદા માટે ગયેલો.

(ક) હું (ખ) મગફળી (ગ) સોદો (ઘ) મારડ

(4) બધી માલમિલકત અને દીકરાની ભાળવણી ગોપાળદાસને કરતા ગયા છે.

(ક) માલમિલકત (ખ) દીકરો (ગ) ભાળવણ (ઘ) ગોપાળદાસ

(5) પછી દારિદ્ર ખોવા દાસનું, સોમદૃષ્ટિ શ્યામે કરી.

(ક) દારિદ્ર (ખ) દાસ (ગ) શ્યામ (ઘ) સોમદૃષ્ટિ

સાંદીપનિ, તુલસીશ્યામ, મારડ, ગોપાળદાસ અને શ્યામ - ઉત્તર ધરાવતા વિકલ્પ પસંદ કર્યા છે ?

આપણે એક રમત રમીએ ? નીચે કેટલાંક વાક્યો છે. એમાં જાતિવાચક સંજ્ઞા નીચે રેખા દોરેલી છે. તમારે તેને સ્થાને (તમારા પાઠ અને કવિતા અનુસાર) વ્યક્તિવાચક નામ લખવાનાં છે. લખશો ને !

(1) <u>નદી</u>ના મારને રોકીએ તો મીઠાં ફળ પાકે. ..........................

(2) પછી <u>ગુરુજી</u> શોધવા નીસર્યા, તને સાંભરે રે ? ..........................

(3) આવી શાંત ક્ષમા <u>પિતાજી</u>ના સ્વભાવથી પ્રતિકૂળ હતી. ..........................

(4) <u>ભગવાન</u>ના મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું તેવો ઠરાવ કર્યો. ..........................

(5) <u>ભગત</u> કૂતરાંને રોટલા નીરતા જાય. ..........................

તમે શીંગોડા, સાંદીપનિ, કરમચંદ ગાંધી, રામજી અને માંડણ ભગત - જવાબરૂપે લખ્યા હોય તો પાઠ્યક્રમ પ્રમાણે તમે સાચા જવાબ આપ્યા છે.

તમને વ્યક્તિવાચક સંજ્ઞા અને જાતિવાચક સંજ્ઞા ખબર છે. હવે તમે સમૂહવાચક સંજ્ઞાને ઓળખી શકો ? નીચે આપેલાં વાક્યોમાંથી સમૂહવાચક સંજ્ઞા શોધી તેને વર્તુળ કરી બાજુમાં ફરીથી લખો.

જેમકે, આગળ **ગોધન**, પાછળ સાજન, મનમાં મોહ ઉપજાવે. ગોધન (ગાયોનું ધણ)

(1) ત્રણ ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે ? ..........................

(2) એક જ આદમીના પુણ્યે આ કોતરોને આંબા, જાંબુડા અને ચીકુનાં ઝુંડથી મહેકતાં કરી મૂક્યાં છે.

..........................

(3) બધા શિકારીઓ ગોરડની ઝાડીમાં દેખાતા બંધ થયા. ..........................

(4) મૂડી નાખતાં પહેલાં સો ગળણે ગળીએ. ..........................

(5) તારામંડળમાં જેમ શશિયર શોભે, હેમે જડિંગ હીરો. ..........................

જવાબની ખાતરી કરવી છે ? ભારા, ઝુંડ, ઝાડી, મૂડી, મંડળ (તારામંડળ).

જે નજરે ન દેખાય પણ અનુભવી શકાય તેને ભાવવાચક સંજ્ઞા કહે છે, તે તમે જાણો છો. નીચેનાં વાક્યોમાંથી

ભાવવાચક સંજ્ઞા શોધી શકશો ? તેની નીચે રેખા દોરજો. જેમ કે,

અમારી પરાધીનતા અમને સાલવા લાગી.

**ઉત્તર :** અમારી <u>પરાધીનતા</u> અમને સાલવા લાગી.

(1) આગળ ગોધન, પાછળ સાજન, મનમાં મોહ ઉપજાવે.

(2) પણ અમને સંતોષ ન થયો.

(3) બીજાં બી ખાવાની હિંમત જ ન ચાલી.

(4) હાજી, નાનપણનો નેહ, મને કેમ વીસરે રે ?

(5) લીંબુ જેવડાં બોર જોઈને ગાયકવાડ સરકારને આશ્ચર્ય થયું.

જવાબો જાણવા છે ? મોહ, સંતોષ, હિંમત, નેહ (સ્નેહ), આશ્ચર્ય.

તમને ક્રિયાવાચક સંજ્ઞાનો ખ્યાલ આવ્યો છે ? આ સંજ્ઞા દ્વારા ક્રિયાની વાત થાય પણ તે ક્રિયાપદ ન હોય, સંજ્ઞા હોય. આપણે ઉદાહરણ જોયું હતું, યાદ છે ? 'લખવું' ક્રિયા કહેવાય, પણ 'લખવા' વિશે વાત કરવાની હોય તો આપણે 'લેખન' શબ્દ વાપરીએ છીએ. આ 'લેખન' ક્રિયાવાચક સંજ્ઞા કહેવાય. આપણી પાઠ્યકૃતિને આધારે આવી કેટલીક ક્રિયાવાચક સંજ્ઞા ઓળખીએ :

(1) માગણી કર્યે તો વરસ ત્રણ થઈ ગયાં.

(2) શીંગોડાના મારને રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે.

(3) બધી માલમિલકત અને દીકરાની ભાળવણી કરતા ગયા છે ગોપાળદાસને.

(4) તેમણે કોઈ દિવસ અમને એકેય ભાઈને તાડન કર્યું હોય તેવું મને સ્મરણ નથી.

(5) રામજીને મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું.

ઉત્તર જોઈએ ? માગણી, માર, ભાળવણી, તાડન, સ્મરણ, દર્શન.

જોયું, તમને સંજ્ઞા અને સંજ્ઞાના પ્રકાર ખબર છે જ ને ! હવે તમારા બીજા પાઠ અને કવિતામાંથી સંજ્ઞા શોધી તેના પ્રકાર શોધશો ?

## વિશેષણ

મિત્રો, તમે વિશેષણ એટલે શું, તે ભણી ગયા છો. જે શબ્દ સંજ્ઞાના અર્થમાં વધારો કરે તેને 'વિશેષણ' કહે છે. જેમકે 'વાળ' સંજ્ઞાનો જે અર્થ છે તેમાં 'લાંબા, કાળા, સુંવાળા' આદિ શબ્દો દ્વારા અર્થમાં વધારો થાય છે. તેથી આવા શબ્દોને વિશેષણ કહે છે. જે સંજ્ઞાને વિશેષણ લાગ્યું હોય તે સંજ્ઞાને 'વિશેષ્ય' કહે છે. નીચેનાં વાક્ય વાંચો.

(1) આગગાડીના ડબ્બામાં બીડી ફૂંકાતી હતી.

(અ) આગગાડીના ડબ્બામાં <u>ઘણી બીડી</u> ફૂંકાતી હતી.

(2) શામળિયાએ શિર પર મોરમુગુટ ધારણ કર્યો હતો.

(અ) શામળિયાએ શિર પર <u>સુંદર મોરમુગુટ</u> ધારણ કર્યો હતો.

મિત્રો, ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે જ્યારે વાક્ય (1) 'બીડી' વાંચો છો ત્યારે તમારી નજર સામે જે ચિત્ર ઊપસે છે અને 'ઘણી બીડી' વાંચો છો ત્યારે તમારી નજર સામે જે ચિત્ર ઊપસે છે, તે બંને વચ્ચે ભેદ લાગે છે ? જ્યારે 'બીડી' સાથે 'ઘણી' શબ્દ ઉમેરાય છે ત્યારે ડબ્બામાં જુદી જુદી જગ્યાએ ઘણા બધા લોકો બીડી પીતા હોય તેવું ચિત્ર ઊપસે છે. અથવા વાક્ય (2)માં શામળિયા કૃષ્ણએ 'મોરમુગુટ' ધારણ કર્યો છે અને વાક્ય (2-અ)માં 'સુંદર મોરમુગુટ' ધારણ કર્યો છે – એ બે ચિત્ર પણ જુદા પડે છે.

હવે નીચેનાં વાક્યો વાંચો.

(3) બે ઊંચા છોકરાને મેદાનમાં મોકલો.

(4) સમૂહગીતમાં ભાગ લેનારે સફેદ કપડાં પહેરવાં.

આમાંથી 'ઊંચા' અને 'સફેદ' શબ્દ કાઢી નાખીએ તો ? વાક્ય (3)માં 'કોઈ પણ બે છોકરા' નહીં, 'ઊંચા' બે છોકરા મોકલવાની સૂચના છે. અથવા વાક્ય 4માં લાલ, લીલો, પીળો નહીં, માત્ર 'સફેદ' ડ્રેસ પહેરવાની સૂચના છે. એટલે કે 'ઊંચા' દ્વારા 'છોકરા'ની કે 'સફેદ' દ્વારા કપડાંના રંગની ચોકસાઈ કરવામાં આવી છે. આ રીતે શબ્દના અર્થમાં કોઈ વિશેષતા ઉમેરાય, સંજ્ઞાનો વધુ ચોક્કસ અર્થ દર્શાવવામાં મદદરૂપ બને તે શબ્દને 'વિશેષણ' કહેવાય છે.

તમે અહીં જોઈ શકો છો કે 'ઊંચું' દ્વારા કદ - ગુણ, 'સફેદ' દ્વારા રંગ કે 'બે' દ્વારા સંખ્યા દર્શાવાઈ છે. એટલે કે સંજ્ઞાના અર્થમાં ગુણ, આકાર, કદ, સંખ્યા આદિના અર્થ ઉમેરવા માટે વિશેષણ વપરાય છે.

વિશેષણના કાર્યને આધારે જ તેના પ્રકાર કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.

- ગુણવાચક વિશેષણ : જે વિશેષણના સંજ્ઞાના આકાર, કદ, રંગ, ગુણ, કાર્ય આદિના અર્થમાં વધારો કરે તેને ગુણવાચક વિશેષણ કહે છે. જેમકે, ગોળ ટેબલ, લાંબી બેન્ચ, સફેદ ટોપી, હોશિયાર છોકરો, કડક આચાર્ય વગેરે.
- સંખ્યાવાચક વિશેષણ :
  - પૂર્ણ સંખ્યાવાચક વિશેષણ : બે છોકરા, ચાર વર્ગો, અગિયાર છોકરા - વગેરે.
  - ક્રમિક સંખ્યાવાચક વિશેષણ : બીજો છોકરો, ચોથો વર્ગ વગેરે.
  - માત્રાસૂચક વિશેષણ : થોડું પાણી, તદ્દન મફત, ઘેરો રંગ વગેરે.
  - આશરેવાચી : લગભગ 50 વિદ્યાર્થીઓ, આશરે ચાર કલાક વગેરે.
- સંબંધવાચક વિશેષણ : આ વિશેષણ વિશિષ્ટ છે. નીચેનાં પદ જુઓ.
  - નદીનું કોતર
  - બીડીનું ઠૂંઠું
  - કાનનું કુંડળ

'નદી', 'બીડી' કે 'કાન' ખરેખર તો તેઓ સંજ્ઞા જ છે. પણ અહીં તે 'કોતર', 'ઠૂંઠું' કે 'કુંડળ' સંજ્ઞા-વિશેષ્ય (સંજ્ઞા)ના વિશેષણ તરીકે વપરાયાં છે. આવાં વિશેષણને સંબંધવાચક વિશેષણ કહે છે.

- સંબંધવાચક વિશેષણ ખરેખર સંજ્ઞા હોય છે.
- તે અન્ય સંજ્ઞા - વિશેષ્ય સાથે '-નો', '-ની', '-નું', '-ના', '-નાં' દ્વારા જોડાય છે.
- વળી, આ વિશેષણ પોતે સંજ્ઞા હોવાથી પોતાનું જુદું વિશેષણ લઈ શકે. એટલે કે આમાં તો વિશેષણની હાર લાગી શકે. જેમકે,

સોનાના કડાના કકડાની ચોરી (સોનાનું કડું, કડાનો કકડો, કકડાની ચોરી)

નીચેનાં વાક્યોમાં સંબંધવાચક વિશેષણ છે. તે જોવાથી આ વિશેષણનો પ્રયોગ વધુ સ્પષ્ટ થશે.

- <u>વહાલાજીનું રૂપ</u> રૂદેમાં વસિયું, મનડું તે ધસિયું મારું.
- મેં ધ્રૂજતે હાથે ચિઠ્ઠી <u>પિતાજીના હાથમાં</u> મૂકી.
- તેઓ ખાટલાને બદલે <u>લાકડાની પાટ</u> વાપરતા.
- <u>સુખદુઃખની</u> કરતા <u>વાત,</u> મને કેમ વીસરે રે ?
- <u>પડખેના ગીરના જંગલ</u>માંથી દીપડો આવ્યાના વાવડ હતા.

- સાર્વનામિક વિશેષણ : મારું, તારું, તેનું, તેમનું આદિ સાર્વનામિક વિશેષણ છે. 'સર્વનામ'ની વાત કરતી વખતે આ વિશેષણને વિગતે સમજીશું.
- વિશેષણ વિકારી કે અવિકારી હોય છે.
- વિકારી વિશેષણ : સંજ્ઞાના લિંગ-વચન અનુસાર જે વિશેષણનું રૂપ બદલાય તે વિકારી વિશેષણ. દા.ત. 'ઉઘાડું'.

  ➲ 'ઉઘાડી થાળી' ('થાળી' → સ્ત્રીલિંગ)

  ➲ 'ઉઘાડો ખોરાક' ('ખોરાક → પુંલ્લિંગ)

  ➲ 'ઉઘાડું બારણું' (બારણું → નપુંસકલિંગ)

  ➲ 'ઉઘાડાં બારણાં' (બારણાં → નપુંસકલિંગ, બહુવચન)

  નાનું, મોટું, ખુલ્લું, સારું, આખું, અડધું, સાજું, માંદું વગેરે વિકારી વિશેષણ છે.
- અવિકારી વિશેષણ : સંજ્ઞાના લિંગ-વચન કોઈ પણ હોય, પરંતુ તે અનુસાર જે વિશેષણનું રૂપ ન બદલાય, યથાવત્ રહે તેને અવિકારી વિશેષણ કહે છે. જેમકે, 'ચાલાક'

  ➲ ચાલાક ચોર ('ચોર' - પુંલ્લિંગ)

  ➲ ચાલાક શિયાળ ('શિયાળ' - નપુંસકલિંગ)

  ➲ ચાલાક વિદ્યાર્થીઓ ('વિદ્યાર્થીઓ' - પુંલ્લિંગ, બહુવચન)

  હોશિયાર, સુંદર, મૂર્ખ, પ્રામાણિક, બંધ, વાસી, ખરાબ આદિ અવિકારી વિશેષણ છે.

તમને વિશેષણના આ પ્રકારો ખ્યાલમાં આવ્યા ? નીચેના કોઠા પર નજર ફેરવવાથી આ પ્રકારો વધુ સ્પષ્ટ થઈ જશે.

| **પ્રકાર** | | **કાર્ય** | **ઉદાહરણ** |
|---|---|---|---|
| અર્થગત પ્રકાર | ગુણવાચક વિશેષણ | વિશેષ્ય (સંજ્ઞા)ના આકાર, કદ, રંગ ગુણ, કાર્ય આદિનો નિર્દેશ | ગોળ, મોટું, કાળું, ચાલાક, શુભકારી આદિ |
| | સંખ્યાવાચક વિશેષણ | સંખ્યાવાચક | એક, બે, ત્રણ |
| | | ક્રમિક સંખ્યાવાચક | પહેલું, બીજું, ત્રીજું |
| | | માત્રાસૂચક | ખૂબ, તદ્દન, અત્યંત, થોડું |
| | | આશરેવાચી | આશરે, લગભગ, (આશરે સંખ્યા - બારેક, પચાસે(ક) |
| | સાર્વનામિક | પુરુષવાચક, સમયવાચક... વગેરે | મારું, તેમનું, કોનું, ક્યારનું... |
| | સંબંધવાચક | સંજ્ઞા + -નો, -ની, -નું, -ના, -નાં... | કારની ઝડપ, બારણાનો રંગ. |
| રચનાગત પ્રકાર | વિકારી | વિશેષ્યના લિંગ-વચન અનુસાર બદલાય | કાળી સાડી, કાળા વાળ મોટો છોકરો, મોટું મકાન |
| | અવિકારી | વિશેષ્ય (સંજ્ઞા)ના લિંગ-વચન અનુસાર ન બદલાય | સફેદ સાડી, સફેદ વાળ ત્રણ છોકરા, ત્રણ મકાન |

તો હવે, નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધશો ? વિશેષણ શોધો અને તેને વર્તુળ કરો.

(1) મોરમુગટ શિર સુંદર ધરિયો, કાને કુંડળ લહેકે.

(2) પાછલી રાતના જાગતા, તને સાંભરે રે ?

(3) પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું.

(4) તેમણે પચીસેક રૂપિયાનું નાનું કરજ કર્યું હતું.

(5) આગગાડીના ડબ્બામાં ઘણી બીડીઓ ફૂંકાતી હતી.

શોધ્યાં વિશેષણ ? સુંદર, પાછલી, શુદ્ધ, પચીસેક (પચીસેક રૂપિયા), રૂપિયાનું (રૂપિયાનું કરજ), નાનું, ઘણી. બરાબર ને ?

નીચે કેટલાંક એવાં વાક્યો છે, જેમાં એકથી વધુ વિશેષણ છે. વાક્યો સાથે આપેલા વિકલ્પોમાં ત્રણ વિકલ્પ વિશેષણ છે અને એક વિકલ્પ વિશેષણ નથી. જે વિકલ્પ વિશેષણ નથી, તે જણાવો.

(ક) તેમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી.

(1) કારણ (2) આટલી (3) અપાર (4) નિખાલસ

(ખ) એમણે કોતરને છેડે મથાળા પર ઊભેલ પેશ્વા સરકારે બંધાવેલું, જુનવાણી શિલ્પના નમૂના જેવું, જીર્ણ, અપૂજ રહેતું શિવાલય બતાવ્યું.

(1) જુનવાણી (2) શિવાલય (3) અપૂજ (4) જીર્ણ

(ગ) બીડી પીવી એ જંગલી, ગંદી અને હાનિકારક ટેવ છે.

(1) જંગલી (2) ગંદી (3) હાનિકારક (4) બીડી

(ઘ) મારા ભાઈના હાથમાં સોનાનું મોટું નક્કર કડું હતું.

(1) મારા (2) મોટું (3) નક્કર (4) કડું

કયા વિકલ્પો વિશેષણ નથી ? ધ્યાનથી વિકલ્પો જોયા ? કારણ, શિવાલય, બીડી અને કડું - વિકલ્પો વિશેષણ નથી.

સંખ્યાવાચક વિશેષણ ઓળખવા તો સાવ સહેલા છે. નીચેના વાક્યમાંથી શોધો સંખ્યાવાચક વિશેષણ...

(1) આપણ બે મહિના પાસે રહ્યા, તને સાંભરે રે ?

(2) છતાં બે-ચાર બી ખાધાં

(3) મળી જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે ?

(4) મૂડી નાખતા પહેલાં સો ગળણે ગળીએ.

(5) હાજી, આવ્યા બારે મેહ, મને કેમ વીસરે રે ?

જવાબ આપવાની જરૂર છે ? બે, બે-ચાર, ત્રણે, સો, બારે... ઉપરનાં વાક્યોમાં પ્રયોજાયેલા સંખ્યાવાચક વિશેષણ છે.

એક રમત રમીએ ? નીચે કેટલાંક વાક્યોમાં ખાલી જગ્યા છે, વાક્યને અંતે કૌંસમાં વિશેષણ આપ્યાં છે. કૌંસમાં આપેલાં વિશેષણથી વિરોધી વિશેષણથી વાક્યની ખાલી જગ્યા પૂરવાની. બરાબર ? ઉદાહરણ જોઈએ ?

ઉદાહરણ : વાક્ય : એમાં આ તો........ ધન. (પોતાનું)

ઉત્તર : એમાં આ તો <u>પારકું</u> ધન.

સમજાઈ ગયું ? તો નીચેની ખાલી જગ્યા પૂરો.

(1) હાજી, .................. નો નેહ, મને કેમ વીસરે રે ? (મોટપણા)

(2) આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી .............. હતી. (અનુકૂળ)

(3) ................... શરીર થાયે ઘણું, તને સાંભરે રે ? (ઉષ્ણ)

(4) મારા ભાઈના હાથે સોનાનું .................... કડું હતું. (પોલું)

(5) હું દરવાજા પાસેની .................... ધર્મશાળામાં ઊતરેલો. (નાની)

ઉત્તર મળ્યા ? ખાતરી કરીએ ? (1) નાનપણા (2) પ્રતિકૂળ (3) શીતળ (4) નક્કર (5) મોટી.

હવે, પ્રકાર જોઈએ ? નીચેનાં વાક્યોના અધોરેખિત વિશેષણનો પ્રકાર જણાવતો વિકલ્પ પસંદ કરો.

(1) વહાલાજીનું રૂપ <u>મહાશુભકારી</u>, રસિયા વિણ કેમ રહીએ ?

(ક) માત્રાસૂચક (ખ) ગુણવાચક (ગ) સંબંધવાચક (ઘ) સંખ્યાવાચક

(2) <u>ત્રણ</u> ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે ?

(ક) માત્રાસૂચક (ખ) ગુણવાચક (ગ) સંબંધવાચક (ઘ) સંખ્યાવાચક

(3) <u>આપઘાતની વાત</u> ભૂલી જવી એવો ઠરાવ કર્યો.

(ક) માત્રાસૂચક (ખ) ગુણવાચક (ગ) સંબંધવાચક (ઘ) સંખ્યાવાચક

(4) <u>શીતળ</u> થાય શરીર ઘણું, તને સાંભરે રે ?

(ક) માત્રાસૂચક (ખ) ગુણવાચક (ગ) સંબંધવાચક (ઘ) સંખ્યાવાચક

પ્રકારો સ્પષ્ટ થયા છે ને ? જવાબ મેળવી લઈએ...

| ક્રમ | વિશેષણ | પ્રકાર |
|---|---|---|
| (1) | મહાશુભકારી | ગુણવાચક |
| (2) | ત્રણ | સંખ્યાવાચક |
| (3) | આપઘાતની વાત | સંબંધવાચક |
| (4) | શીતળ | ગુણવાચક |
| (5) | થોડાક | માત્રાસૂચક |

વિશેષણના અર્થગત પ્રકાર તો સમજાઈ ગયા છે. રચનાગત પ્રકાર પણ જોઈ લઈએ. નીચેનાં વાક્યોમાં ખાલી જગ્યા આપેલી છે. વાક્યને અંતે કૌંસમાં વિકારી વિશેષણનું મૂળરૂપ આપેલું છે. તમારે વિશેષ્યને યોગ્ય રૂપ વાપરી ખાલી જગ્યા પૂરવાની છે. ઉદાહરણ જોઈએ ?

**ઉદાહરણ :** વાક્ય : મેં ચિઠ્ઠીમાં ................ દોષ કબૂલ કર્યો ને સજા માગી. (બધું)

**ઉત્તર :** મેં ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી.

સમજાઈ ગયું ? હવે વિકારી વિશેષણના યોગ્ય રૂપથી નીચેની ખાલી જગ્યા પૂરો.

(ક) ગોપાળબાપાએ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ મહારાજને લીંબુ જેવડાં ............. બોર ભેટ ધર્યાં. (મોટું)

(ખ) બીડી પીવાની ટેવ એટલે ................ અને હાનિકારક ટેવ. (ગંદું)

(ગ) ભગતના પડખામાં ................. ગીંગોડો ચડી ગયેલો. (જાડું)

(ઘ) સાંજ સમે શામળિયો ................. વૃંદાવનથી આવે. (વહાલું)

તમે જોયું ? 'દોષ' શબ્દ પુલ્લિંગ છે, તો 'બધું'ને બદલે 'બધો' શબ્દથી ખાલી જગ્યા પૂરી હતી. એ જ રીતે બાકીની ખાલી જગ્યાના જવાબ જોઈએ-

| ક્રમ | વિશેષણનું મૂળરૂપ | વિશેષ્ય-સંજ્ઞા | વિશેષ્યની વ્યાકરણી માહિતી | ઉત્તર |
|---|---|---|---|---|
| ક. | મોટું | બોર | (ધર્યાં) - નપું. બહુવચન | મોટાં |
| ખ. | ગંદું | ટેવ | સ્ત્રીલિંગ, એકવચન | ગંદી |
| ગ. | જાડું | ગીંગોડો | પુલ્લિંગ એકવચન | જાડો |
| ઘ. | વહાલું | શામળિયો | પુલ્લિંગ, એકવચન | વહાલો |

હવે તમને બરાબર ખ્યાલ આવી ગયો હશે કે વિકારી વિશેષણના લિંગવચન તેના વિશેષ્ય (સંજ્ઞા)ના લિંગવચન અનુસાર રહેશે. સાથોસાથ એ પણ ખ્યાલ આવ્યો હશે કે સામાન્ય રીતે પહેલાં વિશેષણ આવે પછી વિશેષ્ય (સંજ્ઞા) આવે. (પદ્યમાં કવિ શબ્દના ક્રમને બદલતો હોય છે. જેમકે 'શામળિયો વહાલો')

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. વાક્યમાં પ્રયોજી શકાય તેવું વિશેષણ વાક્યને અંતે આપ્યું છે. તમારે જણાવવાનું છે કે એ વિશેષણનું વિશેષ્ય (સંજ્ઞા) શું હોઈ શકે ?

**ઉદાહરણ :** વાક્ય : મારા ભાઈના હાથે સોનાનું કડું હતું.
વિશેષણ : નક્કર
**ઉત્તર :** કડું - નક્કર કડું

(1) તેમણે આટલી શાંતિ જાળવી તેનું કારણ દોષની કબૂલાત હતી.
વિશેષણ : નિખાલસ

(2) અરજ તો એટલી જ છે કે આ કોતર મને કિંમતે આપો.
વિશેષણ : યોગ્ય

(3) એમણે કોતરને છેડે મથાળા ઉપર ઊભેલું એક શિવાલય બતાવ્યું.
વિશેષણ : જીર્ણ

(4) બીડીનો આટલો શોખ દુનિયામાં કેમ છે એ સમજવાની શક્તિ હું કદી મેળવી શક્યો નથી.
વિશેષણ : જબરદસ્ત

વિશેષણ - વિશેષ્ય (સંજ્ઞા) સમજાય છે ? ઉત્તર જોઈને ખાતરી કરીએ ?

(1) દોષ - નિખાલસ દોષ
(2) કિંમત - યોગ્ય કિંમત
(3) શિવાલય - જીર્ણ શિવાલય
(4) શોખ - જબરદસ્ત શોખ.

તો, હવે 'વિશેષણ' સ્પષ્ટ છે ને ?

## સર્વનામ

વાતચીતમાં કે વર્ણનમાં એક વાર 'નામ' કે 'સંજ્ઞા' પ્રયોજાય પછી વારંવાર એ 'સંજ્ઞા'નો પ્રયોગ અર્થગ્રહણમાં બાધક બને છે. તેથી એ 'નામ'ને સ્થાને જે પ્રયોજાય છે તેને 'સર્વનામ' કહે છે. આપણે એક નમૂનો જોઈએ–

એક વાર ગટુ, બટુ અને મનુ નામે ત્રણ યુવાનો જ્ઞાનની શોધમાં નીકળી પડ્યા. રસ્તામાં ગટુ કહે, 'ગટુને બહુ જ ભૂખ લાગી છે.' બટુ કહે, 'હા, બટુને પણ...' મટુ કહે, 'મટુને પણ... પરંતુ ગટુ, બટુ અને મનુ પાસે ફક્ત એક જ રોટલો વધ્યો છે. તેનાથી ગટુ, બટુ અને મનુની ભૂખ નહીં સંતોષાય. ગટુ અથવા બટુ અથવા મટુ ખાય તો ગટુ અથવા બટુ અથવા મટુની ભૂખ થોડી સંતોષાય.' ગટુએ પૂછ્યું, 'પણ ગટુ, બટુ અને મટુમાંથી કોને આ રોટલો મળશે, તે કેવી રીતે નક્કી કરવું ?'

... સમજાય છે કાંઈ ? વાંચતા તકલીફ પડે છે ? સમજાય છે, પણ બીજી વાર વાંચ્યા પછી. કારણ કે પ્રયોજાયેલા નામને વારંવાર પ્રયોજવું અર્થને સમજવામાં નડે છે. આ જ ફકરો ખરેખર આ રીતે કહેવાય તો તરત સમજાય.

એક વાર ગટુ, બટુ અને મનુ નામે ત્રણ યુવાનો જ્ઞાનની શોધમાં નીકળી પડ્યા. રસ્તામાં ગટુ કહે, 'મને બહુ જ ભૂખ લાગી છે.' બટુ કહે, 'હા, મને પણ...' મટુ કહે, 'મને પણ... પરંતુ આપણી પાસે ફક્ત એક જ રોટલો વધ્યો છે. તેનાથી આપણા સૌની ભૂખ નહીં સંતોષાય. કોઈ એક જ ખાય તો તેની ભૂખ થોડી સંતોષાય.' ગટુએ પૂછ્યું, 'પણ આપણામાંથી કોને આ રોટલો મળશે, તે કેવી રીતે નક્કી કરવું ?'

સમજવામાં સરળ થઈ ગયું - નામ અને સર્વનામના યોગ્ય ઉપયોગને કારણે.

અહીં બીજી એક બાબત પણ ધ્યાનમાં લેવા જેવી છે. આ ફકરામાં 'મને' શબ્દ કેટલી વાર પ્રયોજાયો છે? અને કોના માટે ? તમે વાંચ્યું હશે કે 'મને' શબ્દ ત્રણ વાર પ્રયોજાયો છે. ગટુ બોલે છે ત્યારે ગટુ પોતાના માટે

'મને' શબ્દ વાપરે છે, બટુ બોલે છે ત્યારે બટુ પોતાના માટે 'મને' શબ્દ વાપરે છે અને મટુ બોલે છે ત્યારે મટુ પોતાના માટે 'મને' શબ્દ વાપરે છે. અર્થાત્, ગટુ બટુ, મટુ કે અન્ય કોઈ પણ 'બોલનાર' જ્યારે પોતાની વાત કરે ત્યારે 'મને' પ્રયોજી શકાય.

તમે સર્વનામ વિશે પહેલા અભ્યાસ કરી ચૂક્યા છો. તેથી તેના વિવિધ પ્રકારો વિશે માત્ર નીચેના કોઠા પર નજર નાખીએ અને યાદ કરી લઈએ.

| પ્રકાર | સર્વનામ | | | પ્રશ્નાર્થક | સાપેક્ષ | અનિશ્ચિત | સાર્વનામિક વિશેષણ | પ્રશ્નાર્થક વિશેષણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | એકવચન | બહુવચન | | | | | |
| પુરુષવાચક સર્વનામ | પ્રથમ પુરુષ (બોલનાર) | હું - મેં | અમે, આપણે | | | | | |
| | બીજો પુરુષ (સાંભળનાર) | તું-તેં | તમે | કોણ | જે... તે... | કોઈ | કોઈનું | કોનું |
| | ત્રીજો પુરુષ (અન્ય- ચેતન, અચેતન) | તે | તેઓ | કોણ (ચેતન) શું, કાંઈ (અચેતન) | | કોઈ, કાંઈ, કશું | કશાકનું | શેનું |
| સ્વવાચક | જાતે, પોતે, પંડે | | | | | | | |
| દર્શક સર્વનામ | ચેતન<br>અચેતન | આ (નજીકનું) | એ, તે, પેલું (દૂરનું) | | | | આનું, જેનું, તેનું | |
| સ્થાનવાચક | અહીં (નજીકનું), ત્યાં (દૂરનું) | | | ક્યાં | જ્યાં... ત્યાં.. | ક્યાંક | અહીંનું ત્યાંનું | ક્યાંનું |
| સમયવાચક | અત્યારે, હાલમાં, હમણાં (વર્તમાન) | | | ક્યારે | જ્યારે... ત્યારે... | ક્યારેક | જ્યારનું, ત્યારનું | ક્યારનું |
| રીતિવાચક | આમ | | | કેમ, કેવી રીતે | જેમ... તેમ... | | | |
| જથ્થાવાચક | આટલું | | | કેટલું | જેટલું... તેટલું | કેટલુંક | જેટલાનું... તેટલાનું | કેટલાનું |
| માપવાચક | એવડું | | | કેવડું | જેવડું..તેવડું | | | |
| સરખામણી | આવું, એવું | | | કેવું | જેવું...તેવું | | | |
| કારણ | | | | કેમ, શા માટે, શીદ | | | | |
| સંબંધ | | | | કોનું, શેનું | | | | |

તો હવે સર્વનામ ઓળખી શકો ને ? નીચેનાં વાક્યોમાંથી સર્વનામ ઓળખો અને તેને વર્તુળ કરો. એક વાક્યમાં એકથી વધારે સર્વનામ હોઈ શકે. ધ્યાનથી વાંચજો.

(1) હું પણ રડ્યો.

(2) પિતાજી પોતે મને મારશે એવો ભય તો ન જ હતો.

(3) કહ્યું સ્ત્રીને, તેં કીધો કેર, મને કેમ વીસરે રે ?

(4) બીડી પીવાની ટેવ જંગલી, ગંદી અને હાનિકારક છે, એમ મેં સદાય માન્યું છે.

(5) પે...લું મંદિર જોયું ?

સર્વનામ ખબર પડી ? હું, પોતે, મને, તેં, મને, મેં અને પેલું - ને વર્તુળ કર્યું ?

હવે તમે સર્વનામ ઓળખી શકો છો, બરાબર ? તો નીચે વાક્યો સાથે વિકલ્પો આપ્યાં છે. ચારમાંથી ત્રણ વિકલ્પ સર્વનામ છે, એક વિકલ્પ સંજ્ઞા - નામ છે. તે વિકલ્પ શોધો.

(1) તેમણે કોઈ દિવસ અમને એકે ભાઈને તાડન કર્યું હોય એવું મને સ્મરણ નથી.
(ક) તેમણે (ખ) કોઈ (ગ) દિવસ (ઘ) અમને

(2) પણ એને સંઘરવી ક્યાં એ અમારા માટે સવાલ થઈ પડ્યો.
(ક) એને (ખ) ક્યાં (ગ) એ (ઘ) સવાલ

(3) મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી તેમના હાથમાં મૂકી.
(ક) તેમના (ખ) ચિઠ્ઠી (ગ) આ (ઘ) મેં

(4) એમ તો અમે ને તમે, સૌ મૂરતિયું જ છે ને !
(ક) અમે (ખ) તમે (ગ) સૌ (ઘ) મૂરતિયું

(5) પિતાજી પોતે અમને મારશે, તેવો ભય મને તો ન જ હતો.
(ક) પિતાજી (ખ) પોતે (ગ) અમને (ઘ) મને

સર્વનામ ન હોય તેવા વિકલ્પ - (ગ) દિવસ, (ઘ) સવાલ, (ખ) ચિઠ્ઠી, (ઘ) મૂરતિયું, (ક) પિતાજી - બરાબર શોધ્યા હતા ને ?

તમે સર્વનામને બદલે વિશેષ નામ મૂકી શકો ? નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તમારી પાઠ્યકૃતિમાંથી જ લેવાયેલાં વાક્યો છે. તો ધ્યાનથી વાક્યો વાંચો અને અધોરેખિત સર્વનામને સ્થાને નામ મૂકો.

(1) હવે પછી ચોરી ન જ કરવાનો <u>મેં</u> નિશ્ચય કર્યો.

(2) <u>તેમને</u> ભગંદરનું દરદ તો હતું જ.

(3) <u>તમો</u> પાસ <u>અમો</u> વિદ્યા શીખતા, <u>તને</u> સાંભરે રે ?

(4) મારડમાં <u>હું</u> મગફળીના સોદા માટે ગયેલો.

(5) <u>એને</u> વળી બીજે ખાજ લેવા જાવું પડશે ને ?

મદદની જરૂર છે ? જવાબ નીચે મુજબ છે.

| વાક્ય | સર્વનામ | નામ |
|---|---|---|
| (1) | મેં | ગાંધીજી |
| (2) | તેમને | કરમચંદ ગાંધી |
| (3) | તમો | સુદામા |
| | અમો | કૃષ્ણ |
| | તને | સુદામા |
| (4) | હું | ગોપાળદાસ |
| (5) | એને | ગીંગોડો |

ઉપર પુરુષવાચક સર્વનામની વાત કરી હતી. યાદ છે ને ! નીચેનાં વાક્યોમાંથી પુરુષવાચક સર્વનામ શોધી શકો ? શોધો અને તેને જુદા તારવો. એક વાક્યમાં એકથી વધારે પુરુષવાચક સર્વનામ હોઈ શકે. અને હા, અન્ય કોઈ સર્વનામ હોય તો તેને જુદા ન તારવશો. માત્ર પુરુષવાચક સર્વનામ જ... બરાબર ?

(1) એમણે ધારી ધારીને બોલનારને જોયો.

(2) આપણ સૂતા એક સાથરે રે, તને સાંભરે રે ?

(3) બીડી પીવાની ટેવ જંગલી, ગંદી ને હાનિકારક છે એમ મેં સદાય માન્યું છે.

(4) પણ તમે કંઈક ચમત્કાર જોયો હશે.

(5) તેઓ ખાટલાવશ હતા.

વાક્યો ધ્યાનથી વાંચ્યા ને ! પુરુષવાચક સર્વનામ તારવ્યા ? એમણે, આપણ, તને, મેં, તમે, તેઓ... બરાબર ? 'કંઈક' નથી તારવ્યું ને ? એ પુરુષવાચક સર્વનામ નથી.

પ્રશ્નાર્થક સર્વનામ તો ઓળખવા સહેલા છે. નીચેનાં વાક્યોમાંથી પ્રશ્નાર્થક સર્વનામ ઓળખી શકો ને !

(1) વહાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયા વિણ કેમ રહીએ ?

(2) મરીને શો લાભ ?

(3) મહારાજે દૂરબીન બાજુ પર મૂકી પૂછ્યું, 'શું છે ?'

(4) તે આભપરાનો છાંયો મૂકીને અહીં શા સારુ જમીન માગો છો ?

(5) શેઠ છો, શેનો વેપાર કરો છો ?

મળ્યા પ્રશ્નાર્થક સર્વનામ ? કેમ, શો, શું, શા, શેનો - બરાબર છે.

અનિશ્ચિત સર્વનામ ઓળખવા પણ ખૂબ સહેલા છે. નીચેનાં વાક્યો વાંચો અને અનિશ્ચિત સર્વનામ જુદા તારવો.

(1) શીંગોડાના મારને કોઈક રીતે રોકીએ તો આમાં બનારસી લંગડો પાકે.

(2) જ્યારે કોઈ આપઘાત કરવાની ધમકી આપે છે ત્યારે તેની મારા પર બહુ ઓછી અસર થાય છે.

(3) એ ગામમાં ખાસ હું કોઈને ઓળખું નહીં.

(4) જાણે તેમના મનમાં કંઈક ઊતર્યું.

(5) ત્યાં કોતરમાંથી એક ખેડૂ માણસે આવીને પ્રણામ કરીને કંઈ ભેટ ધરી.

આ વાક્યોમાંથી તમે 'હું, તેમના, મારા' વગેરે સર્વનામ નથી તારવ્યા ને ? તો બરાબર. કારણ કે તમારે માત્ર 'અનિશ્ચિત' સર્વનામ જ તારવવાના હતા. સાથે જોઈ લઈએ ? - કોઈક, કોઈ, કોઈને, કંઈક, કંઈ. બરાબર !

થોડી વધારે મહેનત કરી શકીએ ? આપણે પહેલાં સર્વનામના પ્રકાર જોયા હતા. તેના પર એકવાર ફરીથી નજર ફેરવી લો. હવે, નીચેનાં વાક્યોમાં અધોરેખિત સર્વનામનો પ્રકાર જણાવો.

(1) પિતાજી <u>પોતે</u> મને મારશે એવો ભય તો ન જ હતો.

(ક) સ્થળવાચક (ખ) દર્શક સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) સ્વવાચક

(2) <u>આપણ</u> સૂતા એક સાથરે, તને સાંભરે રે ?

(ક) સમયવાચક (ખ) અનિશ્ચિત સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) દર્શક સર્વનામ

(3) <u>એ</u> મંદિર અપૂજ રહે છે.

(ક) અનિશ્ચિત સર્વનામ (ખ) દર્શક સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) સ્થળવાચક

(4) પણ <u>ત્યાંય</u> મૂર્તિને નામે આશરો સૌને મળે તેમ કરજો.

(ક) સ્થળવાચક (ખ) દર્શક સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) દર્શક સર્વનામ

(5) <u>ત્યારે</u> કામ કહ્યું ગોરાણીએ, તને સાંભરે રે ?

(ક) સમયવાચક (ખ) અનિશ્ચિત સર્વનામ (ગ) પુરુષવાચક સર્વનામ (ઘ) સ્વવાચક

જવાબ જોઈએ :

| વાક્ય | સર્વનામ | પ્રકાર |
|---|---|---|
| (1) | પોતે | સ્વવાચક સર્વનામ |
| (2) | આપણ | પુરુષવાચક સર્વનામ |
| (3) | એ | દર્શક સર્વનામ |
| (4) | ત્યાં | સ્થળવાચક સર્વનામ |
| (5) | ત્યારે | સમયવાચક સર્વનામ |

સર્વનામ તો ઓળખી શકો છો. પણ જેમ નામ - સંજ્ઞા પરથી વિશેષણ સાધી શકાય છે, તેમ સર્વનામ પરથી પણ વિશેષણ સાધી શકાય છે. જેમકે, 'રમેશની ચોપડી', હવે જો 'રમેશ'ને બદલે 'હું' વાપરીએ તો ? 'મારી ચોપડી.' બરાબર ? અન્ય રૂપો જોવા છે ?

| | એકવચન | | બહુવચન | |
|---|---|---|---|---|
| | સર્વનામ | સાર્વનામિક વિશેષણ | સર્વનામ | સાર્વનામિક વિશેષણ |
| પ્રથમ પુરુષ | હું - મેં | મારું | અમે, આપણે | અમારું, આપણું |
| બીજો પુરુષ | તું - તેં | તારું | તમે | તમારું |
| ત્રીજો પુરુષ | તે | તેનું | તેઓ | તેમનું, તેઓનું |

સાર્વનામિક વિશેષણ વિકારી વિશેષણ છે. એટલે કે સંજ્ઞા - નામ અનુસાર તે લિંગ-વચન લે છે. જેમકે,

(તેઓ-) તેમનું - તેમનું ઘર (નપું. લિંગ), તેમની પરીક્ષા (સ્ત્રી.), તેમનો વર્ગ (પું.)

હવે, નીચેનાં વાક્યોમાં પ્રયોજાયેલાં સાર્વનામિક વિશેષણ ઓળખી શકો ?

**ઉદાહરણ :** વાક્ય : આ મારી બોરડીનાં બોર છે.

સાર્વનામિક વિશેષણ : મારી.

(1) હું તેમની પાટની સામે બેઠો.

(2) અમારી પરાધીનતા અમને સાલવા લાગી.

(3) વહાલાજીનું રૂપ રૂદેમાં વસિયું, મનડું તે ઘસિયું મારું.

(4) આ તમારી પડખેના દીપડા ન રંજાડે તો યે ઘણું.

(5) ટાઢે ધ્રૂજે આપણી દેહ, મને કેમ વીસરે રે ?

આ વાક્યોમાં તેમની, અમારી, મારું, તમારી, આપણી - સાર્વનામિક વિશેષણ છે. ઓળખી શક્યા હતા ને! તો હવે, તમારા માટે 'સર્વનામ' પણ સ્પષ્ટ છે.

●

# 5 ગુર્જરીના ગૃહકુંજે

**સુન્દરમ્**

**(જન્મ : 22-3-1908, અવસાન : 13-10-1991)**

ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર, 'સુન્દરમ્'. ભરૂચ પાસેનું મિયામાતર ગામ તેમનું વતન છે. પુડુચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં નિવાસ કર્યા પછી પૂર્ણયોગના સાધક તરીકે જીવન વિતાવ્યું હતું. ગુજરાતી ભાષાના ઉત્તમ કવિઓમાં સુન્દરમ્‌નું આદરભર્યું સ્થાન છે. 'કોયા ભગતની કડવી વાણી', 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા', 'વરદા' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. તેમની આરંભની કવિતામાં વાસ્તવ દર્શન અને ગાંધીયુગીન ભાવનાઓ પ્રગટ થાય છે, તો ઉત્તરકાલીન કવિતામાં શ્રી અરવિંદનો પ્રભાવ વરતાય છે. કવિતા ઉપરાંત નવલિકા, નાટક, નિબંધ, પ્રવાસ, વિવેચન વગેરે ક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક તથા દિલ્લી સાહિત્ય અકાદમી પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવેલા છે.

'ગુર્જરીના ગૃહકુંજે' કાવ્ય 'વસુધા' સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. આ કાવ્યમાં પોતાની જન્મભૂમિ પ્રત્યેનો અપાર પ્રેમ વ્યક્ત થયો છે. સંસ્કૃત સાહિત્યમાં પણ કહેવાયું છે - 'જનની, જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસિ, એટલે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે. પહેલી વાર જ્યાં આંખ ખોલી, પહેલી વાર જ્યાં પગલીઓ પાડી, પહેલી વાર યૌવનનો ઉછાળ જ્યાં અનુભવ્યો, એ ઘર-પ્રદેશ સતત કાવ્યનાયકના મનમાં ગુંજ્યા કરે છે. આ એ ઘર-પ્રદેશ છે જ્યાં અનેક ઋતુઓ પસાર કરી, ડુંગરો-ખેતરોમાં ભમ્યા, નદીઓમાં નાહ્યા, અનેક સુખ-દુઃખ મળ્યાં ને માટે જ આખી દુનિયા ભમ્યા પણ પોતાના ઘરને, પોતાની જન્મભૂમિને ક્યારેય ભૂલ્યાં નહિ એ આ કાવ્યનો મુખ્ય ભાવ છે.

---

ગુર્જરીના ગૃહકુંજે અમારું જીવન ગુંજે ગુંજે, ગુર્જરીના...
આંખ અમારી ખૂલી અહીં પહેલી
પગલી ભરી અહીં પહેલી
અહીં અમારાં યૌવન કેરી વાદળીઓ વરસેલી... ગુર્જરીના

અહીં શિયાળે તાપ્યાં સગડી
કોકિલ સૂણી વસંતે
અષાઢનાં ઘનગર્જન ઝીલ્યાં રણઝણતાં ઉરતંતે... ગુર્જરીના

અમે ભમ્યાં અહીંના ખેતરમાં,
ડુંગરમાં કોતરમાં
નદીઓમાં નાહ્યાં આળોટ્યાં કુદરત પાનેતરમાં... ગુર્જરીના

અહીં અમારાં તન ધન અર્પ્યાં,
પૌરુષ પ્રાણ સમર્પ્યાં
વિશ્વ વાડીને સુફલિત કરવા નસનસથી રસ અર્પ્યાં... ગુર્જરીના

અમે અહીં રોયાં કલ્લોલ્યાં
અહીં ઊઠ્યાં પછડાયાં
જીવનજંગે જગત ભમ્યા પણ વિસર્યાં નહિ ગૃહમાયા... ગુર્જરીના

**('વસુધા'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**કોકિલ** નરકોયલ; **ઘનગર્જન** વાદળની ગર્જના; **ઉરતંતે** હૃદયના તાંતણે; **કોતર** નદીના પ્રવાહથી બનેલો ઊંડો પહોળો ખાડો કે બખોલ; **પૌરુષ** પુરુષાતન; **સુફલિત** ફળદ્રુપ, સારા ફળવાળું; **વિસરવું** ભૂલી જવું; **ગૃહમાયા** ઘરની માયા, ઘરની લાગણી; **પાનેતર** પરણતી વખતે કન્યાને પહેરવાનું વસ્ત્ર

### વિરુદ્ધાર્થી

**ખુલ્લું** બંધ; **પહેલી** છેલ્લી

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) 'ગુર્જરીના ગૃહકુંજે' કાવ્યમાં કવિને કેવો અનુભવ – નથી થયો ?

(A) વસંતમાં કોકિલનો ટહુકો સાંભળ્યો છે. (B) પહેલી પગલી અહીંથી જ ભરી હતી.
(C) ભર ઉનાળે તાપ્યાં અહીં સગડીએ (D) અમે ભમ્યાં અહીંના ખેતરમાં

(2) 'આંખ અમારી ખૂલી અહીં પહેલી' કહીને કવિ શું કહેવા માગે છે ?

(A) જન્મથી આંખ બંધ હતી (B) હવે મોટા થયા એટલે આંખ ખૂલી
(C) બધું જ દેખાવા લાગ્યું (D) અહીં જ જન્મ થયો હતો

(3) જીવનની સફળતા-નિષ્ફળતાનો ઉલ્લેખ ક્યાં જોવા મળે છે ?

(A) અમે ભમ્યાં અહીંના ખેતરમાં (B) અહીં શિયાળે તાપ્યાં સગડીએ
(C) જીવનજંગે જગત ભમ્યાં (D) કોકિલ સૂણી વસંતે

(4) જીવનરૂપી યુદ્ધમાં કવિ ક્યાં ભમ્યા હતા ?

(A) ભારતમાં (B) ગુજરાતમાં (C) જંગલમાં (D) જગતમાં

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) પ્રારંભના જીવન માટેનો કવિનો અનુભવ શો હતો ?

(2) કવિનો વતનપ્રેમ કાવ્યના આધારે વર્ણવો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) તમારા બાળપણનો એકાદ અનુભવ તમારા શબ્દોમાં લખો.

(2) કાવ્યને આધારે ગુજરાતનું ગૌરવ દર્શાવતા મુદ્દા લખો.

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

આંખ અમારી ખૂલી અહીં પહેલી
પગલી ભરી અહીં પહેલી
અહીં અમારાં યૌવન કેરી વાદળીઓ વરસેલી.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ કાવ્યનું ગાન કરો.
- તમારી દૃષ્ટિએ ગુજરાત કેવી છે તે ગદ્ય/પદ્ય સ્વરૂપે લખો.
- ગુજરાતનાં જે સંતાનોએ પોતાનાં કાર્યો દ્વારા જગતમાં ગુજરાતનું નામ ઉજ્જ્વળ કર્યું હોય એવી દસ વ્યક્તિઓની જીવનઝાંખીનો હસ્તલિખિત અંક જૂથમાં બનાવો.
- ગુજરાત ગૌરવનાં ગીતો મેળવી એનો અંક બનાવો.

## ભાષા-અભિવ્યક્તિ

● કાવ્યની ધ્રુવ પંક્તિમાં વપરાયેલ 'ગૃહ કુંજે' શબ્દ અને તેની સાથે થયેલ 'ગુંજે', 'ગુંજે'નું પુનરાવર્તન કાવ્યને લય અને માધુર્ય બક્ષે છે. વળી કાવ્યને આકર્ષક લઢણ-રાગ આપે છે.

● 'નદીઓમાં... કુદરત પાનેતરમાં'

પાનેતર નવવધૂનો પોશાક છે. આ 'પાનેતર' શબ્દ કવિએ પ્રકૃતિ માટે વાપરી એના પૂર્ણ સૌંદર્યને એક જ શબ્દે આલેખી દીધું છે તે સમજો.

● કવિએ ગૃહકુંજ, ઘનગર્જન, ઉરતંતુ, વિશ્વવાડી, જીવનજંગ જેવા સમાસોથી કાવ્યતાર વણી કાવ્યપોત તૈયાર કર્યું છે, જે થકી કાવ્ય વધુ ભાવવાહી અને અસરકારક બન્યું છે.

## શિક્ષકની ભૂમિકા

ગુજરાતનું ગૌરવ કરતી આ જાણીતી રચનામાં વતનપ્રેમનું પ્રાગટ્ય ગ્રામ પરિવેશ અને કુદરતી તત્ત્વો સાથે જોડાઈને ખૂબ સાહજિક શૈલીમાં થયું છે. રાગ કાફીમાં આ કાવ્ય સ્વરબદ્ધ થયેલું છે.

વતનપ્રેમનો મહિમા વિશેષ છે. જ્યાં તમે જન્મ્યા, મોટા થયા અને જીવનજંગે ઝઝૂમ્યા હો તે ધરતી સાથેનો નાતો અતૂટ હોય છે, તે વાત વિદ્યાર્થીઓને કાવ્યમાં વર્ણવેલી પ્રવૃત્તિઓ સાથે જોડીને રસપ્રદ રીતે સમજાવવી.

સમગ્ર ગુજરાત એ આપણું ઘર છે એવી ભાવના વિકસે તે માટે મારા-તારાનો ભેદભાવ, વિસ્તારના કે જ્ઞાતિના વાડામાં ન બંધાતાં સમગ્ર ગુજરાતના વિકાસનો વિચાર કરવો તે અત્યંત અનિવાર્ય છે તે જણાવવું.

ગ્રામજીવન મનુષ્યને પૂર્ણતા બક્ષે છે તે વાત 'વરસાદ તમારી રાહ જુએ છે' (રઘુવીર ચૌધરી) જેવી કૃતિઓના વાચન દ્વારા સમજાવવી.

આ કાવ્યમાં વતનમાં માત્ર ગુજરાત નહિ, ભારત નહિ પણ વૈશ્વિક કુટુંબની ભાવના પણ સુપેરે પ્રગટ થઈ છે, જે આ પંક્તિ દ્વારા સમજાવવું : 'વિશ્વવાડીને સુફલિત કરવા નસનસથી રસ અર્પ્યાં...' ઘરનાં આંગણાથી વિશ્વ સુધીની વિસ્તારયાત્રા સ્પષ્ટ કરવી.

●

# 6 લોહીની સગાઈ

**ઈશ્વર પેટલીકર**

**(જન્મ : 9-9-1916, અવસાન : 22-11-1983)**

ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ પેટલાદ તાલુકાના પેટલી ગામના વતની છે. પેટલી ગામના નામ પરથી પોતાની અટક પટેલ પરથી પેટલીકર કરી દીધી.

'જનમટીપ', 'પાતાળકૂવો', 'કાજળની કોટડી', 'ધરતીનો અવતાર', 'કંકુ અને કન્યા', 'મારી હૈયા સગડી', 'તરણા ઓથે ડુંગર', 'યુગના એંધાણ', 'ઋણાનુબંધ', 'જુજવેરૂપ', 'સેતુબંધ', 'અભિજાત', 'લાક્ષાગૃહ' વગેરે તેમની મહત્ત્વની નવલકથાઓ છે. 'પારસમણિ', 'ચિનગારી', 'આકાશગંગા', 'કઠપૂતળી', 'લોહીની સગાઈ' વગેરે સુપ્રસિદ્ધ નવલિકા સંગ્રહો છે. એમની કૃતિઓમાં સામાજિક સમસ્યાઓ અને એના ઉકેલો તથા નગરજીવનનાં દસ્તાવેજી ચિત્રો મોખરે રહ્યાં છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલો હતો.

'લોહીની સગાઈ' ઈશ્વર પેટલીકરના 'લોહીની સગાઈ' વાર્તાસંગ્રહમાંથી લેવાયેલી ટૂંકી વાર્તા છે. આ વાર્તાના કેન્દ્રમાં માતૃત્વની ચરમસીમાનું આલેખન છે. અમરતકાકીનાં ચાર સંતાનોમાં બે દીકરા અને બે દીકરીઓ છે. જેમાં સૌથી નાની દીકરી મંગુ નાનપણથી જ ગાંડી અને મૂંગી છે. અમરતકાકી અપાર માતૃત્વથી ગાંડી દીકરીની સેવા કરતાં હોય છે. ગામના ઘણાં લોકો દીકરીને ગાંડાંના દવાખાનામાં મૂકી આવવાની સલાહ આપે છે, પણ અમરતકાકી એ માટે તૈયાર નથી. આમ છતાં ગામની એક ગાંડી થયેલી છોકરી દવાખાનેથી સાજી-સારી થઈ પાછી આવે છે એ જોઈ અમરતકાકી પણ મંગુને દવાખાને મૂકવા તૈયાર થાય છે. મંગુને દવાખાને મૂકવા જતી વખતની અમરતકાકીની મનઃસ્થિતિ અને ત્યાં ગયા પછીના વાર્તાલાપોમાં મંગુ માટેનો માતા તરીકેનો અપાર પ્રેમ વ્યક્ત થયો છે. દવાખાને મૂકીને આવ્યા પછી પણ અમરતકાકીનું મન તો મંગુની ચિંતામાં જ દુઃખી છે. વાર્તાને અંતે લેખકે મૂકેલા શબ્દો 'અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં !' દ્વારા મંગુના વિચારોમાં અમરતકાકી પણ ગાંડાં થઈ ગયાં એ સંકેત મૂકી દીધો છે. આમ, આખી વાર્તામાં લેખકે લાઘવથી, શિષ્ટ અને તળપદી ભાષાથી અમરતકાકીનું માતૃત્વ ઉપસાવી આપ્યું.

---

મંગુને ગાંડાના દવાખાનામાં મૂકવાની સલાહ લોકો અમરતકાકીને આપતા ત્યારે એમની આંખમાં ઝળઝળિયાં આવી જતાં અને દરેકને એ એક જ જવાબ આપતાં : 'હું મા થઈને ચાકરી ન કરી શકું તો દવાખાનાવાળાંને શી લાગણી હોય ? ખોડા ઢોરને પાંજરાપોળમાં મૂકી આવવા જેવું જ એ તો કહેવાય.'

અમરતકાકીની આ ગ્રંથિ જાહેર થઈ ગયા પછી કોઈ એમને એવી વાત કરતું નહિ. જન્મની ગાંડી ને મૂંગી દીકરીને એ જે રીતે ઉછેરતાં, ચાકરી કરતાં અને લાડ લડાવતાં એ પ્રત્યક્ષ જોઈ લોકો એમનાં વખાણ પણ કરતા કે, આવી રીતે ગાંડી દીકરીને તો અમરતકાકી જ ઉછેરી શકે. બીજાને ઘેર હોય તો ભૂખીતરસી ક્યારની મરી ગઈ હોય. અને જીવતી હોય તોપણ આવું હૃષ્ટપુષ્ટ શરીર તો ન જ હોય.

મંગુ સિવાય અમરતકાકીને ત્રણ સંતાનો હતાં. બે દીકરા અને એક દીકરી. અમરતકાકી એ ત્રણે સંતાનોને વિસરી ગયાં હોય તેમ એમનું સમગ્ર માતૃત્વ મંગુ ઉપર અભિષેક કરતું હતું. એટલે રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું, છતાં દાદીમા તરીકે અમરતકાકી હરખપદૂડાં થઈ જતાં નહિ. ભાગ્યે જ બાળકોને એ તેડતાં, રમાડતાં કે લાડ કરતાં.

માના આ વર્તન વિશે દીકરાઓને કંઈ લાગતું નહિ, પણ વહુઓ સમસમી જતી. બંને વહુઓની પતિ આગળ આ એક જ ફરિયાદ હતી - દીકરાનાં બાળકો એમને દીઠાં ગમતાં નથી અને ગાંડા હીરાને છાતીએથી અળગો કરાતો નથી !

દીકરી માને મોંએ જ સંભળાવી દેતી : 'મંગુને ખોટાં લાડ લડાવીને તેં જ વધારે ગાંડી કરી મૂકી છે. ટેવ પાડીએ તો ઢોરને ય ઝાડોપેશાબ ક્યાં કરાય અને ક્યાં ન કરાય તેનું ભાન આવે છે, તો બાર વર્ષની છોડી ગમે તેટલી ગાંડી હોય પણ એને ટેવ પાડી હોય તો શું એટલું ભાન ન આવે ? એ મૂંગી છે પણ કંઈ બહેરી નથી કે આપણું કાને ન ધરે. ભૂલ કરે તો બે લપડાક ચોડી દીધી હોય તો બીજી વખત તરત ભાન રાખે.'

દીકરી આગળ કંઈ બોલે તે પહેલાં અમરતકાકીની આંખો વરસવા માંડતી. દીકરીનું હૈયું પણ ભરાઈ આવતું; પરંતુ કઠણ કાળજુ કરી એ મનનો ડૂમો કાઢી નાખતી : તું કંઈ કાયમ બેસી રહેવાની નથી. ભાભીઓને પનારે એ પડશે ત્યારે રોજ એનાં મળમૂતર ધોવા જેટલી કોઈ આળપંપાળ નહિ કરે અને એ દુઃખીદુઃખી થઈ જશે.' સહેજ અટકીને ધીમે સાદે એ કહેતી : 'દવાખાનામાં મૂકવાથી ડાહી નહિ થવાની હોય તો નહિ થાય, પણ ઝાડોપેશાબ અને કપડાંનું ભાન આવશે તો ય બસ છે. ભાઈઓના ઘરમાં ભગવાને ધાન ઘણું આપ્યું છે. ભાભીઓ ટંકે ખાવા ન આપે એવી કજાત પણ નથી.'

અમરતકાકી લોકોને દવાખાના અંગે પાંજરાપોળની ઉપમા આપતાં ત્યારે લોકો પરાયા તરીકે જે કહી શકતા નહિ તે દીકરી કહી નાખતી : 'દવાખાનું પાંજરાપોળ જેવું હશે અને કદાચ મંગુ મરી ગઈ તો એનો અને કુટુંબનો છુટકારો થશે !'

દીકરા કમાતાધમાતા હોય, દીકરી સાસરે હીંડોળાખાટે ઝૂલતી હોય ત્યારે હું મા થતી જાઉં એનો કંઈ અરથ નથી. મંગુની સાચી મા બની રહું ત્યારે જ મારી લોહીની સગાઈ ખરી. એટલે દીકરી કહે કે દીકરાઓ કહે તોપણ મંગુને દવાખાના દ્વારા મોત ભણી ધકેલવા અમરતકાકી તૈયાર ન હતાં.

દીકરાઓ માના આ ભાવને સમજી ગયા હતા એટલે એ કોઈ વખત એવી વાત કરતા નહિ. ફક્ત દીકરાઓના મનમાં એક વસવસો હતો કે કોઈ તાલીમ પામેલી નર્સ કે દાક્તરની દેખરેખ નીચે એને રાખી હોય તો ટેવને લીધે કદાચ એને ઝાડોપેશાબ ને કપડાંનું ભાન આવે; પરંતુ એવી સગવડ ઘર આગળ કરી શકાય તેમ હતું નહિ એટલે એ મૌન રહ્યા હતા.

છતાં અમરતકાકીએ એમની શ્રદ્ધા પ્રમાણેના ઉપચાર ચાલુ રાખ્યા હતા. દવા કરનારાઓ વણનોતર્યા ઘેર આવી પહોંચતા. શિલાજિત વેચનારા કે હિંગ વેચનારા મંગુને ગાંડી જાણતાં પોતે દવા જાણે છે તેવો દાવો કરતા. અમરતકાકી માનતાં કે હજાર ઉપચાર કરીએ ત્યારે એક ટેકી લાગી જાય. એટલે બીજાને મન ગાંડીઘેલી વાત એ ગંભીરતાથી સાંભળતાં અને શ્રદ્ધાથી એનો અમલ કરતાં. જોષીઓ અને ભૂવાઓ પણ અવારનવાર વહારે ધાતા. એક જોષીએ ભાખ્યું હતું કે, આવતા માગશર મહિનામાં એની દશા બદલાય છે એટલે સારું થઈ જશે ત્યારથી માગશર મહિનો અમરતકાકીનો આરાધ્ય દેવ બની ગયો હતો.

માગશર મહિને તાકડે મંગુને ચૌદ વર્ષ પૂરાં થઈ રહેતાં હતાં એટલે કોઈ ડાહ્યું માણસ જે તરંગે ન ચડી જાય તેવા તરંગે અમરતકાકી ચડી જતાં - ચૌદમું ઊતરતાં કમુને પરણાવેલી. મંગુ ડાહી હોત તો આજે એના વિવાહનું પણ નક્કી થઈ ગયું હોત. જો માગશર મહિનામાં એને મટે તો... મૂઈનું રૂપ તો એવું છે કે મૂરતિયો એને જોતા સમો હા પાડી દે !

અને જાણે એને મટ્યું હોય તેમ એ લગ્નની યોજના પણ વિચારવા મંડી જતાં.

એક વખત મંગુ ડાહ્યાની માફક ચોકડીમાં પેશાબ કરવા બેઠી તેથી હરખાઈ જતાં અમરતકાકીએ દિવસો સુધી દરેક આગળ પારાયણ કર્યા કર્યું : 'જોષીનું કહેવું સાચું પડશે. મંગુ કોઈ વખત નહિ ને આ પહેલી વખત એની મેળે ચોકડીમાં પેશાબ કરવા બેઠી !'

સાંભળનારને ગળે આ વાત ઊતરવી મુશ્કેલ હતી, કારણ કે એ સાંભળતી વખતે મંગુ પેશાબ કરી ભીની માટી આંગળાં વડે ખોતરતી નજરે પડતી !

મંગુને ધૂન આવે ને એ ઊભી થઈ જતી તો એમને નવી વાત મળી જતી : 'મેં કહ્યું તે સમાણી ડાહ્યાની માફક ઊભી થઈ ગઈ !'

આમ અમરતકાકીનો આશાભર્યો માગશર મહિનો આવ્યો છતાં મંગુ ડાહી તો ન થઈ પણ શહેરના કન્યાવિદ્યાલયમાં ભણતી ગામની એક દીકરી-કુસુમ-ગાંડી થઈ ગઈ. મંગુની માફક એને પણ ઝાડોપેશાબનું ભાન ન રહ્યું. અમરતકાકીને એથી દુઃખ તો થયું, પણ સાથે સાથે સંતોષ પણ થયો કે ડાહીડમરી છોડી ગાંડી થતાં આવું ભાન ગુમાવી બેસે તો જન્મથી ગાંડી મંગુને બિચારીને એવું ભાન ન હોય તો એમાં શી નવાઈ ?

કુસુમને દવાખાનામાં મૂકવાનું નક્કી થયું. એ સમાચાર જાણી અમરતકાકીને ઓછું આવ્યું કે એની મા જીવતી હોત તો એને દવાખાને મૂકવા ન દેત. મા વગર બધું સૂનું કહ્યું છે તે ખોટું નહિ. એ સાથે પોતાની આંખ મીંચાતાં મંગુને પણ ભાઈઓ દવાખાને મૂકી આવતા હોય તેવું દૃશ્ય એમને કંપાવી ગયું.

પહેલા મહિનાને અંતે કુસુમને સારો ફાયદો થયો તેવા સમાચાર આવ્યા. એને બાંધી મૂકવી પડતી તે હવે છૂટી ફરે છે છતાં તોફાન કરતી નથી. ઝાડોપેશાબનું પૂરેપૂરું ભાન આવ્યું છે. ગાંડપણ રહ્યું હોય તો ફક્ત આખો દિવસ એ ગાયા કરે છે એટલું જ. એ પણ બીજા મહિનામાં મટી જશે એવો દાક્તરે અભિપ્રાય આપ્યો હતો.

બીજે મહિને કુસુમને મટી ગયું, છતાં એકાદ મહિનો રહે તો સારું એવી દાક્તરની સલાહથી એને ત્રીજો મહિનો રાખવામાં આવી હતી. એ ઘેર આવી ત્યારે આખું ગામ એને જોવા ઊમટ્યું હતું. સૌથી મોખરે અમરતકાકી હતાં.

કુસુમને પૂરેપૂરી ડાહી થઈ ગયેલી જોઈ અમરતકાકીને દરેક સલાહ આપવા મંડી ગયું : 'કાકી ! તમે મંગુને એક વખત દવાખાનામાં મૂકી તો જુઓ. જરૂર એને મટશે.'

અમરતકાકીએ જિંદગીમાં પહેલી વખત દવાખાનાનો વિરોધ ન કર્યો. બીજે દિવસે એમણે કુસુમને પોતાને ઘેર બોલાવી. એને પાસે બેસાડી દવાખાનાની હકીકત પૂછવા માંડી. નર્સ કે દાક્તરને કોઈ કોઈ ગાંડાં તમાચા મારી જાય તોપણ એ લોકો એના ઉપર ખિજાતાં નથી કે એને મારતાં નથી એ જાણી એમને દવાખાના ઉપર શ્રદ્ધા પણ બેઠી. નવી આશા જન્મી કે, મંગુના કરમમાં દવાખાનામાં જવાથી મટે એવું લખ્યું હશે તો ય કોને ખબર ? આટલા ઉપચાર કરી જોયા ત્યારે એક વધારે.

છેવટે મંગુને દવાખાને મૂકવી એવો અમરતકાકીએ નિર્ણય કર્યો. એ માટે મોટા દીકરાને ઘેર આવી જવા એમણે પત્ર પણ લખાવ્યો. છતાં એ નિર્ણય લીધો ત્યારથી એમની ઊંઘ ઊડી ગઈ હતી. જાણે પોતે હારીને આ કામ કરી રહ્યાં હતાં એમ એમના મગજ ઉપર એક જાતનો ભાર જણાવા લાગ્યો હતો.

મંગુ મોટી થતી જતી હતી, પોતાની વૃદ્ધાવસ્થા વધતી જતી હતી, વહુઓ ચાકરી નહિ કરે એની ખબર પડી ગઈ હતી. કારણ કે, બેમાંથી એકે વહુએ હજુ સુધી સાથે રહેવા આવવાનું આમંત્રણ આપ્યું ન હતું. એ સ્થિતિમાં મંગુનો પ્રભુ હોય અને એને મટી જાય, કે ન મટે તોપણ જો એને દવાખાનામાં ગોઠી જાય તો મરતી વખતે પોતાને એક જાતની શાંતિ રહે કે એની ચાકરી કરનાર દુનિયામાં પારકું પણ છે ખરું.

આ વિચારવહેણ સાથે અમરતકાકીની આંખોમાંથી એટલું બધું પાણી વહી જતું કે પથારી પલળી જતી. હૈયું પોકારી ઊઠતું - ગમે તે બહાનું ભલે કાઢો પણ મૂળ વાત એટલી કે તમેય દીકરીથી થાક્યાં છો ! અમરતકાકી ઊંઘમાંથી ઝબકી જતાં, બોલી ઊઠતાં - શું હું થાકી છું ? હૈયું બમણા જોરથી પોકારી ઊઠતું - એક વાર નહિ ને હજાર વાર !

અમરતકાકીને થયું, પોતે દીકરાને પત્ર લખ્યો તે જ મોટી ભૂલ કરી. એવી શી ઉતાવળ હતી કે શિયાળાની ટાઢમાં એને દવાખાને ધકેલવી પડે ? રાતમાં હું એને કેટલાય વખત ઓઢાડું છું, દવાખાનામાં એમ ઘડીએ ઘડીએ કોણ ઓઢાડશે ? ઉનાળામાં મૂકવાનું રાખ્યું હોત તો ઠીક થાત.

પરંતુ પત્ર મળતાં દીકરો આવી પહોંચ્યો. દવાખાનામાં દાખલ કરવાનો મૅજિસ્ટ્રેટનો હુકમ પણ મેળવી લીધો. એક અઠવાડિયામાં જ મંગુને મૂકવા જવાનું આવી પહોંચ્યું. અમરતકાકીને ખાતરી થઈ ગઈ કે દીકરો ગાંડી બહેનને દવાખાનામાં ધકેલી વેઠ ઉતારવા માગે છે. એવું ના હોત તો પત્ર મળતાં તરત આવી શું કામ પહોંચે ?

મંગુને મૂકવા જવાનું હતું તે રાતે અમરતકાકીને બિલકુલ ઊંઘ આવી ન હતી. સવારમાં એક વિચાર એ પણ આવ્યો કે પોતે સાથે ન જાય તો સારું. દવાખાનાવાળા દીકરીને પોતાનાથી છૂટી પાડશે તે સહેવાશે નહિ; પરંતુ દવાખાનામાં કેવી સગવડ છે એ પોતે નજરે જુએ નહિ ત્યાં સુધી ચેન પડે એવું ન હતું. એટલે એ ન છૂટકે જવા તૈયાર તો થયાં પણ મંગુને લઈ ઘર બહાર નીકળવાનું થયું ત્યારે એમના ઉપર બ્રહ્માંડનો ભાર આવીને ઠલવાઈ ગયો. આંખમાંથી શ્રાવણ-ભાદરવો શરૂ થયો. નજર મંગુ ઉપર ચોંટી ગઈ હતી તે કેમે ય ઊખડતી ન હતી. મંગુ એને

પહેરાવેલાં નવાં કપડાંનો રંગ ધારીધારીને જોઈ રહી હતી. ગેલમાં આવી ગઈ હોય તેમ અમરતકાકી સામે જોતાં એ હસી પણ ખરી. એ સમું અમરતકાકીનું દિલ કપાઈ ગયું. ઢોર પણ એને ખીલેથી છોડી બીજે લઈ જવામાં આવે છે ત્યારે નવા ધણીને ઘેર જવા આનાકાની કરે છે. મંગુને એટલું ય ભાન ન હતું એ પ્રત્યક્ષ અનુભવતાં અમરતકાકી ઉમરા ઉપર ફસડાઈ પડ્યાં. હૈયું કકળી ઊઠ્યું – અબુધ દીકરીનું દુનિયામાં કોઈ નહિ ! સગી મા પણ એની ના થઈ !

દીકરાએ મા તરફ નજર કર્યા સિવાય લથડિયું ખાઈ પગ ઉપાડતાં કહ્યું : 'મોડું થાય છે. હવે નીકળવું જોઈએ.' અને ફળિયા બહાર નીકળતાં એણે ધોતિયાના છેડા વતી આંખો લૂછી નાખી.

પાડોશી સ્ત્રીએ મંગુનો હાથ ઝાલી આગળ દોરી. બીજી સ્ત્રીઓએ અમરતકાકીને ટેકો આપ્યો. છેવટ કડવો ઘૂંટડો હૈયામાં સમાવી ઢીંચણ ઉપર હાથ ટેકવી એ ઊભાં થયાં. બે જણે ઝાલીને ચડાવ્યાં ત્યારે એમનાથી ડમણિયામાં ચડાયું.

મંગુ ગાંડી છે એમ જાણતાં ગાડીમાં મુસાફરોને મઝાનો ખોરાક મળી ગયો.

'આવી ખાધેપીધે સુખી છોડીને દવાખાનામાં મૂકશો એટલે મહિના દહાડામાં લાકડા જેવી થઈ જશે. ત્યાં તો ઢોરની પેઠે ટંકે જેમનું તેમનું નીર્યું એટલે બસ !'

'આ છોડીની મા નથી ?'

અમરતકાકીને આ ઘા અસહ્ય થઈ પડ્યો. આંખમાં આંસુ આવી ગયાં. કંઠ રુંધાઈ ગયો. શરમથી ડોકું નીચું નમી ગયું. સાથે સાથે માથું નમતાં મા તરીકેનો એમનો દાવો પણ આપોઆપ વ્યક્ત થઈ ગયો.

'બાપ રે ' તમે મા થઈને એને ધકેલી મૂકો છો, પછી દવાખાનાવાળાંનો શો દોષ કાઢવો !'

અમરતકાકી જો એકલાં હોત કે દીકરાને માઠું લાગવાની બીક ન હોત તો વળતી ગાડીમાં મંગુને લેઈ એ ઘેર પાછાં ફર્યાં હોત; પરંતુ બીજો ઉપાય ન હતો એટલે ભારે પગલે અને ભારે હૈયે એ દવાખાનામાં દાખલ થયાં.

મુલાકાતનો સમય હતો એટલે વચલા ખંડમાં દર્દીઓ અને એમનાં સગાસંબંધીઓ છૂટાં છૂટાં બેઠાં હતાં. સ્વજનોએ ઘેરથી આણેલી રસોઈ ઘણાં જમતાં હતાં.

અમરતકાકી પરિચારિકાઓ તરફ જોઈ રહ્યાં હતાં. પેલી બાઈની જે પરિચારિકા હતી તે હસીને બોલી : 'હવે હું તમને બધું આપીશ. તમારા ધણી સારું સારું ખાવાનું લાવ્યા છે, એક વાર ખાઈ લ્યો.'

પેલી ગાંડી બાઈ છણકો કરતાં બોલી : 'મેં દાતણ નથી કર્યું, મેં મોંઢું નથી ધોયું.'

અમરતકાકીએ જોયું તો એનું મોં ધોયેલું હતું, છતાં સહેજ પણ ખિજાયા વગર પરિચારિકાએ પાણીનો લોટો લાવી એનું મોં ધોવડાવ્યું. નૅપ્કિન વતી મોં લૂછી નાખ્યું. અમરતકાકીના હૈયાને ટાઢક વળી કે કામ કરનાર લોક છે તો માયાળુ.

દાક્તર અને સ્ત્રીવૉર્ડની મેટ્રન આવી પહોંચ્યાં. અમરતકાકીના દીકરાએ મૅજિસ્ટ્રેટનો હુકમ આપ્યો. માને સંતોષ થાય તે માટે એ સાંભળે તેમ સારી સારવાર કરવા જણાવ્યું. મેટ્રને કહ્યું : 'એ બાબતમાં તમારે ચિંતા ન કરવી...'

વચ્ચે અમરતકાકી બોલ્યાં : 'બોન ! ચિંતા એટલા માટે કરવાની કે આ સાવ ગાંડી છે. કોઈ પાસે બેસીને એને ખવડાવે નહિ તો એ ખાતી નથી...' આટલું બોલતાં એમનો કંઠ ભરાઈ આવ્યો અને વાક્ય અધૂરું રહી ગયું.

દૂર ઊભેલી પરિચારિકાઓ નજીક દોડી આવી. એક બોલી ઊઠી : 'તમે બા, કોઈ જાતની ફિકર કરશો નહિ. અમે એને મોંમાં કોળિયો ઘાલીને ખવડાવીશું.'

ગળગળા સાદે અમરતકાકી બોલ્યાં : 'એ જ બોન મારે કહેવું છે. એને ઝાડોપેશાબનું ભાન નથી એટલે રાતે કપડાં બગાડે તો જોજો. નહિ તો ભીનામાં સૂઈ રહેશે તો વાયુ થઈ જશે.'

બીજી પરિચારિકા બોલી : 'રાતમાં ચારપાંચ વખત તપાસ કરવામાં આવે છે.'

અમરતકાકી : 'રાતે બત્તી હોય તો એને ઊંઘ નથી આવતી.'

'જેને ઊંઘ ન આવે તેને ઊંઘની દવા આપીએ છીએ.'

'એને બીજાં તોફાની મારે નહિ તે જોજો.'

'તોફાની હોય તેને જુદાં રાખવામાં આવે છે. રાતે બધાંને જુદી જુદી ઓરડીઓમાં સુવાડવામાં આવે છે.'

મળવા આવેલા મુલાકાતીઓ વિદાય લેતા ત્યારે દર્દીને અંદરના ખંડમાં લેઈ જવા પૂરતું બારણું થોડું ખૂલતું. એ તક ઝડપી લઈ અમરતકાકીની નજર બેત્રણ વખત અંદર ડોકાઈ રહી હતી. ત્રણચાર સ્ત્રીઓને ફગફગતા વાળે, અસ્તવ્યસ્ત કપડાંમાં એમણે અંદર ફરતી જોઈ. એકે એમના ભણી નજર કરી છાતી કૂટી અને એવો ડોળો ત્રાંસો કર્યો કે એ છળી મર્યાં. એ ઉપરથી એમને અંદરનું રહેઠાણ જોવાનું દિલ થયું. માગણી કરી : 'મંગુને જે ઓરડીમાં રાખવાની હોય તે મને જોવા દ્યો.'

મેટ્રને કહ્યું : 'અંદર કોઈને જોવા જવા દેવાનો કાયદો નથી.'

ચકળવકળ આંખે આ નવી દુનિયા જોઈ રહેલી મંગુ અમરતકાકીની સોડમાં લપાઈ. માથે હાથ મૂકી, અમરતકાકી રોજનો વહાલસોયો 'બેટા' શબ્દ ઉચ્ચારવા ગયાં ત્યાં એમનો સાદ ફાટી ગયો. મરણપોક જેવી લાંબી પોક મુકાઈ ગઈ. આખું દવાખાનું એ આક્રંદમાં ડૂબી ગયું. દીકરાની આંખમાંથી ચોધાર આંસુ વહી ચાલ્યાં. આવા રુદનથી ટેવાઈ ગયેલાં દાક્તર, મેટ્રન અને પરિચારિકાઓનાં હૈયાં પણ ભરાઈ આવ્યાં. દીવાલો પણ ધ્રૂજી ઊઠી કે આટલું લાગણીભર્યું કોઈ ગાંડાનું સ્વજન આજ સુધી આવ્યું અમે જાણ્યું નથી !

એક પરિચારિકા હાથમાંનો રૂમાલ ફરકાવી મંગુનું પોતાના તરફ ધ્યાન ખેંચી બોલી : 'લે, જોઈએ છે તારે ?'

એ રૂમાલ પકડવા માની સોડ ત્યજી મંગુ એકદમ ઊભી થઈ. થોડો રૂમાલ પકડવા દીધા પછી એનો હાથ પંપાળી પરિચારિકા મીઠાશભર્યા શબ્દો બોલી : 'તું મારી પાસે રહીશને બહેન ! હું તને સારું સારું ખાવાનું આપીશ. નવાં નવાં કપડાં પહેરાવીશ.' મંગુ એના મોં સામે તાકી રહી હતી એટલે એ ક્ષણનો ઉપયોગ કરી લેતાં 'ચાલ આપું' કહીને એનો હાથ પકડી આગળ કરી. પેલું બારણું અધખૂલું થઈ મંગુને ગળી ગયું.

'મંગુ... મંગુ...'ની કાળજું કંપી જાય તેવી ચીસ અમરતકાકીએ ફરી નાખી.

દાક્તરે આશ્વાસન આપતાં કહ્યું : 'ઘરડાં બા !' અને બાજુમાં ઊભેલા દીકરા તરફ આંગળી કરતાં જણાવ્યું : 'આ તમારા દીકરા જેવો મને પણ દીકરો ગણજો. દીકરીને દવાખાનામાં નહિ પણ દીકરાને ઘેર મૂકી જાઓ છો એમ માનજો.'

આધેડ ઉંમરની, બાળવયમાં વિધવા થતાં આ ક્ષેત્રમાં પડેલી મેટ્રને આશ્વાસન આપતાં કહ્યું : 'આજ સુધી તમે એનાં એક બા હતાં. આજથી હું એની નવી બા થઈ છું.'

અમરતકાકી ડૂસકું ભરતાં બોલ્યાં : 'એને મૂંગા ઢોર જેટલું ય ભાન નથી. મેં એને આજ સુધી મારાથી અળગી કરી નથી. કુસુમને તમારા દવાખાનામાં મટ્યું એટલે મેં કાળજું કઠણ કરી...' અને એમનો કંઠ રુંધાઈ ગયો.

મેટ્રન : 'એ કુસુમ જેવી આ પણ થોડા વખતમાં ડાહી થઈ જશે.' અમરતકાકીનું ડૂસકું શમ્યું છતાં એમની નજર પેલા બંધ બારણાને વીંધી મંગુ ઉપર મંડાયેલી હતી. મંગુએ જાણે એમને યાદ દેવડાવ્યું હોય તેમ એ બોલ્યાં : 'એ લુખ્ખો રોટલો ખાતી નથી. સાંજે વાળુમાં રોટલો દૂધમાં ચોળીને આપજો. દૂધ ના હોય તો દાળમાં.'

અમરતકાકીની કરુણ આંખ ભણી નજર માંડવાની મેટ્રનની શક્તિ લુપ્ત થઈ હોય તેમ એણે નીચી દૃષ્ટિ રાખી કહ્યું : 'સારું.'

અમરતકાકી : 'એને દહીં બહુ ભાવે છે. દરરોજ તો ના બને, પણ બીજેત્રીજે દહાડે આપજો. એવું વધારાનું જે ખર્ચ થશે તે અમે આપીશું. જે એની ચાકરી કરતું હશે તેને પણ રાજી કરીશું.'

અમરતકાકી અને દીકરો મંગુને મૂકી દવાખાનાની બહાર નીકળ્યાં ત્યારે બંનેનાં મોં ઉપર શોકનાં વાદળ છવાયેલાં હતાં. મૂંગાં મૂગાં બંને બહાર ઊભેલી ઘોડાગાડીમાં બેસી વિદાય થયાં. ગાડીના ડબામાં પગ મૂકતાં

અમરતકાકીને સાંભરી આવ્યું - દવાખાનામાં સૂવા ખાટલો આપતા હશે કે નહિ ? મંગુ નીચે સૂઈ રહેલી નથી એટલે જો ખાટલો નહિ હોય તો એને નહિ ફાવે. મનમાં થયું કે જો પોતાને અંદર જોવા જવા દીધી હોત તો આ ભાળવણી કરવાનું રહી ન જાત. ઓરડીમાં ખાટલો ન જુવત એટલે તરત સાંભરી આવત.

દવાખાનામાં કામ કરનાર માયાળુ છે, ભલાં છે, એવી ખાતરી અમરતકાકીને થઈ હતી; પરંતુ એમને અંદર જવા દીધાં ન હતાં એટલે વસવસો રહી ગયો હતો કે આપણને નહિ ગમે તેવું હશે ત્યારે જ અંદર જવા નહિ દેવાનો કાયદો કર્યો હશે ને ? એનો ટેકો આપતું હતું પેલું અધખોલું બારણું. ભૂતની માફક ભમતી ગંદી, જથરવથર અને ભૂખે મરી ગઈ હોય તેવી બિહામણી ગાંડી સ્ત્રીઓ. એ સાથે અમરતકાકીને મંગુ પોતાને ન જોવાથી રડતી હોય તેવો સાદ સંભળાયો. એમની આંખોમાંથી આંસુ ચાલ્યાં. બાજુમાં બેઠેલી સ્ત્રીએ પૂછપરછ કરી - કેમ બા રડો છો ? કોઈનું મૈણું થયું છે ?

રાત્રે પોણા અગિયાર વાગે ઘેર આવ્યાં ત્યારે એમની વાટ જોતી પાડોશણ, જે એમની પિતરાઈ થતી હતી તે જાગતી હતી. એમને માટે એણે રસોઈ કરી રાખી હતી; પરંતુ બંને જણે વાળુ કરવાની ના પાડી. સ્વજનના મરણનો ઘા તાજો હોય ત્યારે જેમ આગ્રહ કરનારની જીભ ન ઊપડે તેમ પાડોશણ ખેંચતાણ ન કરી શકી.

અમરતકાકીના અંતરમાં એક જ તંબૂરો વાગી રહ્યો હતો - મંગુ અત્યારે શું કરતી હશે ? પળે પળે એ જ વિચાર એમના હૈયાને વીંધી રહ્યો હતો. કેટલી ઠંડી છે ? એને ઓઢાડ્યું હશે ? પેશાબ કરી પલાળ્યું હશે તો એની ઘાઘરી અને પાથરણું બદલ્યાં હશે ?

જાણે મંગુ એમનો બોલ સાંભળવાની હોય તેમ એ બબડ્યાં : 'બેટા ! પેશાબ ન કરતી. ઓઢાડેલું કાઢી ન નાખતી.' આ શબ્દો સૂતી વખતે એ કાયમ ઉચ્ચારતાં છતાં મંગુ એનો અમલ કરતી નહિ. રાતે એણે પેશાબ કર્યો હોય તો એની ઘાઘરી અને પથારી એ બદલી નાખતાં. મંગુ મોટી થઈ છતાં પોતાની ભેગી એને સુવાડતાં, જેથી એ પેશાબ કરે તો પોતાને તરત ખબર પડે, જાગી જાય અને એને ભીનામાં સૂઈ રહેવું ન પડે.

અમરતકાકીને પોતાને પણ એના વગર પથારી સૂની સૂની લાગતી હતી. મનમાં થયું - મારા ભેગી સૂવા ટેવાઈ ગયેલી એને ઊંઘ આવી હશે ? એ સાથે એની આંખો બહાવરી બની પોતાને શોધતી હોય તેમ એમને દેખાયું. એમણે ઈસ ઉપર કપાળ કૂટ્યું - હું મા થઈને એને દવાખાને હડસેલીને આવતી રહી ! એમનાથી ડૂસકું ભરાઈ ગયું.

બહારના ખંડમાં સૂતેલા દીકરાને પણ ઊંઘ આવી ન હતી. મા કરતાં એને સોમા ભાગની મંગુ સાથે માયા ન હતી છતાં એની છાતી ઉપર પણ વેદનાનો કાળમીંઢ પથ્થર મુકાઈ ગયો હતો. માના ડૂસકા સાથે એની આંખમાંથી પણ આંસુ વહેવા લાગ્યાં. પોતાને આટલી વેદના થાય છે તો માને શું-શું થતું હશે ? વેદના માના હૈયાનું માંસ કેવી ક્રૂર રીતે ચૂંથી રહી હતી તેનો સાક્ષાત્કાર જીવનમાં પહેલી વખત દીકરાને થયો. એનું હૈયું પોકારી ઊઠ્યું - માનું આ દુઃખ કોઈ ઉપાયે ટાળવું જોઈએ. દીકરો થઈને આટલું હું ન કરી શકું તો મારું જીવતર ધૂળ છે. એ સાથે એના અંતરે પ્રતિજ્ઞા કરી - હું મંગુને જીવતાં સુધી સારી રીતે પાળીશ. વહુ એનાં મળમૂતર ધોવા તૈયાર નહિ હોય તો હું ધોઈશ ! એ સાથે વેદનાનો કાળમીંઢ પથ્થર એની છાતી ઉપરથી ખસી ગયો.

અમરતકાકીએ બીજું ડૂસકું ભર્યું હોત તો દીકરાએ તે ઘડીએ જ એમને પોતાની પ્રતિજ્ઞા જણાવી શાંત પાડ્યાં હોત; પરંતુ એ જંપી ગયેલાં લાગ્યાં એટલે હવે સવારે વાત એમ માની દીકરાએ ઊંઘવા આંખ મીંચી અને થોડી વારમાં એની આંખ મળી ગઈ.

વહેલી પરોઢે, ઘંટીનો અને વલોણાનો મધુરો અવાજ ગામમાં ગુંજી રહ્યો હતો ત્યારે ગામ આખાને વીંધી નાખે તેવી ચીસાચીસ અમરતકાકીએ કરી મૂકી : 'ધાજો, રે... ધાજો, મારી મંગુને મારી નાખી રે...'

દીકરો ખાટલામાંથી ઊછળી પડ્યો. પાડોશી દોડી આવ્યાં, ઘંટીઓ અને વલોણાં થંભી ગયાં. જેણે સાંભળ્યું તે ધાઈ આવ્યાં અને આવ્યાં તેવાં હબકી ગયાં. અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં !

**('શ્રેષ્ઠ ગુજરાતી વાર્તાઓ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**શિલાજિત** એક ઔષધિ; **અભિષેક** મસ્તક પર થતી જલધારા; **પરિચારિકા** સેવિકા; **પાંજરાપોળ** અશક્ત કે ઘરડાં ઢોરોને રાખવાનું ધર્માદા સ્થાન; **ચાકરી** સેવા; **ઉપચાર** સારવાર; **વસવસો** અફસોસ; **ભાળવણી** ભલામણ, ભાળ રાખવા સોંપણી કરવી; **ક્રૂર** ઘાતકી; **જથરવથર** અવ્યવસ્થિત;

### વિરુદ્ધાર્થી

**પ્રત્યક્ષ** પરોક્ષ; **વખાણ** નિંદા; **મૂંગું** વાચાળ; **ભીનું** સૂકું; **વ્યક્ત** અવ્યક્ત; **વિધવા** સધવા

### તળપદા શબ્દો

**અરથ** અર્થ, મતલબ; **બોન** બહેન; **ભણી** તરફ; **મૈણું** મરણ; **ધાઈ આવ્યાં** દોડી આવ્યાં

### રૂઢિપ્રયોગો

**હરખપદૂડા થઈ જવું** આનંદથી ગાંડાઘેલા થઈ જવું; **સમસમી જવું** ધૂંધવાઈ જવું; **હૈયું ભરાઈ આવવું** દુઃખ કે લાગણીથી રડું રડું થઈ જવું; **વહારે ધાવું** સહાય કરવા આગળ વધવું; **ગોઠી જવું** ફાવટ આવવી; **હૈયું કકળી ઊઠવું** હૃદયમાં દુઃખ થવું; **હૈયે ટાઢક વળવી** શાંતિ થવી, રાહત થવી; **પનારે પડવું** માથે પડવું, ફરજિયાતપણે સંબંધમાં રાખવું પડે તેવી અવસ્થા; **છાતીએથી અળગો કરવો** દુઃખ સાથે સ્વજનને પોતાનાથી દૂર કરવો

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) અમરતકાકી લોકોને દવાખાના અંગે શાની ઉપમા આપતાં ?

(A) મંદિરની (B) ઘરની

(C) પાંજરાપોળની (D) સ્મશાનની

(2) "બાપ રે ! તમે મા થઈને એને ધકેલી મૂકો છો, પછી દવાખાનાવાળાંનો શો દોષ કાઢવો." - આ વાક્ય કોણ બોલે છે ?

(A) ગામના લોકો (B) સગાં-વહાલાં

(C) પડોશી સ્ત્રીઓ (D) ગાડીના મુસાફર

(3) અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં ! એટલે...

(A) અમરતકાકીએ ધર્માંતરણ કર્યું હતું. (B) અમરતકાકી મંગુની જેમ ગાંડાં થઈ ગયાં હતાં.

(C) અમરતકાકી મૃત્યુ પામ્યાં હતાં. (D) અમરતકાકીને મંગુનું સ્વપ્નું આવ્યું હતું.

(4) વહુઓ મંગુની ચાકરી નહિ કરે એની અમરતકાકીને ખબર પડી ગઈ હતી. કારણ કે...

(A) વહુઓ અમરતકાકી સાથે વારંવાર ઝઘડતી હતી.

(B) દીકરાઓ, વહુઓની જ વાત સાંભળતા હતા.

(C) વહુઓએ ચોખ્ખે-ચોખ્ખું સંભળાવી દીધું હતું.

(D) બેમાંથી એકે વહુએ હજુ સુધી સાથે રહેવા આવવાનું પોતાને આમંત્રણ આપ્યું ન હતું.

**2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :**

(1) દવાખાનામાં મંગુને જે ઓરડામાં રાખવાની હોય તે ઓરડો અમરતકાકી શા માટે જોવા માગતાં હતાં ?

(2) અમરતકાકીએ દવાખાનામાં મંગુ માટે કરેલી ભલામણો નોંધો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) અમરતકાકીનું સમગ્ર માતૃત્વ મંગુ ઉપર અભિષેક કરતું હતું - આ વાક્ય સમજાવો.

(2) દવાખાનાનું વર્ણન પાઠના આધારે કરો.

(3) મંગુને દવાખાને મૂકવા જતાં પહેલાંની અમરતકાકીની મનઃસ્થિતિનું વર્ણન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પાંચ-સાતના જૂથમાં વહેંચાઈ આ નવલિકાની સંવાદરૂપે અભિવ્યક્તિ કરો. આ નાટક તમારી શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ કરો.
- તમને તમારી બા શા માટે ગમે છે એનાં સાત-આઠ કારણો આપો.
- તમારી આસપાસ કે પરિચિત હોય તેવાં વિકલાંગ બાળકોનો ઉછેર તેમનાં માતાપિતા કેવી રીતે કરે છે તે વિશે નોંધ લખો.

## ભાષા-અભિવ્યક્તિ

● 'ટંકે ખાવા ન આપે એવી કજાત નથી' - આ વાક્યરચના તપાસો. 'ન આપે' અને 'એવી નથી' એવા બે નકાર અહીં છે. બે નકાર હકારનો અર્થ બતાવે છે. આવી રચનામાં કોઈ શંકાને નિર્મૂળ કરવાનો હેતુ હોય છે.

● 'પેલું બારણું, અધખૂલું થઈને મંગુને ગળી ગયું' - નાનું સરખું એક વાક્ય કેટલું બધું કહી શકે છે ! મંગુ નજર આગળથી ગઈ એ ક્ષણની અમરતકાકીના હૈયાની વેદના આ વાક્યથી મર્મભેદી બની રહી છે. મંગુ કોઈ હિંસક પશુનાં જડબાં મારફતે દુઃખમાં ધકેલાતી હોય એવો ભાવ બતાવવા 'ગળી ગયું' શબ્દનો યોગ્ય ઉપયોગ થયો છે.

● 'અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં' - માતૃપ્રેમની પરાકાષ્ઠા બતાવતું આ વાક્ય કૃતિની ધરી બની રહ્યું છે. નાતમાં વટલાવુંનો સામાન્ય અર્થ નાત બદલવી એવો થાય છે. જે અહીં અલગ અર્થ માટે વપરાયો છે તે સમજો.

## શિક્ષકની ભૂમિકા

કહેવાય છે કે પૃથ્વી પરના દરેક બાળકની સંભાળ રાખવાનું ઈશ્વર માટે શક્ય ન બન્યું ત્યારે તેણે માનું સર્જન કર્યું. માતાને પોતાનું દરેક બાળક વહાલું હોય છે. ગાંડું, ઘેલું, મંદબુદ્ધિનું - ગમે તેવું હોય - પણ માને મન એ પોતાના હૃદયનો ટુકડો છે. 'લોહીની સગાઈ' કૃતિમાં આ વાત્સલ્યભાવની પરાકાષ્ઠા દર્શાવાઈ છે. ગાંડી દીકરી મંગુની માતાને કેટલી લાગણી, કેટલી ચિંતા છે તે અત્યંત સાહજિક રીતે અને કળાની ખૂબીથી વ્યક્ત થયું છે. 'મંગુને દવાખાને તો મૂકવી જ નથી'- એવા દૃઢ નિર્ણયમાં જે રીતે બાહ્ય બદલાવ આવે છે છતાં અંદરથી મન માનતું નથી - એ માનસિક સંઘર્ષનું ચિત્રણ દાદ માગી લે તેવું છે તેની શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ વિગતે ચર્ચા કરવી.

દીકરો પણ માના દુઃખે ખૂબ દુઃખી છે અને પોતાનું કર્તવ્ય મનથી સ્વીકારે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. મંગુને દવાખાને મૂકીને આવ્યા પછી માનો વલોપાત, મંગુની ચિંતા, પોતે કરેલી ભૂલનો પશ્ચાત્તાપ, અમરતકાકીને પણ 'પાગલ' કરી મૂકે છે તેવો અંત ખૂબ કરુણ અને હૃદયસ્પર્શી છે તે સ્પષ્ટ કરવું. માતાના વાત્સલ્યભાવ સાથે અન્ય કોઈની તુલના શક્ય નથી તે સમજાવવું.

વિદ્યાર્થીઓ આ ભાવનું સન્માન કરે, માના વાત્સલ્યને સમજે, તેમનામાં 'માતૃદેવો ભવ'ની ભાવના વિકસે તેવી ચર્ચા કરવી.

# 7 કામ કરે ઈ જીતે

**નાથાલાલ દવે**

**(જન્મ : 3-6-1912 અવસાન : 25-12-1993)**

તેમનો જન્મ ભાવનગર જિલ્લાના ભુવા ગામે થયો હતો. ગુજરાત રાજ્યના શિક્ષણાધિકારી તરીકે તેમણે ફરજ બજાવી હતી. 'કાલિંદી', 'જહાનવી', 'અનુરાગ', 'પિયાબિન', 'ઉપદ્રવ', 'મહેનતનાં ગીત', 'ભૂદાન યજ્ઞ', 'સોનાવરણી સીમ', 'હાલો ભેરું ગામડે' અને 'મુખવાસ' તેમના કવિતાસંગ્રહો છે. ગેયતા, પ્રકૃતિચિત્રો અને ગ્રામચિત્રો તેમની કવિતાની વિશેષતા છે.

'કામ કરે ઈ જીતે' માનવીય પરિશ્રમનું ગૌરવ કરતું જાણીતું ગીત સ્વરૂપનું કાવ્ય છે. પરિશ્રમ એ હાથ એટલે કે બાવડાની નીપજ છે. જે પરિશ્રમ કરે છે એ જીતે છે અને દેશને તથા દુનિયાને બદલે છે. કવિએ મહેનત સાથે હૈયાનાં ખમીરની અને સામૂહિક પુરુષાર્થની વાત કરીને સ્વનિર્ભરતા અને સ્વમાનની રખેવાળી કરવાનું સૂચવ્યું છે. તળપદી ભાષામાં કવિએ શ્રમની પવિત્રતા પ્રગટ કરી છે.

---

કામ કરે ઈ જીતે રે માલમ !
    કામ કરે ઈ જીતે,
આવડો મોટો મલક આપણો
    બદલે બીજી કઈ રીતે ? રે માલમ.

ખેતર ખેડીને કરો સીમ સોહામણી
    બાંધો રે નદીયુંનાં નીર;
માગે છે દેશ આજ મહેનત મજિયારી,
    હૈયાનાં માગે ખમીર, રે માલમ.

લિયો ત્રિકમ, ભાઈ ! લિયો કોદાળી ને
    ઘર ઘર ગૂંજો ચરખે;
બાવડાંને જોરે આ દુનિયા બદલવી
    નજરું હોઈ ઈ નીરખે, રે માલમ.

ઊંચું ભણેલાં તો ઑફિસમાં બેસે ને
    નીકળે નહિ બ્હાર કોઈ રીતે;
કાગળ ઉપર કરે કરામતું ને
    છાપાં ચોંટાડે ભીંતે. રે માલમ.

હાલો રે ખેતર ને હાલો રે વાડીએ
    વેળા અમોલી આ વીતે;
આજે બુલંદ સૂરે માનવીની મહેનતના
    ગાઓ જયજયકાર પ્રીતે. રે માલમ.

**('મહેનતનાં ગીતો'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**સીમ** ખેતર કે ગામની હદ, તે ભાગની જમીન; **મજિયારું** સહિયારું; **ખમીર** જોશ, તાકાત; **ત્રિકમ** જમીન ખોદવાનું એક ઓજાર; **વેળા** સમય, ટાણું, વખત; **બુલંદ** ઊંચો (અવાજ)

## વિરુદ્ધાર્થી

**જીત** હાર; **સોહામણું** ડરામણું

## તળપદા શબ્દો

**મલક** પ્રદેશ, દેશ, મુલક; **અમોલું** અમૂલ્ય; **લિયો** લેવું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) આપણો દેશ આપણી પાસે શું માગી રહ્યો છે ?

(A) સહિયારી મહેનતનું બળ (B) મહેનત વગરનું જીવન
(C) માત્ર ઊંચું ભણેલા લોકો (D) માત્ર કાગળ ઉપરનું કાર્ય

(2) આ દેશને કઈ રીતે બદલી શકાય ?

(A) નદીઓનાં નીરને બાંધીને (B) ખેતરોમાં મબલક પાકનું ઉત્પાદન કરીને
(C) નદીઓનાં નીરને વહેતાં કરીને (D) ઉપરના (A) અને (B) બંને રીતે

(3) દુનિયાને કઈ રીતે બદલી શકાય ?

(A) ખૂબ જ મહેનત કરીને (B) કામ કર્યા વગર
(C) આરામ કરીને (D) છાપાંને ભીંત ઉપર ચોટાડીને

(4) આ કાવ્યમાં...

(A) આળસનું મહત્ત્વ પ્રગટ થાય છે (B) પરિશ્રમનું મહત્ત્વ પ્રગટ થાય છે.
(C) ખાસ કશું જાણવા મળતું નથી (D) ઊંચું ભણેલા લોકોનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે.

**2. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) આ કાવ્યમાં વ્યક્ત થતું મહેનતનું મહત્ત્વ તમારા શબ્દોમાં લખો.

(2) મુદ્દાસર નોંધ લખો : કાવ્યને આધારે શ્રમજીવીની અભિલાષા

**3. પંક્તિ સમજાવો :**

'કામ કરે ઈ જીતે
આવડો મોટો મલક આપણો
બદલે બીજી કઈ રીતે ?'

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- એક ખેડૂતની મુલાકાત લો. એની ખેતીની પ્રવૃત્તિની જાણકારી વિશે સમજવાના દસ પ્રશ્નો તૈયાર કરો અને એના ઉત્તરોના આધારે મુલાકાત અહેવાલ તૈયાર કરો.
- ખેડૂતની જીવનશૈલી વિશે નોંધ લખો.
- હવે પછી તમે ઘરનાં કયાં-કયાં કામો રોજ કરશો એની યાદી બનાવો.
- પુરુષાર્થનું મહિમાગાન કરતાં વાક્યો-સૂત્રો અને ગીતો મેળવી એનો અંક બનાવો. સૂત્રો નોટિસબોર્ડ પર મૂકો.
- મહેનત કરીને આગળ વધી હોય એવી વ્યક્તિઓના પ્રેરક પ્રસંગો મેળવી વર્ગમાં રજૂ કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● કવિએ કાવ્યમાં 'નદીઓને બદલે 'નદીયું', નજરને બદલે 'નજરું', 'કરામતો'ને બદલે 'કરામતું' શબ્દો વાપર્યા છે. આ પ્રાદેશિક વિશેષતા કાવ્યને અલગ ઓળખ અપાવે છે. તમારા પ્રદેશના આવા પ્રયોગો તરફ પણ તમે ધ્યાન આપો.

● 'માગે છે દેશ આજ મહેનત મજિયારી'

'કાગળ ઉપર કરે કરામતું'

'ખેતર ખેડીને કરો સીમ સોહામણી' જેવા વર્ણાનુપ્રાસની ખૂબી ચિત્ત ઉપર એક અલગ અસર ઊભી કરે છે તે સમજો.

● 'નજરું હોય ઈ નીરખે રે' - દૃશ્ય નહિ; દૃષ્ટિનું મહત્ત્વ છે. આ મૂલ્યવાન વાત કવિએ કેટલી સાહજિકતાથી મૂકી બતાવી છે તે જુઓ. જોવાનું કામ તો બધા કરે પણ સ્વપ્નદૃષ્ટા ભાવિનો વિચાર કરે છે એવું અહીં સૂચન છે.

## શિક્ષકની ભૂમિકા

શ્રમનું મહત્ત્વ દર્શાવતા આ કાવ્યમાં નીચે જેવા મુદ્દાઓની ચર્ચા શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ કરવી :

- સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય.
- પરિશ્રમ એ જ પારસમણિ
- જે કામ કરે તેને જ સફળતા મળે.

આપણા સમાજમાં ગરીબી અને બેકારીની સમસ્યા વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેની પાછળ એક મોટું કારણ એ જાણવા મળે છે કે ઘણા માણસો બેકાર હોવા છતાં શ્રમયુક્ત કાર્ય કરવા તૈયાર નથી. ભણ્યા પછી અમુક કાર્ય તો મારાથી થાય જ નહિ તેવી ગેરસમજ વિદ્યાર્થીઓમાં દૂર કરવી.

પરિશ્રમ દ્વારા જ દેશને બદલી શકાશે, તેનો વિકાસ કરી શકાશે એ ભાવને વિશેષપણે ખોલવો.

●

# 8 છાલ, છોતરાં અને ગોટલા

**બકુલ ત્રિપાઠી**

**(જન્મ : 26-11-1928, અવસાન : 31-8-2006)**

બકુલ પદ્મમણિશંકર ત્રિપાઠીનો જન્મ નડિયાદમાં થયો હતો. તેઓ પ્રથમ હરોળના હાસ્ય સર્જક હતા. તેમણે કોમર્સ કૉલેજમાં અધ્યાપનકાર્ય કર્યું હતું. 'સચરાચર', 'સોમવારની સવારે', 'દ્રોણાચાર્યનું સિંહાસન', 'હૈયું ખોલીને હસીએ', 'ગોવિંદે માંડી ગોઠડી' તેમના હાસ્ય નિબંધસંગ્રહો છે. 'વૈકુંઠ નથી જાવું', 'હિંડોળો ઝાકમઝોળ', 'મન સાથે મૈત્રી', 'અષાઢની સાંજ', 'પ્રિય સખી', વગેરે તેમના લલિત નિબંધસંગ્રહો છે. દૂરદર્શન પર આવતી તેમની 'ગપસપ' શ્રેણી ખૂબ લોકપ્રિય થયેલી. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

બકુલ ત્રિપાઠીનો 'છાલ, છોતરાં અને ગોટલા' હાસ્યનિબંધ 'હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી' પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે. આ નિબંધમાં લેખકે ભારતીય લોકોની ગમે ત્યાં કચરો નાખવાની, ગંદકી કરવાની માનસિકતા પર કટાક્ષ કર્યો છે. વેદ-પુરાણ-રામાયણ-મહાભારત આપનાર સંસ્કૃતિના લોકો એ જ સંસ્કૃતિના પ્રતીક સમાં મંદિરોની બહાર જ ગંદકી કરતા હોય છે. જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુનો વાસ હોય છે, પણ આપણે ત્યાં તો જ્યાં પ્રભુનો વાસ ત્યાં જ ગંદકી હોય છે. કેળાની છાલ, નારિયેળનાં છોતરાં અને મગફળીનાં ફોતરાંનાં ઉદાહરણો દ્વારા લેખક એક ગંભીર પ્રશ્ન તરફ આપણું ધ્યાન દોરે છે. એ માટે કાવ્યપંક્તિ, ફિલ્મી ગીત પંક્તિનો વ્યંગ્યાત્મક ઉપયોગ કર્યો છે. સમગ્ર હાસ્યનિબંધમાં લેખકે અવળવાણી અને કટાક્ષ દ્વારા આપણી ગંદકી અને અણઘડતાની કુટેવને પ્રકાશિત કરી છે.

---

આપણી મૂળ ભારતીય સંસ્કૃતિ એ વેદ, પુરાણો, ઉપનિષદની સંસ્કૃતિ, રામાયણ-મહાભારત-ભાગવતની સંસ્કૃતિ, રામ, કૃષ્ણ અને બુદ્ધની સંસ્કૃતિ.

પણ એ તો બહુ પુરાણી વાત થઈ. આગળ જતાં આપણે ભારતદેશમાં આજે નવી જ સંસ્કૃતિ વિકસાવી છે - છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ !

પેલી મહાન સંસ્કૃતિના અવશેષો આજેય જડે છે. પુરાણાં મંદિરો, સ્થાપત્યો, સ્તૂપો... પણ એ બધાંયને ઢાંકી દે છે, આપણી નવી સંસ્કૃતિ - છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ.

અરે, પેલી પુરાણી સંસ્કૃતિનેય - મંદિરો, સ્થાપત્યો, સ્તૂપો ઉપર છવાઈ ગયાં છે આજની આપણી તાજા-બ-તાજા, નૌ-બ-નૌ સંસ્કૃતિનાં પ્રતીકો - છાલ, છોતરાં અને ગોટલા ! ખરેખર તમને આપણાં યાત્રાધામોમાં પણ શિલ્પો, મૂર્તિઓ, ધર્મપ્રતીકોની આસપાસ નાળિયેરનાં છોતરાં વેરાયેલાં દેખાશે. એમ તો કેળાં પવિત્ર ફળ છે. ઉપવાસ વખતે ફરાળનું ફળ છે ! એની છાલો આપણને ઠેરઠેર દેખાશે આપણાં ધર્મસ્થાનોએ ! અને આપણે ધાર્મિક ભાવનાવાળાં હોવાથી પરમેશ્વરની આપણા પર અઢળક કૃપા છે - આપણા દેશમાં આંબા છે, આમ્રફળ છે, વિશ્વના શ્રેષ્ઠ આંબા પરમેશ્વરે આપણા ભારતદેશને આપ્યા છે. આનાથી આભારવશ થઈને આપણે ગોટલા પ્રભુને અર્પણ કરીએ છીએ; જોજો આપણાં યાત્રાધામોની ગલીઓમાં !

એટલે જ હું કહું છું આપણી નૂતન સંસ્કૃતિ છે - છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ !

અરે, પેલાં પ્રાચીન સંસ્કૃતિનાં પ્રતીકો તો ક્યાંક ક્યાંક જ દેખાય છે. ક્યાં સોમનાથ અને ક્યાં દ્વારકા, ક્યાં અંબાજી અને ક્યાં ડાકોર, ક્યાં બનારસ અને ક્યાં જગન્નાથપુરી ! છૂટાછવાયાં - ક્યાંક ક્યાંક જ - આવ્યાં છે આપણી પ્રાચીન સંસ્કૃતિનાં પ્રતીક... પણ આપણી નૂતન સંસ્કૃતિનાં પ્રતીક તો દેશમાં ક્યાં નથી ? ઠેર ઠેર, અત્રતત્ર સર્વત્ર ! છાલ, છોતરાં, ગોટલા !

એમાં સૌથી પવિત્ર છે ગોટલા ! આખોય ગ્રીષ્મનો સમય આપણે આપણી ગલીઓ, શેરીઓ, માર્ગોને ગોટલાથી વિભૂષિત કરવામાં ગાળીએ છીએ. આપણે ઉદાર છીએ, કેરીનો રસ આપણે ખાઈએ છીએ એ કબૂલ, પણ કેરીનો રસ કરતાં ગોટલા વધારે વજનદાર હોય છે, એ આપણે અર્પણ કરીએ છીએ સમાજને ! આપણે ખુલ્લામાં એને ઠાલવી દઈએ છીએ - જેને ભોજન કરવું હોય તે કરે ! ઘણુંખરું ગૌમાતાઓ આનાથી પ્રસન્ન થાય છે - આપણે તો શું આપણી માતા કે શું ગૌમાતા, અડધી કેરી (રસ પૂરતી) આપણી સગી માતાને અર્પણ, બાકીની અડધી કેરી (ગોટલા પૂરતી) ગૌમાતાને અર્પણ !

આપણે મ્યુનિસિપાલિટીનું પીપ પાસે પડ્યું હોય તોપણ ગોટલા તો બહાર જ નાખીએ છીએ. એનું કારણ સમજો. પીપમાં ઊંડેથી ગોટલા કાઢીને ગાયમાતા કેવી રીતે ખાઈ શકે ? બહાર પડ્યા હોય તો ગાયો પણ ખાય, શ્વાનોને પણ સુગંધ લેવી હોય તો લે, મક્ષિકાઓ પણ યથાશક્તિ આસ્વાદ લે - આપણે તો માનીએ છીએ કે જીવમાત્રને ઈશ્વરે ઘડેલો છે ! શું આપણાં છોકરાં કેરીનો રસ ખાય અને મક્ષિકાનાં બચ્ચાં ભૂખ્યાં રહે ? ના ચાલે ! આપણી સંસ્કૃતિ એ સ્વાર્થીપણાને સ્વીકારતી નથી, આપણે તો ગોટલા ખુલ્લામાં જ નાખવાના !

છોતરાં – મોટેભાગે મગફળીનાં – એ મૂલ્યવાન વસ્તુઓ છે પણ ગાયો કે મક્ષિકાઓને એ કામ નથી આવતાં એટલે આપણે છોતરાંને એક જગ્યાએ ખૂણામાં કે દીવાલ પાસે કે રસ્તા વચ્ચે ઢગલામાં નથી નાખતાં... આપણે શિંગના છોતરાંને સર્વત્ર વેરતાં ફરીએ છીએ ! સબ ભૂમિ ગોપાલ કી, શા માટે પૃથ્વીની એક ચોરસમીટર જેટલી જગ્યા પણ ફોતરાંવિહોણી રાખવી ? આપણે બગીચામાં, થિયેટરમાં, ઑફિસ કમ્પાઉંડમાં, શાળાના વર્ગમાં સર્વત્ર ફોતરાં વેરતાં વેરતાં ચાલ્યા જઈએ છીએ ! એક કવિએ કહેલું :

**''બેફામ, તોયે કેટલું થાકી જવું પડ્યું**
**નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.''**

શાયરે વ્યંગમાં કહ્યું છે કે ઘરથી કબર સુધી કેટલી ટૂંકી જિંદગી છે – પણ એટલામાંય આપણને કેટલો બધો જિંદગીનો થાક અનુભવાય છે !

મને કવિને કહેવાનું મન થાય છે કે જિંદગીનો થાક ન લાગે કવિ, જો તમે ઘરથી કબર સુધી ફોફાં ખાતા ખાતા ટહેલતા ટહેલતા જાઓ અને ફોફાંનાં ફોતરાં સર્વત્ર વેરતા જાઓ તો !

બીજા એક ફિલ્મી શાયરે ગાયું છે, ''દિલકે ટુકડે હજાર હુએ, એક યહાં ગિરા એક વહાં ગિરા !'' હવે દિલનું શું છે કે આપણામાંના કેટલાકની પાસે જ એ હોય છે. બધાં પાસે નથી હોતું. વળી જેની પાસે હોય છે તેનુંય દિલ તૂટે છે માત્ર જુવાનીમાં જ ! એટલે દિલના હજાર ટુકડા થાય અને એક અહીં ફેંકતા જઈએ અને એક ત્યાં ફેંકતા જઈએ એવું સદ્‌ભાગ્ય તો કો'કને જ મળે છે. પણ 'ફોફાં કે ટુકડે દો – ચાર હુએ એક યહાં ગિરા એક વહાં ગિરા !'' એ ગીત તો ગૌરવપૂર્વક આપણે ગાઈ શકીએ એમ છીએ – શૈશવથી તે વૃદ્ધાવસ્થા સુધી !

એટલે જ દિલના ટુકડા વેરાયેલા તો માત્ર કૉલેજ કમ્પાઉંડમાં દેખાય છે – પણ ફોફાં કે ટુકડે ઈધર ઉધર યહાંવહાં સબ જગહ !

જોકે આ પણ પુણ્યવંતી પ્રવૃત્તિ છે – એમાં જીવદયા સમાઈ છે. ફોફાંનાં ફોતરાંમાં જો શિંગફોતરાં પણ હોય તો એના પર કીડીઓ આવે છે – ઘણીવાર તો કીડીઓ સહકુટુંબ મિત્રમંડળ સહિત આવે છે. હવે કીડી બિચારું નાનું જંતુ, આપણે ફોફાંના ફોતરાંને રૂમાલમાં નાખીને, નાની પોટલી વાળી, ખિસ્સામાં રાખીને પછી મ્યુનિસિપલ કચરાપેટી દેખાય ત્યાં જઈને ઠાલવી શકીએ – વિદેશોમાં આવો સજ્જડ નિયમ છે. પણ આપણે તો જીવદયાવાળા માનવીઓ રહ્યા – આપણી કીડીબહેનો બિચારી કેટલુંય ચાલીને છેક કચરાપેટી સુધી ક્યાં જાય ? બિચારી થાકી ન જાય ? એટલે જ આપણે દયા આણીને એને ફોતરાંની હોમડિલિવરી આપીએ છીએ ! કીડીઓ સર્વત્ર, ફોતરાં સર્વત્ર, સેવ ભૂસું ચવાણું એના દાણા સર્વત્ર, એટલે કીડીઓ સર્વત્ર... આપણી લાગણીઓ સર્વવ્યાપી, આપણે ત્યાં કીડી, મંકોડા, માખી, મચ્છર સર્વવ્યાપી ! આપણે બધા માનવીઓ અને જંતુઓ પરસ્પર પ્રેમ રાખીને કેવું મધુરું જીવીએ છીએ ! મૂરખ યુરોપ, અમેરિકાવાળા આ સમજી શકતા જ નથી ! અરેરે, કારુણ્ય, કારુણ્ય, અપાર કારુણ્ય!

અને છાલ ? છાલ, છોતરાં અને ગોટલાની આપણી સંસ્કૃતિનો પ્રથમ પાયો – છાલ ! બને તો કેળાંની, પણ નારંગીની, મોસંબીની કે નાળિયેરની પણ ચાલે – આપણે આ બધા પ્રકારની છાલ સર્વત્ર ફેંકીએ છીએ – પણ ફેંકવા માટે કેળાંની છાલ શ્રેષ્ઠ ! કેળું ખાઈને કેળાંની છાલ આમ ફટાક દઈને ફગાવી દેવી એ તો આપણી પ્રિય રાષ્ટ્રીય રમત છે. ઑલિમ્પિકવાળા દડાફેંકની અને ભાલાફેંકની રમતો રાખે છે એટલે આપણો પત્તો નથી ખાતો, કાંસાનો ચંદ્રક પણ નથી મળતો. પણ કેળાંની છાલફેંકની સ્પર્ધા રાખે તો ભારતીય ખેલાડીને જ સુવર્ણચંદ્રક મળે. બીજાઓને બિચારાઓને આવડે જ નહિ ને ! કારણ પ્રેક્ટિસ જ નહિ ને ! બીજા દેશોના લોકો તો કેળાં ખાઈને છાલ પ્લાસ્ટિકની બૅગમાં મૂકીને ડસ્ટબિન પાસે જઈને અંદર મૂકી આવે છે ! બિચ્ચારાઓ !

મેં તો અમેરિકામાં ત્યાંના ખેલાડીઓને મોઢામોઢ સંભળાવ્યું - ''તાકાત હોય, તમારી માએ શેર સૂંઠ ખાધી હોય તો ઑલિમ્પિકમાં રાખો કેળાંની છાલફેંક સ્પર્ધા ! છે તાકાત ?''

એ લોકોએ મને પૂછ્યું, ''વોટ ઇઝ શેર સૂંઠ ?''

મેં કહ્યું, ''કપાળ તમારું !''

મેં તો ઘરને ત્રીજે માળેથી ઘરની અંદરથી કેળાંની છાલ ફેંકતા મિત્રોને જોયા છે કે જેમની છાલ બારી બહાર, બાલ્કની બહાર, બરાબ્બર સડકની વચ્ચોવચ્ચ પડે ! બે ફૂટ આમેય નહિ ને પાંચ ફૂટ તેમેય નહિ ! બરાબર રસ્તાની મધ્યમાં ! કંપાસ લઈને માપી જુઓ !

કેળાંની છાલફેંકનું અજબનું કૌશલ્ય છે આપણી પાસે ! સાંભળ્યું છે કે કેટલાંક બાલમંદિરોએ આપણી આ સંસ્કૃતિની વિરુદ્ધ પ્રચાર શરૂ કરી દીધો છે. અરે ! બાળકોને સ્વચ્છતાની ટેવોય પાડવામાં આવી રહી છે !

પરિવર્તનનું કારુણ્ય એ તો અનહદ ! અહા !

**('હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**મૂળ** પ્રાચીન, અસલ; **મક્ષિકા** માખી; **નૂતન** નવું; **પ્રાચીન** જૂનું; **યથાશક્તિ** શક્તિ પ્રમાણે; **ડસ્ટબિન** કચરાપેટી; **વિભૂષિત** શણગારેલું

### વિરુદ્ધાર્થી

**શ્રેષ્ઠ** કનિષ્ઠ; **નૂતન** પ્રાચીન; **પવિત્ર** અપવિત્ર; **ઉદાર** કઠોર; **પ્રસન્ન** અપ્રસન્ન; **સદ્ભાગ્ય** દુર્ભાગ્ય; **સહિત** રહિત; **ઉદાર** કંજૂસ

### તળપદા શબ્દો

**જડવું** મળવું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) બકુલ ત્રિપાઠીના મતે ભારતદેશમાં આપણે કઈ નવી સંસ્કૃતિ વિકસાવી છે ?

(A) શ્રીરામ, શ્રીકૃષ્ણ અને ભગવાન બુદ્ધની સંસ્કૃતિ

(B) પુરાણાં મંદિરો, સ્થાપત્યો અને સ્તૂપોની સંસ્કૃતિ

(C) છાલ, છોતરાં અને ગોટલાની સંસ્કૃતિ

(D) વેદ, પુરાણો, ઉપનિષદની સંસ્કૃતિ

(2) વિશ્વના શ્રેષ્ઠ આંબા આપનાર પરમેશ્વરને આપણે આભારવશ થઈને શું અર્પણ કરીએ છીએ ?

(A) અમૃત જેવી કેરી (B) આમ્રફળ

(C) આંબાનાં પાંદડાં (D) ગોટલા

(3) બકુલ ત્રિપાઠીના મતે મગફળીનાં ફોતરાં આપણે ક્યાં વેરીએ છીએ ?

(A) બગીચામાં (B) શાળાના વર્ગમાં

(C) થિયેટરમાં (D) (A) (B) (C) ત્રણેયમાં

(4) ઑલિમ્પિકમાં કઈ સ્પર્ધા રાખવાનું લેખક સૂચવે છે ?

(A) દડાફેંકની (B) ભાલા ફેંકવાની

(C) કેળાંની છાલ ફેંકવાની (D) દોડવાની

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) અમેરિકાના ખેલાડીઓને લેખકે કઈ ચેલેન્જ કરી ?

(2) કીડીઓના પરિવારની લેખકે કઈ ચિંતા વ્યક્ત કરી છે ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) જીવદયા પ્રેમના નામે લેખક આપણી કઈ નબળાઈ તરફ ધ્યાન દોરે છે ?

(2) આ પાઠમાંથી આપણને શું શીખવા મળે છે ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમે તમારા વિસ્તારને સ્વચ્છ બનાવવા શું-શું કરી શકો એ વિશે જૂથચર્ચા કરો તથા કાર્યશિબિર ગોઠવો.
- ડૉ. અબ્દુલ કલામનો ભારતના નાગરિકોને લખેલો પત્ર મેળવીને વાંચો.
- 'જાહેરસ્થળોની સ્વચ્છતા માટે તમે શું-શું કરો' એ વિષય પર જૂથચર્ચાનું આયોજન કરો અને એમાં તારવેલા મુદ્દાઓને આધારે એક નાટક તૈયાર કરી તમારી શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં એ નાટક ભજવો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'આપણી સંસ્કૃતિ એ સ્વાર્થીપણાને સ્વીકારતી નથી,...'

આપણે સ્વાર્થી મનુષ્યો નથી એમ પ્રશંસી, લેખક આપણને ગમે ત્યાં ગોટલા નાખનારા કહી ખરેખર કાન પકડે છે. વ્યાજસ્તુતિથી આ વર્ણન આહ્લાદક બન્યું છે.

- 'મૂરખ યુરોપ, અમેરિકાવાળા આ સમજી શકતા નથી...'

ઉપદેશને બદલે હાસ્ય, વ્યંગ દ્વારા સમજાવતા લેખક મૂરખ જેવા નીંદનીય વિશેષણથી યુરોપ, અમેરિકાવાસીઓની પ્રશંસા જ કરે છે. આ વ્યાજસ્તુતિ સમજો.

- 'કીડીઓ સર્વત્ર, ફોતરાં સર્વત્ર, સેવ, ભૂસું, ચવાણું સર્વત્ર...'

રજૂઆતમાં પુનરાવર્તન કેવું અસરકારક બને છે તે આ વાક્યથી ઊપસી આવ્યું છે. વળી સીધી રજૂઆતને બદલે વ્યંગભરી રજૂઆત કેવી આહ્લાદક બને છે તે નીચેનાં ઉદાહરણોથી સમજવા પ્રયાસ કરો :

| | સાદી રજૂઆત | | વ્યંગભરી રજૂઆત |
|---|---|---|---|
| (1) | ગમે ત્યાં ફોતરાં નાખતાં ગંદકી થાય અને કીડીઓ આવે છે. | 1. | કીડીબહેનો બિચારી કેટલુંય ચાલીને છેક કચરાપેટી સુધી ક્યાં જાય ?... આપણે દયા આણીને એને ફોતરાંની હોમડિલિવરી આપીએ છીએ ! |
| (2) | આપણે સર્વત્ર છોતરાં નાખતા રહીએ છીએ. | 2. | સબ ભૂમિ ગોપાલ કી, શા માટે પૃથ્વીની એક ચોરસ મીટર જેટલી જગ્યા પણ ફોતરાંવિહોણી રાખવી? |

## શિક્ષકની ભૂમિકા

આપણે ત્યાં સરેઆમ નિયમોના અમલીકરણની બેદરકારી, ધાર્મિક અને જાહેરસ્થળોની સ્વચ્છતાની બેજવાબદારી તેમ જ એ બધી નબળાઈનું જાણે કે ગૌરવ હોય તે સ્થિતિ લેખકે માર્મિક શૈલીમાં વ્યંગ સ્વરૂપે પ્રગટ કરી છે તે અંગે ઉદાહરણો સાથે વિદ્યાર્થીઓને સમજાવવું.

સ્વચ્છતા રાખવા શું કરવું જોઈએ ? નાગરિકની ફરજો શી છે ? બીજા દેશોમાં આપણા દેશની સરખામણીએ કેમ વધુ સ્વચ્છતા હોય છે તે અંગે વિદ્યાર્થીઓની સાથે વિગતે ચર્ચા કરવી અને પોતાની ફરજનિષ્ઠા અંગે સભાન બનાવવા.

બીજા દેશોમાં જનારા ભારતીયો ત્યાંના નિયમો ચુસ્તપણે પાળે છે પણ ભારતમાં પગ મૂકતા ની સાથે જ બદલાવ આવી જાય છે તે અંગેનો ડૉ. અબ્દુલ કલામનો લેખ મેળવી વિદ્યાર્થીઓને વાંચી સંભળાવી તેમાં રજૂ થયેલા વિચારોથી અવગત કરાવવા.

●

# વ્યાકરણ

## એકમ-2 ધાતુ-પ્રત્યય

**પરિસ્થિતિ : ક્રિયા-પ્રક્રિયા-સ્થિતિ**

**નીચેનાં વાક્યો વાંચો :**

(1) ગીતા બગીચામાં છે.

(2) ગીતા બગીચામાં રમે છે.

(3) શિક્ષક વર્ગમાં છે.

(4) ટેબલ પર ચોપડી નથી.

(5) વિદ્યાર્થીઓ વર્ગમાં ભણે છે.

આ વાક્યો તમે ધ્યાનથી વાંચો તો તમને ખ્યાલ આવશે કે જ્યારે વાક્ય 2 અને વાક્ય 5 વાંચો છો ત્યારે તમને 'ગીતા' કે 'વિદ્યાર્થીઓ' પ્રવૃત્તિ કરતાં હોય તેમ ખબર પડે છે. જ્યારે વાક્ય 1, 4 કે 5-માં કોઈ પ્રવૃત્તિનો ઉલ્લેખ નથી. માત્ર 'ગીતાનો બગીચામાં હોવાનો' કે 'ટેબલ પર ચોપડી ન હોવાનો' ઉલ્લેખ છે કે વાક્ય-3માં 'શિક્ષકના વર્ગમાં હોવા' અંગેની માહિતી માગી છે. એટલે કે, વાક્ય-1, 4 કે 5-માં કશું કે કોઈના 'હોવા કે ન હોવા'ની વાત છે.

જ્યારે આપણે વ્યક્તિ કે વસ્તુના 'હોવા કે ન હોવાની' વાત કરીએ છીએ, ત્યારે તેને 'સ્થિતિ' કહેવાય છે. નીચેનાં વાક્યો જોતાં 'સ્થિતિ' વિશે વધુ સ્પષ્ટતા થશે.

(1) પોપટ પિંજરામાં છે.

(2) તમારી નોટ પર પૂંઠું છે ?

(3) તમારા કંપાસમાં બે પેન છે ?

(4) પપ્પુ પાસે પેન્સિલ નથી.

(5) નિબંધની નોટો ખાનામાં છે.

તમે જોઈ શકો છો કે અહીં 'પોપટ, પૂંઠું, પેન, પેન્સિલ કે નિબંધની નોટો' - ની માત્ર 'હોવા અથવા ન હોવાની' બાબતનો જ નિર્દેશ છે.

નીચેનાં વાક્યોમાંથી 'સ્થિતિ' દર્શાવતાં વાક્યો ઓળખી શકો ? તેમને ઓળખો અને અલગ તારવો.

(1) ભાઈઓના ઘરમાં ભગવાને ઘણું ધાન આપ્યું છે.

(2) દવા કરનારાઓ વણનોતર્યા ઘેર આવી પહોંચતા.

(3) દવાખાનું પાંજરાપોળ જેવું હશે.

(4) અમે ભમ્યાં અહીંના ખેતરમાં, ડુંગરમાં, કોતરમાં.

(5) મંગુ સિવાય અમરતકાકીને ત્રણ સંતાન હતાં.

(6) અંદર કોઈને જોવા દેવાનો કાયદો નથી.

(7) મેં દાતણ નથી કર્યું.

(8) આ છોડીની મા નથી ?

(9) અમરતકાકી અને દીકરો મંગુને દવાખાનામાં મૂકી બહાર નીકળ્યાં.

(10) એને મૂંગા ઢોર જેટલું ય ભાન નથી.

ઉપરનાં વાક્યો વાંચતા કયા વાક્યમાં માત્ર કશાકના 'હોવા કે ન હોવા' અંગેનો ખ્યાલ આવ્યો ? ક્યાં વાક્યો 'સ્થિતિ' સૂચવે છે ? વાક્ય-3માં દવાખાનું 'પાંજરાપોળ જેવું હોવાની' શક્યતા દર્શાવાઈ છે. તો વાક્ય-5માં

અમરતકાકીનાં મંગુ સિવાય અન્ય સંતાનો 'હોવાનો' નિર્દેશ છે. વાક્ય-6માં 'કાયદો ન હોવા'નું કહેવાયું છે. વાક્ય 8માં 'મા હોવા કે ન હોવા' અંગે પ્રશ્ન છે. તો વાક્ય-10.માં 'એને બિલકુલ ભાન હોવાનો' નિર્દેશ છે. એટલે કે વાક્ય-3, 5, 6, 8 અને 10 'સ્થિતિ' દર્શાવતાં વાક્યો છે.

જો આ વાક્યોમાં 'સ્થિતિ' છે તો બાકીનાં વાક્યોમાં શેનો નિર્દેશ છે ? બાકીનાં વાક્યોમાં કોઈ પ્રવૃત્તિનો નિર્દેશ છે. જેને આપણે વ્યાકરણી ભાષામાં 'સ્થિત્યંતર' કહીએ છીએ. એટલે કે વ્યક્તિ કે વસ્તુ જે એક સ્થિતિમાં હોય તેનાથી બીજી સ્થિતિમાં પરિવર્તન પામે. જેમકે, વાક્ય-9માં 'અમરતકાકી અને દીકરો મંગુને દવાખાનામાં મૂકી બહાર નીકળ્યાં માં. 'અમરતકાકી અને દીકરો' પહેલાં દવાખાનામાં હતાં, હવે એ સ્થિતિમાં પરિવર્તન આવ્યું. તેઓ 'બહાર નીકળ્યાં.'

આવાં સ્થિત્યંતર ધરાવતાં વાક્યોમાં પણ પ્રકાર હોય છે. નીચેનાં વાક્યો વાંચો :

(1) ભાઈ ઓફિસ ગયો.

(2) સૂરજ આથમ્યો.

(3) રાજેશ કૂદ્યો.

(4) બોલ ઊછળ્યો.

(5) મોહન અંધારામાં ડરી ગયો.

આ વાક્યોમાં કાંઈ જુદું લાગે છે ? સારું. હવે તમે આ વાક્યોમાં 'જાણીજોઈને' કે 'પોતાની જાતે' એવા શબ્દો ઉમેરો તો !

(1) ભાઈ પોતાની જાતે ઓફિસ ગયો.

(2) સૂરજ પોતાની જાતે આથમ્યો.

(3) રાજેશ જાણીજોઈને કૂદ્યો.

(4) બોલ જાણીજોઈને ઊછળ્યો.

(5) મોહન પોતાની જાતે અંધારામાં ડરી ગયો.

આમાંના કયાં વાક્યો તમને વિચિત્ર લાગ્યાં ? સૂરજ કાંઈ પોતાની જાતે આથમે ? બોલ જાણીજોઈને ઊછળે ખરો ? કોઈ પોતાની જાતે ડરે ? જે પ્રવૃત્તિ જાણીજોઇને ન થાય, પોતાની જાતે ન થાય, કુદરતી રીતે થઈ જાય તેને 'પ્રક્રિયા' કહેવાય છે. અને જે પ્રવૃત્તિ જાણીજોઇને, ઇરાદાપૂર્વક કરવામાં આવે ત્યારે તેને 'ક્રિયા' કહે છે. ઉપરનાં વાક્યોમાં જોઈએ તો 'ભાઈનો ઓફિસ જવાનો ઇરાદો છે, તે જાણીજોઈને ઓફિસ ગયો છે. અથવા રાજેશ ઇરાદાપૂર્વક કૂદ્યો છે. 'કૂદવું' કે 'ન કૂદવું' તે રાજેશ નક્કી કરે છે. 'કૂદવા' પર રાજેશનું નિયંત્રણ છે. પણ 'ઊછળવું' કે 'ન ઊછળવું' તે બોલ નક્કી નથી કરતો. એટલે કે 'ઊછળવા' પર બોલનું નિયંત્રણ નથી. તેથી 'આથમવું', 'ઊછળવું', 'ડરવું' એ પ્રક્રિયાઓ છે પણ 'જવું', 'કૂદવું' એ ક્રિયાઓ છે. અન્ય વાક્યો જોતાં ક્રિયા – પ્રક્રિયા વધુ સ્પષ્ટ થશે.

**ક્રિયા :**

(1) મંગુને ગાંડાના દવાખાનામાં મૂકવાની સલાહ લોકો અમરતકાકીને આપતા.

(2) જન્મની ગાંડી અને મૂંગી દીકરીને એ જે રીતે ઉછેરતાં, ચાકરી કરતાં અને લાડ લડાવતાં એ પ્રત્યક્ષ જોઈ લોકો એમનાં વખાણ પણ કરતા.

(3) અમરતકાકીએ જિંદગીમાં પહેલી વખત દવાખાનાનો વિરોધ ન કર્યો.

(4) ફળિયા બહાર નીકળતાં એણે ધોતિયાના છેડા વતી આંખો લૂછી નાખી.

(5) મેં મોઢું નથી ધોયું.

**પ્રક્રિયા :**

(1) અમરતકાકીની આંખમાં ઝળઝળિયાં આવી જતાં.

(2) આવતા માગશર મહિનામાં એની દશા બદલાય છે એટલે સારું થઈ જશે.

(3) મંગુ મોટી થતી જતી હતી.

(4) આટલું બોલતાં એમનો કંઠ ભરાઈ આવ્યો.

(5) રાતે બત્તી હોય તો એને ઊંઘ નથી આવતી.

ઉપરનાં ક્રિયાત્મક વાક્યોમાં આપવું, ઉછેરવું, ચાકરી કરવી, લાડ લડાવવા, વખાણ કરવા, વિરોધ કરવો, લૂંછવું, ધોવું - વગેરે જેવાં ક્રિયાપદો જોઈ શકાય છે. આ ક્રિયાપદો 'ક્રિયા' છે કારણ કે તે જાણીજોઈને, ઇરાદાપૂર્વક કોઈક કરે છે. જ્યારે પ્રક્રિયાત્મક વાક્યોમાં 'ઝળઝળિયાં આવવાં, દશા બદલાવી, સારું થવું, મોટા થવું, કંઠ ભરાઈ આવવો, ઊંઘ આવવી - આ બધા સ્થિત્યંતર પર કોઈનું નિયંત્રણ નથી. કોઈ ઇરાદાપૂર્વક કશું કરતું નથી, આપોઆપ થાય છે. તેથી તે 'પ્રક્રિયા' છે.

હવે, નીચેનાં વાક્યોમાંથી તમે ક્રિયા – પ્રક્રિયા ધરાવતાં વાક્યો જુદાં તારવી શકશો ? આમ તો તારવી જ શકશો. પણ જો મુંઝાવ તો 'ક્રિયા' ઓળખવાની ચાવી યાદ છે ને ? જ્યાં તમે 'જાણીજોઈને', 'ઇરાદાપૂર્વક' જેવા પ્રયોગ ઉમેરી શકો તે ક્રિયા. પણ 'આપોઆપ' કે 'એની મેળે' જેવા પ્રયોગ ઉમેરી શકો તો તે 'પ્રક્રિયા'.

(1) અહીં અમારાં તનધન અર્પ્યાં.

(2) આપણે ભારતદેશમાં આજે નવી જ સંસ્કૃતિ વિકસાવી છે.

(3) અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં.

(4) ગામની એક દીકરી - કુસુમ - ગાંડી થઈ ગઈ.

(5) અમરતકાકીએ એમની શ્રદ્ધા પ્રમાણેના ઉપચાર ચાલુ રાખ્યા હતા.

(6) શરમથી તેમનું ડોકું નીચું નમી ગયું.

(7) રાતમાં હું એને કેટલી વાર ઓઢાડું છું.

(8) પત્ર મળતાં દીકરો આવી પહોંચ્યો.

(9) અમરતકાકીને એથી દુઃખ તો થયું.

(10)પેલી મહાન સંસ્કૃતિના અવશેષો આજેય જડે છે.

ઉપરનાં વાક્યોમાં વાક્ય-1, 2, 5 7 અને 8 - ક્રિયાત્મક પરિસ્થિતિ દર્શાવે છે. અને વાક્ય-3, 4, 6, 9 અને 10 પ્રક્રિયાત્મક પરિસ્થિતિ દર્શાવે છે.

આપણે ટૂંકમાં જોઈએ તો-

- વાક્ય દ્વારા કોઈ પરિસ્થિતિ સૂચવાતી હોય છે.
- જો માત્ર કોઈ વ્યક્તિ કે પદાર્થના હોવા કે ન હોવા અંગેની પરિસ્થિતિનો જ નિર્દેશ હોય તો તેને 'સ્થિતિ' કહે છે.
- જો સ્થિત્યંતરની પરિસ્થિતિ હોય અને તે કોઈના દ્વારા ઇરાદાપૂર્વક કરવામાં આવે, પરિસ્થિતિ કોઈના નિયંત્રણમાં હોય તો તેને 'ક્રિયા' કહે છે.
- જો સ્થિત્યંતરની પરિસ્થિતિ હોય અને તે કુદરતી રીતે કે આપોઆપ થતી હોય, તેના પર કોઈનું નિયંત્રણ ન હોય તો તેને 'પ્રક્રિયા' કહે છે.

## કાળ-અવસ્થા

નીચેનો ફકરો ધ્યાનથી વાંચો. તેમાં કેટલીક ખાલી જગ્યા આપી છે. તેની બાજુમાં આપેલા ક્રિયાપદના યોગ્ય રૂપનો ઉપયોગ કરીને તમારે માત્ર એ ખાલી જગ્યા પૂરવાની છે.

(1) હલો દીદી ! તું કેમ છે ? હું ? હું મઝામાં છું. જીજાજી શું ................ (કર-વું) ? અરે, અહીં તો અમે બધાં જલસા .................... (કર-વું). અત્યારે બધાં શું કરે છે, એમ ? દાદા રેડિયો પર સમાચાર ............... (સાંભળ-વું). બા વટાણા ................ (ફોલ-વું). મમ્મી ભાજીપાંઉ .............. (બનાવ-વું). ગુડિયા પપ્પા પાસે ગણિત ........... (ભણ-વું). પપ્પા તેને પ્રમેય .............. (શીખવ-વું).

ખાલી જગ્યાઓ પૂરી ? સાવ સરળ હતું, બરાબર ? તેમ છતાં ઉત્તરની ખાતરી કરી લઈએ ?

(1) હલો દીદી ! તું કેમ છે ? હું ? હું મઝામાં છું. જીજાજી શું <u>કરે છે ?</u> અરે, અહીં તો અમે બધાં જલસા <u>કરીએ છીએ.</u> અત્યારે બધાં શું કરે છે, એમ ? દાદા રેડિયો પર સમાચાર <u>સાંભળે છે.</u> બા વટાણા <u>ફોલે છે.</u> મમ્મી ભાજીપાંઉ <u>બનાવે છે.</u> ગુડિયા પપ્પા પાસે ગણિત <u>ભણે છે.</u> પપ્પા તેને પ્રમેય <u>શીખવે છે.</u>

તમે બરાબર ઉત્તરોથી ખાલી જગ્યા પૂરી હતી, ને ? તમને ખબર પડી કે તમે શું કર્યું ? તમે પહેલા ફકરામાં વાંચ્યું કે 'હું મઝામાં છું.' એટલે તમે 'કરીએ છીએ, સાંભળે છે – જેવાં ક્રિયાપદોથી ખાલી જગ્યા પૂરી. આ વર્તમાન કાળનાં રૂપો છે. આ રૂપના પ્રત્યયો તમે રોજ વાપરો જ છો. છતાં અહીં ફરી એક વાર જોઈ લઈએ :

| વર્તમાનકાળ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | એકવચન | | | | | બહુવચન | | | | |
| | | પ્રત્યય | રચના | (લખવું) | (દોડવું) | | પ્રત્યય | રચના | (લખવું) | (દોડવું) |
| પ્રથમ પુરુષ | હું | -ઉં | (લખ + ઉં) (છ + ઉં) | લખું છું | દોડું છું | અમે - આપણે | -ઈએ | (લખ + ઈએ) (છ + ઈએ) | લખીએ છીએ | દોડીએ છીએ |
| બીજો પુરુષ | તું | -એ | (લખ + એ) (છ + એ) | લખે છે | દોડે છે | તમે | -ઓ | (લખ + ઓ) (છ + ઓ) | લખો છો | દોડો છો |
| ત્રીજો પુરુષ | તે | -એ | (લખ + એ) (છ + એ) | લખે છે | દોડે છે | તેઓ | -એ | (લખ + એ) (છ + એ) | લખે છે | દોડે છે |

વર્તમાનકાળ સ્પષ્ટ થઈ ગયો ? નીચે આપેલાં વાક્યો વર્તમાનકાળમાં ફેરવી શકો ? તેમાં કાવ્યપંક્તિ પણ છે. પરંતુ તમે કાળ બદલવા ઉપર જ ધ્યાન આપજો. તમને તરત ખ્યાલ આવી જાય તે માટે ક્રિયાપદ નીચે રેખા દોરી છે. તો હવે નીચેનાં વાક્યોને વર્તમાનકાળમાં ફેરવો.

(1) સમુદ્ર ભણી <u>ઊપડ્યા</u> કમરને <u>કસી</u> રંગથી
અટંક મરજીવિયા, ડગ <u>ભરંત</u> ઉત્સાહના

(2) એણે બબ્બે તે કુળ <u>ઉજાળિયાં.</u>

(3) આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવે પણ <u>કહી.</u>

(4) માર્કંડી મને શકરિયાં પણ <u>આપતી</u> અને અમૃત જેવું પાણી પણ <u>પાતી.</u>

(5) <u>હઠ્યા</u> ન લવ તો ય, સાહસિક સર્વ કૂદી <u>પડ્યા</u>
અગાધ જળમાં, પ્રવેશ <u>કીધ</u> કાળને ગહ્વરે

મૂળ કૃતિમાં ઉપર પ્રમાણે જ છે. આપણે 'કાળ'ના અભ્યાસ માટે આ વાક્યો કે પંક્તિના કાળ બદલીશું. ઉપરનાં વાક્યોને વર્તમાનકાળમાં લખ્યાં ? ચાલો તપાસીએ, બરાબર લખ્યા છે કે નહીં !

(1) સમુદ્ર ભણી ઊપડે છે કમરને કસે છે રંગથી
અટંક મરજીવિયા, ડગ ભરે છે ઉત્સાહના

(2) એ બબ્બે તે કુળને ઉજાળે છે.

(3) આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવ પણ કહે છે.

(4) માર્કંડી મને શકરિયાં પણ આપે છે અને અમૃત જેવું પાણી પણ પાય છે.

(5) હઠે છે ન લવ તો ય, સાહસિક સર્વ કૂદી પડે છે
અગાધ જળમાં, પ્રવેશ કરે છે કાળને ગહ્વરે

હવે નીચેનો ફકરો વાંચો. યોગ્ય ક્રિયાપદના યોગ્યરૂપથી ખાલી જગ્યા પૂરો :

મને શિક્ષક થવું બહુ ગમે. જો હું શિક્ષક થઈશ તો હું ખૂબ કામ કરીશ. મારી શાળાનાં બાળકોને મઝા પડે તેવી રીતે ........... (ભણાવ-વું). તેમને રસ પડે, તેમનું જ્ઞાન વધે તેવી વિવિધ પ્રવૃત્તિ ............ (કરાવ-વું). મારાં વિદ્યાર્થીઓ સ્વચ્છતા જાળવશે. તેઓ વૃક્ષો અને પર્યાવરણને ............ (સાચવ-વું). અમે સાથે પ્રવાસે ............ (જ-વું), બધું ........... (જો-વું), નવું નવું ................... (શીખ-વું). હું, મારાં બીજાં શિક્ષકમિત્રો અને મારાં વિદ્યાર્થીઓ - અમે સહુ સાથે મળી સ્વસ્થ સમાજ ........... (ઘડ-વું).

આ ફકરાની ખાલી જગ્યાઓ પૂરી ? બરાબર છે ? તેમ છતાં ઉત્તરની ખાતરી કરવી છે ?

મને શિક્ષક થવું બહુ ગમે. જો હું શિક્ષક થઈશ તો હું ખૂબ કામ કરીશ. મારી શાળાનાં બાળકોને મઝા પડે તેવી રીતે ભણાવીશ. તેમને રસ પડે, તેમનું જ્ઞાન વધે તેવી વિવિધ પ્રવૃત્તિ કરાવીશ. મારાં વિદ્યાર્થીઓ સ્વચ્છતા જાળવશે. તેઓ વૃક્ષો અને પર્યાવરણને સાચવશે. અમે સાથે પ્રવાસે જઈશું બધું જોઈશું, નવું નવું શીખીશું. હું, મારાં બીજાં શિક્ષકમિત્રો અને મારાં વિદ્યાર્થીઓ - અમે સહુ સાથે મળી સ્વસ્થ સમાજ ઘડીશું.

અહીં તમે કયા પ્રત્યયો લગાવ્યા ? ચાલો જોઈએ...

| ભવિષ્યકાળ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **એકવચન** | | | | **બહુવચન** | | | |
| | | પ્રત્યય | રચના | (લખવું) | (દોડવું) | | પ્રત્યય | રચના | (લખવું) | (દોડવું) |
| પ્રથમ પુરુષ | હું | -ઈશ | લખ + ઈશ | લખીશ | દોડીશ | અમે - આપણે | -ઈશું | લખ + ઈશું | લખીશું | દોડીશું |
| બીજો પુરુષ | તું | -ઈશ | લખ + ઈશ | લખીશ | દોડીશ | તમે | -શો | લખ + ઓ | લખશો | દોડશો |
| ત્રીજો પુરુષ | તે | -શે | લખ + શે | લખશે | દોડશે | તેઓ | -શે | લખ + શે | લખશે | દોડશે |

નીચે આપેલાં વાક્યોને ભવિષ્યકાળમાં ફેરવી શકો ? તેમાં પણ કાવ્યપંક્તિ છે. ધ્યાનમાં રાખજો... અહીં ક્રિયાપદ નીચે રેખા દોરી નથી. તમે શોધી શકશો ને ?

(1) માર્કંડીને કાંઠે કેટલીય વાર બેઠો છું.

(2) જ્યારે જ્યારે ગામડે જાઉં છું ત્યારે ત્યારે માર્કંડીને મળ્યા વગર રહેતો નથી.

(3) કામ કરે ઈ જીતે રે માલમ !

(4) ડર્યાં પ્રિયજનો, બધાં સજલનેત્ર આડાં ફર્યાં,
શિખામણ દીધી : 'વૃથા જીવન વેડફો કાં ભલા'

(5) એની આયુધારા હજી વહે છે.

આ વાક્યો - પંક્તિઓ ભવિષ્યકાળમાં લખી શક્યા ? ચાલો જોઈએ,

(1) માર્કંડીને કાંઠે કેટલીય વાર બેસીશ.

(2) જ્યારે જ્યારે ગામડે જઈશ ત્યારે ત્યારે માર્કંડીને મળ્યા વગર રહીશ નહીં.

(3) કામ કરશે ઈ જીતશે રે માલમ !

(4) ડરશે પ્રિયજનો, બધાં સજલનેત્ર આડાં ફરશે,
શિખામણ દેશે : 'વૃથા જીવન વેડફો કાં ભલા'

(5) એની આયુધારા હજી વહેશે.

હવે નીચેનો ફકરો વાંચો અને બાજુમાં આપેલા ક્રિયાપદના યોગ્ય રૂપથી ખાલી જગ્યા પૂરો.

(3) મને પપ્પાની સંમતિ મળતાં જ મેં પ્રવાસની ફી ભરી દીધી. હું પણ પાવાગઢના પ્રવાસમાં જોડાયો. બસમાં મારા ખાસ ભાઈબંધ જોડે જ......... (બેસ). અમે બધાએ ગીતો............ (ગા), મીમીક્રી .................. (કર). મઝા કરતાં કરતાં અમે પાવાગઢ .................... (પહોંચ). અમારા સાહેબે અમને પાવાગઢનું મહત્ત્વ ................ (સમજાવ). અમે બધાં વાતો કરતાં કરતાં પર્વત ............... (ચડ).

જવાબ જોઈ લઈએ ?

પપ્પાની સંમતિ મળતાં મેં પ્રવાસની ફી ભરી દીધેલી. હું પણ પાવાગઢના પ્રવાસમાં જોડાયો. બસમાં મારા ખાસ ભાઈબંધ જોડે જ બેઠો. અમે બધાએ ગીતો ગાયાં, મીમીક્રી કરી. મઝા કરતાં કરતાં અમે પાવાગઢ પહોંચ્યા. અમારા સાહેબે અમને પાવાગઢનું મહત્ત્વ સમજાવ્યું. અમે બધાં વાતો કરતાં કરતાં પર્વત ચડ્યાં.

તમે વિચારો કે તમે પ્રવાસે ક્યારે ગયા હતા ? એને કયો કાળ કહેશો ? 'ભૂતકાળ' ? બરાબર ! તો તમે અહીં કયા પ્રત્યય જોડ્યા એનો તમને ખ્યાલ આવ્યો ? ચાલો, જોઈ જોઈએ....

પણ યાદ રાખજો... સકર્મક અને અકર્મક ક્રિયાપદની રચના જુદી પડે છે. (સકર્મક અને અકર્મક તો યાદ છે ને ? જે ક્રિયાપદ કર્મ લઈ શકે તે સકર્મક. દા.ત., લખવું, વાંચવું, ખાવું, પીવું વગેરે. અને જે ક્રિયાપદ કર્મ ન લઈ શકે તેને અકર્મક ક્રિયાપદ કહે છે. જેમકે, ચાલવું, દોડવું, બેસવું વગેરે)

**ભૂતકાળ (અકર્મક)**

| એકવચન | | | | | | | બહુવચન | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લિંગ | કાળનો પ્રત્યય | લિંગનો પ્રત્યય | રચના | (દોડવું) | | લિંગ | કાળનો પ્રત્યય | લિંગનો પ્રત્યય | રચના | (દોડવું) |
| પ્રથમ | હું | પુલ્લિંગ | -ય | -ઓ | દોડ્+ય્+ઓ | દોડ્યો | અમે | પુલ્લિંગ | -ય | આ | દોડ્+ય્+આ | દોડ્યા |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | દોડ્+ઈ | દોડી | | સ્ત્રીલિંગ | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| | | | | | | | | મિશ્ર | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| બીજો | તું | પુલ્લિંગ | -ય | -ઓ | દોડ્+ય્+ઓ | દોડ્યો | તમે | પુલ્લિંગ | -ય | આ | દોડ્+ય્+આ | દોડ્યા |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | દોડ્+ઈ | દોડી | | સ્ત્રીલિંગ | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| | | | | | | | | મિશ્ર | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| ત્રીજો | તે | પુલ્લિંગ | -ય | -ઓ | દોડ્+ય્+ઓ | દોડ્યો | તેઓ | પુલ્લિંગ | -ય | આ | દોડ્+ય્+આ | દોડ્યા |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | દોડ્+ઈ | દોડી | | સ્ત્રીલિંગ | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| | | નપું. | -ય | -ઉં | દોડ્+ય્+ઉં | દોડ્યું | | મિશ્ર | -ય | આં | દોડ્+ય્+આં | દોડ્યાં |
| | | | | | | | | | | | | |

ભૂતકાળનાં સકર્મક ક્રિયાપદનો કોઠો નીચે આપ્યો છે. તે ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે કે (1) પુરુષનાં રૂપોમાં તફાવત છે, (2) લિંગ-વચનના પ્રત્યય કર્મ પ્રમાણે લાગશે.

| ભૂતકાળ (સકર્મક) | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એકવચન | | | | | બહુવચન | | | | | | |
| | | કર્મનું લિંગ | કાળનો પ્રત્યય | લિંગનો પ્રત્યય | રચના | (લખવું) | | લિંગ | કાળનો પ્રત્યય | લિંગના પ્રત્યય | રચના | (લખવું) |
| પ્રથમ | મેં | પુલ્લિંગ | -ય | -ઓ | લખ્+ય્+ઓ | લખ્યો | અમે | પુલ્લિંગ | -ય | આ | લખ્+ય્+આ | લખ્યો |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | લખ્+ઈ | લખી | | સ્ત્રીલિંગ | -ય | આં | લખ્+ય્+આં | લખી |
| | | નપું. | -ય | -ઉં | લખ્+ય્+ઉં | લખ્યું | | મિશ્ર | -ય | આં | લખ્+ય્+આં | લખ્યું |
| બીજો | તેં | પુલ્લિંગ | -ય | -ઓ | લખ્+ય્+ઓ | લખ્યો | તમે | પુલ્લિંગ | -ય | આ | લખ્+ય્+આ | લખ્યો |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | લખ્+ઈ | લખી | | સ્ત્રીલિંગ | -ય | આં | લખ્+ય્+આં | લખી |
| | | નપું. | -ય | -ઉં | લખ્+ય્+ઉં | લખ્યું | | મિશ્ર | -ય | આં | લખ્+ય્+આં | લખ્યું |
| ત્રીજો | તેણે | પુલ્લિંગ | -ય | -ઓ | લખ્+ય્+ઓ | લખ્યો | તેઓ | પુલ્લિંગ | -ય | આ | લખ્+ય્+આ | લખ્યો |
| પુરુષ | | સ્ત્રીલિંગ | (-ય) | -ઈ | લખ્+ઈ | લખી | | સ્ત્રીલિંગ | -ય | આં | લખ્+ય્+આં | લખી |
| | | નપું. | -ય | -ઉં | લખ્+ય્+ઉં | લખ્યું | | મિશ્ર | -ય | આં | લખ્+ય્+આં | લખ્યું |

તમે જોઈ શકો છો કે સકર્મક ધાતુના ભૂતકાળના રૂપોમાં કર્તા તરીકે 'હું'ને બદલે 'મેં', 'તું'ને બદલે 'તેં' અને 'તે'ને બદલે 'તેણે' વપરાય છે. બીજી નોંધપાત્ર બાબત એ છે કે અહીં ઉપરના કોઠામાં તમે જોશો કે 'મેં' સાથે 'લખ્યો'નું રૂપ નોંધ્યું છે તો 'અમે' સાથે પણ 'લખ્યો'નું રૂપ નોંધ્યું છે. શા માટે ? કારણ કે તેનો પ્રત્યય કર્મ અનુસાર લાગે છે. જેમકે,

| જવાબ (પુંલ્લિંગ) | નાટક (નપુંસકલિંગ) | કવિતા (સ્ત્રીલિંગ) |
|---|---|---|
| મેં જવાબ લખ્યો. | મેં નાટક લખ્યું. | મેં કવિતા લખી. |
| તેં જવાબ લખ્યો. | તેં નાટક લખ્યું. | તેં કવિતા લખી. |
| મીનાએ જવાબ લખ્યો. | મીનાએ નાટક લખ્યું. | મીનાએ કવિતા લખી. |
| મોહને જવાબ લખ્યો. | મોહને નાટક લખ્યું. | મોહને કવિતા લખી. |
| અમે જવાબ લખ્યો. | અમે નાટક લખ્યું. | અમે કવિતા લખી. |
| તમે જવાબ લખ્યો. | તમે નાટક લખ્યું. | તમે નાટક લખ્યું. |
| તેમણે જવાબ લખ્યો. | તેમણે નાટક લખ્યું. | તેમણે કવિતા લખી. |

અહીં તમે જોઈ શકો છો કે ક્રિયા કરનાર 'મેં' હોય કે 'તેં', 'મીના' હોય કે 'મોહન' - પ્રત્યય તો 'જવાબ', 'નાટક' કે 'કવિતા' જેવાં કર્મ અનુસાર લાગ્યો છે.

ભૂતકાળ માટે આપણે '-ય' ઉપરાંત '-એલ' પ્રત્યય પણ વાપરીએ છીએ. જેમકે,

- મેં પહેલો પાઠ વાંચ્યો હતો. - મેં પહેલો પાઠ વાંચેલો.
- એ દિવસે ખૂબ વરસાદ વરસ્યો હતો. - એ દિવસે ખૂબ વરસાદ વરસેલો.

તમે ભૂતકાળના કોઠામાં જોયું કે 'લખ્યું, વાંચ્યું, દોડ્યો' વગેરેમાં '-ય' પ્રત્યય લાગ્યો છે. પણ કેટલાક ધાતુઓમાં અન્ય પ્રત્યય વાપરીએ છીએ. આ યાદી નીચે મુજબ છે.

| પ્રત્યય | ધાતુ | ઉદાહરણ |
|---|---|---|
| -ધ- | ખાવું, પીવું, લેવું, દેવું, કહેવું | ખાધો, પીધું, લીધી, દીધું, કીધું |
| -ઠ- | બેસવું, પેસવું, નાસવું | બેઠો, પેઠો, નાઠો |

આ રૂપોને પણ '-એલ' પ્રત્યય લાગી શકે, તે તમે ધ્યાનમાં રાખી શકો. જેમકે,

- એ લારી પર અમે બહુ બરફ ખાધેલો.
- ગામડે ફોઈના ઘરે તાજું દૂધ પીધેલું.
- પરીક્ષાના ત્રણ કલાક દરમિયાન દાદા બહાર જ બેઠેલા.

નીચેનાં વાક્યો ભૂતકાળમાં ફેરવો :

(1) માણસ સુખ અને આનંદ શોધે છે.

(2) આપણે કેરીનો રસ ખાઈએ છીએ, કબૂલ.

(3) નર્સ તને સારું સારું ખાવાનું આપશે.

(4) ઊંચું ભણેલાં તો ઑફિસમાં બેસે.

(5) મારડમાં હું મગફળીના સોદા માટે જઉં છું.

**ઉત્તર જોઈએ :**

(1) માણસે સુખ અને આનંદ શોધ્યા.

(2) આપણે કેરીનો રસ ખાધો, કબૂલ.

(3) નર્સે તને સારું સારું ખાવાનું આપ્યું.

(4) ઊંચું ભણેલાં તો ઑફિસમાં બેઠાં.

(5) મારડમાં હું મગફળીના સોદા માટે ગયો હતો / ગયેલો.

આપણે અહીં વર્તમાનકાળ, ભવિષ્યકાળ અને ભૂતકાળના પ્રત્યયો અને પ્રયોગ જોયા. હવે તમે નીચેનાં વાક્યો વાંચો.

(1) મેં નિબંધ લખ્યો. (2) મેં નિબંધ લખ્યો છે.

(3) મેં નિબંધ લખ્યો હતો. (4) ગીતાએ નિબંધ લખ્યો હશે.

દેખીતી રીતે સરખાં લાગતાં વાક્યોમાં થોડો તફાવત છે. વાક્ય-1 ભૂતકાળ દર્શાવે છે. પણ બીજાં વાક્યોમાં 'લખ્યો' ઉપરાંત 'છે', 'હતો', 'હશે' પણ વપરાયા છે. આ સમજવા માટે તમે વિચારો કે તમે વાક્ય-2 ક્યારે વાપરો અને વાક્ય-3 ક્યારે વાપરો ? માનો કે ઘરકામમાં નિબંધ લખવાનો હોય અને બીજા દિવસે સાહેબ નિબંધની નોટ માગે તો તમે કયું વાક્ય વાપરો ? બીજું કે ત્રીજું ? જો તમે નિબંધની નોટ લઈને ગયા હશો તો વાક્ય-2 વાપરશો. પણ જો નિબંધની નોટ મળતી નહીં હોય, ખોવાઈ ગઈ હશે તો તમે વાક્ય-3 વાપરશો. બરાબર ? પણ તમારી બહેનપણી માટે કોઈ પૂછશે તો તમે વાક્ય-4 વાપરશો.

જો ક્રિયા પૂરી થઈ ગઈ હોય તો પૂર્ણાવસ્થા દર્શાવવા '-ય' પ્રત્યય વપરાય છે. પણ જો ક્રિયા ચાલુ બતાવવી હોય, એટલે કે અપૂર્ણાવસ્થા બતાવવા તો '-ત' પ્રત્યય લગાવાય છે. જેમકે,

(1) રમેશ નિબંધ લખતો હતો. (ભૂતકાળમાં ક્રિયા ચાલુ હતી, પૂરી થઈ ન હતી.)

(2) ગીતા નિબંધ લખતી હશે. (ક્રિયા ચાલુ હોવાની, પૂરી થઈ ન હોવાની સંભાવના)

જો ક્રિયા થવાની બાકી હોય એટલે કે આગામી અવસ્થા દર્શાવવી હોય તો '-વાન-' પ્રત્યય લગાવીએ છીએ. જેમ કે,

(1) રોહિત નિબંધ લખવાનો છે.

(2) કુસુમ નિબંધ લખવાની છે.

(3) ચેતના નિબંધ લખવાની હતી.

(સંભાવના માટે '–નાર' પ્રત્યય પણ વપરાય છે. પરંતુ તે ક્રિયા કરનાર સંદર્ભે વપરાય છે. મહદંશે તે વિશેષણ તરીકે ઉપયોગમાં લેવાય છે. જેમકે, 'ભાગ લેનાર વિદ્યાર્થીઓ, પ્રાર્થના ગાનાર છોકરીઓ.)

તમે આવા નિબંધના શીર્ષક વાંચ્યા છે ? – 'જો હું પંખી હોઉં તો', 'જો હું વડા પ્રધાન હોઉં તો'. આવાં શીર્ષક ધરાવતા નિબંધમાં તમે વિવિધ કલ્પનાઓ કરો છો કે જો તમે પંખી હોવ તો શું કરો, જો તમે વડા પ્રધાન હોવ તો શું કરો, બરાબર ? આ પ્રકારનાં વાક્યોને 'સંભાવના' કહેવાય છે. આવા અન્ય કાળ-અવસ્થા ધરાવતાં કેટલાંક ક્રિયાપદો પર નજર નાખીએ :

| **પુરુષ** | **એકવચન** | **ઉદાહરણ** | **બહુવચન** | **ઉદાહરણ** |
|---|---|---|---|---|
| પ્રથમ પુરુષ | હો + ઉં | સવારે અગિયાર વાગે હું પ્રાર્થનાખંડમાં હોઉં | હો+ઈએ | સવારે અગિયાર વાગે અમે પ્રાર્થનાખંડમાં હોઈએ |
| બીજો પુરુષ | હો + (-એ)-ય | સવારે અગિયાર વાગે તું પ્રાર્થનાખંડમાં હોય | હો, હો+(-ઓ)વ | સવારે અગિયાર વાગે તમે પ્રાર્થનાખંડમાં હોવ |
| ત્રીજો પુરુષ | હો + (-એ)-ય | સવારે અગિયાર વાગે તે પ્રાર્થનાખંડમાં હોય | હો+(-એ)-ય | સવારે અગિયાર વાગે તેઓ પ્રાર્થનાખંડમાં હોય. |

વર્તમાનકાલીન આદત : (વર્તમાનકાળ જેવા જ પ્રત્યય)

| | | |
|---|---|---|
| પ્ર.પુ. | હું સવારે ચાલવા જાઉં. | અમે સવારે ચાલવા જઈએ. |
| બી.પુ. | તું સવારે ચાલવા જાય. | તમે સવારે ચાલવા જાઓ, જાવ. |
| ત્રી.પુ. | તે સવારે ચાલવા જાય. | તેઓ સવારે ચાલવા જાય. |

અન્ય કેટલીક અવસ્થા દર્શાવતા પ્રત્યયો એક નજરે જોઈ લઈએ.

| | | |
|---|---|---|
| અપૂર્ણ અવસ્થા | -ત- | લખતો હતો, લખતો હશે.<br>મંગુ અત્યારે શું કરતી હશે ?<br>થોડાક શિકારીઓ... સાવચેતીથી ઊતરતા હતા. |
| પૂર્ણ અવસ્થા | -ય- | લખ્યું છે, લખ્યું હતું, લખ્યું હશે.<br>તમે ય દીકરીથી થાક્યાં છો.<br>એનું પાથરણું બદલ્યું હશે ? |
| આગામી અવસ્થા | -વાન- | લખવાનો છે, લખવાની છે, લખવાની હશે. |
| સામાન્ય અવસ્થા | -વ- | સાચું બોલવું, ગુસ્સો ન કરવો.<br>હરિનામનો જ વેપાર કરવો.<br>છેવટે ચિઠ્ઠી લખીને દોષ <u>કબૂલ કરવો</u> ને માફી <u>માગવી</u> એવો મેં ઠરાવ કર્યો. |
| મુખ્ય ક્રિયા પહેલાની ક્રિયા સૂચવવી | -ઈ-,-ઈને- | બોલવું, લાવવું, ખરીદીને આપવું<br>સાંજે વાળુમાં રોટલો દૂધમાં ચોળીને આપજો.<br>આપણ અન્ન ભિક્ષા માગી લાવતા, તને સાંભરે રે ? |
| મુખ્ય ક્રિયા પછીની ક્રિયા દર્શાવવી | -વા- | આપવા ખરીદવું, બતાવવા લાવવું,<br>મંગુને દવાખાને મૂકવા જવાનું હતું.<br>પછી ગુરુજી શોધવા નીસર્યા, તને સાંભરે રે ? |

| | | |
|---|---|---|
| ભૂતકાલીન આદત | -ત્- | દાદા રોજ સવારે માળા ફેરવતા.<br>અમરતકાકી મંગુને પોતાની ભેગી સુવાડતા.<br>સુખદુ:ખની કરતા વાત, મને કેમ વીસરે રે ? |
| ભૂતકાલીન સંભાવના (ક્રિયાતિપત્યર્થ) | -ત- | તેં કહ્યું હોત, અમે આવ્યા હોત, તેઓ કાંઈ મોકલાવાના હોત.<br>અમરતકાકીએ બીજું ડૂસકું ભર્યું હોત તો દીકરાએ તે ઘડીએ જ એમને પોતાની પ્રતિજ્ઞા જણાવી શાંત પાડ્યા હોત. |

પાઠ કે કવિતા વાંચતી વખતે કાળ અને અવસ્થા પણ જોશો તો તમને વાંચવાની વધારે મઝા આવશે.

●

# 9 પુત્રવધૂનું સ્વાગત

મકરંદ દવે

**(જન્મ : 13-11-1922, અવસાન : 31-01-2005)**

મકરંદ વજેશંકર દવે 'સાંઈ' તેઓ રાજકોટ જિલ્લાના ગોંડલના વતની હતા. આઝાદીની ચળવળમાં જોડાયા હતા. અનેક અખબારોમાં કામ કર્યું. તેમણે વલસાડ જિલ્લાના નંદીગ્રામમાં આદિવાસીઓ માટે કાર્ય કર્યું.

'ઝબૂક વીજળી ઝબૂક' તેમનો બાળકાવ્ય સંગ્રહ છે. 'બે ભાઈ', 'તાઈકો', બાળનાટ્ય સંગ્રહો છે. 'યોગપથ' અને 'અંતર્વેદી' તેમના આધ્યાત્મ ચિંતનનાં પુસ્તકો છે. 'તરણાં', 'જયભેરી', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા', 'સંગતિ', તેમના કાવ્યસંગ્રહો છે. 'શેણી વિજાણંદ' ગીત નાટિકા છે. 'માટીનો મ્હેકતો સાદ' નવલકથા છે. 'સત કેરી વાણી' સંપાદિત ભજનસંગ્રહ છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

ગુજરાતી સાહિત્યમાં પુત્રી વિશેનાં અનેક કાવ્યો છે પણ પુત્રવધૂનું સ્વાગત એક વિરલ કાવ્ય છે. કવિ પુત્રવધૂને લક્ષ્મીજી સાથે સરખાવે છે. એના આવવાથી ઘરમાં સો-સો કમળની સુગંધ આવી તેમ વર્ણવી તેનો મહિમા કરે છે. પુત્રવધૂના આવવાથી ઘરનું સૌંદર્ય કેવું ખીલી ઊઠે છે તેનાં ચિત્રો આપી એને ઘરનું છત્ર અને છાંયડી ગણાવી અદ્ભુત ગૌરવ કરે છે. બંને કુળ ઉજાળનાર પુત્રવધૂના આગમનથી જીવતરની હાશ (નિરાંત)નો ભાવ કવિએ ઉત્તમ રીતે પ્રગટ કર્યો છે.

---

આજ લખમી આવ્યાં મારે આંગણે
લાવ્યાં સો – સો કમલની સુગંધ,
ઓચ્છવ મારે આંગણે.

મારી અડવી ભીંતોને એનાં આંગળાં
જ્યાં જ્યાં પરશે ત્યાં સોહે શણગાર,
ઓચ્છવ મારે આંગણે.

એને વેણલે વ્હાલપ નીતરે
એને ટોડલિયે ટહુકાર,
ઓચ્છવ મારે આંગણે.

એ તો ઘરનું છત્તર, ઘરની છાંયડી
ઘરની અગાસીનું ખુલ્લું આકાશ,
ઓચ્છવ મારે આંગણે.

એણે બબ્બે તે કુળને ઉજાળિયાં
હૈયે હૂંફ ને જીવતરની હાશ,
ઓચ્છવ મારે આંગણે.

**('પરિવાર કાવ્યો'માંથી)**

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**અડવું** શણગાર વિનાનું, શોભારહિત; **આંગળાં** આંગળીઓથી લીંપણમાં કરાતી ભાત; **પરશ** સ્પર્શ કરવો; **ટોડલો** (ટોલ્લો) બારસાખના ઉપલા લાકડા આગળ રહેતો છેડો; **છત્તર** છત્ર; **ઉજાળવું** ઊજળું કરવું, શોભાવવું

### વિરુદ્ધાર્થી

**સુગંધ** દુર્ગંધ; **તડકો** છાંયડો; **ખુલ્લું** બંધ

### તળપદા શબ્દો

**લખમી** લક્ષ્મી; **ઓચ્છવ** ઉત્સવ; **જીવતર** જન્મારો, જિંદગી

### રૂઢિપ્રયોગો

**કુળને ઉજાળવું** કુળને શોભાવવું, કુળની પ્રતિષ્ઠા વધે તેવું કાર્ય કરવું

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) પુત્રવધૂના આવવાથી જાણે...

(A) લક્ષ્મી આંગણામાં આવ્યાં (B) સો - સો કમલની સુગંધ આવી

(C) આંગણે આજે ઉત્સવ થયો (D) ઉપરના (A) (B) (C) ત્રણેય

(2) પુત્રવધૂનાં વેણ કેવાં લાગે છે ?

(A) કડવાં ઝેર (B) વહાલ નીતરતાં

(C) કવેણ (D) તોછડાં

(3) ઘરનું છત્તર બનવું એટલે...

(A) ઘરનો કબજો સંભાળી લેવો (B) ઘરના બધા સભ્યોને સાચવનાર બનવું

(C) ઘર હવે ઘર રહ્યું જ નથી (D) અગાસી ઉપર નવું બાંધકામ કરવું

(4) 'ઘરની અગાસીનું ખુલ્લું આકાશ' વાક્યનો ભાવાર્થ

(A) સ્વચ્છંદીપણું, તડ અને ફડ (B) ઘર, અગાસી અને ખુલ્લું આકાશ

(C) બંધન, ગુલામી અને તિરસ્કાર (D) સન્માન-સ્વતંત્રતા અને સ્વીકાર

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) ઘરની અડવી ભીંતો હવે શણગારથી કેમ શોભવા લાગી ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) પુત્રવધૂના આગમનથી ઘરમાં આવેલા પરિવર્તનની નોંધ તમારા શબ્દોમાં લખો.

(2) પુત્રવધૂનું આગમન ઘર માટે ઉત્સવ બની ગયું છે તેમ કવિ શા માટે કહે છે ?

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

''એણે બબ્બે તે કુળને ઉજાળિયાં''

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારા ઘરમાં અને પડોશનાં બહેન પરણીને પહેલી વખત સાસરિયામાં આવે એ સમયના ઘરના સભ્યો સાથેના અનુભવો જાણી એની નોંધ તૈયાર કરો.
- તમારા ઘરમાં ભાભી, બહેન કે બાની સાથેના ઘરના અન્ય સભ્યોનો ભાવાત્મક સંબંધ કેવો છે તેની નોંધ કરો.
- 'દીકરી અને પુત્રવધૂનું ગૌરવ સમાન હોવું જોઈએ.' એ મુદ્દા પર જૂથચર્ચાનું આયોજન કરો.
- મકરંદ દવેનાં કુટુંબભાવનાં અન્ય કાવ્યો મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

● કવિએ લખમી, ઓચ્છવ, છાંયડી, છત્તર જેવા તળપદા શબ્દો વાપરીને પણ કાવ્યનો લય અને મીઠાશ જાળવ્યાં છે.

● કવિએ 'વેણ' અને 'ટોડલો' શબ્દોને 'વેણલે' અને 'ટોડલિયે' જેવા લાડવાચક બનાવી એ જ લય અને મીઠાશ જાળવ્યાં છે.

● કવિએ છત્તર સાથે છાંયડીનો વર્ણાનુપ્રાસ મૂક્યો છે. વળી પુત્રવધૂ માટે 'છાંયડી' જેવું મૃદુ અને નજાકતભર્યું વિશેષણ વાપરી લાક્ષણિકતા પ્રગટ કરી છે. વળી કવિની કમાલ 'આવ્યાં' વાપરવામાં દેખાય છે. પુત્રવધૂની સરખામણી લક્ષ્મીમાતા સાથે કરી છે, દેવીની જેમ એનું માન જાળવવા 'આવ્યાં'નું સાંકેતિક સૂચન મૂક્યું છે.

● 'વેણલે વ્હાલપ નીતરે', 'ટોડલિયે ટહુકાર', 'અડવી ભીંતોને એનાં આંગળાં', 'ઘરનું છત્તર ઘરની છાંયડી' – આ શબ્દચિત્રો પુત્રવધૂને સરસ રીતે રજૂ કરે છે. વળી આવા સરળ શબ્દોથી પણ કેવું સક્ષમ આલેખન થઈ શકે છે એનો ઉત્તમ નમૂનો કવિ આપી દે છે.

## શિક્ષકની ભૂમિકા

પોતાની દીકરી અને પુત્રવધૂમાં ભેદ કરતાં પરિવારોની સંખ્યા આપણા સમાજમાં ઓછી નથી, પરંતુ દીકરી કરતાં પણ પુત્રવધૂને વિશેષ આવકાર આપનાર પરિવારો પણ આપણા સમાજમાં હયાત છે.

પુત્રવધૂ એ અજાણી વ્યક્તિ... બીજા ઘરની વ્યક્તિ એવો ઉપેક્ષિત વ્યવહાર પુત્રવધૂમાં અસલામતીની ભાવના પેદા કરે છે. કાવ્યમાં સૂચવાયું છે તેમ પુત્રવધૂને 'લક્ષ્મી', 'પરિવારનું અભિન્ન અંગ', 'કુટુંબનું ગૌરવ', 'કુળદીપિકા' સ્વરૂપે જોવાની અને સ્વીકારવાની જરૂર છે. જે ઘરમાં આવું બને છે તે ઘર 'સ્વર્ગથી પણ સુંદર' બને તેવો ભાવ આ ગીતમાં વ્યક્ત થયેલ છે તેની સ્પષ્ટતા કરવી.

ભાષાકીય અભિવ્યક્તિની વિશેષતા અને પુત્રવધૂના આગમનથી સર્જાયેલા ઉત્સવના માહોલને આનંદના કેન્દ્રસમાં ઉદાહરણોથી રજૂ કરાયાં છે તે સ્પષ્ટ કરવું. ગુજરાતીમાં પુત્રવધૂની પ્રતિષ્ઠા કરતાં ખૂબ ઓછાં કાવ્યો લખાયાં છે તે તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું.

●

# 10 ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ

**વિનોબા ભાવે**

**(જન્મ : 11-9-1895, અવસાન : 15-11-1982)**

વિનાયક નરહરિ ભાવે, વિખ્યાત 'વિનોબા'ને નામે. રાયગઢ જિલ્લાના ગાગુડે ગામમાં તેમનો જન્મ થયો હતો. તેઓ આચાર્યના હુલામણા નામે પ્રસિદ્ધ હતા. ગાંધીજીના અનુયાયી અને ભૂદાન ચળવળના પ્રણેતા હતા. તેઓ મૌલિક ચિંતક અને લેખક હતા. તેમણે ભગવદ્‌ગીતાનો મરાઠી ભાષામાં અનુવાદ કર્યો હતો. 'ગીતાપ્રવચનો' (ભારતની તમામ ભાષામાં અનુવાદિત) 'વિચારપોથી', 'સ્થિતપ્રજ્ઞ દર્શન', 'મધુકર', 'ક્રાંતિ દર્શન', 'સ્વરાજ્ય શાસ્ત્ર', 'ભૂદાન ગંગા ભાગ-૧ થી ૧૦ તેમનાં મહત્ત્વનાં પુસ્તકો છે. તેમને રેમન મેગ્સેસ એવોર્ડ તથા ભારતરત્નથી સન્માનિત કરાયા હતા.

વિનોબા ભાવેએ 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' નિબંધમાં સંસ્કૃતિ-પ્રકૃતિ અને વિકૃતિ વચ્ચેનો ભેદ ઉદાહરણોથી સમજાવ્યો છે. વિકૃતિનો અસ્વીકાર અને પ્રકૃતિને સંસ્કૃતિનું રૂપ આપવાની ભલામણ લેખકે કરી છે. ભારતીય સંસ્કૃતિની પ્રયોગશીલતાનો લેખકે મહિમા કર્યો છે. ભારતદેશનો વિચારવૈભવ અદ્‌ભુત છે એમ કહી લેખકે ભારતીય સંસ્કૃતિની ખૂબીઓ ખૂબ સચોટ રીતે સમજાવી વિવિધતામાં એકતાની વિશેષતા સ્પષ્ટ કરી છે.

---

પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ. સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું. વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું. પ્રકૃતિ વચ્ચે છે, નોર્મલ છે, સહજ છે.

માણસની એક પ્રકૃતિ હોય છે, એક સંસ્કૃતિ અને એક વિકૃતિ. ભૂખ લાગે છે અને ભૂખ લાગતાં માણસ ખાય છે, તે એની પ્રકૃતિ છે. ભૂખ ન લાગવા છતાં માણસ ખાય છે, તે એની વિકૃતિ છે અને ભૂખ લાગવા છતાં આજે એકાદશી છે એટલા વાસ્તે ભગવત્-સ્મરણ માટે માણસ ખાતો નથી, તે એની સંસ્કૃતિ છે. આમ, ઉપવાસ કરવો એ સંસ્કૃતિ છે. આપણે મહેનત કરીને ખાઈએ છીએ, તે આપણી પ્રકૃતિ છે. આપણે જાતે મહેનત કરવાનું ટાળીશું, બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવતા રહીશું, તે આપણી વિકૃતિ છે. આ વસ્તુ ભલે મોટા ભાગના માણસોમાં દેખાતી હોય, તેમ છતાં આ માણસની પ્રકૃતિ નથી, વિકૃતિ જ છે. ભલે ને આ પ્રકારની વિકૃતિ પ્રાચીન કાળથી આજ સુધી દેખાતી હોય. તેમ છતાં આ કદાપિ સંસ્કૃતિ હોઈ શકે નહિ. પરંતુ આપણા શ્રમથી પેદા થયેલી ચીજ પણ બીજાને આપ્યા વિના ભોગવવી નહિ, આપીને અને વહેંચીને જ ભોગવવી, એ માણસની સંસ્કૃતિ છે. માણસમાં અને પશુમાં ફરક છે, અંતર છે. આ અંતરને વધારવું, પશુપણામાંથી નીકળતા જઈને માણસપણા તરફ આગળ વધતા જવું, તેને જ સંસ્કૃતિવર્ધન કહે છે. માણસ સુખ અને આનંદ શોધે છે, એ ખરું; પરંતુ કયો આનંદ વિકૃત છે, કયો પ્રાકૃત છે અને કયો સંસ્કૃત છે, તેનો ખ્યાલ રાખવો પડે. જે સુખ સહુને આનંદ આપી શકે તેવું હોય એ જ ખરું સુખ છે, અને એ જ સુસંસ્કૃત આનંદ છે. જે આનંદ આપણને સંસ્કૃતિ તરફ લઈ જાય, એ જ સાચો આનંદ છે.

સંસ્કૃતિ ક્યારેય ખરાબ નથી હોતી, વિકૃતિ જ ખરાબ હોય છે, અને પ્રકૃતિને આપણે ન ખરાબ કહી શકીએ, ન સારી. તે જેવી છે તેવી છે. કાગડો કાળો છે, તેને આપણે ખરાબ ન કહી શકીએ, કેમ કે તે એની પ્રકૃતિ છે. બગલો સફેદ છે, પણ તેટલા માત્રથી આપણે તેને સારો ન કહી શકીએ, કેમ કે તે એની પ્રકૃતિ છે, પ્રકૃતિથી ઉપર ઊઠીને આગળ વધવું, એ જ સંસ્કૃતિ છે.

ઘણી વાર આપણે વિકૃતિને પણ સંસ્કૃતિ માની લેવાની ભૂલ કરી બેસીએ છીએ. એટલે આ બાબત સાવધ રહેવાની જરૂર છે. આજે પશ્ચિમના લોકો વિજ્ઞાનમાં ઘણા આગળ વધ્યા છે. એમની પાસેથી આપણે લેવા લાયક ઘણું છે; પરંતુ એમનામાં ઘણો વિકૃતિનોયે અંશ પડ્યો છે, તેને સંસ્કૃતિ માની લેવાની ભૂલ આપણે ન કરીએ. એમની વિકૃતિ કાંઈ આપણે અપનાવવાની નથી. તે સિવાય દુનિયાભરની જેટલી સંસ્કૃતિ છે, તે આપણે અપનાવી લેવાની છે.

આની સાથોસાથ એ પણ ધ્યાનમાં રાખીએ કે દુનિયાભરની સંસ્કૃતિ લઈએ, પણ આપણે ત્યાંની પણ ભલે હોય, વિકૃતિ આપણને ન ખપે. આપણે ત્યાં પ્રાચીન કાળથી કોઈ એક જ ચીજ ચાલી આવતી હોય, પણ તે જો વિકૃતિ હોય, તો તેનો સ્વીકાર હરગિજ ન કરવો જોઈએ. વિકૃતિ બીજાઓની હોય કે આપણી હોય, સદંતર વર્જ્ય છે. અને પ્રકૃતિને સ્વીકારવી, પણ તેનુંયે હંમેશાં શોધન કરતા રહેવું. પ્રકૃતિને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું.

ખાવાનું આપણે ન છોડી શકીએ, કારણ કે તે પ્રકૃતિ છે, પણ માંસાહાર છોડી શકીએ. તે જરૂર છોડીએ, કેમ કે તે સંસ્કૃતિની દિશાનું આગળનું પગલું છે. ખાવામાં સંયમ રાખી શકીએ તો જરૂર રાખીએ, કારણ કે તેમ કરવાથી સંસ્કૃતિની દિશામાં એટલા આગળ વધીશું.

મારું તો માનવું છે કે વિજ્ઞાનની જેમ જેમ પ્રગતિ થતી જશે, માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ વધતી જશે, તેમ તેમ વિકૃતિઓ ક્ષીણ થતી જશે અને માણસ સંસ્કૃતિની દિશામાં આગળ વધતો જશે. બહુ આગ્રહ કરી-કરીને ખવડાવવું કે અકરાંતિયાની માફક ખાવું, એ પણ વિકૃતિ જ છે. પણ આજે હજી માણસને આ સમજાતું નથી, કેમ કે માણસને આપણી શરીરરચનાનું અને પાચન-પ્રક્રિયાનું પૂરતું જ્ઞાન નથી. જ્યારે તેને શરીરનું અંતર-બાહ્ય જ્ઞાન થશે, ત્યારે તેને તુરત સમજાશે કે આ વિકૃતિ છે અને તે છોડવી જોઈએ. માણસ કાયમ સંસ્કૃતિ-વિકૃતિનું પૃથક્કરણ કરતો રહેશે, વિશ્લેષણ કરતો રહેશે, પ્રયોગો કરતો રહેશે, અને પોતાને સાચી દિશામાં આગળ વધારતો રહેશે.

આવું ભારતમાં થયું છે. અહીં હજારો વરસથી માણસ જાતજાતના પ્રયોગો કરતો રહ્યો છે અને તેમાંથી આપણે જેને ભારતીય સંસ્કૃતિ કહીએ છીએ, તે નીપજી છે. ભારતની સંસ્કૃતિ પ્રયોગશીલ છે. ભારત પ્રાચીન કાળમાં બહુ જ પ્રવૃત્તિમય હતો. અહીં બહુ પ્રયોગો પણ થયા, તેના નિષ્કર્ષ પણ નીકળ્યા. અને તેમાંથી વિવિધ શાસ્ત્રો પણ ઊભાં થયાં. તેમાં આધ્યાત્મિક દૃષ્ટિ મુખ્ય હતી. માણસ આધ્યાત્મિક દૃષ્ટિએ કેમ આગળ વધતો રહે, તેની ખોજ નિરંતર ભારતમાં ચાલી. આવી બધી યોજનાઓ આપણા પૂર્વજોએ અનેક પ્રયોગો કરી-કરીને ઘડી. અને આ આપણો બહુ મોટો વારસો છે.

ભારત માટે એમ કહેવાય છે કે આ એક મોટો સંપન્ન દેશ છે. અહીં સુંદર-સુંદર સેંકડો નદીઓ વહે છે અને હિમાલય જેવો અદ્‌ભુત પહાડ તો અહીં છે જ. આપણો દેશ ભારે સુજલ ને સુફળ છે. પણ આપણા કરતાંયે વધારે સુજલ-સુફળ દેશો દુનિયામાં મોજૂદ છે. એટલે આ કાંઈ આપણી વિશેષતા ન કહેવાય. હા, આપણે એવો દાવો જરૂર કરી શકીએ કે અહીં જે વિચાર-સંપદા આપણને મળી છે, તે અત્યંત અદ્વિતીય છે. આ હું કોઈ અભિમાનથી નથી કહેતો. જો હું કોઈ બીજા દેશમાં જન્મ્યો હોત, તોપણ નિષ્પક્ષપણે તટસ્થતાથી ભારત વિશે આવું જ કહેત કે ભારતનો વિચાર-વૈભવ ખરેખર અદ્વિતીય છે.

ભારતમાં વૈદિક ઋષિઓથી લઈને આજ સુધી શબ્દોની એક અખંડ પરંપરા ચાલી આવી છે. હું દુનિયામાં બીજો કોઈ દેશ એવો નથી જોતો, જ્યાંની ભાષામાં દસ હજાર વરસોથી એના એ શબ્દ ચાલ્યા આવતા હોય. ભારતમાં શબ્દશક્તિનું જેટલા ઊંડાણથી ચિંતન થયું છે, તેટલું બીજે ક્યાંય નથી થયું. ભારતે પોતાના પુરાણા શબ્દોને તોડ્યા નથી. નવા જરૂર બનાવ્યા છે. સાથે જ જૂના શબ્દોમાં નવા અર્થ નાખીને તેમનો વિકાસ કર્યો છે. આ શબ્દ-પરંપરા ભારતમાં પહેલેથી આજ સુધી અખંડ ચાલી આવી છે અને બીજે ક્યાંય આવું જોવા મળતું નથી.

યાસ્કાચાર્યે કહ્યું, આપણી સનાતન છતાં નિત્યનૂતન સંસ્કૃતિ છે. આપણી ભીતર એક અખંડ તંતુ કાયમ છે. પુરાણા જમાનાના કોઈ ઋષિ આજે આવે, તો તેને આપણો બાહ્ય વેશ ભલે જુદો દેખાય, પણ એને આપણામાં એવું કાંઈક અવશ્ય દેખાશે, જેને લીધે એ કહી ઊઠશે કે આ મારાં જ બાળકો છે. આપણી ભીતર કોઈક શાશ્વત, સ્નિગ્ધ, ચવડ, કઠોર અને જીવતરવાળી વસ્તુ છે, જે બદલાતી નથી. આ આપણું એક અનોખું બળ છે.

હજારો વરસોનો આપણો પુરાતન દેશ છે. જ્યારે બીજા દેશોના ઇતિહાસનો આરંભ પણ નહોતો થયો, ત્યારે આપણા પૂર્વજો ગૌરવશિખર ઉપર પહોંચી ગયા હતા. અનેકાનેક પરિવર્તન આવ્યાં, છતાં અહીંની પરંપરા અતૂટ રહી, જે પ્રાચીનતમ કાળ સાથે આપણને જોડી રાખે છે. સ્થળ-કાળના ભેદો છતાં અહીં એકતાનું જ દર્શન થાય છે.

અહીં કહેવાયું છે કે, 'દુર્લભં ભારતે જન્મ'. આપણો આ ભારતદેશ પરમ પવિત્ર દેશ છે, એમ આપણા પૂર્વજો કહ્યા કરતા. 'દુર્લભં મહારાષ્ટ્રે જન્મ', 'દુર્લભં ગુર્જરેષુ જન્મ'- એવાં વચન તમને અહીં ક્યાંય નહિ મળે. તુલસીદાસજી પણ કહેશે, 'ભલિ ભારત ભૂમિ, ભલે કુલ જન્મ.' પાંચસો વરસ પહેલાં ગુજરાતના કવિ નરસિંહ મહેતાએ ગાયું - 'ભરત ખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે !' તે ધન્ય છે ! આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવે પણ કહી. ન નરસિંહ મહેતાએ ગુજરાતનો મહિમા ગાયો, ન શંકરદેવે અસમનો મહિમા ગાયો ! એકબીજાની ભાષા તો તેઓ જાણતા નહોતા, એકબીજાનેય નહોતા જાણતા. છતાં ભારત અમારી પુણ્યભૂમિ છે અને અમે તેમાં જન્મ પામ્યા તેથી ધન્ય થઈ ગયા, એવું એ બંનેએ અનુભવ્યું અને વ્યક્ત કર્યું.

આવી રીતે આખા ભારતનું અભિમાન એ કાંઈ પ્રકૃતિ નથી, બલ્કે સંસ્કૃતિ છે. જ્યાં એવી એવી ભાષાઓ છે કે ન જાણતો હોય તેને શીખતાંયે વરસો નીકળી જાય, એવી વિભિન્ન ભાષાઓ અને અપરંપાર વિવિધતાવાળા આ ભૂખંડને એક દેશ માનવો, એ સંસ્કૃતિ છે. પ્રકૃતિથી ઉપર ઊઠીને આ સંસ્કૃતિ સધાઈ છે. એવી ભારતીય સંસ્કૃતિને આપણે જાળવવાની છે અને આગળ વધારવાની છે.

**('ભારતીય સંસ્કૃતિ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**વર્જ્ય** ત્યજવા યોગ્ય; **ક્ષીણ** ઘસાયેલું, નબળું; **અકરાંતિયું** ધરાય નહિ તેવું, વધારે પડતું ખાનારું; **સાવધ** જાગ્રત, સજાગ; **નિષ્કર્ષ** સાર; **અદ્વિતીય** અજોડ; **અસ્ખલિત** સતત, એકધારું; **શાશ્વત** નિત્ય; **ચવડ** મુશ્કેલીથી તૂટે, ફાટે કે ચવાય તેવું; **સંપદા** સંપત્તિ

### વિરુદ્ધાર્થી

**પ્રાચીન** અર્વાચીન; **સાવધ** ગાફેલ; **સ્નિગ્ધ** કઠણ; **બાહ્ય** આંતરિક; **આધ્યાત્મિક** સાંસારિક; **અભિમાન** નિરભિમાન; **શાશ્વત** નાશવંત; **અકરાંતિયું** મિતાહારી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) નીચેનામાંથી કયું વાક્ય બંધબેસતું નથી ?

(A) વિકૃતિ એટલે સહજ સ્વભાવ

(B) પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ

(C) સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું

(D) વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું

(2) વિકૃતિઓ ક્યારે ક્ષીણ થતી જશે ?

(A) માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ ઘટતી જશે ત્યારે

(B) માણસમાં પશુવૃત્તિ આવતી જશે ત્યારે

(C) દુનિયાભરની સંસ્કૃતિનો અભ્યાસ કરવાથી

(D) માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ વધતી જશે ત્યારે

(3) (પાઠના આધારે) ભારત પાસે અદ્વિતીય એવું શું છે ?

(A) માનવસંપદા (B) વિચારસંપદા (C) પ્રાણીસંપદા (D) વૈભવી રહેણીકરણી

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) પ્રાચીન સમયના કોઈ ઋષિ આજે આવે તો તે શું કહેશે ?

**3. નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :**

ઉપવાસ કરવો એ સંસ્કૃતિ છે. આપણે મહેનત કરીને ખાઈએ છીએ, તે આપણી પ્રકૃતિ છે. આપણે જાતે મહેનત કરવાનું ટાળીશું, બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવતા રહીશું, તે આપણી વિકૃતિ છે.

(1) બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવવાની વૃત્તિને શું કહેવાય ?

(2) ઉપવાસને લેખક શું કહે છે ?

(3) 'પ્રકૃતિ'ને સમજાવવા લેખકે શું કહ્યું છે ?

(4) આ પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) આ પાઠમાંથી ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ભારતીય સંસ્કૃતિ આધારિત ક્વિઝનું આયોજન કરી એનો સાચો ઉત્તર તથા અન્ય ત્રણ વિકલ્પો સાથે પ્રશ્નોની યાદી તૈયાર કરો. ક્વિઝમાં ભાગ લો.
- તમારા મિત્રોના પરિવારની સાથે મળી વિવિધ ઉત્સવોની ઉજવણી કરો.
- ભારતીય સંસ્કૃતિની કઈ વિશિષ્ટતાઓ તમને ગમે છે તેની યાદી તૈયાર કરો.
- સમાજમાં ઉજવાતા ઉત્સવોમાં કોઈપણ એકનો અહેવાલ તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● ''....તેમ છતાં આ કદાપિ સંસ્કૃતિ હોઈ શકે નહિ.'' માણસ બીજાની મહેનતનો ગેરલાભ ઉઠાવે તે વિકૃતિ છે. વિનોબાજી ધારદાર શબ્દો વાપર્યા વિના પણ આ સનાતન સત્ય કેવી સાહજિકતાથી છતાં અડગતાથી રજૂ કરે છે તેની ખાસ નોંધ લો.

● માનવીની ખામીઓ, ખૂબીઓ અને સહજ સ્વભાવ માટે લેખકે કેવા સુંદર પ્રાસસભર- 'સંસ્કૃતિ', 'વિકૃતિ' અને 'પ્રકૃતિ' શબ્દો પ્રયોજ્યા છે ! શબ્દપસંદગી લેખન માટે કેવી અસરકારક બની રહે છે તે બાબતનો આ ઉત્તમ નમૂનો છે.

● ''પ્રકૃતિને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું.'' માણસે સુધારણા માટે પ્રયત્ન કરતા રહેવું જોઈએ આ પાયાની બાબત કેવી સાહજિક છતાં સરસ રીતે લાઘવથી રજૂ કરી છે તેની નોંધ લો.

● લેખકે કેટલાક તત્સમ શબ્દો પણ સક્ષમતાથી વાપર્યા છે તે જુઓ...

## શિક્ષકની ભૂમિકા

ભારતના સાંસ્કૃતિક વારસાની ભવ્યતા, વિવિધતા અને પ્રાચીનતા વિશે વિદ્યાર્થીઓને સંદર્ભો અને ઉદાહરણો દ્વારા માહિતગાર કરવા.

સંસ્કૃતિ ગમે તેટલી મહાન હોય છતાં માત્ર તેના ગુણગાન ગાવાથી તેનું સંરક્ષણ કે સંવર્ધન થઈ શકવાનું નથી. તે માટે સતત, સજાગ અને સભાનપણે પ્રયત્નશીલ રહેવું પડે તે વિચારનું દૃઢીકરણ કરવું.

પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિ વચ્ચેનો તાત્ત્વિક ભેદ સ્પષ્ટ કરી સંસ્કૃતિ તરફ આગળ વધવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

સમાનતા, સમભાવ, અન્યનો સ્વીકાર, વૈજ્ઞાનિક અભિગમ, સહિષ્ણુતા, સરળતા અને સજ્જનતા જેવા ગુણોનું વિદ્યાર્થીઓ આચરણ કરે તે માટે શિક્ષકે વાતાવરણ પૂરું પાડવું અને પ્રયત્નશીલ રહેવું.

'ભારત એક ખોજ' ફિલ્મના કેટલાક અંશોની ડી.વી.ડી. મેળવી વિદ્યાર્થીઓને શિક્ષકે દર્શાવવી.

●

# 11 મરજીવિયા

**પૂજાલાલ**

**(જન્મ : 17-06-1901, અવસાન : 27-12-1985**

પૂજાલાલ રણછોડદાસ દલવાડીનું વતન આણંદ જિલ્લામાં આવેલું નાપા ગામ છે. પૂજાલાલના નામથી સાહિત્યકૃતિઓ લખેલી છે. તેઓ કવિ તરીકે જાણીતા છે. તેમણે ૧૯૨૬થી શ્રી અરવિંદ આશ્રમ, પુડુચેરીમાં વસવાટ કર્યો હતો. 'પારિજાત', 'પ્રભાતગીત', 'શ્રી અરવિંદ વંદના', 'શ્રી અરવિંદ મહાપ્રભુ', 'સાવિત્રી પ્રશસ્તિ' વગેરે કાવ્ય ગ્રંથોમાં શ્રી અરવિંદ દર્શનના અને અધ્યાત્મભાવનાં કાવ્યો છે. તેમણે પ્રદેશપ્રેમ અને રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો પણ લખેલાં છે. 'ગુર્જરી' એ તેમનો સૉનેટ કાવ્યોનો સંગ્રહ છે. તેમણે બાળકાવ્યો અને કિશોરકાવ્યો પણ લખેલાં છે.

'મરજીવિયા', સૉનેટ સ્વરૂપની કાવ્યરચના છે. સૉનેટ ચૌદ પંક્તિનું છંદમાં લખાતું કાવ્યસ્વરૂપ છે. સમુદ્રમાં મોતી લેવા માટે જતી વ્યક્તિઓને મરજીવિયા કહેવાય છે. કારણ કે અગાધ સમુદ્રમાં મોતી લેતાં મૃત્યુનું પણ જોખમ હોય છે, માટે જ એને મરજીવિયા કહેવાય છે. પ્રસ્તુત કાવ્યમાં ડર્યા વગર, અટક્યા વગર ઉત્સાહથી સમુદ્ર તરફ આગળ વધતા મરજીવિયાનું વર્ણન છે. પ્રિયજનોની આંખોમાં આંસુ છે પણ મરજીવિયા એમ વાર્યા વળે એવા નથી. એ દૃઢનિશ્ચયી છે. અફાટ, અગાધ, વિકરાળ સમુદ્રમાં એ મોતી લેવા પ્રવેશે છે. મૃત્યુની મુખોમુખ થઈને મોતી લઈ બહાર આવે છે, ત્યાં સૉનેટ પૂરું થાય છે. જીવનમાં જે દૃઢનિશ્ચયી રહીને સાહસ કરે છે એને જ મોતીરૂપી ફળ મળે છે એ ભાવ આ સૉનેટ દ્વારા વ્યક્ત થાય છે.

---

સમુદ્ર ભણી ઊપડ્યા કમરને કસી રંગથી
અટંક મરજીવિયા, ડગ ભરંત ઉત્સાહનાં;
પ્રદીપ્ત નયનો; અથાગ બળ ઊભરે અંગથી;
મહારવ તણી દિશા પર ઠરી બધી ચાહના.

ડર્યાં પ્રિયજનો; બધાં સજલનેત્ર આડાં ફર્યાં,
શિખામણ દીધી : 'વૃથા જીવન વેડફો કાં ભલા,
કહીંથી વળગી વિનાશકર આંધળી આ બલા ?'
પરંતુ દૃઢનિશ્ચયી નહિ જ એમ વાર્યા વળ્યા.

ગયા ગરજતા અફાટ વિકરાલ રત્નાકરે;
તરંગ ગિરિમાળ શા હૃદય ઉપરે આથડ્યા;
હઠ્યા ન લવ તો ય, સાહસિક સર્વ કૂદી પડ્યા
અગાધ જળમાં, પ્રવેશ કીધ કાળને ગહ્વર.

ખૂંદ્યાં મરણનાં તમોમય તળો અને પામિયા
અખૂટ મણિમોતીકોષ, લઈ બ્હાર એ આવિયા.

**('પારિજાત'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**ગહ્વર** બખોલ, ગુફા; **અટંક** ટેકીલું; **મરજીવિયા** જીવના જોખમે દરિયામાંથી મોતી કાઢનાર; **પ્રદીપ્ત** સળગેલું; **અથાગ** પાર વિનાનું; **સજલનેત્ર** આંસુ ભરેલી આંખો; **અફાટ** અપાર, ખૂબ વિશાળ; **રત્નાકર** સમુદ્ર, દરિયો, રત્નનો સમૂહ; **અગાધ** અતિ ઊંડું; **તળો** તળિયાં; **અખૂટ** ખૂટે નહિ એવું, અપાર; **વારવું** અટકાવવું

## વિરુદ્ધાર્થી

**ઉત્સાહ** નિરુત્સાહ; **વિકરાલ** સુંદર; **તમોમય** તેજોમય

## તળપદા શબ્દો

**વૃથા** નકામું; **કીધ** કીધો; **તળ** તળિયું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) મરજીવિયાનાં પ્રિયજનો માટે નીચેનામાંથી કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) રડતાં-રડતાં આડાં ફર્યાં

(B) ખોટી રીતે જીવન ન વેડફવા કહ્યું

(C) મોઢું મીઠું કરાવી મરજીવિયાને વળાવિયા

(D) આવી વિનાશકર વાત ક્યાંથી વળગી તેવું વિચારવા લાગ્યાં

(2) મરજીવિયા દરિયામાંથી શું શોધી લાવ્યા ?

(A) ક્યારેય ન ખૂટે તેટલાં મણિ-મોતીનો ખજાનો

(B) શંખ અને છીપલાં

(C) જહાજનો કાટમાળ

(D) ખાલી હાથે પાછા ફર્યા

(3) મરજીવિયા કઈ રીતે સમુદ્ર ભણી ઊપડ્યાં ?

(A) નિરાશ અને મ્લાન વદને　　(B) હિંમત હારીને

(C) ઉત્સાહથી ડગલાં ભરતાં　　(D) પોતાનાં પ્રિયજનોના સહારે

(4) નીચેનામાંથી કઈ બાબત સમુદ્રને લાગુ પડતી નથી ?

(A) ડુંગરા જેવડાં મોજાં ઉછાળતો હતો.

(B) તાગ ના આવે તેટલું અતિ ઊંડું જળ હતું.

(C) અફાટ અને વિકરાલ સમુદ્ર ગર્જના કરી રહ્યો હતો.

(D) સમુદ્રનું જળ છીછરું હતું.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) મરજીવિયાને પ્રિયજનોએ કઈ શિખામણ દીધી ?

(2) સમુદ્ર ભણી જતી વખતનો મરજીવિયાનો ઉત્સાહ તમારા શબ્દોમાં વર્ણવો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) મરજીવિયા કાવ્યમાં વ્યક્ત થતો જીવન માટેનો દૃષ્ટિકોણ તમારા શબ્દોમાં વર્ણવો.

(2) મરજીવિયાની સફળતા પાછળનું રહસ્ય તમારા શબ્દોમાં જણાવો.

4. **નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

'ખૂંદ્યાં મરણનાં તમોમય તળો અને પામિયા
અખૂટ મણિમોતીકોષ, લઈ બ્હાર એ આવિયા.'

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ સૉનેટનું સમૂહગાન કરો.
- તમારા શિક્ષકની મદદથી સાહસકથાઓ મેળવીને વાંચો.
- સાહસનો સંચાર કરે એવાં અન્ય ગીતો મેળવીને એનું ગાન કરો.
- તમારા જીવનમાં બનેલા કે તમે સાંભળેલા કોઈ સાહસિક પ્રસંગનું વર્ણન કરો.
- તમારા શિક્ષક કે વાલીની મદદથી એક સાહસિક કાર્યક્રમનું આયોજન કરો. કાર્યક્રમ પછી તેનો ફોટોગ્રાફ્સ સાથેનો અહેવાલ તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'તરંગ ગિરિમાળ શા હૃદય ઉપરે આથડ્યા'

મરજીવા સાગરના પેટાળ સુધી પહોંચી, મહાસાગર સામે બાથ ભીડી, સામી છાતીએ લડી આગળ વધે છે. આ વાત કેવી સુંદર ઉપમાથી રજૂ થઈ છે તે જુઓ. દરિયાનાં મોજાં માટે 'ગિરિમાળ શા' શબ્દપ્રયોગ કેટલો ચોટદાર છે તે પણ જુઓ.

- કવિએ કેવી ખૂબીથી 'તમોમય' જેવો તત્સમ અને 'તળ' જેવો તળપદો શબ્દ એક જ પંક્તિમાં વાપરી વર્ણાનુપ્રાસ રચ્યો છે !

- કવિએ અગાધ જળ, તમોમય તળ અને વિકરાળ રત્નાકરના શબ્દપ્રયોગોથી દરિયાની ભયંકરતા કેવી અસરકારકતાથી ઉપસાવી છે તે ધ્યાનમાં લો.

- કવિએ મરજીવા માટે અટંક, દૃઢનિશ્ચયી, સાહસિક જેવાં વિશેષણો વાપર્યાં છે જ્યારે દરિયા માટે મહારવ, ગરજતા, અફાટ, વિકરાળ જેવાં વિશેષણો વાપર્યાં છે. વ્યક્તિચિત્રો ઉપસાવવા વિશેષણો કેવાં ઉપયોગી બને છે તે સમજો. આ વિશેષણોની તુલના કરો.

## શિક્ષકની ભૂમિકા

'સાહસ કરે તે પામે' - 'વાવે તે લણે'

'સાહસ વિના સિદ્ધિ નહિ'.... જેવી કહેવતોને ચરિતાર્થ કરતું આ કાવ્ય મનુષ્યના સાહસિક સ્વભાવને કારણે તે આટલો વિકાસ કરી શક્યો છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

આ અંગે જાણીતા સંસ્કૃત સુભાષિતની ચર્ચા કરવી.

उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।
नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥

વિદ્યાર્થીઓમાં સાહસિક વૃત્તિ વધે તે માટે સાહસકથાઓ રજૂ કરી સાહસ કરનારને જ જીવનમાં સફળતા મળે છે તે વાત જણાવવી.

સાહસ કરતાં પહેલાં તેનાં પરિણામોથી પણ વાકેફ થવું જોઈએ તે વાત પણ વિદ્યાર્થીઓને સમજાવવી.

સૉનેટ કાવ્યપ્રકારમાં પંક્તિખંડનું વિભાજન કેવી રીતે થાય છે અને એનાથી ચમત્કૃતિ શી રીતે સર્જાય છે તેનો વિદ્યાર્થીઓને ખ્યાલ આપવો.

●

# 12 સખી માર્કંડી

**કાકાસાહેબ કાલેલકર**

**(જન્મ : 1-12-1885, અવસાન : 21-8-1981)**

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર મૂળ મહારાષ્ટ્રના સતારાના વતની હતા. ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક અને આચાર્યપદે રહ્યા હતા. માતૃભાષા મરાઠી હોવા છતાં તેમણે ગુજરાતી ભાષામાં ઉત્તમ સાહિત્યસર્જન કર્યું છે. તેથી ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી' તરીકે ઓળખાવ્યા. 'ગંગામૈયા', 'યમુનારાણી', 'ઉભયાન્વયી નર્મદા', 'દક્ષિણ ગંગા ગોદાવરી', તેમના ગદ્યલેખન શૈલીના ઉત્તમ નમૂના છે. 'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'પૂર્વઆફ્રિકામાં', 'ઉગમણો દેશ જાપાન' તેમના પ્રવાસવર્ણનના ગ્રંથો છે. 'રખડવાનો આનંદ', 'જીવનનો આનંદ', 'જીવનલીલા' તેમના નિબંધસંગ્રહો છે. 'સ્મરણયાત્રા', 'ઓતરાતી દીવાલો'માં અનુક્રમે શૈશવ અને જેલ જીવનના પ્રસંગોનું સુંદર વર્ણન છે. 'કાલેલકર ગ્રંથાવલીમાં' તેમનું સમગ્ર સાહિત્ય ગ્રંથસ્થ થયું છે. તેમને સાહિત્ય અકાદમી ઍવૉર્ડ, દિલ્હી તથા પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાકાસાહેબ કાલેલકરનો પ્રવાસ નિબંધ 'સખી માર્કંડી' ભારતની નદીઓ વિશેના એમના પુસ્તક 'લોકમાતા'માંથી લેવામાં આવ્યો છે. આપણી સંસ્કૃતિમાં નદીને માતા કહી છે પણ આ નિબંધમાં લેખક નદીને પોતાની સખી રૂપે આલેખે છે. લેખકના ગામ પાસેથી વહેતી માર્કંડીની સાથે એમનું બાળપણ વિત્યું હોવાથી એક વિશેષ ભાવ એની સાથે અનુભવ્યો છે. માર્કંડીનું સૌંદર્ય, એની મૈત્રી, નિકટતા વર્ણવીને લેખકે નદીનું અલગ સ્વરૂપ પ્રગટ કર્યું છે.

---

શું દરેક નદી માતા હોય છે ? ના. માર્કંડી તો મારી નાનપણની સખી છે. એ એટલી નાની છે કે એને હું મોટી બહેન તરીકે પણ ન ઓળખાવી શકું.

અમારા ખેતરમાં ઊમરાનાં ઝાડ તળે બપોરની છાયામાં બેઠો હોઉં ત્યારે માર્કંડીનો મંદ પવન જરૂર બોલાવવાનો. માર્કંડીને કાંઠે કેટલીયે વાર બેઠો છું, અને પવનનાં મોજાંથી ડોલતાં ઘાસનાં પાન કલાકો સુધી જોયા કર્યાં છે. માર્કંડીને કાંઠે અસાધારણ અદ્ભુત એવું કશું નથી. ખાસ ફૂલો નથી, જાતજાતના રંગવાળાં પતંગિયાં નથી, રૂપાળા પથરાયે નથી. પોતાના કલકૂજિતથી ચિત્તને અસ્વસ્થ કરે એવા નાનામોટા પ્રપાત ક્યાંથી જ હોય ? ત્યાં છે ફક્ત પ્રેમળ શાંતિ.

ભરવાડો કહે છે કે માર્કંડી વૈજનાથના ડુંગરમાંથી આવે છે. મને એનું મૂળ શોધવાની કદી ઇચ્છા થઈ નથી. અમારા તાલુકાનો નકશો હાથમાં આવે તોયે એમાં માર્કંડીની લીટી હું ન શોધું, કેમ કે તેમ કરતાં એ સખી મટી નદી થઈ જાય ! મને તો એના પાણીમાં મારા પગ બોળીને બેસવાનું જ ગમે છે. પગ મૂક્યો કે તરત જ ખળખળ ખળખળ એવો અવાજ શરૂ થાય. નાનપણમાં અમે કેટલીયે વાતો કરતાં. એકબીજાનો સહવાસ જ અમારા આનંદને માટે બસ થતો. માર્કંડી શું બોલે છે તે સમજવાની હું દરકાર ન કરું અને હું જે બોલું એનો અર્થ કરવા માર્કંડી ન થોભે. અમે એકબીજાને ઉદ્દેશીને બોલીએ છીએ એટલું જ બંનેને બસ હતું. ભાઈબહેન ઘણે વરસે મળે એટલે એકબીજાને હજાર સવાલ પૂછે. પણ એ સવાલો પાછળ જિજ્ઞાસા નથી હોતી; એ તો પ્રેમ વ્યક્ત કરવાનો એક પ્રકાર હોય છે. સવાલ શો પૂછ્યો અને જવાબ શો મળ્યો એ તરફ ધ્યાન રાખવા જેટલી સ્વસ્થ વૃત્તિ પ્રેમમિલન વખતે ક્યાંથી રહે!

માર્કંડીને કાંઠે કાંઠે હું ગાતો ફરું અને માર્કંડી સાંભળતી જાય. સોળમે વર્ષે પોતાને લઈ જવા આવેલા યમરાજને શિવભક્તિને જોરે પાછા ઠેલનાર માર્કંડેય ઋષિનું આખ્યાન ગાતાં મને કેટલો આનંદ થતો ?

મૃકંડુ ઋષિને સંતાન ન હતું. એણે તપશ્ચર્યા કરી મહાદેવને પ્રસન્ન કર્યા. મહાદેવે વરદાનમાં વિકલ્પ મૂક્યોઃ

**કાં સોળ વર્ષ જીવનાર સદ્‌ગુણી**

**બાળક, કાં સો વર્ષ જીવનાર મૂઢ**

**બાળક - તમે પસંદ કરો.**

હવે બેમાંથી કયો વર પસંદ કરવો ? ઋષિએ ધર્મપત્નીને પૂછ્યું. સદ્‌ગુણી બાળક ફક્ત સોળ જ વરસ ભલે

જીવે, એ જ કુલોદ્ધારક થશે, એમ ગણી બંને જણાંએ એ જ માગી લીધો. માર્કંડેય જેમ જેમ ઉંમરમાં ખીલતો જાય તેમ તેમ માબાપનાં વદન મ્લાન થતાં જાય. આખરે સોળ વરસ પૂરાં થયાં.

યુવાન માર્કંડેય પૂજામાં બેઠો છે. યમરાજ પોતાના પાડા પર બેસીને આવ્યા. પણ શિવલિંગને ભેટી પડેલા યુવાન સાધુને અડકવાની એમની હિંમત કેમ ચાલે ? હા, ના કરતાં આખરે પાશ ફેંક્યો; ત્યાં લિંગમાંથી ત્રિશૂળધારી શિવજી પ્રગટ થયા, અને ધૃષ્ટતા માટે યમરાજને સાંભળવું પડ્યું. મૃત્યુંજય મહાદેવનાં દર્શન થયા પછી માર્કંડેયને મૃત્યુની બીક ક્યાંથી રહે ? એની આયુધારા હજી વહે છે.

કૉલેજમાં ભણતો ત્યારે પરીક્ષા પછી અમારી ભાઈબીજ થતી. લણણીના દિવસો હોય, બબ્બે દિવસ મારે ખેતરમાં જ ગાળવાના હોય, ત્યારે માર્કંડી મને શકરિયાં પણ આપતી અને અમૃત જેવું પાણી પણ પાતી. રાત્રે એ ટાઢથી ધ્રૂજે છે કે શું એ જોવા હું જાઉં ત્યારે પોતાના અરીસામાં મને એ મૃગ નક્ષત્ર બતાવતી.

આજે પણ જ્યારે જ્યારે અમારે ગામડે જાઉં છું ત્યારે ત્યારે માર્કંડીને મળ્યા વગર રહેતો નથી. પણ હવે પહેલાંની પેઠે એ મારી સાથે ગેલ કરતી નથી. જરાક સ્મિત કરી મૌન જ ધારણ કરે છે. એના સુકુમાર વદન પર પહેલાંનું લાવણ્ય નથી જોઈ શકતો. પણ એના સ્નેહની ગંભીરતા વધી છે.

**('પ્રકૃતિનો આનંદ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**પ્રપાત** ધોધ; **કુલોદ્ધારક** કુળનો ઉદ્ધાર કરનાર; **મ્લાન** કરમાયેલું, નિસ્તેજ; **લાવણ્ય** સુંદરતા; **પાશ** ફાંસલો; **ધૃષ્ટતા** વધુ પડતી હિંમત, ઉદ્ધતાઈ

### વિરુદ્ધાર્થી

**સાધારણ** અસાધારણ; **સ્વસ્થ** અસ્વસ્થ; **ઇચ્છા** અનિચ્છા; **વરદાન** શાપ; **પ્રગટ** અપ્રગટ; **સ્મિત** રુદન; **મંદ** જલદ

### રૂઢિપ્રયોગ

**આયુધારા વહેવી** જીવતા રહેવું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) લેખક નકશામાં માર્કંડીની લીટી શોધતા નથી કારણ કે...

(A) લેખકને નકશા-વાચન આવડતું નથી

(B) માર્કંડી ખૂબ જ મોટી નદી છે.

(C) એ સખી મટી નદી થઈ જાય તેવો ભય છે.

(D) એ નદી નકશામાં દેખાતી નથી.

(2) મહાદેવે મૃકંડુ ઋષિને વરદાનમાં કેવું બાળક આપવા કહ્યું ?

(A) તરત મૃત્યુ પામનાર બાળક (B) સોળ વર્ષ જીવનાર સદ્‌ગુણી બાળક

(C) સો વર્ષ જીવનાર મૂઢ બાળક (D) ઉપરના (B) અને (C) બંને

(3) માર્કંડી લેખકને શું આપતી ?

(A) શક્કરિયાં (B) અમૃત જેવું પાણી

(C) મૃગનક્ષત્રનાં દર્શન (D) ઉપરના (A) (B) (C) ત્રણેય

(4) ધૃષ્ટતા માટે યમરાજને કોનો ઠપકો સાંભળવો પડ્યો ?

(A) ત્રિશૂળધારી શિવજીનો (B) માર્કંડેય ઋષિનો

(C) ઋષિપત્નીનો (D) ભાઈ-બહેનનો

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) માર્કંડેય જેમ જેમ ઉંમરમાં ખીલતો જાય તેમ તેમ મા-બાપનાં વદન શા માટે મ્લાન થતાં જાય છે ?

(2) માર્કંડીના કાંઠે અસાધારણ અદ્ભુત એવું કશું નથી. તેમ છતાં લેખકને શા માટે ગમે છે ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) માર્કંડી સાથેનો લેખકનો સહવાસ તમારા શબ્દોમાં વર્ણવો.

(2) માર્કંડેય ઋષિની કથા તમારા શબ્દોમાં આલેખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- નદીકિનારાના પ્રવાસનું આયોજન કરો અને એના સૌંદર્યનું વર્ણન કરો.
- તમે પોતે માર્કંડી નદી હો એવી રીતે તમારી આત્મકથા લખો.
- તમારા ગામની નદીને એક પત્ર લખો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'માર્કંડીને કાંઠે ..... ફક્ત પ્રેમળ શાંતિ'

લેખક ઘણા નકાર સાથે માર્કંડીનું વર્ણન શરૂ કરે છે... ત્યાં ફૂલો નથી, પતંગિયા નથી, રૂપાળા પથ્થરો નથી... પણ ત્યાં શાંતિ છે. વળી શાંતિ સાથે 'પ્રેમળ' વિશેષણ મૂકે છે. બધા નકારોને હરાવવા આ 'પ્રેમળ શાંતિ' શબ્દ કેવો સક્ષમ બને છે તે જુઓ. વર્ણનની આ અનોખી, આકર્ષક રીત પણ ધ્યાનમાં લો.

- ''માર્કંડી શું બોલે તે... હતું.''

લેખક અને નદી બંને બોલે છે, કોઈ કોઈને સાંભળતું નથી છતાં બંને એકબીજાને સમજે છે. લેખકે પ્રેમનો અલગ સેતુ અહીં વર્ણવ્યો છે. લેખકનું નદી સાથેનું તાદાત્મ્ય અને વર્ણન નોંધનીય છે.

- નદીનું વર્ણન જે સામાન્ય રીતે થાય છે, એના કરતાં આ વર્ણન અલગ છે જે નીચેનાં વાક્યોથી સમજાશે :

- માર્કંડી તો મારી નાનપણની સખી છે.
- નકશો હાથમાં આવે તો માર્કંડીની લીટી હું ન શોધું, કેમ કે તેમ કરતાં એ સખી મટી નદી થઈ જાય !
- આજે પણ જ્યારે ગામડે જાઉં ત્યારે માર્કંડીને મળ્યા વગર રહેતો નથી.
- પહેલાંની પેઠે એ મારી સાથે ગેલ કરતી નથી.

## શિક્ષકની ભૂમિકા

નદી વિશે વાંચેલાં વર્ણનો કરતાં અલગ અને વિશિષ્ટ કહી શકાય તેવી શૈલીમાં અહીં નદીનું થયેલું વર્ણન કેટલું રસપ્રદ, જીવંત અને આત્મીય બને છે તે વાત વિદ્યાર્થીઓને એકમમાંથી ઉદાહરણો આપી સ્પષ્ટ કરવી.

માર્કંડી નામ જેની સાથે જોડાયેલું છે તેવા માર્કંડેય ઋષિનો પૌરાણિક પ્રસંગ વાર્તા સ્વરૂપે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી શકાય.

નદી એટલે આત્મીય સ્વજન, સુખદુઃખની સાથી એવી સખી, સંવાદોની આપ-લે સિવાય એકબીજાને સમજી શકવાની ક્ષમતા ધરાવતું નદીનું નિરૂપણ 'જરા હટકે' છે તે વિશે વિદ્યાથીઓ સાથે ચર્ચા કરવી.

આપણા ગામની કે આસપાસની નાની નદીને પણ આત્મીય બનાવી શકાય તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

# એકમ-3 રવાનુકારી, અંગસાધક પ્રત્યય, સંધિ

## રવાનુકારી શબ્દો

**નીચેનાં પશુ - પક્ષી શું બોલે છે, તમને ખબર છે ?**

કાગડો -

કૂતરો -

કોયલ -

બિલાડી -

મોર -

ખબર છે ને

કાગડો : કા... કા...

કૂતરો : હાઉ... હાઉ...

કોયલ : કૂહૂ... કૂહૂ...

બિલાડી : મિંયાઉં... મિંયાઉં

મોર : ટેં...હૂંક...ટેં...હૂંક

બરાબર ? પણ એ વિચાર્યું છે કે આ પશુ-પક્ષી ખરેખર આવું જ બોલે છે કે આપણને આવું કંઈક સંભળાય છે. તેને આપણે આપણી ભાષામાં આવી રીતે લખીએ છીએ ? જ્યારે આપણને સંભળાતા અવાજને આપણી ભાષામાં લખીએ ત્યારે તેને 'રવાનુકારી' શબ્દો કહીએ છીએ.

હવે નીચેનાં વાક્યોમાં આપેલી ખાલી જગ્યા પૂરો :

**ઉદાહરણ :** ગોરાણી ભરઉંઘમાં હતાં. તેમને લાગ્યું કે કોઈ બારણું ખખડાવી રહ્યું છે... ખટ ખટ... ખટ ખટ.

(1) અમે જાણે કુદરતને ખોળે પહોંચી ગયાં. સામે જ... ... કરતું ઝરણું વહી રહ્યું હતું.

(2) નળમાંથી પાણી ટપકતું હતું... ... ... ...

(3) એને અચાનક કોઈના ઝાંઝરનો અવાજ આવ્યો ... ...

(4) વરસાદની કાળી ડિબાંગ રાતે વરસાદ અટકવાનું નામ જ નહોતો લેતો. બહાર દેડકાઓ પણ... ... કરી રહ્યાં હતાં.

(5) બંદૂકમાંથી .................... કરતીકને ગોળી છૂટી.

આ ખાલી જગ્યાઓ તમે કયા શબ્દોથી પૂરશો ? ચાલો, જોઈએ.

(1) અમે જાણે કુદરતને ખોળે પહોંચી ગયાં. સામે જ <u>ખળખળ</u> કરતું ઝરણું વહી રહ્યું હતું.

(2) નળમાંથી પાણી ટપકતું હતું... <u>ટપ ટપ...ટપ...ટપ</u>

(3) એને અચાનક કોઈના ઝાંઝરનો અવાજ આવ્યો... <u>છમછમ છમછમ</u>

(4) વરસાદની કાળી ડિબાંગ રાતે વરસાદ અટકવાનું નામ જ નહોતો લેતો. બહાર દેડકાઓ પણ <u>ડ્રાંઉ ડ્રાંઉ</u> કરી રહ્યાં હતાં.

(5) બંદૂકમાંથી <u>સનનન</u> કરતીકને ગોળી છૂટી.

આ શબ્દોના પ્રયોગને કારણે તમે વાક્ય વાંચતા હોવા છતાં જાણે તમે સાંભળતા હોવ તેવું લાગે છે ? જાણે

તમારી નજર સામે તરત જ એ ચિત્ર ઊભું થઈ જાય છે, બરાબર ? આ શબ્દોને રવાનુકારી શબ્દ કહે છે. તમે નાના હતાં ત્યારે આ કવિતા વાંચી હતી ?

બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ !
મારી ચપટી વાગે છે પટ્ટ પટ્ટ પટ્ટ,
જાણે ફૂટે બંદૂકડી ફટ્ટ ફટ્ટ ફટ્ટ,
પેલી બિલાડી ભાગે છે ઝટ્ટ ઝટ્ટ ઝટ્ટ
બા, મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ.

આ રવાનુકારી શબ્દોને કારણે જાણે ચપટી અને બંદૂકડી સંભળાય છે. સાચી વાત છે ને !

પણ માત્ર સાંભળવાના જ નહીં, જોવાના, સૂંઘવાના કે અડવાના અનુભવને પણ જ્યારે આ રીતે વ્યક્ત કરીએ ત્યારે તેને પણ 'રવાનુકારી' શબ્દ જ કહે છે. જેમકે,

(1) દીવાળીમાં ઘેર ઘેર પ્રગટેલા દીવાઓથી જાણે આખું નગર ઝળહળ થતું હતું.

(2) અનાજની બધી ગુણ અંદર મૂકીને માંગીલાલ બહાર આવ્યો ત્યારે પરસેવે રેબઝેબ હતો.

(3) મુન્ની આટલી નાની છે પણ એને પાણીપુરી ભાવે, તીખી તમતમ.

(4) ચૈતર ચંપો મ્હોરિયો, ને મ્હોરી આંબાડાળ, મઘમઘ મ્હોર્યા મોગરા, મેં ગૂંથી ફૂલનમાળ.

(5) ''તમે ધર્મયુગ કોલોની, કાંકરિયા રહો છો ને ?'' આટલું સાંભળતાં કાકાના કાનના પડદા પર ગલીપચી થઈ.

તમે ઉપરનાં વાક્યો વાંચ્યાં. તેમાં અધોરેખિત શબ્દ પણ વાંચ્યા. તમને ખ્યાલ આવે છે કે વાક્ય-1 માં જ્યારે 'ઝળહળ' શબ્દ વાંચ્યો ત્યારે તમને નજર સામે દીવાઓથી ઝગમગતું નગર દેખાયું ! કે જ્યારે વાક્ય-3માં પાણીપુરી સાથે 'તમતમ' શબ્દ વાંચ્યો ત્યારે જીભ પર તીખાશની ચરચરાટ અનુભવાઈ ! વાક્ય-5માં કાનના પડદા પર 'ગલીપચી' - શબ્દ વાંચતા જ કોઈએ કાકાના કાન પર કોઈ વિશેષ સ્પર્શ કર્યો હોવાનો અનુભવ થયો ? એટલે કે, માત્ર કાન નહીં, પણ આપણી પાંચેય ઈન્દ્રિય - આંખ, નાક, કાન, જીભ અને ચામડીમાંથી કોઈ પણ એકનો અનુભવ સાકાર કરે તે શબ્દને રવાનુકારી શબ્દ કહે છે.

આપણે આ રવાનુકારી શબ્દને નામ કે ક્રિયાપદ તરીકે પણ વાપરતા હોઈએ છીએ. જેમકે,

- એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું. (લોહીની સગાઈ)

અહીં 'ખિલખિલ' પરથી 'ખિલખિલાટ' નામ બન્યું છે, તે ક્રિયાવિશેષણ તરીકે અહીં પ્રયોજાયું છે.

તમારી કૃતિઓમાં આવા રવાનુકારી શબ્દો પ્રયોજાયા છે. જેમકે,

કાવ્ય : ગુર્જરીના ગૃહ કુંજે

અષાઢનાં ઘનગર્જન ઝીલ્યાં રણઝણતાં ઉરતંતે.

પાઠ : સખી માર્કંડી

પગ મૂક્યો કે તરત જ ખળખળ ખળખળ એવો અવાજ શરૂ થાય.

તમારી કૃતિઓમાં પ્રયોજાયેલા રવાનુકારી શબ્દો શોધો અને તે વાંચતા તમને કેવો અનુભવ થાય છે, તે નોંધો. તમે જ્યારે નિબંધ કે અર્થવિસ્તાર લખતા હોવ, ત્યારે આ પ્રકારના શબ્દો વાપરી જોજો. તમને ખ્યાલ આવશે કે આ પ્રકારના શબ્દપ્રયોગથી વાતાવરણ વધારે જીવંત લાગે છે.

## અંગસાધક પ્રત્યય

વિદ્યાર્થીમિત્રો, નીચેના કેટલાક શબ્દ આપ્યા છે. તમે એના વિરુદ્ધાર્થી શબ્દો લખશો ?

પ્રિય -

સ્વસ્થ -

સજીવ -

હાજર -

એક -

સાવ સરળ છે ને ! જવાબ જોઈએ તો-

પ્રિય - અપ્રિય

સ્વસ્થ - અસ્વસ્થ

સજીવ - નિર્જીવ

હાજર - ગેરહાજર

એક - અનેક

જવાબ સાચા જ હશે ! હવે, આપણે આ શબ્દો ફરીથી જોઈએ. અપાયેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપવા તમે શું કર્યું ? તમે શબ્દની આગળ 'અ', 'નિર્', 'ગેર' કે 'અન્' લગાવ્યો. ખ્યાલ ન આવ્યો ? ચાલો, સાથે જોઈએ.

'અપ્રિય' એટલે ? 'પ્રિય' શબ્દની આગળ તમે 'અ' લગાવ્યો - 'અ-પ્રિય', 'હાજર' શબ્દની આગળ 'ગેર' લગાવ્યો એટલે 'ગેર-હાજર'. એ જ રીતે 'એક'ની આગળ 'અન્' લગાવ્યો એટલે 'અન્-એક' (-'ન'માં 'એ' ભળી ગયો એટલે 'ને') થઈને 'અનેક' બરાબર ?

આમ તો શબ્દના પોતાના વિરુદ્ધાર્થી શબ્દ હોય છે. જેમ કે, 'ચોખ્ખું-ગંદુ, સાજું-માંદુ, તાજું-વાસી વગેરે. પણ કેટલીક વાર આપણે એ જ શબ્દની આગળ અન્ય કોઈ એક કે બે અક્ષર જોડીએ છીએ અને વિરુદ્ધાર્થી શબ્દ બનાવીએ છીએ, જેમ આપણે ઉપર 'હાજર'ની આગળ 'ગેર' લગાવીને વિરુદ્ધાર્થી શબ્દ 'ગેરહાજર' અથવા 'પ્રિય'ની આગળ 'અ' લગાવીને 'અપ્રિય' શબ્દ બનાવ્યો. એક શબ્દ પરથી અન્ય શબ્દ બનાવનારા આવા એક કે બે અક્ષરના 'પ્રત્યય'ને આપણે - શબ્દ બનાવનારા પ્રત્યય - 'અંગસાધક' પ્રત્યય કહીએ છીએ.

આવા અંગસાધક પ્રત્યયથી શું માત્ર વિરુદ્ધાર્થી શબ્દ જ બનાવી શકાય ? ના. તમે ઉપરનાં ઉદાહરણ ફરીથી જુઓ. તેમાં એક શબ્દજોડ છે : 'સજીવ-નિર્જીવ' અહીં તમને ખ્યાલ આવશે કે 'જીવ' શબ્દને 'સ' જોડતાં 'સજીવ' અને 'નિર્' જોડતાં 'નિર્જીવ' શબ્દ બન્યો છે. અહીં 'જીવ' સાથે 'સ' લાગ્યો છે ત્યારે તે 'સ' 'સાથેનો, સહિતનો' અર્થ આપે છે. એટલે કે 'સજીવ' એટલે 'જીવ સહિતનો, જીવવાળો' અને 'નિર્' અભાવસૂચક વિરોધી અર્થ આપે છે એટલે 'નિર્જીવ'નો અર્થ 'જીવ વગરનો' થાય છે. આવા અન્ય કેટલાક પ્રત્યયો જોઈએ ?

ચાલો, નીચે કેટલાક શબ્દો આપ્યા છે. તમે તેનો વિરુદ્ધાર્થી શબ્દ બનાવવા કયો પ્રત્યય લગાવશો ?

પારદર્શક -

સ્વસ્થ -

સહ્ય -

વિશ્વાસ -

હિંસા -

વિરુદ્ધાર્થી શબ્દ બનાવવા અહીં તમે કયો પ્રત્યય લગાવ્યો ? શાબાશ ! 'અ' પ્રત્યય. તો હવે શબ્દજોડ મેળવી લઈએ ?

પારદર્શક - અપારદર્શક

સ્વસ્થ - અસ્વસ્થ

સહ્ય - અસહ્ય

વિશ્વાસ - અવિશ્વાસ

હિંસા - અહિંસા

એટલે કે, વિરુદ્ધાર્થી શબ્દ મેળવવા આપણે 'અ-' પ્રત્યય લગાવીએ છીએ. હવે નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો બનાવો. હવે તમે કયા પ્રત્યયનો ઉપયોગ કરો છો, તે જુઓ :

ગમો -

માનીતું -

દીઠું -

સમજુ -

હક્ક -

અહીં વિરુદ્ધાર્થી શબ્દો મેળવવા તમને કયો પ્રત્યય પરિચિત લાગ્યો ? 'અણ' ? બરાબર ! તો શબ્દજોડ જોઈએ ?

ગમો - અણગમો

માનીતું - અણમાનીતું

દીઠું - અણદીઠું

સમજુ - અણસમજુ

હક્ક - અણહક્ક

પહેલાં તમે 'અ' પ્રત્યય દ્વારા વિરુદ્ધાર્થી શબ્દ બનાવ્યા. અહીં તમે 'અણ' પ્રત્યય દ્વારા વિરુદ્ધાર્થી શબ્દ મેળવ્યા. તો આપણે વિરુદ્ધાર્થી શબ્દ બનાવવા માટે આવા કેટલા પ્રત્યયોનો ઉપયોગ કરતા હોઈશું ? ચાલો, નીચે નવો પ્રત્યય લગાવી જોઈએ...

હાજર -

કાનૂની -

ફાયદો -

લાભ -

સમજ -

આ શબ્દોની આગળ તમે 'ગેર' પ્રત્યય લગાવ્યો. શા માટે ? કારણ કે, તમે પહેલાં એ રીતે વપરાયેલા શબ્દો સાંભળ્યા છે, વાપર્યા છે. 'ગેર' પ્રત્યય લગાવતા આપણને કયા વિરુદ્ધાર્થી શબ્દો મળ્યા, જોઈ લઈએ ?

હાજર - ગેરહાજર

કાનૂની - ગેરકાનૂની

ફાયદો - ગેરફાયદો

લાભ - ગેરલાભ

સમજ - ગેરસમજ

ઉપરોક્ત શબ્દો સાથે તમે 'અ', 'અણ' અને 'ગેર' લગાવીને વિરુદ્ધાર્થી શબ્દો મેળવ્યા. હવે કેટલાક બીજા પ્રત્યયો જોઈએ. આપણે 'અપ' કે 'અવ' લગાવીને પણ વિરુદ્ધાર્થી શબ્દ બનાવીએ છીએ. નીચે ઉદાહરણ જોતાં આ

વિગત સ્પષ્ટ થશે.

અપ :

માન - અપમાન

યશ - અપયશ

લક્ષણ - અપલક્ષણ

અવ :

ગુણ - અવગુણ

આરોહ - અવરોહ

કૃપા - અવકૃપા

કેટલીક વાર 'નિઃ' પ્રત્યય દ્વારા પણ નકાર કે અભાવ દર્શાવીએ છીએ. પણ આ પ્રત્યયના પ્રયોગ સાથે સંધિના નિયમો પણ ધ્યાનમાં રાખવા પડે છે. કારણ કે 'નિઃ' પ્રત્યય કેટલાક શબ્દોમાં 'નિર્' તરીકે વપરાય છે તો કેટલાક શબ્દોમાં 'નિસ્' તરીકે. આ વિગતો સંધિના પ્રકરણમાં જોઈશું. પણ એ વિરુદ્ધાર્થી શબ્દ કેવી રીતે બનાવે છે, તેનાં ઉદાહરણ અહીં જોઈએ.

| **વિસર્ગનો 'ર્' (સ્વર કે ઘોષ વ્યંજન પહેલાં** | **વિસર્ગ - (સંઘર્ષી વ્યંજન પહેલાં)** | **નિશ્- (ચ કે છ - વ્યંજન પહેલાં)** | **નિષ્- (ક, પ, ક્ - વ્યંજન પૂર્વે)** |
|---|---|---|---|
| આશા-નિરાશ | નિઃસ્વાર્થ | ચલ-નિશ્ચલ | કપટ-નિષ્કપટ |
| ઉત્સાહી-નિરુત્સાહી | નિઃશેષ | ચિંતિત-નિશ્ચિંત | પ્રયોજન-નિષ્પ્રયોજન |
| આકાર-નિરાકાર | નિઃસંકોચ | ચેતન-નિશ્ચેતન | સફળ-નિષ્ફળ |

તમે અહીં 'સફળ-નિષ્ફળ' શબ્દજોડ જોઈ ? 'સ' દ્વારા 'સહિત'નો અને 'નિઃ' દ્વારા 'રહિત'નો અર્થ ઉમેરાયો. 'સહિત-રહિત'ની વિરુદ્ધાર્થી શબ્દજોડ પર નજર ફેરવીએ ? હવે તમને શબ્દના સાચા અર્થનો પણ ખ્યાલ આવશે.

<u>સ - નિઃ</u>

સચિંત - નિશ્ચિંત

સક્રિય - નિષ્ક્રિય

સજળ - નિર્જળ

સજીવ - નિર્જીવ

સાકાર - નિરાકાર

એ જ રીતે 'સારા-ખરાબ'ની શબ્દજોડ પણ આપણે આવા પ્રત્યયોની મદદથી મેળવી શકીએ. ચાલો, આવી કેટલીક શબ્દજોડ જોઈએ.

<u>સુ - દુઃ</u>

સુલભ - દુર્લભ

સબળ - દુર્બળ

સુબોધ - દુર્બોધ

સુગંધ - દુર્ગંધ

સુગમ - દુર્ગમ

અહીં 'સુ' પ્રત્યય દ્વારા 'સારું'નો અર્થ તો 'દુર્' દ્વારા 'ખરાબ, અશક્ય' આદિનો અર્થ દર્શાવાયો છે. અન્ય એક શબ્દજોડ જોઈએ તો સત્કર્મ - દુષ્કર્મ. અહીં 'સત્' દ્વારા 'સારું'નો અર્થ દર્શાવાય છે. પણ 'સત્' એ પ્રત્યય નથી. તેથી આ શબ્દજોડમાં માત્ર 'દુર્' દ્વારા ઉમેરાતા ખરાબ, અભાવ, અશક્ય આદિના અર્થને જ જોઈશું.

<u>સત્ - દુઃ</u>

સદાચાર - દુરાચાર		સુદ્ગુણ - દુર્ગુણ

સજ્જન - દુર્જન		સદુપયોગ - દુરુપયોગ

સદ્ભાગ્ય - દુર્ભાગ્ય

'ખરાબ'નો અર્થ દર્શાવવા માટે અન્ય એક પ્રત્યયનો ઉપયોગ કરવામાં આવે છે. તમે નીચેના શબ્દોને આધારે એ પ્રત્યય શોધી શકશો ?

પુત્ર -		ટેવ -

ખ્યાત -		સંસ્કાર -

સુમતિ -

ઉપરના શબ્દોમાં 'ખરાબ'નો અર્થ ઉમેરવા તમે કયો પ્રત્યય વાપર્યો ? જેમ કે, 'પુત્ર' - ખરાબ પુત્ર - કુપુત્ર. બરાબર ? એટલે કે તમે શબ્દની આગળ 'કુ' ઉમેરીને 'ખરાબ'નો અર્થ દર્શાવ્યો. બધા શબ્દો જોઈએ ?

પુત્ર - કુપુત્ર		ટેવ - કુટેવ

ખ્યાત - કુખ્યાત		સંસ્કાર - કુસંસ્કાર

સુમતિ - કુમતિ

તો નીચેના શબ્દોમાં 'અભાવ'નો અર્થ ઉમેરવા કયો પ્રત્યય લગાવશો ?

આબરૂ -		કાળજી -

ઈમાન -		ઈન્સાફ -

હોશ -

કયો પ્રત્યય લગાવ્યો ? 'બે' ? સરસ. શબ્દજોડ જોઈએ, તો વધુ સ્પષ્ટ થશે.

આબરૂ - બેઆબરૂ

કાળજી - બેકાળજી

ઈમાન - બેઈમાન

ઈન્સાફ - બેઈન્સાફ

હોશ - બેહોશ

અહીં તમને ખ્યાલ આવશે કે 'બે' પ્રત્યય લગાવવાથી 'અભાવ, ન હોવું તે' વગેરે અર્થ દર્શાવાય છે. જેમ શબ્દની આગળ પ્રત્યય લાગે છે. તેમ શબ્દની પાછળ પણ પ્રત્યય લાગી શકે છે. શબ્દની આગળ લાગે તેમને 'પૂર્વપ્રત્યય' કહેવાય છે. જેમકે, 'અ-ધર્મ', 'સ-પૂત', 'બે-આબરૂ' વગેરે. શબ્દની પાછળ લાગે તેને 'પરપ્રત્યય' કહે છે. જેમ કે, 'જંગલી (જંગલ-ઈ), કાળાશ (કાળું-આશ), પાંદડી (પાંદ-ડ-ઈ) વગેરે

આ પ્રત્યય લાગતાં મૂળ અંગનો-

| | |
|---|---|
| (1) અર્થ બદલાઈ શકે | પુત્ર - કુપુત્ર |
| (2) વ્યાકરણી મોભો બદલાઈ શકે | ગણવું - ગણિત |
| (3) અંગનો માત્ર વિસ્તાર થાય | ગામ - ગામડું |

આ પ્રકારના પ્રત્યયોથી અનેક નવા શબ્દો બની શકે છે. તેથી કહેવાય છે કે આ પ્રત્યયો ભાષાની ફળદ્રુપતા વધારે છે. આવા કેટલાક પ્રત્યયોનો કોઠા દ્વારા પરિચય મેળવીએ.

**'ખરાબ, અભાવ, અશક્ય' - આદિ અર્થ ઉમેરનાર પૂર્વપ્રત્યય :**

| | | |
|---|---|---|
| કુ | ખરાબ, વિરુદ્ધાર્થ, અભાવ, અશક્યાર્થ | કુપુત્ર, કુસંસ્કાર, કુછંદ |
| અવ | ,, ,, | અવકૃપા, અવગુણ |
| દુસ્, દુર્, દુ : | ,, ,, | દુષ્કર્મ, દુર્જન, દુઃસાધ્ય |
| નિસ્, નિર્, નિઃ | ,, ,, | નિષ્ફળ, નિર્જન, નિઃશેષ |
| વિ | ,, ,, | વિસર્જન, વિકેન્દ્રિત |
| અ | ,, ,, | અકંપ, અબૂઝ, અભાવ, અવિવેક |
| અણ | ,, ,, | અણગમો, અણછાજતુ, અણઘડ |
| ક | ,, ,, | કજાત, કપૂત, કપાતર, કવેળા |
| વણ | ,, ,, | વણજોઈતુ, વણમાગ્યું, વણથંભી |
| કમ | નકાર, વિરુદ્ધાર્થ, અભાવ, ઓછાપણા | કમજોર, કમનસીબ |
| ગેર | ,, ,, | ગેરફાયદો, ગેરકાનૂની |
| બદ | ,, ,, ખરાબ | બદનામ, બદઈરાદો, બદનસીબ |
| બિન | ,, ,, | બિનઆવડત, બિનજરૂરી |
| બે | ,, ,, | બેજવાબદાર, બેકાર, બેઆબરૂ |

**વ્યાકરણી કાર્ય - મોભો બદલનાર પરપ્રત્યય :**

| પ્રત્યય | કાર્ય | ઉદાહરણ |
|---|---|---|
| આશ | વિશેષણ પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે | રતાશ, ભીનાશ, નવરાશ, કુમાશ, ખટાશ |
| આણ | ,, ,, | લંબાણ, ધીંગાણું, પોલાણ, ઊંચાણ, ટૂંકાણ |
| આઈ | ,, ,, | મોટાઈ, ભલાઈ, લંબાઈ, ચોકસાઈ, પહોળાઈ |
| ઈ | સંજ્ઞામાંથી ભાવવાચક સંજ્ઞા | ખેતી, નોકરી, ભાઈબંધી |
| ઈ | વિશેષણમાંથી ભાવવાચક સંજ્ઞા | નેકી, ખૂબી, ખુશી, હોશિયારી, ખાનદાની |
| ગી | ,, ,, | બંદગી, તાજગી, રવાનગી, માંદગી, સાદગી |
| ગીરી | ,, ,, | ઉડાઉગીરી, દાદાગીરી, નેતાગીરી, યાદગીરી |
| ઈ | સંજ્ઞા પરથી વિશેષણ બનાવે | કેસરી, ઝડપી, વસ્તારી, જંગલી |
| ઈ | સ્વામિત્વવાચક વિશેષણ બનાવે | જ્ઞાની, ઋણી, પંથી |
| ઈક | સ્વામિત્વવાચક વિશેષણ બનાવે | ધાર્મિક, પથિક, રસિક |

| | | |
|---|---|---|
| ઈક | સામાન્ય સંબંધવાચક વિશેષણ | શારીરિક, વાર્ષિક, સાહિત્યિક, સામયિક |
| ઈય | સંબંધવાચક વિશેષણ | ભારતીય, રાષ્ટ્રીય |
| આળુ | સ્વામિત્વવાચક વિશેષણ બનાવે | દયાળુ, કૃપાળુ, છોગાળો, રૂપાળુ |
| ગર | કર્તૃત્વવાચક - સ્વામિત્વવાચક વિશેષણ | જાદુગર, ચૂડગર, કારીગર |
| દાર | સ્વામિત્વવાચક વિશેષણ | સમજદાર, પગારદાર, નાદાર, પૈસાદાર |

**(ક્રિયાપદ) ધાતુ પરથી સંજ્ઞા બનાવનાર પ્રત્યય :**

| | | |
|---|---|---|
| અક | કતૃવાચક સંજ્ઞા બનાવે | લેખક, વાચક, ચાલક |
| ,, ,, | ક્રિયા પરથી સંજ્ઞા બનાવે | બેઠક, આવક, જાવક |
| આઈ | ક્રિયાવાચક સંજ્ઞા બનાવે | ચડાઈ, કમાઈ, ઠગાઈ, મનાઈ |
| ,, ,, | ક્રિયા પરથી મહેનતાણાવાચક સંજ્ઞા | ઘડાઈ, ભરાઈ, છપાઈ |
| આણ | ક્રિયાવાચક સંજ્ઞા બનાવે | લખાણ, વંચાણ, મંડાણ, વેચાણ, ખેડાણ |
| આમણ | ક્રિયા પરથી મહેનતાણાવાચક સંજ્ઞા | ઘડામણ, વિણામણ, દળામણ |
| ,, ,, | ક્રિયા પરથી ભાવવાચક સંજ્ઞા | શિખામણ, અકળામણ, મથામણ |
| આવટ | ,, ,, | ફાવટ, બનાવટ, સજાવટ |
| તર | ક્રિયા પરથી સંજ્ઞા બનાવે | ભણતર, ગણતર, ચણતર, નડતર, મળતર |

શબ્દનો પોતાનો અર્થ કે વ્યાકરણી મોભો જળવાયેલો જ રહે, માત્ર શબ્દ મોટો થાય. આવો માત્ર અંગવિસ્તાર કરનાર પ્રત્યયો :

| **પ્રત્યય** | **ઉદાહરણ** |
|---|---|
| ક | ઢોલક, દંડીકો, છૂટક, નાનકો, થોડુંક, જરાક, બાળક |
| ડ | પાંદડી, ગામડું, એકડો, મુખડું, સીમાડો |
| લ | નણદલ, મોરલો, મઢૂલી |
| ઈય | બળદિયો, વાંકડિયું, શેઠિયો, સુખિયો |

હવે, તમે જ્યારે શબ્દ વાંચો ત્યારે તેના પ્રત્યયો પણ જોઈ શકશો, તો વાંચવાની અને અર્થ સમજવાની વધારે મઝા આવશે.

## સંધિ

મિત્રો, તમે ચિત્રકામ કર્યું છે ? તમે પીળો રંગ કરતા હોવ અને તેમાં લાલ રંગનો લસરકો લાગી જાય તો શું થાય છે ? ત્યાં કેસરી રંગ દેખાય છે ? એવું કેમ થાય ? તમે કહેશો કે એક રંગમાં બીજો રંગ ભળે એટલે બીજા રંગની અસરથી પહેલો રંગ બદલાય, બરાબર ? હવે કોઈ તમને કહે કે બોલતી વખતે પણ આવું થાય છે, તો ? તમે માનશો ? ચાલો સમજાવું.

તમે ઉચ્ચારણપ્રક્રિયામાં 'ઘોષ' અને 'અઘોષ' ભણી ગયા છો. બરાબર ? 'ઘોષ' એટલે 'વધારે કંપિત હવા' અને 'અઘોષ' એટલે 'થોડી ઓછી કંપિત હવા' - યાદ છે ને ? હવે આગળનો અક્ષર અઘોષ હોય, તેની હવાનાં કંપનો ઓછાં હોય અને તેના પછી જે ધ્વનિ આવે તે ઘોષ હોય, તેની હવાનાં કંપનો વધારે હોય, તો તે આગળના અક્ષરના હવાનાં કંપનો વધારે કે નહીં ? ન સમજાયું ? ચાલો, ઉદાહરણ સાથે જોઈએ.

ગુજરાતી ભાષાનો 'ક' ધ્વનિ અઘોષ છે. તેના પછી કોઈ ઘોષ ધ્વનિ એટલે કે કોઈ સ્વર કે ગ, જ, દ જેવા કોઈ ઘોષ ધ્વનિઓ આવે છે. તો શું થશે ? માનો કે, કોઈ સ્વર આવે છે. તો એ સ્વરની હવા ઘોષ છે, તેનાં કંપનો

વધારે છે. આ વધુ કંપનમાત્રા આગળના અઘોષ ધ્વનિ ‘ક’નાં કંપનોમાં ભળે, એટલે ‘ક’ અઘોષ ન રહેતાં ઘોષ થઈ જાય. પણ ‘ક’ તો કંઠ્ય અઘોષ ધ્વનિ છે. તેથી ‘ક’નો ‘ગ’ સંભળાય છે. કારણ કે ‘ગ’ કંઠ્ય ઘોષ ધ્વનિ છે. આ પ્રક્રિયાને આપણે ‘સંધિ’ કહીએ છીએ.


દા.ત., વાક્-અવયવ - વાગવયવ

એટલે કે ‘સંધિ’ એ વાંચવાનો વિષય નથી, બોલવાનો વિષય છે. તમારે જે સંધિ કરવાની હોય તે બે શબ્દોને ઝડપથી બોલશો એટલે ત્યાં સંધિ થશે જ. તમારે માત્ર એને ઓળખવા પર ધ્યાન આપવાનું છે. કારણ કે બે શબ્દ પાસે આવે ત્યારે પહેલા શબ્દના છેલ્લા અક્ષર અને બીજા શબ્દના પ્રથમ અક્ષરમાં ઉચ્ચારણ સંદર્ભે પરિવર્તન આવે - તે સંધિ

તમે સ્વર સંધિ, વ્યંજન સંધિ અને વિસર્ગ સંધિ ભણી ગયા છો. અહીં સ્વર સંધિ અને વ્યંજન સંધિની પ્રક્રિયા જોઈએ.

## સ્વરસંધિ

હ્રસ્વ કે દીર્ઘ સ્વર સાથે અન્ય હ્રસ્વ કે દીર્ઘ સ્વર ભળે ત્યારે તે દીર્ઘ સ્વરસંધિ થાય છે.



અહીં તમે જુઓ છો તેમ બે નાની રેખા મળે તો એક મોટી રેખા થાય, એક નાની અને એક મોટી રેખા મળે તોપણ મોટી રેખા થાય અને બે મોટી રેખા મળે ત્યારે તો એ મોટી છે જ. એ જ રીતે બે હ્રસ્વ સ્વર ભેગા થાય કે એક હ્રસ્વ અને એક દીર્ઘ સ્વર ભેગા થાય કે બંને દીર્ઘ સ્વર ભેગા થાય – બધી પરિસ્થિતિમાં ઉચ્ચારણ ‘દીર્ઘ’ સ્વરનું જ થાય છે. તે હ્રસ્વ-દીર્ઘ ‘અ-આ’ હોય, ‘ઇ-ઈ’ હોય કે ‘ઉ-ઊ’ હોય.

નીચેના કોઠા જોતાં આ બાબત સ્પષ્ટ થઈ જશે.

**1.**

| સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
|---|---|---|---|
| અ + અ | આ | સૂર્ય + અસ્ત | સૂર્યાસ્ત |
| અ + આ | આ | વાત + આવરણ | વાતાવરણ |
| આ + અ | આ | ભાષા + અન્તર | ભાષાંતર |
| આ + આ | આ | વિદ્યા + આલય | વિદ્યાલય |

**2.**

| સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
|---|---|---|---|
| ઇ + ઇ | ઈ | હરિ + ઇચ્છા | હરીચ્છા |
| ઇ + ઈ | ઈ | પરિ + ઈક્ષા | પરીક્ષા |
| ઈ + ઇ | ઈ | દેવી + ઇચ્છા | દેવીચ્છા |
| ઈ + ઈ | ઈ | ગૌરી + ઈશ્વર | ગૌરીશ્વર |

**3.**

| સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
|---|---|---|---|
| ઉ + ઉ | ઊ | ગુરુ + ઉપસદન | ગુરૂપસદન |
| ઉ + ઊ | ઊ | સિંધુ + ઊર્મિ | સિંધૂર્મિ |
| ઊ + ઉ | ઊ | વધૂ + ઉલ્લાસ | વધૂલ્લાસ |
| ઊ + ઊ | ઊ | વધૂ + ઊર્મિ | વધૂર્મિ |

આ નિયમો સમજાયા છે કે નહીં, તે જોવા નીચેના શબ્દ સાથે આપેલા સંધિવિગ્રહ તપાસો. સાચો વિગ્રહ ધરાવતો વિકલ્પ પસંદ કરો.

(1) સત્યાગ્રહ - (ક) સત્યા + આગ્રહ (ખ) સત્ય + આગ્રહ (ગ) સત્યા + ગ્રહ (ઘ) સત્ય + ગ્રહ

(2) ચિંતાતુર - (ક) ચિંતા + આતુર (ખ) ચિંતા + તુર (ગ) ચિંત + તુર (ઘ) ચિંત + આતુર

(3) સૂક્તિ - (ક) સૂ + ઉક્તિ (ખ) સૂ + ઊક્તિ (ગ) સુ + ઉક્તિ (ઘ) સુ + ઊક્તિ

ઉત્તર જોઈએ : 1. સત્ય + આગ્રહ (ખ), 2. ચિંતા + આતુર (ક), 3. સુ + ઉક્તિ (ગ).

પણ આ તો સરખા વર્ગના સ્વર હતા. જો જુદા વર્ગના સ્વર એકબીજામાં ભળે તો ? તો વળી, ત્રીજો સ્વર ઉચ્ચારાય. આ સમજવા વળી આપણે ઉચ્ચારણ પ્રક્રિયા યાદ કરીએ. તમે સ્વરનો કોઠો કેવી રીતે લખતા હતા તે યાદ છે ?

| | અગ્ર | મધ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉચ્ચ | ઈ | - | ઉ |
| મધ્ય | એ | અ | ઓ |
| નિમ્ન | ઍ | આ | ઑ |

હવે, ગુણસંધિ જોવા માટે આ કોઠામાં સ્વર કેવી રીતે ભળી શકે તે જોઈએ.

| | અગ્ર | મધ્ય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉચ્ચ | ઈ | - | ઉ |
| મધ્ય | એ | અ | ઓ |
| નિમ્ન | ઍ | આ | ઑ |

જેમ લાલ અને પીળો રંગ ભળતાં કેસરી રંગ થાય કે વાદળી અને પીળો રંગ ભળતાં લીલો રંગ થાય તે રીતે આ સ્વર ભળતાં ત્રીજો સ્વર ઉચ્ચારાય છે. ઉદાહરણ જોતાં વિગત વધુ સ્પષ્ટ થશે.

| સ્વર | સંધિસ્વર | ઉદાહરણ | |
|---|---|---|---|
| અ + ઇ | એ | સ્વ + ઇચ્છા | સ્વેચ્છા |
| અ + ઈ | એ | ગણ + ઈશ | ગણેશ |
| આ + ઇ | એ | યથા + ઇષ્ટ | યથેષ્ટ |
| આ + ઈ | એ | મહા + ઈશ | મહેશ |
| અ + ઉ | ઓ | વન + ઉત્સવ | વનોત્સવ |
| અ + ઊ | ઓ | નવ + ઊઢા | નવોઢા |
| આ + ઉ | ઓ | મહા + ઉદધિ | મહોદધિ |
| આ + ઊ | ઓ | ગંગા + ઊર્મિ | ગંગોર્મિ |
| અ + ઋ | અર્ | સપ્ત + ઋષિ | સપ્તર્ષિ |
| આ + ઋ | અર્ | મહા + ઋષિ | મહર્ષિ |

'ઋ' સ્વર સંસ્કૃતમાં જે રીતે ઉચ્ચારાતો હતો, તે રીતે ગુજરાતીમાં ઉચ્ચારાતો નથી. તેથી તેની સંધિ સંસ્કૃત ઉચ્ચારણને જ અનુસરે છે. તેથી તેને નિયમ તરીકે જ.

કેટલાક શબ્દોની સંધિ છૂટી પાડીએ ?

હરેન્દ્ર - (ક) હર + એન્દ્ર (ખ) હરિ + એન્દ્ર (ગ) હર + ઇન્દ્ર (ઘ) હરિ + ઇન્દ્ર

પરોપકાર - (ક) પરો + પકાર (ખ) પર + ઉપકાર (ગ) પરી + ઉપકાર (ઘ) પરા + ઉપકાર

વિદ્યોપાસના - (ક) વિદ્યાર્થી + ઉપાસના (ખ) વિદ્યો + પાસના (ગ) વિદ્યા + ઉપાસના (ઘ) વિધુ + ઓપાસના

સાચા વિકલ્પ મળ્યા ? હરેન્દ્ર - હર + ઈન્દ્ર (ગ), પર + ઉપકાર (ખ), વિદ્યા + ઉપાસના (ગ).

(ઈન્દ્ર - માં 'ઇ' હ્રસ્વ આવશે, તે યાદ રાખવું.)

હવે બીજી એક વાત. તમે જ્યારે 'કૈલાસ' શબ્દ બોલો ત્યારે ખરેખર શું બોલો છો ? 'કૈલાસ', 'કઈલાસ' કે 'કયલાસ'. 'મૈત્રી' બોલો ત્યારે 'મૈત્રી' બોલો છો, 'મઈત્રી' બોલો છો કે 'મયત્રી' ? કંઈ સમજાયું ? બોલતી વખતે 'અ' સ્વર પછી જો 'ઈ' સ્વર આવે તો તે 'ઈ'ના બદલે 'ય' બોલાય કે સંભળાય છે. 'જયશ્રી કૃષ્ણ'ના બદલે 'જેશ્રીકૃષ્ણ' સંભળાય છે, તે તમે જોયું હશે. બીજા શબ્દ બોલી જુઓ તો વધુ ખ્યાલ આવશે. 'પૈસા, નૈઋર્ત્ય, વૈકુંઠ' વગેરે

એ જ રીતે 'ગૌરી'ના બદલે 'ગવરી' સાંભળ્યું હોય, એવું બન્યું છે ? 'ઈ'ના 'ય'ની જેમ 'ઉ'નો 'વ' સંભળાય છે. તમે કૌતુક (કઉતુક, કવતુક), મૌલિક (મઉલિક, મવલિક), ચૌદશ, 'ઔરંગઝેબ - બોલી જુઓ અથવા બીજા બોલે ત્યારે ધ્યાનથી સાંભળો. તમને સમજાશે કે આ પણ એક પ્રકારની સંધિ જ છે. સંધિના ઉદાહરણરૂપે આ નિયમ જોઈએ.

| **સ્વર** | **સંધિસ્વર** | **ઉદાહરણ** | |
|---|---|---|---|
| ઇ/ઈ + અ/આ | ય | ઇતિ + આદિ | ઇત્યાદિ |
| ઉ/ઊ + અ/આ | વ | સુ + આગત | સ્વાગત |
| ઋ + અ/આ | ર્ | પિતૃ + આજ્ઞા | પિત્રાજ્ઞા |

ચાલો, નીચેના શબ્દોની સંધિ કરીએ :

(1) પ્રતિ + અક્ષ (2) પરિ + આવરણ (3) વિ + અર્થ (4) સુ + આગત (5) ગુરુ + આજ્ઞા.

સંધિ કરી ? ઉત્તર જોઈએ ? (1) પ્રત્યક્ષ (2) પર્યાવરણ (3) વ્યર્થ (4) સ્વાગત (5) ગુર્વાજ્ઞા.

સંસ્કૃતમાં આ નિયમ 'યણ' સંધિ તરીકે ઓળખાય છે. એ જ રીતે 'અયાદિ' સંધિ પર પણ નજર નાખવી જોઈએ.

| **સ્વર** | **સંધિસ્વર** | **ઉદાહરણ** | |
|---|---|---|---|
| એ + અ | અય | ને + અન | નયન |
| ઐ + અ | આય | ગૈ + અક | ગાયક |
| ઓ + અ | અવ | પો + અન | પવન |
| ઔ + અ | આવ | પૌ + અક | પાવક |

હવે, વ્યંજન સંધિ સમજવા ફરીથી ઉચ્ચારણ પ્રક્રિયા પાસે જઈએ.

| | અઘોષ-અલ્પપ્રાણ | અઘોષ-મહાપ્રાણ | ઘોષ-અલ્પપ્રાણ | ઘોષ-મહાપ્રાણ | અનુ-નાસિક | પાર્શ્વિક | પ્રકંપી | સંઘર્ષી | અર્ધ-સ્વર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કંઠ્ય | ક | ખ | ગ | ઘ | ઙ | | | હ | |
| તાલવ્ય | ચ | છ | જ | ઝ | ઞ | | | શ | ય |
| | સ્પર્શસંઘર્ષી | | | | | | | | |
| મૂર્ધન્ય | ટ | ઠ | ડ | ઢ | ણ | ળ | | ષ | |
| દંત્ય | ત | થ | દ | ધ | ન | લ | ર | સ | |
| ઓષ્ઠ્ય | પ | ફ | બ | ભ | મ | | | | વ |

કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય અને ઓષ્ઠ્ય - એ ઉચ્ચારણ અનુસાર ધ્વનિઓના વર્ગ છે. કેટલાક વિદ્વાનો એને પ્રથમ અક્ષર એટલે કે 'ક, ચ, ટ, ત, પ' વર્ગ તરીકે પણ ઓળખાવે છે. એટલે કે 'ક' વર્ગના કોઈ ધ્વનિમાં સંધિ અનુસાર બદલાવ આવે તો મહદંશે તે તેના જ વર્ગનો અન્ય ધ્વનિ લેશે. જેમકે, આપણે સૌથી પહેલા 'વાક્-અવયવ'નું ઉદાહરણ જોયું હતું. 'ક'માં ઘોષત્વ ઉમેરાય તો 'કંઠ્ય' વર્ગ કે 'ક' વર્ગના જ ઘોષ ધ્વનિ તરીકે તેમાં પરિવર્તન આવે. તેથી 'ક'નો 'ગ' થાય. એટલે કે 'અઘોષ ધ્વનિ પછી ઘોષ ધ્વનિ આવે તો તે સમવર્ગીય ઘોષ ધ્વનિ થાય.' એવો નિયમ કહી શકાય.

| | અઘોષ-અ.પ્રા. | અઘોષ-મ.પ્રા. | ઘોષ-અ.પ્રા. | ઘોષ-મ.પ્રા. |
|---|---|---|---|---|
| કંઠ્ય | ક | ખ | ગ | ઘ |
| તાલવ્ય | ચ | છ | જ | ઝ |
| | સ્પર્શસંઘર્ષી | | | |
| મૂર્ધન્ય | ટ | ઠ | ડ | ઢ |
| દંત્ય | ત | થ | દ | ધ |
| ઓષ્ઠ્ય | પ | ફ | બ | ભ |

આ સંધિનાં કેટલાંક ઉદાહરણ જોઈએ :

| | **સંધિપ્રક્રિયા** | **સંધિશબ્દ** |
|---|---|---|
| દિક્ + અંત | ક્ + અ - ક > ગ | દિગંત |
| ષટ્ + આનન | ટ્ + આ - ટ > ડ | ષડાનન |
| જગત્ + ગુરુ | ત્ + ગ - ત > દ | જગદ્‌ગુરુ |
| અપ્ + જ | પ્ + જ - પ > બ | અબ્જ |

કેટલાક શબ્દોનો સંધિવિગ્રહ કરીએ ?

(1) વાગ્દાન (ક) વા + ગ્દાન (ખ) વાગ્ + દાન (ગ) વાક્ + દાન (ઘ) વા + ક્દાન

(2) ષટ્કોણ (ક) ષટ્ + કોણ (ખ) સત્ + કોણ (ગ) સત્ + ગુણ (ઘ) સદ્ + કોણ

(3) સદ્‌ગુણ (ક) સદ્ + ગુણ (ખ) સત્ + ગુણ (ગ) સચ્ + ગુણ (ઘ) સડ્ + ગુણ

જવાબ જોઈએ ? (1) (ગ) વાક્ + દાન (2) (ક) ષટ્ + કોણ (3) (ખ) સત્ + ગુણ

(**નોંધ :** કેટલાંક પુસ્તકોમાં તત્, સત્ આદિને બદલે તદ્, સદ્ - આદિથી સંધિ છૂટી પાડે છે. પણ 'તદ્, કે સદ્-નો પોતાનો અર્થ નથી. સંધિને કારણે તત્ અને સત્-માં આવતું પરિવર્તન છે. તેથી તત્, સત્ આદિથી જ સંધિ છૂટી પડે.)

હવે, અનુનાસિક સંધિ જોઈએ. તે પહેલાં તમે વિચારો કે જો 'ચંદ્ર' શબ્દમાં તમારે અનુસ્વાર નથી લખવો તો તમે કયો અક્ષર લખશો ? 'ન' - ચન્દ્ર - બરાબર ?, તમારે 'કંપન' શબ્દમાં અનુસ્વાર નથી લખવો. તો તમે કયો અક્ષર લખશો ? 'મ' - કમ્પન - બરાબર ? શા માટે આપણે 'ચમ્દ્ર' કે 'કન્પન' ન લખીએ ? કારણ કે ઉચ્ચારણપ્રક્રિયા અનુસાર આપણે ઓષ્ઠ્ય વર્ગના ધ્વનિઓમાં 'પ, ફ, બ, ભ, મ' કહીએ છીએ. જેમાં 'મ' અનુનાસિક છે. તો આ પાંચમાંથી કોઈ પણ ધ્વનિ આગળ તીવ્ર અનુસ્વાર આવે તો તે જોડાક્ષરને આપણે 'મ' અક્ષર દ્વારા લખી શકીએ. અનુનાસિક સંધિમાં પણ આ જ નિયમ લાગુ પડે છે. પહેલા શબ્દના અંતે જે વર્ગનો ધ્વનિ આવતો હોય, અને બીજા શબ્દનો આરંભ 'મ' કે 'ન' ધ્વનિથી થાય તો પહેલા શબ્દને અંતે તે જ વર્ગનો અનુનાસિક ધ્વનિ ઉચ્ચારાય. નીચેનો કોઠો જોતાં વિગત સ્પષ્ટ થશે.

| વર્ગ | અઘોષ અલ્પપ્રાણ સ્પર્શ | + | અનુનાસિક ધ્વનિ | | સંધિ |
|---|---|---|---|---|---|
| કંઠ્ય | ક | | ઙ | વાક્+મય | વાઙ્મય |
| તાલવ્ય | ચ | | ઞ | | |
| મૂર્ધન્ય | ટ | મ | ણ | ષટ્+માસ | ષણ્માસ |
| દંત્ય | ત | ન | ન | ઉત્+નયન | ઉન્નયન |
| ઓષ્ઠ્ય | પ | | મ | | |

નીચેના શબ્દોની સંધિ કરો :

(1) દિક્ + મૂઢ (2) સત્ + મતિ (3) ચિત્ + મય (4) જગત્ + નાથ (5) સત્ + નારી

ઉત્તર જોઈએ : (1) દિઙ્મૂઢ (2) સન્મતિ (3) ચિન્મય (4) જગન્નાથ (5) સન્નારી

વ્યંજન પછી 'મ' આવે તો ઉપર જોઈ તેમ સંધિ થાય. પરંતુ, 'મ' પછી અન્ય વ્યંજન આવે તો 'મ'નું અનુસ્વારમાં પરિવર્તન થાય છે. જેમકે,

| | **સંધિશબ્દ** | | **સંધિશબ્દ** |
|---|---|---|---|
| કિમ્ + ચિત્ | કિંચિત્ | સમ્ + તોષ | સંતોષ |
| સમ્ + યોગ | સંયોગ | સમ્ + વાદ | સંવાદ |
| સમ્ + રક્ષણ | સંરક્ષણ | સમ્ + લગ્ન | સંલગ્ન |

**વિસર્ગ સંધિ :**

બે શબ્દો ભેગા થાય ત્યારે પહેલા શબ્દને અંતે જો વિસર્ગ આવતો હોય તો તેમાં જુદાં ધ્વનિપરિવર્તન આવતાં હોય છે. આવી સંધિને વિસર્ગ સંધિ કહે છે.

→ વિસર્ગ પહેલાં 'અ' સ્વર અને પછી 'અ' સ્વર અથવા અન્ય કોઈ પણ ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો 'ઓ' થાય.

- અધઃ + ગતિ - અધોગતિ
- મનઃ + બલ - મનોબલ

→ વિસર્ગ પહેલાં 'અ' અને 'આ' સિવાયના અન્ય કોઈ પણ સ્વર હોય અને વિસર્ગ પછી અન્ય કોઈ પણ સ્વર કે ઘોષ ધ્વનિ હોય તો વિસર્ગનો 'ર' થાય છે.

- નિઃ + આહાર - નિરાહાર
- નિઃ + ધન - નિર્ધન

→ વિસર્ગ પહેલાં 'ઇ', 'ઉ' અને વિસર્ગ પછી - 'ક, પ, ટ, ફ' - માંથી કોઈ પણ ધ્વનિ હોય તો વિસર્ગનો 'ષ' થાય.

- દુઃ + કર્મ - દુષ્કર્મ
- ચતુઃ + પાદ - ચતુષ્પાદ
- નિઃ + ફળ - નિષ્ફળ
- ધનુઃ + ટંકાર - ધનુષ્ટંકાર

→ વિસર્ગ ધરાવતા 'નિઃ' પ્રત્યય પછી 'ર' ધ્વનિ આવે તો 'ની' દીર્ઘ થાય છે અને વિસર્ગનો લોપ થાય છે.

- નિઃ + રોગ - નીરોગ
- નિઃ + રસ - નીરસ

→ વિસર્ગ પછી 'ચ', 'છ' કે 'શ' ધ્વનિ હોય તો વિસર્ગનો 'શ' થાય.

- નિઃ + ચિંત - નિશ્ચિંત
- મનઃ + ચક્ષુ - મનશ્ચક્ષુ
- પુનઃ + ચ - પુનશ્ચ

→ 'નિઃ', 'દુઃ' પૂર્વ પ્રત્યય પછી શ, સ આવે તો વિસર્ગ યથાવત્ રહે છે.

શ - નિઃશંક, નિઃશબ્દ, નિઃશસ્ત્ર, નિઃશુલ્ક, નિઃશેષ, નિઃશ્વાસ, નિઃસંકોચ,

સ - નિઃસંદેહ, નિઃસત્ત્વ, નિઃસ્વાર્થ,

દુઃસાધ્ય, દુઃસાહસ, દુઃસ્વપ્ન, દુઃશાસન

→ વિસર્ગ પછી 'ત', 'સ' હોય તો વિસર્ગનો 'સ' થાય.

- નમઃ + તે - નમસ્તે
- અંતઃ + તત્ત્વ - અંતસ્તત્ત્વ
- નિઃ + તેજ - નિસ્તેજ

ઉદાહરણો ધ્યાનથી વાંચ્યાં હશે, તો સંધિના નિયમો સમજી શકાશે. અને યાદ રાખજો, સંધિ 'બોલવા'થી સમજાશે.

નીચેનાં વાક્યમાંથી સંધિ થયેલા શબ્દો શોધી શકશો.

(1) સદ્ગુણી બાળક ફક્ત સોળ જ વરસ ભલે જીવે (ગુણી-સદ્)

(2) એ જ બાળક કુલોદ્ધારક થશે.

**નોંધ :**

મિત્રો, અહીં અન્ય એક બાબત જોઈ શકાય તેમ છે. તમે અંગસાધક પ્રત્યય ભણ્યા છો. તેમાં 'ત્વ', 'તા' પરપ્રત્યય ખ્યાલ હશે. આ પ્રત્યય વિશેષણ પરથી ભાવવાચક સંજ્ઞા બનાવે છે. જેમકે, 'ગુરુ - ગુરુત્વ, જડ - જડત્વ, લઘુ - લઘુતા, માનવ - માનવતા વગેરે.

હવે, જો વિશેષણને અંતે 'ત્' વ્યંજન હોય અને તેને 'ત્વ' પ્રત્યય લાગે તો શું થાય ? 'ત્' બેવડાઈ જાય અને 'ત્ત્વ' થાય. બરાબર ? તો વિશેષણ 'મહત્'ને 'ત્વ' લાગે એટલે 'ત્' બેવડાય અને 'મહત્ત્વ' લખાય. નીચેના શબ્દોની જોડણી હવે તમને સ્પષ્ટ થશે.

તત્ + ત્વ - તત્ત્વ

મહત્ + ત્વ - મહત્ત્વ　　　　મહત્ + તા - મહત્તા

સત્ + ત્ત્વ - સત્ત્વ　　　　સત્ + તા - સત્તા

●

# 13 રસ્તો કરી જવાના

**અમૃત 'ઘાયલ'**

**(જન્મ : 19-8-1916, અવસાન : 25-12-2002)**

અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ 'ઘાયલ'નું વતન રાજકોટ જિલ્લાનું સરધાર છે. 'શૂળ અને શમણાં', 'રંગ', 'રૂપ', 'ઝાંય', 'અગ્નિ', તેમજ 'ગઝલ નામે સુખ' વગેરે એમના ગઝલસંગ્રહો છે. 'આઠોં જામ ખુમારી'માં તેમની સમગ્ર કવિતા પ્રકાશિત થઈ છે. ગઝલકાર તરીકે તેમનું મહત્ત્વનું પ્રદાન છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

'રસ્તો કરી જવાના' મનુષ્યની અડગ ખુમારીને વ્યક્ત કરતી ગઝલ છે. અપાર મુશ્કેલીઓમાં પણ ઈશ્વર પર શ્રદ્ધા રાખી, અડગ આત્મબળથી, દરેક પરિસ્થિતિમાં રસ્તો કરી જવાના એ આ ગઝલનું કેન્દ્રબિંદુ છે. કવિ અમૃત ઘાયલ જુદા-જુદા શેરમાં અનેક દૃષ્ટાંતો દ્વારા કાળને પણ પડકાર આપે છે. 'રસ્તો કરવો' એ અહીં વિશિષ્ટ શબ્દપ્રયોગ છે. જીવનની વિવિધ સ્થિતિમાં કેમ પાર ઊતરવું એની ખુમારીની આ ગઝલ છે.

---

રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના !

નિજ મસ્ત થઈ જીવન આ પૂરું કરી જવાના,
બિંદુ મહીં ડૂબીને સિંધુ તરી જવાના !

કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના !
દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના.

મનમાં વિચાર શું છે ? અવિરામ કંઈ દીપક છે,
પ્રકાશ આંધીઓમાં પણ પાથરી જવાના.

એક આત્મબળ અમારું દુઃખ માત્રની દવા છે,
હર ઝખ્મને નજરથી ટાંકા ભરી જવાના.

સમજો છો શું અમોને સ્વયં પ્રકાશ છીએ !
દીપક નથી અમે કે ઠાર્યા ઠરી જવાના.

અય કાળ, કંઈ નથી ભય તું થાય તે કરી લે !
ઈશ્વર સમો ધણી છે થોડા મરી જવાના !

**('આઠોં જામ ખુમારી'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**નિજ** પોતે; **સિન્ધુ** સમુદ્ર; **સમો** જેવો; **જખમ** ઘાવ

### વિરુદ્ધાર્થી

**વિરામ** અવિરામ; **વિકાસ** વિનાશ; **ખીલવું** કરમાવું; **પ્રકાશ** અંધકાર; **ભય** અભય

### તળપદા શબ્દો

**ખોળિયું** શરીર; **જડે** મળે

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના ! એટલે...

(A) જગતના લોકોનો પ્રેમ પ્રાપ્ત કરવાની વાત છે.

(B) જગતના લોકોનો સાથ છોડી જવાના

(C) દુનિયાના લોકો દિલ વગરના છે.

(D) દિલને ચારેય છેડેથી માપવાની વાત છે.

(2) કવિ કઈ રીતે પોતાનું જીવન પૂર્ણ કરવા ઇચ્છે છે ?

(A) એક નાનકડા બિંદુમાં ડૂબીને (B) વિશાળ સમુદ્રમાં ડૂબીને

(C) બીજાની મસ્તીમાં ભળીને (D) પોતાની જ મસ્તીમાં મસ્ત થઈને

(3) કવિ દુ:ખ માત્રની દવા કઈ ગણે છે ?

(A) ડૉક્ટર લખી આપે તે (B) કવિ દવા જ લેતા નથી

(C) કવિનું આત્મબળ (D) કવિ દુ:ખી જ નથી

(4) કવિ મૃત્યુ સામે કોને પડકાર આપે છે ?

(A) જીવનને (B) કાળને

(C) ભગવાનને (D) ભક્તને

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) અવિરામ દીપકના ઉદાહરણ દ્વારા કવિ શું કહેવા માગે છે ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) આ કાવ્યમાં જોવા મળતી કવિની ખુમારી તમારા શબ્દોમાં વર્ણવો.

(2) કવિ દિલમાં શું ભરી જવા ઇચ્છે છે ?

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

'રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના!'

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

● તમને અત્યાર સુધી કઈ-કઈ મુશ્કેલીઓ પડી એ નોંધો. પછી સહાધ્યાયી સાથે અરસપરસ તમને પડેલી મુશ્કેલીઓને તમે કઈ રીતે પાર કરી એની આ રીતે પૂર્તિ કરો. મિત્રની મુશ્કેલી જાણો અને આ રીતે એનો ઉકેલ સૂચવો.

| ક્રમ | સમસ્યા | ઉકેલ | અભિવ્યક્તિ |
|---|---|---|---|
| 1. | મિત્ર સાથે અબોલા થવા | રમતાં રમતાં દોસ્તી | અમે મિત્રો સાથે કદી ભલે રિસાઈ જવાના<br>રમત-રમતમાં હાથ પકડી બુચ્ચા કરી જવાના |
| 2. | પરીક્ષામાં નિષ્ફળતા | વધુ મહેનત | ક્યારેક અમે ભલે પાછળ પડી જવાના<br>પણ હિંમતથી નવા ડગ ભરી આગળ વધી જવાના |

## ભાષા-અભિવ્યક્તિ

● કવિએ મરી, તરી, ભરી, કરી, પાથરી, ખરી, ઠરી જેવા પ્રાસસભર શબ્દો આ ગઝલમાં વાપર્યા છે જે ગઝલમાં રદીફ તરીકે ઓળખાય છે. અહીં શરૂઆતની આઠ પંક્તિઓમાં 'જવાના' શબ્દ વપરાયો છે; જે ગઝલમાં કાફિયા કહેવાય છે તે સમજો.

● કવિએ અહીં બિંદુ-સિંધુ, ડૂબી-તરી (જવાના), ખાલી હાથે-ભરી જવાના જેવા વિરુદ્ધાર્થી શબ્દોથી રજૂઆત અસરકારક બનાવી છે.

● ગઝલની બે પંક્તિનો એક 'શેર' રચાય છે. દરેક 'શેર' એક સ્વતંત્ર વિચાર રજૂ કરે છે. અહીં જુઓ... એક 'શેર'માં કવિ વિચારદીપકથી આંધીમાં પણ પ્રકાશ પાથરવાની વાત લઈને આવ્યા છે, તો ત્યાર પછીના 'શેર'માં આત્મબળને દુઃખની દવા કહીને કવિ નજરથી ટાંકા ભરવાની, મદદ કરવાની વાત કહે છે. આમ બંને શેરમાં અલગ વિચારો રજૂ થયા છે.

## શિક્ષકની ભૂમિકા

કાળા માથાનો માનવી જે ધારે તે કરી શકે એ વાતની પ્રતીતિ કરાવતું આ કાવ્ય ખુમારીથી કેમ જિવાય તે શીખવે છે તે વાત વિદ્યાર્થીઓને જણાવવી.

મનુષ્યજીવન અન્ય કરતાં વિશેષ એ રીતે છે કે તેને ઈશ્વરે વિશેષ શક્તિઓ આપી છે. તે શક્તિઓનો ઉપયોગ કરી જીવનને ઉન્નત બનાવવું. જેથી પોતાનો, ગામનો, દેશનો વધુ સારો વિકાસ કરવામાં તમારો બહુમૂલ્ય ફાળો આપી શકો તે વાતથી વિદ્યાર્થીઓને સતર્ક કરવા.

માનવમાંથી મહાન બનનાર વ્યક્તિઓનાં જીવનચરિત્રો રજૂ કરી વિદ્યાર્થીઓમાં ખુમારી, આત્મવિશ્વાસ, મુશ્કેલીઓ સામે ઝઝૂમી તેમાંથી માર્ગ શોધવાની સૂઝ વિકસે તેવો પ્રયત્ન કરવો અને સમાજને કંઈક વિશેષ પ્રદાન કરવા પ્રોત્સાહિત કરવા.

●

# 14 વાડી પરનાં વહાલાં

ઈસ્માઈલભાઈ નાગોરી

(જન્મ : 4-11-1904, અવસાન : 14-1-1983)

રાજકોટ જિલ્લાનું વાંકાનેર તેમનું વતન હતું. તેઓ ફારસી-અરબી ભાષાના સ્નાતક હતા. પછી પૂનાની ખેતીવાડી કૉલેજમાંથી કૃષિ સ્નાતક થયા હતા. સ્વરાજની લડતના સૈનિક હતા. તેમણે ઉત્તમ ગ્રામસેવા કરી હતી. લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું. 'વનસ્પતિ જીવનદર્શન'માં વનસ્પતિ જીવન વિશે સુંદર આલેખન છે. તો 'વાડી પરનાં વહાલાં'માં વાડીનાં મનુષ્ય અને પ્રાણીઓનો હૃદયસ્પર્શી પરિચય છે. 'મુસ્લિમોનો ધર્મ' અને 'આંગણાનો બગીચો' તેમની પરિચય પુસ્તિકાઓ છે.

વાડી (ખેતર) પર નભનારા માણસોના જીવનમાં વાડી કેવી રીતે ઓતપ્રોત થયેલી હોય છે, તેમજ વાડી પર નભનારાં પશુ-પંખી-જનાવરોની સૃષ્ટિ પણ કેવી આત્મીય હોય છે એ આ પાઠમાં આલેખાયું છે. ઋતુ-ઋતુનાં અનાજ, ફળ અને એની સાથે જોડાયેલી આખી સૃષ્ટિ આ નિબંધમાં સર્જનાત્મક રીતે પ્રગટ થઈ છે. વાડીની દુનિયા કેવી ભરીભરી અને વૈવિધ્યપૂર્ણ હોય છે તેનું ચિત્ર રસિક રીતે આલેખાયું છે.

---

વાડીની લીલી દુનિયા વચ્ચે કેટકેટલાં જગત હોય છે ? જાણે નાનામોટા જીવોનું સંગ્રહસ્થાન. ઊધઈનું બાંધકામ ને કીડીની કરામતો, કાંકીડાની લડાઈ ને સાપનાં યુદ્ધો, ધોયરાનું વિચિત્ર ગાન, મંકોડાની છાવણીઓ, 'ભરવાડી'ના કાફલા, ગોકળગાયના ભપકા ને વીંછીનો ચિરસ્મરણીય ચરણસ્પર્શ. બધું દિનરાત ચારે કોર ચાલતું હોય છે. કોઈવાર આવું આવું નજરે ચડે ને એનું ધ્યાન ખેંચાય, પણ મોટે ભાગે માણસ એના કામમાં જ હોય !

વાડીમાં રહીએ તો દેડકાં તો ઘરમાં જ વસવાટ શોધતાં નજરે પડે. વાડમાં સર્પ-નોળિયા જ નહિ પણ કાળોતરા ને માંજરના જીવનમરણના સંગ્રામો ખેલાતા હોય છે. હાથ હાથનાં કણાં ચાંચેથી પૂરા કરતાં લલેડાં, અળસિયાંનો ગોળો કરી આરોગતાં દેડકાં, નાનાં સસલાંથી ફાટફાટાં પેટ ભરી પગદંડી પર સૂતા સર્પો, કાગડાઓ વચ્ચેથી માર્ગો કાઢતા ઘુવડ, શેરડીનાં શોખીન શિયાળ, ઈંડાં શોધતા ખેરખટ્ટા, મરઘીનાં બચ્ચાંને ચોરીને ઘરભેગા - દરભેગા કરતા ઉંદર જેમ જોવા મળે તેમ પશુઓને વળગતી જીવાતો વીણતા બગલા, પાકને બગાડતી ઇયળો સાફ કરતાં પક્ષીઓ, ઉંદરની વસ્તી પર અંકુશ રાખતા રાની માંજરો વગેરે પણ ત્યાં જ રહેતા હોય છે.

દિવસના કોલાહલમાં જંતુ-જગતની ખબર ઓછી પડે, પણ રાતના શાંત નીરવ સમયે તો કંસારીથી લઈને તમરાંના અવાજથી વાતાવરણ ભરાઈ જાય છે. શેઢાડી ને શેળા, વણિયલ ને જબાદિયાં, ઘોરખોદિયાં ને ભૂંડડાં, હરણાં ને રોઝડાં તો દેખાવ દે, પણ ક્યારેક ને ક્યાંક તો દીપડા ને સિંહ, પણ દર્શન દઈ જતા હોય છે.

વાડીમાં રહેનારાં ને આવનારાંઓ આ રીતે ભાતભાતનાં હોય. ખેડૂતનું ખાસ ધ્યાન તો વધુ રંજાડે, વધુ કંઈ બગાડે એ તરફ હોય, બાકી આ જીવતી વાડીના જીવમાત્રને જોનાર બાળકો તો, ઢેલે કેટલાં ઈંડાં મૂક્યાં છે, તેતર માદા કેટલાં બચલાં સાથે ફરે છે, બુલબુલે ક્યાં ને કેવો માળો કર્યો છે, ચીબરી ક્યાં ભરાઈને બેઠી છે, કાકીડાએ કેવા રંગો ધારણ કર્યો છે, સાપે કાંચળી ક્યાં, કેવડી મોટી કાઢી છે ને કૂતરાએ બખોલ ક્યાં ગાળી રાખી છે એ બધું એમની નજરમાં આવી જાય છે. ખરું જોતાં જીવનનો જે ખજાનો વાડીમાં ભર્યો હોય છે તેનાં એ પોતે પણ અગત્યના ભાગ જેવા જ છે.

દરેક ઋતુ પોતાના પ્રત્યક્ષ પદાર્થપાઠ લઈને આવે છે. કુદરતનો એક કારવાન - કાફલો આવે છે ને જાય છે, ને એ બધાં પોતાનાં હોય તેમ વાડી તેમને સૌને આશ્રય, આવાસ ને આકાર - આહ્લાદ આપે છે.

સવારથી સાંજ સુધી વાડી પર કામ, કામ ને કામ ચાલતું જ હોય છે. રાતે પણ ઢોરને માટે ચીવટવાળા હોય તે સૂએ તો બાળકવાળી માતાની માફક જ ! એમની નિદ્રાયે જાગ્રત!

ને તોય વાડીમાં 'ડાયરા' જામતા હોય છે ને 'જલસા' થતા હોય છે. મોસમે મોસમની મોજ લોકો માણી જાય છે. મકાઈના ડોડાની મિજબાનીઓ ચાલતી હોય, આજુબાજુની વાડીના અડોશીપડોશી મિત્રો ભેગા થઈ જાય ને આમંત્રિતો પણ કૂંડાળામાં ભળી જાય. દૂબળાં લાકડાંની ને પાંખી કાથીની ખાટલીઓ ઉપર માનવંતા મહેમાનોને

બેસાડાય ને સ્વયંસેવકો (?) કાંટા ભેગા કરી લાવે. કોઈ બે સળી બાકસની અર્પણ કરે ને પછી તો ભુટ્ટા - પીળા ને પોણા કાળા - વહેંચવા માંડે !

પોંકનું ટાણું આવે ને એનો ય આનંદ લેવા કોઈ ચૂકે નહિ. માંડવીના ઓળા તો છેક સૂકી માંડવીમાંથી શેકેલ માંડવી મળે ત્યાં સુધી રાત્રે, મોડી રાત્રે ને વહેલી સવારે ચાલુ રહે. એ કોલસી ને રાખના ઢગલાને ય જતા-આવતા રસિયાઓ સાંઠીકડેથી ફંફોળતા જાય ને એક દાણો બચી ગયેલો મળી જાય તોય સંતોષ માને !

શંકાભર્યા મોલની પણ માંડવીઓ અસામાન્ય તો નહિ જ ! ચણા, પપૈયાં, જામફળ એ બધાંની પાર્ટીઓ નાની ને ખાનગી હોય ! ઘણે ભાગે એકાદ સાહસિકની સફરનાં ફળ જ એ હોય. ચીજ લઈને પછીથી વાતવાતમાં કહી દઈએ તો દોષમુક્તિ થઈ જાય છે એ માન્યતા પણ સાવ ગઈ નથી.

ખાવાપીવાને જ માણસો મળે છે એવુંય નથી. વંઝી બાંધવા, નળિયાં ચડાવવા, ઘઉંના પાળા બાંધવા ને કોઈવાર તો સાંતીનું કામ, ઝાઝા હાથ માગતું કામ ને તાત્કાલિક ને ઝડપથી પતાવવાનાં કાર્યો કરી દેવાને લોકો એકબીજાને ત્યાં જાય છે ને ત્યારે કામ સાથે કિલ્લોલ થતો હોય છે.

ચિચોડો ચાલુ થાય ત્યારે ઘણે ભાગે સગાંવહાલાંઓ મદદે આવી જતાં હોય, એટલું જ નહિ અરસપરસની ઢાલવાળા ને મેળવાળા ખેડૂતોય શામેલ થાય. અને એ પ્રસંગને ઉકેલે છે.

જેમ કામની દોઢના દિવસો હોય છે તેમ નવરાશના ગાળાના દિવસો પણ ખાસ કરીને ચોમાસામાં આવી જાય છે. ત્યારે કદી નવરાશ ન ભાળનારા જુવાનો પણ ચોપાટ ઉપર જામતા હોય છે અને મોડી રાત સુધી હર્ષનાદો થતા સંભળાય છે.

ભજનની રાતો, ઠાકોરથાળી ને દાંડિયારાસની રાતો પણ સમૂહઆનંદની રાતો જ બની જાય છે, ગામ કરતાંય વાડી પર આ પ્રસંગો વધુ દીપી ઊઠે છે.

આ તો થયા ખાસ પ્રસંગો, પણ રોજિંદાં કામોમાંય જ્યાં પાંચ માણસો ભેગાં કામ કરતાં હોય છે ત્યાં એકાદ આનંદી જીવડો સૌને ટોળ-ટીખળ-ચાળા-ગપસપ ને રમૂજથી મજા પીરસતો હોય છે. આ બધો આનંદ ન હોત તો અનેક એકધારાં ખેતીનાં અનિવાર્ય કામો ઢસરડો બની જાય !

**('વાડી પરનાં વહાલાં'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**કાફલો** સંઘ, ગતિ કરતો સમૂહ; **ચિરસ્મરણીય** હંમેશાં યાદ રહે તેવું; **સંગ્રામ** યુદ્ધ; **રંજાડવું** હેરાન કરવું; **પદાર્થપાઠ** પ્રત્યક્ષ પદાર્થ દ્વારા બોધ; **આવાસ** રહેઠાણ; **ટિખળ** મજાક; **આહ્‌લાદ** આનંદ, હર્ષ; **સાંતી** હળ; **વંઝી બાંધવી** ખપટિયાં બાંધવા; **વણિયલ** બિલાડી જેવું પ્રાણી

### વિરુદ્ધાર્થી

**લીલી** સૂકી; **ભપકો** સાદગી; **અંકુશ** નિરંકુશ; **પ્રત્યક્ષ** પરોક્ષ; **કોલાહલ** નીરવ

### તળપદા શબ્દો

**બચલાં** બચ્ચાં; **કાળોતરો** ફણીધર નાગ; **માંજર** બિલાડો; **ઢાલ** સામસામે મદદ કરવાની રીત; **સાંઠીકડું** સાંઠીનો નાનકડો કકડો; **કામની દોઢ** ખૂબ ઝાઝું કામ

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) બાળકોની નજરમાં શું આવી જાય છે ?

(A) ઢેલે કેટલાં ઈંડાં મૂક્યાં છે તે (B) બુલબુલે ક્યાં ને કેવો માળો કર્યો છે તે

(C) કાકીડાએ કેવા રંગો ધારણ કર્યા છે તે (D) ઉપરના (A) (B) (C) ત્રણેય

(2) જંતુ-જગતનાં દર્શન માટે કયો સમય વધારે યોગ્ય છે ?

(A) બપોરનો (B) બપોર પછીનો

(C) દિવસના કોલાહલનો (D) રાતનો શાંત નીરવ સમય

(3) કુદરતના કારવાન-કાફલાને વાડી શું આપે છે ?

(A) આશ્રય અને આવાસ (B) આકાર અને આહ્લાદ

(C) વાડી કશું જ આપતી નથી (D) ઉપરના (A) અને (B) બંને

(4) વાડીમાં ક્યારેક ક્યારેક કયાં પ્રાણીઓનાં દર્શન થઈ જાય છે ?

(A) શેઢાડી ને શેળાનાં (B) ઘોરખોદિયાં ને ભૂંડડાંનાં

(C) દીપડા ને સિંહનાં (D) વણિયલ અને જબાદિયાંનાં

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) ચોમાસાના નવરાશના દિવસોમાં લોકો કઈ રીતે આનંદ મેળવે છે ?

(2) ઝડપથી પતાવવાનાં કેવાં કેવાં કામ માટે, લોકો એકબીજાને ત્યાં જાય છે ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) વાડીના જલસાને તમારા શબ્દોમાં વર્ણવો.

(2) ''વાડીની લીલી દુનિયા વચ્ચે કેટકેટલાં જગત હોય છે !'' - આ વાક્યની પાઠના આધારે ચર્ચા કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પક્ષીઓની માહિતી મેળવો તથા એના આધારે ક્વિઝ ગોઠવો.
- આ પાઠમાં વર્ણવેલાં પ્રાણી-પક્ષીઓની માહિતી મેળવી એનો અંક બનાવો.
- તમારા પરિવાર સાથે ગામ/જંગલમાં જઈ રાત્રિરોકાણ કરો.
- જયમલ્લ પરમાર, બંસીધર શુક્લ, મીનપિયાસી જેવા લેખકોનાં પક્ષીઓ વિશેનાં પુસ્તકો મેળવી પ્રાણી-પક્ષીઓની માહિતી મેળવો.
- ઘર આંગણાનાં પક્ષીઓ, પાલતુ પ્રાણીઓ, જીવજંતુની યાદી તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- ''સવારથી સાંજ સુધી વાડી પર કામ, કામ ને કામ ચાલતું જ હોય છે.''

કામની વ્યસ્તતા બતાવવા અહીં 'કામ' શબ્દનું પુનરાવર્તન થયું છે. વળી સમાન કે અસમાન કક્ષાના શબ્દો વચ્ચે અલ્પવિરામ મુકાય અને છેલ્લો શબ્દ મુકાય તે અગાઉ 'અને' કે 'ને' મુકાય છે વળી 'અને' કે 'ને' મુકાતાં, ત્યાં અલ્પવિરામ મુકાતું નથી તેની પણ નોંધ લો.

- ''રાતે ઢોરને માટે ચીવટવાળા હોય તે સૂએ તો બાળકવાળી માતાની માફક જ !''

ખેડૂતો પશુઓની કાળજી રાખનારા હોય છે એ બાબત અહીં ઉપમા અલંકારથી દર્શાવાઈ છે જે ખેડૂતોની પશુ પ્રત્યેની મમતા વર્ણવે છે.

● ''...ઘણે ભાગે એકાદ સાહસિકની સફરનાં ફળ જ એ હોય.'' વ્યાજસ્તુતિ અલંકારથી અહીં ગ્રામ વાતાવરણ આલેખાયું છે. અરસપરસની વાડીનાં ફળ ચોરીછૂપીથી પાડી લાવી ચૂપચાપ મિજબાની માણે પણ એ માટે હિંમત જોઈએ એમ અહીં વ્યંગ થયો છે.

● વિવિધ પ્રકારના જીવોનું ટૂંકમાં કેવું સરસ શબ્દચિત્ર આલેખાયું છે તે જુઓ...

- હાથ હાથનાં કણા ચાંચેથી પૂરા કરતાં લલેડાં
- અળસિયાનો ગોળો કરી આરોગતાં દેડકાં
- નાના સસલાંથી ફાટફાટાં પેટ ભરી પગદંડી પર સૂતા સર્પો
- કાગડાઓ વચ્ચેથી માર્ગો કાઢતા ઘુવડ.
- શેરડીના શોખીન શિયાળ
- ઈંડાં શોધતાં ખેરખટ્ટા
- મરઘીનાં બચ્ચાંને ચોરીને ઘરભેગા - દરભેગા કરતા ઉંદર
- પાકને બગાડતી ઈયળો સાફ કરતાં પક્ષીઓ.

લેખકો શબ્દ દ્વારા ચિત્ર સર્જતા હોય છે. એથી જાણે તે ચિત્ર જેવું પ્રત્યક્ષ ભાસે છે. તે ખૂબીને સમજો.

## શિક્ષકની ભૂમિકા

કોઈ પણ કાર્ય આનંદથી કરવામાં આવે તો તે કામનો બોજ કે તેનું ભારણ નથી લાગતું. તે કામ વેઠ બનવાને બદલે આનંદપર્વ બની જાય છે. જીવનનો સાચો આનંદ કોને કહેવાય ? તે ક્યાંથી મળે ? કેવી રીતે મળે તે પ્રસ્તુત પાઠના પ્રસંગો રજૂ કરી વિદ્યાર્થીઓને સમજાવવું.

જીવ, જંતુ, પશુ, પક્ષી અને પ્રાણીની વિવિધતાસભર, વિશાળ અને આશ્ચર્યજનક દુનિયા વિશે વિદ્યાર્થીઓમાં રસ ઊભો થાય તે રીતે એકમ રજૂ કરવું.

શહેરમાં જ રહેનાર બાળકોને પ્રસ્તુત પાઠમાં ઉલ્લેખાયેલાં કેટલાંય નામો વિશે શક્ય છે કે ખબર ન પણ હોય તેથી શિક્ષકે તે બધા વિશે થોડી માહિતી આપી તેનાથી પરિચિત કરવા.

વાડીમાં રહેવાની મજા અને માધુર્યથી, તેની મૌલિકતા અને આત્મીયતાથી વિદ્યાર્થીઓને વાકેફ કરી પ્રકૃતિ સાથેનો વિદ્યાર્થીઓનો નાતો વધુ મજબૂત બને તે માટે પ્રેરવા.

સાદું, સાહજિક અને ગ્રામજીવન પણ જુદી સમૃદ્ધિથી ભરેલું હોય છે તેનો અહેસાસ કરાવવો.

ગ્રામજીવનમાં સામાજિક અને ખેતીનાં કેટલાંક કામ એવાં હોય છે જેમાં વધુ માણસોની જરૂર પડે છે. તેવા સમયે સૌ ગામજનો એકબીજાનાં કાર્યમાં પૂર્ણ ઉત્સાહથી જોડાય છે અને તેને સારી રીતે, સમયસર પાર પાડે છે. આ ગ્રામ સંસ્કૃતિ છે. શહેરોમાં રહેતા માણસોની માનસિકતા જુદી અનુભવાય છે. ગ્રામ્ય અને શહેરી સંસ્કૃતિનો ભેદ સ્પષ્ટ કરી આત્મીયતા, સહકાર, સહયોગ, મદદ અને ફરજની સાથે માનવતા અત્યંત અનિવાર્ય છે તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

સમૂહજીવન અને તેમાંથી મળતો આનંદ માણવા માટે તહેવારો, મેળાવડા, પ્રસંગો કે પછી વાડીમાં ગોઠવાતા જલસા, મકાઈ ડોડા, લીલી મગફળીનો ઓળો, જુવારનો પોંક, માટલામાં તૈયાર થતું ઊંધિયું – આ બધી ઉજાણીઓથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા.

# 15 ગોદ માતની ક્યાં ?

ચંદ્રકાન્ત શેઠ

(જન્મ : 3-2-1938)

ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠ ખેડા જિલ્લાના ઠાસરા ગામના વતની છે. ઉત્તમ અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછી ગુજરાતી વિશ્વકોશમાં, બાળવિશ્વકોશમાં સહસંપાદક તરીકે કાર્ય કરે છે. તેઓ મુખ્યત્વે કવિ, વિવેચક અને નિબંધકાર છે. 'પવન રૂપેરી', 'ઊઘડતી દીવાલો', 'પડઘાની પેલે પાર', 'એક ટહુકો પંડમાં', 'ગગન ખોલતી બારી', 'શગે એક ઝળહળીએ' 'જળ, વાદળ ને વીજ' તેમના કાવ્યસંગ્રહો છે. 'ચાંદલિયાની ગાડી', 'હું તો ચાલું મારી જેમ', અને 'ઘોડે ચડીને આવું છું', એ તેમના બાળગીતોના સંગ્રહો છે. 'નંદ સામવેદી' તેમનો લલિત નિબંધોનો સંગ્રહ છે. 'ધૂળમાંની પગલીઓ' સ્મરણકથા છે. તેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક તથા સાહિત્ય અકાદમી દિલ્હીના એવોર્ડથી સન્માનિત થયેલા છે.

માની મમતાથી ઉપર આ સૃષ્ટિમાં બીજું કશું નથી એ ભાવ આ કાવ્યના કેન્દ્રમાં છે. આ સૃષ્ટિના દુન્યવી રૂપો અને જુદાં જુદાં તત્ત્વો સાથે માના વાત્સલ્યથી જુદી-જુદી સ્થિતિઓનું અહીં નિરૂપણ થયું છે. જીવનમાં બીજું બધું મળશે પણ માની ગોદથી વિશેષ મૂલ્યવાન બીજું કશું નથી. માના સમગ્ર વ્યક્તિત્વમાંથી માત્ર ને માત્ર પ્રેમ-વાત્સલ્ય અને કરુણા જ દ્રવતી હોય છે. એ આકર્ષક લય-પ્રાસ દ્વારા આ કાવ્યમાં પ્રગટ થયું છે. તુલના દ્વારા માતા માટેનાં ભાવચિત્રો ખૂબ જ સુંદર રીતે ઘૂંટાયાં છે.

---

છત મળશે ને છત્તર મળશે,
ગોદ માતની ક્યાં ?
શયનખંડ ને શય્યા મળશે,
સોડ માતની ક્યાં ?
રસ્તા મળશે, રાહી મળશે,
રાહત માની ક્યાં ?
ચાંદ, સૂરજ ને તારા મળશે,
આંખો માની ક્યાં ?
પલ્લવ ને પુષ્પો તો મળશે,
પાલવ માનો ક્યાં ?
સૂર, તાલ ને સંગીત મળશે,
ટહુકો માનો ક્યાં ?
હાજર હાથ હજાર હોય, પણ
છાતી માની ક્યાં ?
બારે ઊમટે મેહ, હેતની
હેલી માની ક્યાં ?
ભર્યા ઉનાળે પરબ સરીખી
છાયા માની ક્યાં ?
ભર્યા શિયાળે હૂંફ આપતી
માયા માની ક્યાં ?

('પરિવાર કાવ્યો'માંથી)

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**ગોદ** ખોળો, અહીં માતાનો ખોળો; **શય્યા** પથારી; **સોડ** પાસું, પડખું; **રાહી** મુસાફર, વટેમાર્ગુ; **પલ્લવ** પાંદડું; **પરબ** રસ્તામાં મુસાફરને પાણી પાવાની જગ્યા; **રાહત** અહીં હૂંફ; **મેહ** વરસાદ

### વિરુદ્ધાર્થી

**હાજર** ગેરહાજર; **હેત** ધિક્કાર

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) માતાના ટહુકા પાસે કોની વિસાત નથી ?

(A) સૂર (B) તાલ

(C) સંગીત (D) ઉપરના ત્રણેયની

(2) 'હાજર હાથ હજાર હોય' વાક્યનો અર્થ...

(A) કોઈ મદદ કરવા આવતું નથી (B) એક હજાર હાથની વાત છે.

(C) માતાની મમતા દેખાતી નથી (D) બધા જ મદદ કરવા તૈયાર હોય

(3) માતાની છાયાને કવિ કોની સાથે સરખાવે છે ?

(A) સૂર, તાલ ને સંગીત સાથે (B) ઉનાળાના તડકા સાથે

(C) ભર્યા ઉનાળાની પરબ સાથે (D) શિયાળાની ઠંડી સાથે

(4) કવિને શિયાળામાં હૂંફ કેવી રીતે મળે છે ?

(A) તાપણું કરીને (B) માતાની લાગણીથી

(C) શય્યામાં સૂવાથી (D) કડકડતી ઠંડીથી

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) માતાની આંખોથી કવિ શું પ્રાપ્ત કરે છે ?

(2) માતાના હેતની હેલીને કવિ કઈ રીતે સમજાવે છે ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) 'ગોદ માતની ક્યાં ? કાવ્યમાં કવિને કઈ કઈ બાબતોમાં અધૂરપ અનુભવાય છે ? શા માટે ?

(2) કવિને માતા પાસેથી શું-શું મળે છે ?

**4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો :**

'હાજર હાથ હજાર હોય, પણ
છાતી માની ક્યાં ?'

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારાં મમ્મી વિશે 15-20 વાક્યોમાં એક નિબંધ લખો.
- મા વિશેનાં અન્ય કાવ્યો મેળવી વર્ગ સમક્ષ રજૂ કરો.
- વિવિધ વસ્તુઓની યાદી તૈયાર કરો અને તપાસો કે માના સ્નેહના બદલામાં એ વસ્તુઓ પૂરતી થાય ?

## ભાષા-અભિવ્યક્તિ

- 'ભર્યા ઉનાળે પરબ સરીખી છાયા માની ક્યાં ?'

માતૃમહિમા ગાતા આ કાવ્યમાં કવિએ ઉપમા અલંકારથી આખો ભાવપ્રગટ કર્યો છે, તો 'હેતની હેલી', જેવા શબ્દોથી રૂપક પણ વણાયો છે. અલંકારો દ્વારા ભાવની અભિવ્યક્તિ કેવી સુંદર રીતે થાય છે તે સમજો.

- માના જેવી ગોદ ક્યાં ? એના જેવી સોડ ક્યાં ? રાહત ક્યાં ? જેવા પ્રશ્નો કવિ દરેક પંક્તિમાં પૂછે છે. પ્રશ્નો લયબદ્ધ રીતે છેવટ સુધી ચાલે છે છતાં પ્રશ્નોમાં વાત ઉદ્‌ગારની છે અને પ્રશ્નોમાં જ ઉત્તરો વણી લેવાયા છે. આ અનોખી શૈલીની વિશેષતા સમજો.

## શિક્ષકની ભૂમિકા

માતાની ગોદ એટલે કોઈ પણ વયના સંતાનનું સ્વર્ગ, તેનું સર્વસ્વ. માતાની કે માતાના પ્રેમની સરખામણી કોઈ સાથે ના થઈ શકે. માતાની ગોદ, સોડ, આંખો, પાલવ, ટહુકો, છાતી, છાયા, માયા વગેરે માટે કવિએ કરેલી સરખામણી દ્વારા થયેલો માતૃમહિમા સ્પષ્ટ બને તેમ સમજણ આપવી.

માતાના મહત્ત્વ વિશે દરેક ભાષામાં અનેક ઉક્તિઓ, પંક્તિઓ અને અવતરણો વિશ્વપ્રસિદ્ધ છે. ગુજરાતીમાં માતા વિશે આ જાણીતા પ્રયોગો / ઉક્તિઓ / પંક્તિઓ ઉદાહરણ સાથે સમજાવવી :

- 'મા તે મા, બીજા વગડાના વા'
- 'ગોળ વિના મોળો કંસાર,<br>મા વિના સૂનો સંસાર.'
- 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ...'

વગેરે દ્વારા માતૃપ્રેમનું મહત્ત્વ અને મહિમા વિદ્યાર્થીઓમાં દૃઢ થાય તે રીતે કાવ્ય શીખવવું.

●

# 16 કુદરતી

**લાભશંકર ઠાકર**

**(જન્મ : 14-01-1935 અવસાન : 06-01-2016)**

લાભશંકર જાદવજી ઠાકર 'પુનર્વસુ'નો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામે થયો હતો. તેમનો વ્યવસાય આયુર્વેદના વૈદ્ય તરીકેનો હતો. 'વહી જતી પાછળ રમ્ય ઘોષા', 'માણસની વાત', 'બૂમ કાગળમાં કોરા', 'મારા નામને દરવાજે', 'લઘરો', 'ટેવ', 'રમત', વગેરે તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. 'એક ઉંદર અને જદુનાથ', 'પીળું ગુલાબ અને હું', તેમના મહત્ત્વનાં નાટકો છે. 'મરી જવાની મજા', 'બાથટબમાં માછલી', તેમના મહત્ત્વનાં એકાંકી સંગ્રહો છે. 'મારી બા' અને 'બાપા વિશે' મહત્ત્વનાં નોંધપાત્ર ચરિત્રો છે. 'અકસ્માત', 'કોણ ?', 'ચમકચાલીસા', 'લીલાસાગર', 'કુહૂકુહૂ બોલે કોયલિયા' તેમની પ્રયોગશીલ નવલકથાઓ છે. નિબંધ, બાળસાહિત્ય અને આયુર્વેદના લેખનમાં પણ તેમનું પ્રદાન છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

'કુદરતી' એકાંકી લાભશંકર ઠાકરના 'મરી જવાની મજા' એકાંકી સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. એકાંકીનું મુખ્ય પાત્ર બાબુ અચાનક મૃત્યુ પામે છે ને સાંજે પાછો જીવતો થાય છે. ત્યારે આસપાસના સગા-સંબંધીઓને એના એક દિવસના સ્વર્ગગમનના અનુભવો કહે છે. સવારે પેશાબ કરવા જતાં અચાનક જ એનાથી એક કીડી બચાવવાનું પુણ્ય થઈ જાય છે. એથી બાબુ એક દિવસ સ્વર્ગમાં પસાર કરી હજી આયુષ્ય બાકી હોવાથી પૃથ્વીલોક પર પાછો આવે છે. આવીને બધાને સ્વર્ગમાં રહેતા દેવલા અને ઇન્દ્રરાજાની વાતો કરે છે.

એકાંકીમાં લેખકે કુદરતી રીતે (સહજ રીતે) થતા કામનો મહિમા વર્ણવ્યો છે. એ જ પુણ્યકાર્ય છે એ સૂચવ્યું છે. નાટકનો આ ધ્વનિ હળવાશથી, મર્માળી રીતે, નાટ્યાત્મક રીતે લેખકે પ્રગટ કર્યો છે.

---

**પાત્રો : 1. હરિલાલ, 2. ચંદુ, 3. કૃપાશંકર, 4. કાશી, 5. બાબુ.**

(ઠાઠડી પાસે બાબુના શરીરને ગોઠવતાં ગોઠવતાં હરિલાલ છળી મરે છે.)

**હરિલાલ** : એલા, ઊભા રો. ઊભા રો. સબૂર. આ બાબુડો તો જીવતો છે. આ જુઓ ઈની આંખનાં પોપચાં હલે.

**ચંદુ** : હરિકાકા ! આ ઈના હોઠ પણ ફફડે છે. જુઓ (મોટેથી) એલા, બાબુ જીવે છે. રોવાનું બંધ કરો...
(બહારથી સંભળાતો બૈરાંનો રોકકળનો અવાજ બંધ થાય છે. વિખરાયેલા વાળ અને સૂજેલી આંખોવાળા બાબુના પિતા કૃપાશંકર આવે છે.)

**કૃપાશંકર** : મારો બાબુ જીવે છે ? હે ભગવાન !

**હરિલાલ** : (બાબુની નાડી જુએ છે.) આ જુઓ, ઈની નાડીના ધબકારા હાલે !
(બાજુમાં પડેલી નાડાછડીનો કકડો બાબુના નાક પાસે રાખે છે.)
આ ઈના શ્વાસ હાલે.
(શ્વાસથી નાડાછડીનો છેડો આઘોપાછો થાય છે.)

**કૃપાશંકર** : (બાબુના માથા પર હાથ મૂકી કહે છે.) બાબુ બેટા ! આ બધું શું થઈ ગિયું !

**ચંદુ** : હવે રોવાનું બંધ કરો ફુઆ. બધા શાંતિ રાખો. ઈનો જીવમાં જીવ આવી રહ્યો છે. કકળાટ કરશો તો એ મૂંઝાઈ જશે.

**હરિલાલ** : હા મોટા ભૈ, રોવાનું બંધ કરો. અને ચંદુ, જરા પંખો લાવ તો.
(ચંદુ ઊભો થઈ બારણા પાસે જઈ)
અરે કાશી ફઈ ! ક્યાં ગિયાં ! આપણો બાબુ તો જીવે છે.
પંખો લાવો ઝટ. ક્યાં ગિયાં ?
(કાશી પ્રવેશે છે. કાળાં કપડાં પહેર્યાં છે.)

**કાશી** : શું કીધું ચંદુ ? બાબુ જીવે છે ? મારો દીકરો...
મારો દીકરો... મારો સાત ખોટનો બાબુડો...

**ચંદુ** : હવે રાડું નાખો મા ફઈ. કઉં છું પંખો લાવો ઝટ. જરા હવા નાખીએ તો ઈના જીવને શાંતિ વળે.
(કાશી પંખો શોધીને, પાસે જઈને બાબુને હવા નાખે છે અને હરખનાં આંસુ લૂછે છે.)

**હરિલાલ** : (પંખો લઈને) તમે હવે આઘા બેહો અને ચંદુ ! મોટા ભૈ ! આને હવે અંઈથી ઉપાડી ખાટલામાં સુવાડો. હાલો.
(ઠાઠડી પરથી ઊંચકીને બાબુને ખાટલામાં સૂવડાવે છે. હરિલાલ પંખો નાખે છે. ઠાઠડી વગેરે વસ્તુઓ બતાવીને.)
એલા, આ બધો ડામચિયો બાર કાઢો. ઘરમાં બધાં એક નંબરના મૂરખ ભેગા થિયાં છો. માણહ મરેલો છે કે જીવતો છે ઈનું પણ કંઈ ભાન નથી.
(ચંદુ તથા બીજા ઠાઠડી, નાળિયેર વગેરે ત્યાંથી ખસેડે છે.)

**કૃપાશંકર** : લાવ નાખું હરિભાઈ, તું થાકી જઈશ. (પંખાને લેવા હાથ લંબાવે છે.)

**હરિલાલ** : તમે બેહો હવે છાનામાના. તમારામાં તે કંઈ અક્કલ છે ! ઈ તો સારું થિયું કે મારું ધ્યાન ગિયું. નઈ તો તમે બધા ભેગા થઈને આને ફૂંકી જ મારત ને ?

**કૃપાશંકર** : અરે, પણ પરસોત્તમ દાક્તરે તપાસ કરીને કીધું કે કાકા, ગંગાજળ લાવો. દાક્તરે જાતે જ બાબુના મોઢામાં ચમચી ભરીને રેડ્યું'તું. પૂછ તારી ભાભીને.

**હરિલાલ** : હવે ઈ પશા દાક્તરની વાત જવા દ્યો ને. ઓણ સાલ પેલો ચમન ચક્કી માંદો પડેલો. ઈ બિચારો નવેરીમાં મૂતરવા બેઠેલો. આ દાક્તરે આવતાંવેંત જ ઓસરીમાં ચમનનો ડોહો સૂતેલો તે ઈને ઇન્જેક્શન ફટકારી દીધું. ડોહો તો કંઈ રાડ્યું નાખે રાડ્યું !
(બધાં જરા જરા હસી પડે છે. બાબુ આંખ ખોલે છે.)

**ચંદુ** : અરે, બાબુએ આંખ ખોલી, બાબુ ! બાબુ !

**કૃપાશંકર** : બાબુ, દીકરા ! કેમ છે તને ?

**કાશી** : પાણી આલું ભઈ ?

**હરિલાલ** : હવે શાંતિ આપો.
(બાબુ ચકળવકળ આંખો ફેરવે છે. પછી બેઠો થવાનો યત્ન કરે છે.)
ઊભો રે, તને બેઠો કરું. (બધા બાબુને બેઠો કરે છે. કાશી પાછળ તકિયો મૂકી આપે છે.)

**હરિલાલ** : કેમ છે બાબુ તને ?

**બાબુ** : હરિકાકા !

**હરિલાલ** : હા બાબુ, હું હરિકાકા છું. કેમ છે તને ?

**બાબુ** : સારું છે હરિકાકા, પણ કેડમાં જરા જરા દુઃખે છે. આ જમીન પર પટકાણો ઈની પછડાટ વાગી ગઈ.

**કૃપાશંકર** : જમીન પર પટકાણો ?

**કાશી** : બઉ વાગ્યું છે ભઈ ? હળદર-મીઠું ગરમ કરીને લગાડી દઉં ?

**બાબુ** : ના બા, ઈની કંઈ જરૂર નથી. મટી જશે ઈ તો.

**હરિલાલ** : અરે, તું પટકાણો-ક્યાંથી ? તું તો અંઈ જ હતો. અમે તો તને...

**કૃપાશંકર** : તને જરા ઝોબો આવી ગયો'તો. અરે, કઉં છું જરા ગરમ મસાલો નાખીને બાબુ માટે ચા બનાવી લાવો ને.

**બાબુ** : હા બા, ચા બનાવી આલ. ટાઢાંબોળ વાદળાંને કારણે જરા શરદી થઈ ગઈ છે ને માથું પકડાયું છે.
(કાશી જાય છે.)

**ચંદુ** : વાદળાં ? શીનાં વાદળાં ? બાબુભૈ ! તું શીની વાતું કરે છે ?

**બાબુ** : આકાશનાં વાદળાં, ભીનાં ભીનાં ! ઈમાંથી દેવદૂતો પસાર થઈને મને અંઈ પાછો લાવ્યા.

**હરિલાલ** : દેવદૂતો ? બાબુ ! તારું ભમી તો નથી ગિયું ને ?

**બાબુ** : ભમી જ ગ્યું'તું. અરે, ઈ સ્વર્ગની કંઈ મોજ-મજા હતી.
આહાહા... હરિકાકા ! આપણું તો મગજ કામ નોં કરે.

**ચંદુ** : તે તું સ્વર્ગે જઈ આવ્યો બાબુભૈ ?

**બાબુ** : તંઈ !

**હરિલાલ** : જરા માંડીને વાત તો કર. સ્વર્ગ કેવું હોય છે બાબુ ?

**બાબુ** : અરે, શું વાત કરું હરિકાકા ! કઉં છું ને કે આપણું મગજ કામ નોં કરે.

**હરિલાલ** : પણ તું ગિયો કેવી રીતે ?

**બાબુ** : આ જ સવારની વાત. નવેરીમાં પેશાબ કરીને ઘરમાં આવ્યો. ત્યાં અચાનક મને મૂંઝારો થિયો ને ઢબી પડ્યો. પછી તો રોતાં માબાપ વચ્ચેથી પાંખોવાળા બે દેવદૂતોએ મને ફૂલની જેમ ઊંચકી લીધો ને મંડ્યા આકાશમાં ઊડવા. હું તો ટગર ટગર ડાબા-જમણી દેવદૂતોની સામે જોયા કરું. મેં કીધું અરે ભાઈ, મને આમ આકાશમાં કઈ તરફ લઈ જાવ છો ? એક દેવદૂતે હસીને કીધું કે સ્વર્ગમાં. ટાઢાંબોળ વાદળાંમાંથી સરરરર સરરરર ઊંચે ને ઊંચે અમે ઊડતા'તા. મને બેચાર છીંકો આવી ગઈ. દેવદૂતોએ મારા હાથ બાવડામાંથી ઝાલેલા. માળું નાક લૂવું શી રીતે ?

**કાશી** : (ચા લઈને આવે છે.) લે ભઈ, ચા સૂંઠ નાખીને બનાવી છે. ગરમ ગરમ પી લે.
(બાબુ કપ લે છે. રકાબીમાં ચા કાઢી જરા ફૂંક મારી બે ઘૂંટડા ભરે છે.)

**ચંદુ** : પછી શું થિયું બાબુભૈ ?

**બાબુ** : હા, આપણે ક્યાં સુધી આવ્યા'તા ?

**કૃપાશંકર** : છીંક આવી.

**કાશી** : છીંક આવી ? ગરમ ગરમ ચા પી લે ઝટપટ શરદી મટી જશે.

**કૃપાશંકર** : અરે આ અતારની વાત નથી. આ તો સ્વર્ગની વાત છે.

**કાશી** : સ્વર્ગની ?

**ચંદુ** : તો પછી ? કાશી ફઈ, તમે બેહો. આ આપણો બાબુભૈ તો સ્વર્ગમાં જઈ આવ્યો, દેવદૂતોની હંગાથે. તમે સાંભળો. હા, તો પછી-બાબુભૈ !

**બાબુ** : હાં, તો વાદળાંની ઠંડકથી મને છીંકો આવી. મારા હાથ તો છૂટા નોતા. નાક લૂવું કેવી રીતે ? હરિકાકા ! હજી આવું વિચારું છું ત્યાં તો ફટ કરતી ને એક અપસરા ઊડતીકને આવી પોંચી અને ઈના રેશમી લૂગડાથી મારું નાક લૂછ્યું. હું તો મૂંઝાઈ ગિયો. અને જ્યારે એના મોઢા સામું જોયું ત્યારે તો ડિંગ જ થઈ ગિયો. ચંદુભાઈ ! ખબર છે ઈ કોણ હતું ? અરે, ઈ તો આપણો દેવલો હતો.

**ચંદુ** : દેવલો ?

**બાબુ** : હા દેવલો. ઓલો ખારાગોઢાના મેળામાં બૈરીનાં કપડાં પે'રી, પટિયાં પાડી નાચતો નો'તો ? ઈ... ચોથી ચોપડીમાં મારા ભેગો ભણતો'તો.

**ચંદુ** : હા... હા... દેવલો. પેલો નરસીંનો છોકરો.

**હરિલાલ** : નરસીંનો છોકરો તો બે વરહ પેલા મરી ગ્યો તો ?

**કૃપાશંકર** : ઈને એરુ આભડ્યો'તો...

**બાબુ** : હા... હા ઈ જ દેવલો. સ્વર્ગમાં અપસરા થિયો છે. મેં કીધું દેવલા ! તું અંઈ ક્યાંથી ? તો કે, કે તમારું નાક લૂવા આઈ છું બાબુભૈ. મારું નામ હવે દેવાંશી છે. સ્વર્ગમાં અપસરા છું.

**હરિલાલ** : અરે, મારો બેટો દેવલો ! કેવું પડે !

**ચંદુ** : પછી ?

**બાબુ** : પછી શું ? દેવલો-માળો રૂપ રૂપનો અંબાર લાગે હોં ચંદુભાઈ ! ઈ તો મારું નાક લૂછીને અંતરધાન થઈ ગ્યો. મને તો કંઈ એવો હરખ થાય ! પછી તો દેવદૂતોએ મને સ્વર્ગના બગીચામાં ઉતાર્યો. ભાતભાતનાં ઝાડ, વેલા, ફૂલ ! એક જુઓ ને બીજું ભૂલો. કંઈ પાણીના ફુવારા ઊડે ને મઘમઘાટ આવે. અરે, કંઈ મન ડોલી જાય આપણું તો. બગીચામાંથી ચાલતાં ચાલતાં અમે એક મોટા મહેલમાં દાખલ થિયા. ઠાઠ દરબાર ભરાયેલો. સિંહાસન પર ઈન્દ્રરાજા બિરાજેલા. નાચગાન ચાલી રિયાં છે. પણ હું દાખલ થિયો કે તરત નાચગાન બંધ.

**હરિલાલ** : બંધ ? બંધ કેમ કરી દીધાં ?

**બાબુ** : તમે સાંભળો તો ખરા હરિકાકા.

**ચંદુ** : નાચગાન બંધ પછી ?

**બાબુ** : આપણને જોઈને ઈન્દ્રરાજા ફટ ઊભા થઈ ગિયા. સામા પગલે હરખભેર આવ્યા. 'આવો બાબુરાજ' એમ કઈને બાથમાં લીધો. આંખમાં હરખનાં આંસુ આવી ગ્યાં.

**ચંદુ** : કોની આંખમાં બાબુ ?

**બાબુ** : અમારા બંનેની આંખમાં.

**હરિલાલ** : ઈન્દ્રરાજા રડી પડ્યા ?

**બાબુ** : હા, અમે બંને રોઈ પડ્યા. બસ એમ જ કુદરતી રડવું આવી ગ્યું. પછી તો મને એમની પાંહે સિંહાસન પર બેસાડ્યો અને આંખના ઈશારે ફરી તાક્ધીન્ ધીન્ શરૂ થિયાં.

**ચંદુ** : એ લોકો કેવાં ગાયન ગાય ?

**બાબુ** : આપણાં જેવા જ વળી. પણ એકદમ સુરીલાં ગાયન. ગાનારો તો પાછો આપણો દેવલો જ હતો ને. એણે કીયું ગાયન ગાયું'તું ખબર છે ? મારી વેણીમાં ચાર ચાર ફૂલ, અંબોડલે સોહે સોહામણી ઝૂલ. વાહ ! વાહ ! શું મીઠાશ અને હલક ! અને માળો દેવલો, ચંદુભાઈ ! એવો જ રૂપાળો લાગે. ખારાગોઢાના મેળામાં જેવો લાગતો'તો ને એવો જ. કપાળમાં નાની ટીલડી, આંખમાં આંજણ, હોઠ પર લાલી, પટિયાં પાડેલાં, આમ પાછળ લટકતા છેડાવાળો રેશમી સાડલો પે'રેલો. વાહ ! શું ઈની અદા, શું ઈના ઈશારા. બીજી બધી અપસરા ઈની પાંહે ઝાંખી લાગે.

**હરિલાલ** : ઈન્દ્રરાજાએ ખાલી નાચગાન જ દેખાડ્યાં કે ભોજન-બોજન...

**બાબુ** : જમ્યા વગર તો ઈન્દ્રરાજા જવા દે, શું વાત કરો છો હરિકાકા ? નાચગાન બંધ થિયાં એટલે ઈન્દ્રરાજા કે, કે હાલો બાબુરાજ ! જમવા પધારો.

**ચંદુ** : તે ઈન્દ્રરાજા તને બાબુરાજ કઈને બોલાવે ?

**બાબુ** : તંઈ ? એ તો સ્વર્ગની એક રસમ કેવાય. તમે જાવ તો તમને ચંદુરાજ કહે. હરિકાકા જાય તો એમને હરિરાજ કહીને બોલાવે, એ રીતે મને બાબુરાજ.

**કૃપાશંકર** : જમવામાં શું રસોઈ હતી બાબુ ?

**બાબુ** : છૂટું ચૂરમું વળી. ઉપર ધાર ચોખ્ખા ઘીની અને પીરસનારો આપણો દેવલો, સમ દઈ દઈને ખવડાવે.

**કૃપાશંકર** : અરે, પણ ઈના હાથનું આપણા બામણથી ખવાય ?

**બાબુ** : ઈ ભેદભાવ સ્વર્ગમાં નોં હોય બાપા. અને દેવલો ઈ તો હું એને ઓળખતો એટલે કઉં છું. બાકી ઈનું નામ તો દેવાંશી હતું. સ્વર્ગમાં ઈનું કેટલું બધું માન ! ઈન્દ્રરાજાના ઈના ઉપર ચાર હાથ. દેવાંશી શું કે'શે ને શું કરશે. ઈ દેવાંશી આમ બીજા કોઈને તો જમાડે પણ નઈ.

**હરિ** : બાબુ જમવામાં ફરસાણ શું હતું ?

**બાબુ** : અરે, હરિકાકા વાલ, ફર્સ્ટ ક્લાસ ! આપણા મણિયા કરજગના હાથની જ રસોઈ જોઈ લો. આ આંગળિયુંમાં હજી ઈની સોડમ આવે છે. (બે વખત આંગળીઓ સૂંઘે છે.) ઊડી ગઈ છે. ઈ સ્વર્ગલોકની સોડમ કંઈ અંઈ ધૂળલોકમાં આવે ?

**હરિલાલ** : (નિઃશ્વાસ સાથે) મણિયા કરજગ જેવા અવલ નંબરના રસોયાય ગિયા અને ઈ ખાવાપીવાનાય ગિયા.

**કૃપાશંકર** : ઉપર ધારનાં તો સપનાં રઈ ગ્યાં. બાકી આ ચંદુના દાદા ગુજરી ગિયા ત્યારે ઈની પાછળ ચોવીશ ગામની નાત થયેલી. શું ઘી ખાધાં છે ઈ વખતે ! ઓહો !

**હરિલાલ** : ઘીની ક્યાં વાત કરો છો મોટા ભૈ. તેલ પણ ચાં મળે છે ખાવા.

**કાશી** : તીંમાં તો મારો બાબુ રોજ કકળાટ કરે છે. મોર્ય સારી પઠે તેલવાળાં શાક ખાધેલાંને તે ખાણબાફણાં જેવાં શાક ચાંથી ભાવે ?

**બાબુ** : આ એટલે તો મારે પાછા નો'તું આવવું, બા.

**ચંદુ** : તો પછી પાછો કેમ આવ્યો બાબુભૈ ?

**બાબુ** : આવરદા બાકી હશે બીજું શું. જમી લીધા પછી ઈન્દ્રરાજાએ બંગલા પાન એક પોતે ખાધું ને એક મને આપ્યું.

**ચંદુ** : ઈન્દ્રરાજા પાન ખાય ?

**બાબુ** : શું કામ નો ખાય ? ઈમને શી ખોટ છે ? હા, સાંભળ ચંદુભાઈ. પાન ખાઈને થોડી વાર અમે વાતું કરી, પછી ઈન્દ્રરાજાએ કીધું કે જાવ બાબુરાજ, દેવાંશી હારે થોડો આરામ કરો. પછી દેવદૂતો તમને મૂકી જશે. મેં કીધું કે ક્યાં મૂકી જશે ? તો કે, કે પૃથ્વીલોકમાં. મેં કીધું કે ત્યાં હવે કશ રિયો નથી. આપની મેરબાની હોય તો અંઈ જ કંઈ નાનુંમોટું કામ આલો. આ દેવો મારો નાનપણનો ભાઈબંધ છે. અમે સાથે ભણતા, સાથે રમતા, અમારાં દિલ-ઈન્દ્રરાજાએ હસીને કીધું કે મારાથી કશું અજાણ્યું નથી બાબુરાજ. આ દેવાંશીની મનોકામના પૂર્ણ કરવા તો તમને અંઈ મેમાનગતિએ તેડ્યા છે.

**ચંદુ** : દેવાંશીની મનોકામના ?

**બાબુ** : હા. એક વાર દેવાંશીનાં નાચગાનથી ઈન્દ્રરાજા પ્રસન્ન પ્રસન્ન થઈ ગિયા. બોલ દેવાંશી ! જોઈએ તે માગી લે. દેવાંશીએ તો કીધું કે મારો બાળપણનો જિગરજાન દોસ્ત છે, બાબુ, ઈની બઉ યાદ આવે છે. ઈને તેડાવો, બસ.

**ચંદુ** : આનું નામ દોસ્ત કે'વાય.

**બાબુ** : દોસ્ત એટલે ? વિદાય વેળા અરધા આકાશ સુધી મૂકવા આવ્યો. આંખમાંથી આંસુ માંય નઈ. બથમાંથી છૂટો જ નોં થાય. મેં કીધું, હું જરૂરથી પાછો આવીશ દેવા, તું છાનો રે. પણ એ હીબકાં ભરીભરીને રોવા મંડી પડ્યો. મને તો ગળે ડૂમો જ બાઝી ગિયો. દેવદૂત જેવા દેવદૂતોની આંખો ભીની થઈ ગઈ. દેવદૂતોએ ફોસલાવીને છૂટો પાડ્યો. જતાં જતાં મારી સામે ટગર ટગર જોઈ રિયો. પછી દોડીને મારી પાંહે આવ્યો. બોલ્યો. બાબુ પૂન કરજે. જેથી ફરી મળી હકાય. હું તારી વાટ જોઈશ.

**કાશી** : સાચું છે. પૂન કર્યા વિના કંઈ સ્વર્ગે જવાય ?

**કૃપાશંકર** : આ આપણે આખો જનમારો સંસારમાં કીડાની જેમ જીવ્યા કરીએ છીએ. સ્વર્ગનાં સુખ આપણા ભાગમાં ચાંથી આવે ?

**હરિલાલ** : અરે, પણ માળો દેવલો ઈને તે શાં પૂન કર્યાં હશે કે સ્વર્ગ મળી ગિયું ? આ હું ચાલી વરહથી ગાયત્રીની ઉપાસના કરું છું. ત્રિકાલ સંધ્યા કરું છું. તાવમાં સસડતો હઉં તોય સ્નાન-સંધ્યા છોડ્યાં નથી. પૂછો મોટા ભૈને.

**કૃપાશંકર** : મારાથી ક્યાં અજાણ્યું છે.

**કાશી** : હરિભઈ ધરમ-કરમમાં પેલેથી જ કડક નીમવાળા.

**હરિલાલ** : આ આટલું બધું પૂન કરીએ છીએ તોય...

**બાબુ** : ઈ ખરું હરિકાકા, પણ આ પૂનની વાત તો બીજી જ છે.

**ચંદુ** : એટલે ધરમ-કરમ એ પૂન્ય ના કે'વાય ?

**બાબુ** : કે'વાય એક રીતે જોઈએ તો. પણ હું કહું છું ઈ એક જુદી જ બાબત છે. આપણને તો ખબરેય નો પડે ને મોટું પૂન આપણા હાથે થઈ જાય.

**ચંદુ** : પણ ખબર પડ્યા વિના તો પૂન કેવી રીતે થાય ?

**બાબુ** : તારે એ જ એક મોટો ભેદ છે ને. તમે પૂન કરો છો એવી ખબરે નો હોય ને પૂન થઈ જાય.

**હરિલાલ** : માળું કંઈ સમજાતું નથી.

**બાબુ** : જુઓ, તમને મારો જ દાખલો આપું. સ્વર્ગમાં ભોજન પછી આરામ કરતો'તો ત્યારે દેવલાએ મને ફોડ પાડીને વાત કરેલી. ઈન્દ્રરાજાએ દેવલાને વચન આપેલું કે એક વાર મને સ્વર્ગમાં લાવશે. પણ હવે સ્વર્ગમાં ઈમ ને ઈમ પૂન કર્યાં વિના તો કોઈને કેવી રીતે લવાય ?

**ચંદુ** : સાચી વાત.

**બાબુ** : હવે વસ્તુ એમ બની ગઈ ચંદુભાઈ કે હું આજે સવારે નવેરીમાં પેશાબ કરવા ગિયો. પેશાબ કરતાં અચાનક મારું ધ્યાન ગિયું ને ચમકીને બે ડગ ખસી ગ્યો. બચારી એક કીડી પલળીને મરી જાત. હવે આ તો એક પૂન થતાં થઈ ગિયું ને કીડી બચી ગઈ.

**કૃપાશંકર** : ઈનોય બચારીનો જીવ છે ને !

**બાબુ** : આ પછી હું ઘરમાં આવ્યો. ખાટલામાં બેહવા જઉં છું ત્યાં ઢબી પડ્યો. (જરા અટકીને) દેવલાએ મને કીધું કે બાબુ, તારા હાથે આ જે પૂનનું કામ થતાં થઈ ગયું એને કારણે જ તું સ્વર્ગમાં એક દાડાનો લાવો લઈ શક્યો અને આપણી મળી શક્યા. માટે પૂન કરજે, પણ જોજે કરવા ખાતર નો કરીશ, એનો વિચાર નઈં કરવાનો. ઈમ જ થાવું જોઈએ, કુદરતી.

**હરિલાલ** : મારું બેટું આ તો ભારે અઘરું કે'વાય.

**ચંદુ** : પૂન આપણે કરવાનું નઈં.

**કૃપાશંકર** : ઈની મેળાયે થઈ જવું જોઈએ.

**હરિલાલ** : કુદરતી !

**બાબુ** : આ દેવલો કુદરતી ગાતો નાચતો, ઈમાં ઈને મજા પડતી. કુદરતી જ ઈને એવું હતું. ભણતો ત્યારેય શું ? ગાવાનો ઈને ભારે શોખ. પણ કુદરતી. આ ઈમાં ઈને સ્વર્ગનો મોભો મળી ગિયો.

**હરિલાલ** : એલા બાબુડા ! તું શી વાત કરેશ ? માણહ નાચગાન કરે ઈમાંય સ્વર્ગ મળી જાય ?

**બાબુ** : હા, પણ ઈ કુદરતી હોવું જોઈએ, હરિકાકા.

**હરિલાલ** : (ઊભો થાય છે.) આપણે તો આમાં કાંઈ નો હમજીએ. હું જઉં ત્યારે મોટા ભાઈ અને હવે બાબુને આરામ કરવા દો. (જતાં જતાં બબડે છે.) પૂન ઈમ ને ઈમ થાવું જોઈએ, કુદરતી. મારું વાલું ઈ તો કેવી રીતે થાય ?

**ચંદુ** : ચાલો, હુંય ઊપડું ફઈબા. બાબુભૈ ! આવજે.

**બાબુ** : હા, આવજે ચંદુભાઈ.

**કૃપાશંકર** : બાબુ, તું આરામ કર થાક્યોપાક્યો. (જાય છે.)

**કાશી** : હાલો, હુંય લાપસીનું આંધણ મૂકું. (જાય છે.)

**બાબુ** : (આંટા મારે છે. પછી કાને જનોઈ ચઢાવે છે.) પૂન કરવાનું પણ ઈનો વિચાર નઈં કરવાનો. થઈ જવું જોઈએ, કુદરતી.

(વિચારમાં ને વિચારમાં જાય છે.)

**('લાભશંકરના આદર્શ એકાંકી'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**સબૂર** ધીરજ, થોભો એ અર્થનો ઉચ્ચાર; **અંતરધાન** અદૃશ્ય; **મોર્ય** પૂર્વે, પહેલાં, આગળ; **સોડમ** સુગંધ; **રસમ** રીત, રિવાજ; **આવરદા** ઉંમર, આયુષ્ય; **નવેરી** બે ઘરની પાછળના ભાગે છોડેલી જગ્યા; **ઝોબો** બેભાન થઈ જવું

### વિરુદ્ધાર્થી

**હર્ષ** શોક; **સુરીલું** બેસૂરું; **મીઠાશ** કડવાશ; **સ્વર્ગ** નરક; **પાપ** પુણ્ય

### તળપદા શબ્દો

**ઓણ** આ; **ભૈ** ભાઈ; **બેહો** બેસો; **નીમ** નિયમ; **પૂણ** પુણ્ય; **રાડ્યું** રાડો, બૂમો; **બઉ** બહુ; **શીનાં** શેના; **પાંહે** પાસે; **તંઈ** ત્યારે; **થઈ ગિયું** થઈ ગયું; **એરુ આભડ્યો** સાપ કરડવો

### રૂઢિપ્રયોગો

**ડિંગ થઈ જવું** આશ્ચર્યચકિત થઈ જવું, આભા બની જવું; **ગળે ડૂમો બાઝી જવો** ગળગળા થઈ જવું

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) બાબુનો મિત્ર દેવલો સ્વર્ગમાં શું બની ગયો હતો ?

(A) ઈન્દ્રરાજા (B) ગંધર્વ

(C) દેવાંશી અપ્સરા (D) રસોયો

(2) ‘‘મારો બાળપણનો જિગરજાન દોસ્ત છે, બાબુ. ઈની બઉ યાદ આવે છે... ઈને તેડાવો...’’ આ વાક્ય કોણ બોલે છે ? કોને કહે છે ?

(A) બાબુ ઈન્દ્રરાજાને કહે છે. (B) ઈન્દ્રરાજા ગંધર્વને કહે છે

(C) ઈન્દ્રરાજા બોલે છે અને દેવલાને કહે છે. (D) દેવલો બોલે છે અને ઈન્દ્રરાજાને કહે છે.

(3) સ્વર્ગના નિયમ મુજબ કયું કાર્ય પુણ્ય ગણાય ?

(A) કડક નિયમવાળા ધરમ-કરમ (B) કર્મકાંડ, સ્નાન-સંધ્યા

(C) કુદરતી રીતે, સહજતાથી થયેલું સદ્કાર્ય (D) ઈરાદાપૂર્વક અને ગણતરીપૂર્વકનું કાર્ય

(4) બાબુનું કયું પુણ્યકર્મ તેને સ્વર્ગમાં લઈ ગયું ?

(A) પેશાબ કરતાં બે ડગ ખસીને એક કીડીને મરતાં બચાવી.

(B) ચાલીસ વર્ષથી ઉપાસના કરતો હતો

(C) કર્મકાંડ, સ્નાન-સંધ્યા

(D) ઈરાદાપૂર્વકનું પુણ્યકર્મ

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) દેવલાએ બાબુ સાથેની દોસ્તીને કેવી રીતે નિભાવી તે તમારા શબ્દોમાં લખો.

**3. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) બાબુના સ્વર્ગના અનુભવને તમારા શબ્દોમાં આલેખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ એકાંકી વર્ગમાં ભજવો.
- તમારા મિત્ર સાથે જોડીમાં બેસી અનાયાસે થયેલાં સત્કાર્યોના પ્રસંગોની આપ-લે કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- બોલીનો વિશેષ પ્રયોગ અહીં થયો છે, તેની નોંધ લો. જેમ કે...

  - ઈના હોઠ ફફડે છે.      - હવે આઘા બેહો
  - રાડું નાખો મા.      - ડોહો તો કંઈ રાડ્યું નાખે રાડ્યું !
  - સ્વર્ગમાં અપસરા થિયો છે.

- તળપદી ભાષાનો કાર્યક્ષમ ઉપયોગ અહીં થયો છે. ભાષાનું જાનપદી સ્વરૂપ કેટલાય તળપદા શબ્દોથી વ્યક્ત થયું છે જેમ કે -

ગિયા, તંઈ, રાડું, ઓણ સાલ, ડોહો, પટકાણો, ગિયો, લૂગડું, વરહ, અપસરા, ઈનું, મોર્ય, વાતું, આલો, તેડ્યા, પૂન, નવેરી, નઈ, હમજીએ, કે'વાય.

- અસરકારક રજૂઆત માટે કેટલાક શબ્દો અહીં બદલાઈને આવ્યા છે. આ શબ્દોની ફેરબદલીથી શો ફેર પડ્યો છે તે જુઓ.

  - હા, એ જ દેવલો સ્વર્ગમાં અપ્સરા થયો છે.

    હા, ઈ જ દેવલો સ્વર્ગમાં અપસરા થિયો છે.
  - અહીં જ કંઈ નાનુંમોટું કામ આપો.

    અંઈ જ કંઈ નાનુંમોટું કામ આલો.
  - પુણ્ય એવી રીતે થાય ?

    પૂન એવી રીતે થાય ?

- ઉચ્ચાર વખતે જે-તે શબ્દો પર મુકાતો ભાર અર્થને વધુ સઘન બનાવે છે તે પણ જાણો.

## શિક્ષકની ભૂમિકા

સમાજમાં ધર્મ વિશે ફેલાયેલી ગેરસમજો, દૈનિક પૂજાવિધિ કે કર્મકાંડને જ ધર્મ સમજવાની ભૂલ, સ્વર્ગ વિશેના કાલ્પનિક ખ્યાલો વગેરે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

લોકોને બતાવવા માટે, કીર્તિ માટે કે સ્વર્ગની-મોક્ષની અપેક્ષા સાથે સારું કાર્ય કરવામાં આવે છે ત્યારે તેનો સાચો હેતુ જળવાતો નથી. સારાં કાર્યો ફળની અપેક્ષા વગર થાય તે આવકાર્ય ગણાય તે વિદ્યાર્થીને સમજાવવું.

નિખાલસતા, સમાનતા, માનવતા, બીજાની કાળજી લેવી જેવા ગુણો જીવનમાં ખૂબ જરૂરી છે તેનાથી વિદ્યાર્થીઓને જ્ઞાત કરવા. આ પાઠમાં રજૂ થયેલ વિચાર - નાનું સરખું સત્કાર્ય ઉત્તમ પ્રાપ્તિ કરાવી શકે - તેને સ્પષ્ટ કરવો.

●

# વ્યાકરણ

## એકમ-4 સમાસ

મિત્રો, તમે ઘરેથી સ્કૂલે સાઈકલ પર જતા હોવ તો સીધો પણ લાંબો રસ્તો પસંદ કરો કે વાંકોચૂંકો પણ ટૂંકો રસ્તો પસંદ કરો ? ટૂંકો રસ્તો, બરાબર ? આપણે બધા જ આમ કરતાં હોઈએ છીએ. કોઈ કામ કરવા માટે ટૂંકો રસ્તો મળતો હોય તો તે પસંદ કરીએ છીએ. તમને ખબર છે કે આપણે બોલવામાં પણ આવું જ કરતા હોઈએ છીએ ? ચાલો, ઉદાહરણ દ્વારા સમજીએ.

આજે મામા જમવા આવવાના છે. તેમના માટે બહાર થાળી મૂક. તેમના માટે બહાર વાટકા મૂક. તેમના માટે બહાર ગ્લાસ મૂક. તેમના માટે બહાર ચમચી મૂક...

તમને આ વાંચવાનો કંટાળો આવ્યો ? આવે જ ને ! કેટલી વાર 'તેમના માટે બહાર... મૂક' સાંભળવાનું ? તેના બદલે એમ કહીએ કે – 'તેમના માટે બહાર થાળી, વાટકા, ચમચી, ગ્લાસ મૂક.' તો ન ચાલે ? અને વળી 'થાળીવાટકા' કહીએ તો ય ચમચી, ગ્લાસ પણ મૂકવાના હોય, એવી તો ખબર પડે જ ને ! સાચી વાત છે ?

તો તમે અહીં શું કર્યું ? જે વાત વારંવાર ન કહીએ તો ચાલે એવું હતું 'તેમના માટે બહાર...મૂક' ચારમાંથી એક જ વખત બોલ્યા, અન્ય ત્રણ વિગતને પહેલી વિગત સાથે જોડી દીધી. તો બિનજરૂરી પુનરાવર્તનને ટાળવા માટે આપણે જે ટૂંકો રસ્તો શોધ્યો તે 'સમાસ'.

નીચેનું વાક્ય વાંચો :

આ તુલસીશ્યામ જવા આવવાનો ધોરીમાર્ગ છે.

તમે આ વાક્યનો શો અર્થ સમજ્યા ? આમાં બે વાક્ય સમજાયા ?

- આ તુલસીશ્યામ જવાનો ધોરીમાર્ગ છે.
- આ તુલસીશ્યામથી આવવાનો ધોરીમાર્ગ છે.

આમાં કેટલી વિગતોનું પુનરાવર્તન છે ? 'આ, તુલસીશ્યામ, – નો, ધોરીમાર્ગ, છે' – બરાબર ? તમે આ પુનરાવર્તન પામતી વિગતોને કોઈ એક વાક્યમાંથી કાઢી નાખી અને બે જુદા પડતા શબ્દો 'જવાનો' અને 'આવવાનો' ભેગા કરીને 'જવાઆવવાનો' પ્રયોગ કર્યો. આ 'જવુંઆવવું' તે સમાસ.

એટલે કોઈ પણ સમાસને જ્યારે સમજવો હોય, ઓળખવો હોય ત્યારે પહેલાં તેની 'ટાળેલી' વિગતોને ઉમેરવી પડે. આપણે નીચે આપેલા કેટલાક સમાસની આ વિગતો ઉમેરવાનો પ્રયત્ન કરીએ.

મોરમુગટ, જાળાંઝાંખરા, જીવનજંગ.

'મોરમુગટ' એટલે ? તમારા મનમાં શું દેખાયું ? તમારે 'મોરમુગટ' જોઈએ છે તો તમે શું માગશો ? 'મોર અને મુગટ', 'મોરે પહેરેલો મુગટ' ? કે 'મોરનું પીંછું લગાવેલો મુગટ' ?

'જાળાંઝાંખરા' એટલે ? 'જાળાંમાં વધેલા ઝાંખરા' ? જાળાં જેવા ઝાંખરાં ? 'જાળાં અને ઝાંખરાં' ?

'જીવનજંગ' એટલે ? 'જીવન અને જંગ', 'જીવનનો જંગ' ? જીવનમાં ચાલતો જંગ' ? કે 'જીવન રૂપી જંગ' ?

તમે જોઈ શકો છો કે માત્ર જો વિગત ઉમેરવાની હોય તો કદાચ આમાંની બધી વિગત તમે ઉમેરી શકો છો. પણ એ સમાસ બોલાય ત્યારે તમારા મનમાં કયો અર્થ ઝબકે છે, તે જોવું જોઈએ. જેમકે,

મોરમુગટ - મોરનું પીંછું લગાવેલો મુગટ

જાળાંઝાંખરાં - જાળાં અને ઝાંખરા

જીવનજંગ - જીવનરૂપી જંગ

આ અર્થ સમજવાની, નહીં મૂકેલી મૂળ વિગતોને ઉમેરવાની પ્રક્રિયાને 'સમાસવિગ્રહ' કહીએ છીએ. પણ સમાસવિગ્રહ કરતાં પહેલાં જરૂરી છે કે એ શબ્દોને ઓળખી શકાય. જેમકે, 'જીવનજંગ' સમાસ છે, એવી ત્યારે ખબર પડે કે જ્યારે 'જીવન' અને 'જંગ' એવા બે શબ્દો ઓળખી શકાય. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. એમાંથી તમે સમાસ ઓળખી શકો ?

(1) મહારવ તણી દિશા પર ઠરી બધી ચાહના.

(2) કહીંથી વળગી વિનાશકર આંધળી આ બલા.

(3) પરંતુ દૃઢનિશ્ચયી નહિ જ એમ વાર્યા વર્યા.

(4) પ્રકૃતિને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું.

(5) અખૂટ મણિમોતીકોષ, લઈ બ્હાર એ આવિયા.

ઉપરનાં વાક્યોમાં કયા શબ્દો સમાસ છે ? વાક્ય-1. મહારવ, વાક્ય-2. વિનાશકર, વાક્ય-3. દૃઢનિશ્ચયી, વાક્ય-4. હરહંમેશ, વાક્ય-5. મણિમોતીકોષ. બરાબર ? અને હા, તમે પ્રકૃતિ, સંસ્કૃતિ, અખૂટ વગેરેને સમાસ તરીકે નથી તારવ્યા ને ! યાદ રાખજો, સામાસિક શબ્દો અને અંગસાધક પ્રત્યયથી બનેલા શબ્દો અલગ હોય છે. ('પ્ર, સં - સમ્, અ' વગેરે શબ્દો નથી. તે અંગસાધક પ્રત્યય છે. તેથી તેની સાથે જોડાઈને જે નવા શબ્દો બને તે સમાસ ન કહેવાય.)

હવે, તમે એ સમાસના બંને શબ્દોને ઓળખી શકો છો ?

મહારવ - મહા, રવ

વિનાશકર - વિનાશ, કર(નાર)

દૃઢનિશ્ચયી - દૃઢ, નિશ્ચયી

હરહંમેશ - હર, હંમેશ

મણિમોતીકોષ - મણિ, મોતી, કોષ

કારણ કે તમે સમાસના શબ્દોને ઓળખી શકશો તો તેનો અર્થ સમજી શકશો. બરાબર ને ? કેટલીક વાર સમાસનાં આ પદો સંધિથી જોડાયેલાં પણ હોઈ શકે. તો તમારે સંધિ છૂટી પાડવી પડે, પછી બે શબ્દો ઓળખાય. જેમકે,

મહોદધિ, વાતાવરણ, સપ્તર્ષિ, કર્માધીન, વનૌષધિ, હિમાલય.

તમે આ સંધિ છૂટી પાડો તો તમને સમાસના શબ્દો મળશે. આ સંધિ તો છૂટી પાડી શકો ને ! ચાલો, સાથે મળીને છૂટી પાડીએ.

મહોદધિ - મહા + ઉદધિ

વાતાવરણ - વાત + આવરણ

સપ્તર્ષિ - સપ્ત + ઋષિ

કર્માધીન - કર્મ + અધીન

વનૌષધિ - વન + ઔષધિ

હિમાલય - હિમ + આલય

અચ્છેર - અધ્ + શેર

આ સંધિ યોગ્ય રીતે છૂટી પાડતા આવડે એ જરૂરી છે. નહીં તો 'કર્માધીન'નું 'કર્મ-અધીન'ને બદલે 'કર્મા-ધીન' કરો તો ન 'કર્મા'નો અર્થ મળશે ન 'ધીન'નો. 'અચ્છેર'ની સંધિ છોડતા નહીં આવડે તો સમાસ જ ખબર નહીં પડે.

હવે, આ શબ્દોના અર્થ ખબર હોવા જરૂરી છે. જેમકે, 'આલય' એટલે 'ઘર, સ્થાન.' આ અર્થ ખબર હોય તો 'હિમાલય'નો અર્થ 'હિમ ધરાવતું સ્થાન' ખબર પડે. અને આ શબ્દનો અર્થ ખબર પડે એટલે 'દેવાલય (દેવનું સ્થાન), વિદ્યાલય' (વિદ્યા મેળવવાનું સ્થાન) જેવા અન્ય સમાસ પણ સમજાઈ જાય. ગુજરાતીમાં અનેક સમાસ એવા છે, જેમાં સંસ્કૃત શબ્દો આવે છે. આવા શબ્દોના અર્થ ધ્યાનમાં રાખવા જરૂરી છે. જેમકે,

અહર્નિશ, મધ્યાહ્ન, કલાનિકેતન, કવિવર, ઘનશ્યામ, દીપાવલિ, રત્નાકર

અહર્નિશ - અહઃ + નિશ → અહ - દિવસ, નિશ - નિશા, રાત્રિ

મધ્યાહ્ન - મધ્ય + અહ્ન → અહ્ન - દિવસ

કલાનિકેતન - કલા-નિકેતન → નિકેતન - ઘર, સ્થાન ('શાંતિનિકેતન' સમજાઈ જાય ?)

ઘનશ્યામ - ઘન-શ્યામ → ઘન - વાદળ

દીપાવલિ - દીપ + આવલિ → આવલિ - હાર, પંક્તિ, (લાઇન)

રત્નાકર - રત્ન + આકર → આકર - સમૂહ, જથ્થો

ક્યારેક એવું બને કે બે સરખા લાગતા શબ્દો હોય, પણ બંનેના અર્થ જુદા હોય. પણ આપણને કોઈ એક જ અર્થ ખબર હોય તો ? જેમકે, 'વરમાળા' અને 'કવિવર'.

વરમાળા - વરને પહેરાવવાની માળા.

અહીં 'વર' એટલે 'લગ્ન કરવા નીકળેલ પુરુષ' (વરરાજા, પતિ) એવો થાય. પણ શું એ જ અર્થ 'કવિવર'માં થાય ? 'કવિનો વર'? ના. અહીં 'વર'નો અર્થ છે. 'શ્રેષ્ઠ'. એટલે, 'કવિવર' અર્થાત્ 'શ્રેષ્ઠ કવિ'. એ જ રીતે 'પંડિતવર'.

તો હવે આપણે કેટલાક સમાસનો વિગ્રહ કરીએ ?

પરાધીન - પરને અધીન ('અધીન' અને 'આધીન' બંને ચાલે. કારણ કે વૈકલ્પિક જોડણી છે.)

સ્વેચ્છા - સ્વ-પોતાની ઇચ્છા

લાગણીભર્યું - લાગણીથી ભરેલું

હરવખત - દર વખતે

ભૂતળ - ભૂ-જમીનની સપાટી

હવે તમે વાક્યમાં સમાસ શોધી શકો ? નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં સમાસ શોધીને તેને વર્તુળ કરો.

(1) બાબુને બેચાર છીંકો આવી ગઈ.

(2) જાણે નાનાંમોટાં જીવોનું સંગ્રહસ્થાન.

(3) આપણી કીડીબહેનો બિચારી કેટલુંય ચાલીને છેક કચરાપેટી સુધી ક્યાં જાય ?

(4) બીજાના ઘેર હોય તો ભૂખીતરસી ક્યારની મરી ગઈ હોય.

(5) ગુર્જરીના ગૃહકુંજે અમારું જીવન ગુંજે, ગુંજે ?

સમાસ મળ્યા ? વાક્ય-1. બેચાર, વાક્ય-2. નાનાંમોટાં, સંગ્રહસ્થાન, વાક્ય-3. કચરાપેટી, વાક્ય-4. ભૂખીતરસી, વાક્ય-5. ગૃહકુંજે. જવાબ સાચા જ હશે.

હવે, નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાં સમાસ નીચે રેખા દોરેલી જ છે. તમારે એ સમાસનાં પદ છૂટાં પાડવાનાં છે, તેમનો વિગ્રહ કરવાનો છે.

(1) દરરોજ તો ના બને, પણ બીજેત્રીજે દહાડે એને દહીં આપજો.

(2) હું દાખલ થિયો કે તરત નાચગાન બંધ.

(3) આપની મેરબાની હોય તો અંઈ જ કંઈ નાનુંમોટું કામ આલો.

(4) બહારથી સંભળાતો <u>રોકકળ</u>નો અવાજ બંધ થાય છે.

(5) શિકારીઓ <u>જાળાંઝાંખરાં</u>માંથી નીચે જતી કેડીએ સાવચેતીથી ઊતરતા હતા.

તમારે અધોરેખિત સમાસનો પહેલા અર્થ સમજવાનો અને પછી તેને આધારે વિગ્રહ કરવાનો છે. તમે આવો કોઈ અર્થ સમજો છો ?-

(1) દરરોજ તો ના બને, પણ <u>બીજા દહાડે કે ત્રીજા દહાડે</u> એને દહીં આપજો.

(2) હું દાખલ થિયો કે તરત <u>નાચ બંધ અને ગાન પણ બંધ.</u>

(3) આપની મેરબાની હોય તો અંઈ જ કંઈ <u>નાનું કામ કે મોટું કામ</u> આલો.

(4) બહારથી સંભળાતો <u>રોવાનો અને કકળવાનો</u> અવાજ બંધ થાય છે.

(5) શિકારીઓ <u>જાળાંમાંથી અને ઝાંખરામાંથી</u> નીચે જતી કેડીએ સાવચેતીથી ઊતરતા હતા.

આપણે શું કર્યું ? વાક્ય વાંચતી વખતે સમાસ એક શબ્દ તરીકે વાંચ્યો પણ અર્થ સમજતી વખતે વધારે શબ્દો કે પદ સમજાયાં. આ સમજણને આધારે સમાસનો વિગ્રહ થાય. ઉપર આપેલા અર્થઘટન અનુસાર સમાસનો વિગ્રહ કરીએ.

| **સમાસ** | **અર્થઘટન** | **વિગ્રહ** |
|---|---|---|
| બીજેત્રીજે | (બીજા દહાડે કે ત્રીજા દહાડે) | બીજે કે ત્રીજે |
| નાચગાન | (નાચ બંધ અને ગાન બંધ) | નાચ અને ગાન |
| નાનુંમોટું | (નાનું કામ કે મોટું કામ) | નાનું કે મોટું |
| રોકકળ | (રોવાનો અને કકળવાનો) | રો અને કકળ |
| જાળાંઝાંખરાં | (જાળામાંથી અને ઝાંખરામાંથી) | જાળાં અને ઝાંખરાં |

વિગ્રહ કર્યો તો સમાસનો પ્રકાર ખબર પડી ? તમે તો સમાસ અગાઉ ભણી ગયા છો. તો જ્યારે સમાન વ્યાકરણી મોભો ધરાવતા બે પદ જોડાય અને તેનો 'અને', 'કે', 'અથવા'થી વિગ્રહ થાય ત્યારે તેને <u>**'દ્વન્દ્વ'**</u> સમાસ કહે છે. અહીં 'બીજે-ત્રીજે' બંને સંખ્યાવાચક વિશેષણ છે. 'નાચ-ગાન' તથા 'રો-કકળ' બંને ક્રિયાવાચી નામ છે, 'નાનું-મોટું' બંને વિશેષણ છે અને 'જાળું-ઝાંખરું' બંને સંજ્ઞા છે. તેમનો વિગ્રહ 'કે', 'અને'થી થયો છે. તેથી આ દ્વન્દ્વ સમાસ છે.

હવે, નીચેનાં વાક્યો વાંચો. તેમાં સમાસ નીચે રેખા દોરેલી જ છે. તમારે એ સમાસનો વિગ્રહ કરવાનો છે.

(1) ગોકળગાયના ભપકા ને વીંછીનો <u>ચરણસ્પર્શ.</u>

(2) ભગંદરના દર્દને કારણે તેઓ <u>ખાટલાવશ</u> હતા.

(3) <u>શયનખંડ</u> ને શય્યા મળશે, ગોદ માતની ક્યાં ?

(4) જો કે આ પુણ્યવંતી પ્રવૃત્તિ છે - એમાં <u>જીવદયા</u> સમાઈ છે.

(5) ઈમાંથી <u>દેવદૂતો</u> પસાર થઈને મને આંઈ પાછો લાવ્યા.

(6) દેવાંશીની <u>મનઃકામના</u> પૂર્ણ કરવા તો તમને અંઈ તેડ્યા છે.

સમાસ ધ્યાનથી વાંચ્યા ? અર્થઘટન કર્યું ? તો વિગ્રહ ચકાસીએ ?

ચરણસ્પર્શ - ચરણને સ્પર્શ

ખાટલાવશ - ખાટલાને વશ

શયનખંડ - શયન (સૂવા) માટેનો ખંડ

જીવદયા - જીવો માટેની દયા

દેવદૂત - દેવના દૂત

મનઃકામના - મનની કામના (સંધિ છૂટી પાડી ?)

અહીં આપણે વિગ્રહ કરતી વખતે '-ને, માટે, -ની, -ના' - વગેરે વિભક્તિપ્રત્યય ઉમેર્યા. જે સમાસનું પૂર્વપદ ઉત્તરપદ સાથે વિભક્તિથી જોડાયેલું હોય તેને **તત્પુરુષ સમાસ** કહે છે. સામાન્ય રીતે તેનું ઉત્તરપદ મુખ્ય અને પૂર્વપદ ગૌણ હોય છે. આ પદનો વિગ્રહ કરતી વખતે વિભક્તિપ્રત્યયો અથવા નામયોગી ઉમેરાય છે. એટલે કે આ સમાસને સમજવા માટે વિભક્તિપ્રત્યયોની ખબર હોવી જરૂરી છે. આમ તો તમે વિભક્તિપ્રત્યય જાણો જ છો. પણ નીચેના કોઠા પર નજર નાખીને એકવાર ઝડપથી યાદ કરી લઈએ.

| વિભક્તિ | સંબંધ | વિભક્તિપ્રત્યય | ઉદાહરણ |
|---|---|---|---|
| દ્વિતીયા | કર્મ | શૂન્ય, -ને | કર્માધીન, આદરયોગ્ય, મનગમતું, સજાપાત્ર, પ્રેમવશ |
| તૃતીયા | કરણ (સાધન) | -થી, વડે | ચિંતાગ્રસ્ત, રસભીનું, શોકાતુર કષ્ટસાધ્ય, તર્કબદ્ધ, |
| ચતુર્થી | તાદર્થ્ય (તે માટે) | માટે | પ્રયોગશાળા, ભોજનગૃહ, સત્યાગ્રહ, દેશપ્રેમ, ગૌશાળા |
| પંચમી | અપાદાન (છૂટા પડવું) | -થી, થકી, -એ | ઋણમુક્ત, દેશનિકાલ, પથભ્રષ્ટ, પદચ્યુત |
| ષષ્ઠી | સંબંધ | -ન- (ઓ, ઈ, ઉ, આ...) | ઘરધણી, જીવનસાધના, પિતાપ્રેમ, ગંગાજળ, રાજકુમાર |
| સપ્તમી | અધિકરણ (સ્થાન) | -માં, -એ, પર | કાર્યકુશળ, જળક્રીડા, કલાપ્રવીણ, લોકપ્રિય, ગૃહપ્રવેશ |

(***નોંધ :** સામાન્ય રીતે 'આતુર'નો અર્થ 'ખૂબ ઉત્સુક, ઉત્કંઠિત' થતો હોય છે. પરંતુ 'આતુર' શબ્દના 'અધીરું', 'તૈયાર', 'બીમાર' જેવા અન્ય અર્થો પણ થાય છે. તેમાં 'પીડાતું, દુઃખી' અર્થનો પણ સમાવેશ થાય છે. 'ચિંતાતુર, શોકાતુર' આદિ સમાસમાં 'આતુર'માં આ 'પીડાતું, દુઃખી'ના અર્થમાં પ્રયોજાય છે.)

આ કોઠામાં ઉપરાંત કેટલાંક ઉદાહરણ પણ આપ્યાં છે, જેથી આ સમાસ વધુ સ્પષ્ટ થાય.

હવે નીચેનાં વાક્ય વાંચો. તમને ખબર છે ને કે શું કરવાનું છે ? અધોરેખિત સમાસનો વિગ્રહ કરો.

(1) આપણે ધાર્મિક ભાવનાવાળાં હોવાથી પરમેશ્વરની આપણા પર અઢળક કૃપા છે.

(2) એ ગીત તો ગૌરવપૂર્વક આપણે ગાઈ શકીએ તેમ છીએ - શૈશવથી વૃદ્ધાવસ્થા સુધી.

(3) આધેડ ઉંમરની, બાળવયમાં વિધવા થતાં આ ક્ષેત્રમાં પડેલી મેટ્રને આશ્વાસન આપતાં કહ્યું.

આ સમાસનો વિગ્રહ કરીએ ?

પરમેશ્વર - પરમ ઈશ્વર

વૃદ્ધાવસ્થા - વૃદ્ધ અવસ્થા

બાળવય - બાળ વય.

તમે જોઈ શકો છો કે અહીં વિગ્રહમાં આપણે કશું જ ઉમેર્યું નથી. માત્ર બે શબ્દોને જુદા જ કર્યા છે. થોડું ધ્યાનથી વાંચશો તો ખ્યાલ આવશે કે અહીં પહેલું પદ વિશેષણ છે અને બીજું પદ વિશેષ્ય (સંજ્ઞા) છે. આ સમાસને **'કર્મધારય'** સમાસ કહેવાય છે.

વિશેષણ-વિશેષ્યનો સંબંધ ધરાવતા કર્મધારય સમાસનાં અન્ય કેટલાંક ઉદાહરણ જોઈએ.

મહાત્મા, મહર્ષિ, પીતાંબર, મિષ્ટાન્ન, સ્વદેશ, નવવધૂ, ગોળાકાર, લંબચોરસ, પરગામ, નીલકમળ, સન્માર્ગ, સિદ્ધપુરુષ, હીનકર્મ, સદાચાર, પરદેશ, મહારાજ, શ્યામવર્ણ, ઉચ્ચાભિલાષ, પૂર્વજ્ઞાન વગેરે.

હવે નીચેનાં વાક્ય વાંચો.

(4) એની આયુધારા હજી વહે છે.

(5) વિશ્વવાડી ને સુફલિત કરવા નસનસથી રસ અર્પ્યાં.

(6) પછી દારિદ્ર ખોવા દાસનું, સોમદષ્ટિ શ્યામે કરી.

આ સમાસનો વિગ્રહ કરીએ ?

આયુધારા - આયુષ્યરૂપી ધારા

વિશ્વવાડી - વિશ્વરૂપી વાડી

સોમદૃષ્ટિ - સોમ-ચંદ્ર જેવી (શીતળ) દૃષ્ટિ

અહીં તમે જોયું કે આપણે બે શબ્દોની તુલના કરી છે અથવા એક બાબતને અન્ય રૂપે રજૂ કરી છે. જેમકે, 'આયુષ્ય'ને 'નદીની ધારા' રૂપે મૂકીને, એટલે કે 'આયુ' અને 'ધારા' જાણે એક જ છે તે 'હજી વહે છે' એમ જણાવ્યું છે. અર્થાત્ 'એ હજી જીવે છે.' 'વિશ્વ'ની વાત કરવી છે પણ પોતે તેના વિકાસમાં સકારાત્મક કામ કરે છે, તેને 'ખીલવવાની' વાત કરે છે, તેથી જાણે 'વિશ્વ' એ જ 'વાડી' હોય તેમ રજૂ કરે છે. તો સુદામાના દુઃખોની ગરમીને હરી લે તેવી દૃષ્ટિની સરખામણી 'સોમ' - ચંદ્ર જેવી શીતળતા સાથે કરી છે.

જ્યારે સમાસના બે પદ વચ્ચે આ પ્રકારના સરખામણીનો કે અભેદત્વનો સંબંધ હોય (ઉપમેય-ઉપમાનનો સંબંધ હોય) ત્યારે પણ તેને <u>**'કર્મધારય'**</u> સમાસ કહે છે. આ પ્રકારનાં અન્ય ઉદાહરણ જોતાં વધુ સ્પષ્ટતા થશે.

| | |
|---|---|
| ઘનશ્યામ - ઘન (વાદળ) જેવો શ્યામ | હૈયાસગડી - હૈયારૂપી સગડી |
| મધમીઠું - મધ જેવું મીઠું | સંસારસાગર - સંસારરૂપી સાગર |
| પવનવેગ - પવન જેવો વેગ | જ્ઞાનદીપ - જ્ઞાનરૂપી દીપ |
| વજ્રલેપ - વજ્ર જેવો લેપ | કૂલડાં કટોરી - કૂલડાંરૂપી કટોરી |
| ચરણકમળ - કમળ જેવું ચરણ | જીવનવન - જીવનરૂપી વન |
| નરસિંહ - સિંહ જેવો નર | વદનકમળ - વદનરૂપી કમળ |

હવે નીચેનાં વાક્યો વાંચો. અધોરેખિત સમાસને સમજો.

(1) સદ્‌ગુણી બાળક ફક્ત સોળ જ વરસ ભલે જીવે, એ જ <u>કુલોદ્ધારક</u> થશે.

(2) શ્રીમંત સયાજીરાવ આવા એક કોતરની ભેખડ ઉપર <u>અંગરક્ષક</u> સાથે ઊભા હતા.

(3) બીડી પીવાની ટેવ જંગલી, ગંદી અને <u>હાનિકારક</u> છે, એમ મેં સદાય માન્યું છે.

આ સમાસોનો વિગ્રહ કરીએ :

કુલોદ્ધારક - કુળનો ઉદ્ધાર કરનાર

અંગરક્ષક - અંગની રક્ષા કરનાર

હાનિકારક - હાનિ કરનાર

અહીં તમે જોઈ શકો છો કે સમાસનું છેલ્લું પદ કોઈ ક્રિયાસૂચક નામ છે. જે સમાસનું ઉત્તરપદ ક્રિયાવાચી નામ હોય તેને <u>**ઉપપદ**</u> સમાસ કહે છે. આવા સમાસનાં અન્ય ઉદાહરણ જોઈએ.

| | |
|---|---|
| તકસાધુ - તક સાધનાર | ધાડપાડુ - ધાડ પાડનાર |
| પાણીકળો - પાણી કળનાર | વહીવંચો - વહી (નોંધ) વાંચનાર |
| ભીખમંગો - ભીખ માગનાર | ગળેપડુ - ગળે પડનાર |
| પગરખું - પગ રાખનાર | અંગરખું - અંગ રાખનાર |

ગુજરાતીમાં કેટલાક સંસ્કૃત સમાસ પણ પ્રયોજાય છે. તેમાં ઉપપદ સમાસનો પણ સમાવેશ થાય છે. એટલે આ તત્સમ સમાસનું ઉત્તરપદ પણ સંસ્કૃત ક્રિયાવાચી નામ હોય તે સ્વાભાવિક છે. આવા કેટલાંક સંસ્કૃત ક્રિયાવાચી નામનો પરિચય નીચેના કોઠામાં સોદાહરણ જોઈ શકાશે.

| સંસ્કૃત ક્રિયારૂપ | અર્થ | ઉદાહરણ |
|---|---|---|
| જ્ઞ | જાણનાર | મર્મજ્ઞ, સર્વજ્ઞ, સુજ્ઞ, તજ્જ્ઞ, કૃતજ્ઞ |
| ઘ્ન | હણનાર | કૃતઘ્ન |
| જ | જન્મનાર | અનુજ, સરોજ, પંકજ, ક્ષિતિજ |
| જા | જન્મનારી | ગિરિજા, શૈલજા, હિમજા, તનુજા |
| દ | દેનારી | દુઃખદ, સુખદ, નીરદ, વરદ |
| દા | દેનાર | કીર્તિદા, યશોદા, પ્રેમદા, મોક્ષદા, અભયદા |
| ક | કરનાર | સહાયક, ઉદ્ધારક, સંચાલક, પ્રેક્ષક, મોહક |
| કર | કરનાર | ભયંકર, દિવાકર, સુધાકર, શાંતિકર |
| કાર | કરનાર | ગ્રંથકાર, કુંભકાર, કૃષિકાર, સુવર્ણકાર |
| પાલ | પાળનાર | ગોપાલ, મહિપાલ, રાજ્યપાલ, ગ્રંથપાલ |
| સ્થ | રહેનાર | ગૃહસ્થ, સ્વસ્થ, કંઠસ્થ, તટસ્થ, મંચસ્થ |
| ધર | ધારનાર | ફણીધર, મુરલીધર, ગદાધર, ધુરંધર |
| ધરા | ધારનાર | વસુંધરા, યશોધરા |
| સર | સરનાર | અગ્રેસર, અપ્સરા |
| ચર | ફરનાર | નિશાચર, અનુચર, ખેચર, વનચર |
| હર | હરનાર | મનોહર, ચિત્તહર |

મિત્રો, આપણે આ પ્રકરણમાં દ્વન્દ્વ, તત્પુરુષ, કર્મધારય તથા ઉપપદ સમાસ વિશે અભ્યાસ કર્યો છે. તો હવે નીચેનાં વાક્યોમાં અધોરેખિત સમાસનો પ્રકાર જણાવશો :

(1) તે વેળા તો મેં એમાં <u>પિતાપ્રેમ</u> ઉપરાંત બીજું ન જોયું.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(2) પછી રોતાં <u>માબાપ</u> વચ્ચેથી મને ફૂલની જેમ ઊંચકી લીધો.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(3) જો હું કોઈ બીજા દેશમાં જન્મ્યો હોત તોપણ તટસ્થતાથી ભારત વિશે આવું જ કહેત કે ભારતનો <u>વિચારવૈભવ</u> ખરેખર અદ્વિતીય છે.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(4) કહીંથી વળગી <u>વિનાશકર</u> આંધળી આ બલા.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

(5) પહેર્યાં <u>પીતામ્બર,</u> ફૂલની પછેડી, ચુઆ-ચંદન મહેકે.

(ક) દ્વન્દ્વ (ખ) તત્પુરુષ (ગ) કર્મધારય (ઘ) ઉપપદ

**ઉત્તર :** 1. (ખ) તત્પુરુષ 2. (ક) દ્વન્દ્વ 3. (ગ) કર્મધારય 4. (ઘ) ઉપપદ 5. (ગ) કર્મધારય

તમારા અભ્યાસક્રમની કૃતિઓ ધ્યાનથી વાંચશો તો કેટલાક રસપ્રદ સમાસનો પણ પરિચય થશે. જેમકે, 'છાલ, છોતરાં, ગોટલા' પાઠમાં લેખકે નવા સમાસ બનાવ્યા છે. જેમકે,

- કેળાં છાલફેંકની સ્પર્ધા રાખે તો ભારતીય ખેલાડીને જ સુવર્ણચંદ્રક મળે.
- ફોફાંના ફોતરાંમાં જો શિંગફોતરાં પણ હોય તો એના પર કીડીઓ આવે છે.

એટલે કે, તમારી સર્જનશક્તિ દ્વારા તમે પણ નવા સમાસ રચીને તમારી અભિવ્યક્તિને વધુ સચોટ બનાવી શકો.

વળી, બકુલ ત્રિપાઠીએ આ જ લલિતનિબંધમાં અંગ્રેજી ભાષાના સમાસ પણ પ્રયોજ્યા છે, તેની પણ તમારે નોંધ લેવી જોઈએ.

- આપણે દયા આણીને એને ફોતરાંની હોમડિલિવરી આપીએ છીએ.
- બીજા દેશના લોકો તો કેળાં ખાઈને છાલ પ્લાસ્ટિકની બેગમાં મૂકીને ડસ્ટબિન પાસે જઈને અંદર મૂકી આવે છે.

તમારા અભ્યાસક્રમ ઉપરાંત અન્ય અખબાર, સામયિક કે પુસ્તક વાંચતી વખતે તમે જોઈ શકશો કે 'સમાસ' દ્વારા કેવી સચોટ અને સહજ અભિવ્યક્તિ થઈ શકે છે !

●

# 17 મારા સપનામાં આવ્યા હરિ

**રમેશ પારેખ**

**(જન્મ : 27-11-1940, અવસાન : 17-05-2006)**

રમેશ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયો હતો. તેઓ વ્યવસાયે જિલ્લા પંચાયતમાં ક્લાર્ક હતા. 'ક્યાં, 'ત્વ', 'ખડિંગ', 'સનનન', 'ખમ્મા આલા બાપુને', 'મીરાં સામે પાર', 'વિતાન સુદ બીજ', 'છાતીમાં બારસાખ', 'સ્વગત પર્વ', 'ચશ્માના કાચ પર', એ એમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. 'કાળ સાચવે પગલાં' અને 'મન પાંચમના મેળામાં' એમના મરણોત્તર સંપાદનો છે. 'છ અક્ષરનું નામ'માં એમની સમગ્ર કવિતા ગ્રંથસ્થ થઈ છે. 'હાઉક ચીં', 'દે તાલ્લી', 'હફરક લફરક', 'અજબગજબનો ખજાનો', તેમના બાળસાહિત્યના સંગ્રહો છે. 'સગપણ એક ઉખાણું', 'સૂરજને પડછાયો હોય' એ એમનાં નાટકો છે. રણજિતરામ સુવર્ણચંદ્રક અને સાહિત્ય અકાદમી, દિલ્હીનાં પારિતોષિકથી તેઓ સન્માનિત થયા છે.

'મારા સપનામાં આવ્યા હરિ' રચના રમેશ પારેખના 'છ અક્ષરનું નામ' સંગ્રહમાંથી પસંદ કરવામાં આવી છે. આ ઊર્મિગીતમાં પ્રભુપ્રેમમાં બ્હાવરી બનેલી ગોપીના મનોભાવો રજૂ થયા છે. ગોપીને ભાસ થાય છે કે એના સપનામાં આવેલા હરિએ એને બોલાવી, ઝુલાવી, વહાલી કરી. એના તરફ પ્રેમ વ્યક્ત કર્યો. કૃષ્ણ જેમ દ્વારિકાના રાજા હતા એમ ગોપીના મનની દુવારિકાના પણ રાજા છે. ગોપીની કૃષ્ણપ્રીતિની તીવ્રતા ત્યાં સુધી પહોંચે છે કે કંસાર કરવા મૂકેલા આંધણમાં 'ઓરી દીધો મેં સંસાર'નો એકાત્મભાવ રચાય છે. કાવ્યના અંતે આવતો હરિનો ઉદ્‌ગાર 'અરે બ્હાવરી...!'માં જાણે કે પૂર્ણ આત્મીયતા પામેલી નાયિકાને હરિનો ઉત્તર મળી જાય છે. સપનાનું મિલન જાણે કે જાગ્રત અવસ્થાનું પણ મિલન હોય એવી ભાવદશા આ કાવ્યને નવી ઊંચાઈ આપે છે.

---

મારા સપનામાં આવ્યા હરિ
મને બોલાવી, ઝુલાવી, વહાલી કરી.

સામે મરકત મરકત ઊભા
મારા મનની, દુવારિકાના સૂબા
મારા આંસુને લૂછ્યાં જરી.

આંધણ મેલ્યાં'તાં કરવા કંસાર
એમાં ઓરી દીધો મેં સંસાર
હરિ બોલ્યા : 'અરે, બ્હાવરી...!'

**('છ અક્ષરનું નામ'માંથી)**

### શબ્દ-સમજૂતી

#### સમાનાર્થી / શબ્દાર્થ

**મરકત મરકત** મંદ મંદ હાસ્ય; **આંધણ** રસોઈ તૈયાર કરવા માટે મૂકેલું ગરમ પાણી; **કંસાર** મિષ્ટાન્ન; **સૂબા** પ્રાંતનો વડો (અહીં કૃષ્ણ)

#### તળપદા શબ્દો

**મેલ્યાં** મૂક્યાં; **બ્હાવરી** બેબાકળી, વ્યાકુળ, બાવરી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) નીચેનામાંથી કયું વાક્ય કાવ્યનાયિકાને લાગુ પડતું નથી ?

(A) ભગવાન હસતા-હસતા સામે ઊભા રહ્યા.

(B) ભગવાને આંસુ લૂછી આપ્યા.

(C) હરિ સપનામાં આવ્યા હતા.

(D) હરિએ અબોલા લીધા હતા.

(2) 'મારા મનની દુવારિકાના સૂબા' એટલે....

(A) કાવ્યનાયિકાની મનઃસ્થિતિનું આલેખન

(B) દ્વારિકાનગરીના રાજા શ્રીકૃષ્ણના મનની વાત

(C) બીજાના મનમાં ઊભાં થતાં તરંગો

(D) દરિયામાં ડૂબી ગયેલી સોનાની દ્વારિકા

(3) 'મનની દુવારિકાના સૂબા' - વાક્યમાં કાવ્યનાયિકાનો ભાવ

(A) તિરસ્કાર (B) સમર્પણ ભાવ

(C) ક્રોધ (D) ગુલામી

(4) કાવ્યનાયિકા શા માટે બ્હાવરી બની ?

(A) શ્રીકૃષ્ણને પામવા માટે (B) સંસાર ભોગવવા માટે

(C) કંસાર બનાવવા માટે (D) આંધણ મેલવા માટે

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) ભગવાને કાવ્યનાયિકાનાં આંસુ કેવી રીતે લૂછ્યાં ?

(2) ભગવાને સ્વપ્નમાં આવીને શું કર્યું ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) હરિમિલનને તમારા શબ્દોમાં આલેખો.

**4. કાવ્યપંક્તિ સમજાવો :**

'આંધણ મેલ્યાં'તાં કરવા કંસાર
એમાં ઓરી દીધો મેં સંસાર
હરિ બોલ્યા : 'અરે, બ્હાવરી..'

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ ગીત મેળવીને એનું સમૂહગાન કરો.
- વિવિધ કવિઓનાં કૃષ્ણકાવ્યો મેળવીને એનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- કૃષ્ણપ્રેમનાં કાવ્યો એકઠાં કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- 'મારા મનની દુવારિકાના સૂબા'

કૃષ્ણ દ્વારિકાના રાજા તો ખરા જ પણ એટલું જ કહેવાય તો કવિકર્મ ક્યાં ? કવિએ તો કૃષ્ણને મનના સૂબા નીમી દીધા છે. મનનું રાજ્ય અને ધરાનું રાજ્ય એમ બે રાજ્યોની તુલના પણ અહીં છે. મનની દ્વારિકાના રૂપકથી કવિએ મનના માલિક તરીકે કૃષ્ણનો સ્વીકાર કરી લીધો છે.

- ''આંધણ મેલ્યાં'તા... સંસાર.''

ઓછામાં ઓછા શબ્દોમાં ઝાઝું કેમ કહેવાય એ અભિવ્યક્તિની ખૂબી અહીં દેખાય છે. તળપદી છાંટવાળી પંક્તિઓમાં કવિ કૃષ્ણને પોતાની વાત કહે છે પણ કેવી રીતે...? કંસારને બદલે સંસાર ! માત્ર બે જ શબ્દપીંછી અને આખું ચિત્ર તૈયાર ! આ જ કવિની કમાલ.

- 'મને બોલાવી, ઝુલાવી, વહાલી કરી'

અહીં એકસાથે ત્રણ ત્રણ ક્રિયાઓથી સંબંધનું ચિત્ર પ્રત્યક્ષ થયું છે. પ્રાસ લય રૂપે પ્રગટ થયો છે. કવિતામાં કવિ કેવી રીતે ભાવ પ્રગટ કરે તેની વિવિધ રીતો સમજો.

## શિક્ષકની ભૂમિકા

ઈશ્વર તરફની આત્મીયતાની અહીં ખૂબ ઓછા શબ્દોમાં અભિવ્યક્તિ થઈ છે. કવિએ કરેલી ભાવવાહી રજૂઆત, લાઘવ, કાવ્યત્વ અને શબ્દપ્રયોગો દાદ માગી લે તેવા છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી. ભક્તિનો મહિમા સમજાવવો.

ઈશ્વર તરફનો સાચો, નિઃસ્વાર્થ પ્રેમ હોય તો તેમના સામીપ્યની અનુભૂતિ પણ કોઈ ને કોઈ રીતે થતી હોવાના અનેક પ્રસંગો નોંધાયા છે તે જણાવવું.

નારી ભાવે પ્રભુની ભક્તિ કરનાર નરસિંહ, દયારામ તથા વર્તમાનકાળના કવિઓનાં-ભક્તોનાં કાવ્યો સાથે આ કવિતાને સરખાવી શકાય.

હરિ સ્વપ્નમાં મળે તોપણ ગોપીને જે ધન્યતા અનુભવાય છે, દ્વારકાના સૂબા કરતાં પોતાના મનની દ્વારકાના સૂબા - સહેજ પણ આંસુ લૂછે ત્યારે લાગણીની તીવ્રતા જે રીતે રજૂ થઈ છે તે વિશે વિદ્યાર્થીઓને વિગતે સમજ આપવી.

●

# 18 પંગુમ્ લંઘયતે ગિરિમ્

**સંકલિત**

'પંગુમ્ લંઘયતે ગિરિમ્' એક યુવતીના અડગ આત્મવિશ્વાસને વ્યક્ત કરતું આ રેખાચિત્ર છે. અરુણિમા નામની રાષ્ટ્રકક્ષાની વૉલીબૉલ ખેલાડીને લૂંટારાઓ રાત્રે ટ્રેનમાંથી ફેંકી દે છે. એ જ વખતે સામેથી આવતી ટ્રેન નીચે એનો પગ કપાઈ જાય છે. આવી વિકટ પરિસ્થિતિમાં હિંમત હાર્યા વગર એ પોતાના પગનું એનેસ્થેસિયા વગર ઑપરેશન કરાવે છે, એટલું જ નહિ એ ક્ષણે એ એવરેસ્ટ સર કરવાનું સ્વપ્ન સેવે છે. એક યુવતીના આત્મવિશ્વાસની આ ચરમસીમા છે. અનેક મુશ્કેલીઓ પછી એ એવરેસ્ટ તો સર કરે જ છે પણ એ સિવાય વિશ્વનાં બીજાં શિખરો પણ સર કરે છે, અને જાણે કે પંગુમ્ લંઘયતે ગિરિમ્ સુભાષિતને સાર્થક કરે છે.

---

બરેલી ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલના સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. અરુણિમા નામની છોકરીના પગનું ઑપરેશન કરવાનું હતું; પરંતુ ચિંતાજનક બાબત એ હતી કે અહીં ન હતી લોહી માટે વ્યવસ્થા કે ન હતી દર્દીને બેહોશ કરવા એનેસ્થેસિયાની સુવિધા ! અરુણિમાએ અર્ધભાનાવસ્થામાં આ અંગેની ચર્ચા સાંભળી અને ડૉક્ટરને હિંમતથી કહ્યું : ''સરજી ! મારો પગ કપાયો... હું આખી રાત રેલવે ટ્રેક ઉપર પડી રહી. મેં ભયંકર વેદના સહન કરી... તો હવે તો તમે મારા ભલા માટે મારો પગ કાપશો ને ! હું સહન કરી લઈશ.'' એની અડગતા જોઈને ડૉક્ટર અને નર્સ આભા બની ગયાં. તેમની માનવતા જાગી ઊઠી. હૉસ્પિટલના ડૉક્ટર અને ફાર્માસિસ્ટે રક્તદાન કર્યું અને એનેસ્થેસિયા વિના અરુણિમાના પગનું ઑપરેશન થયું !! ભયંકર વેદનાભરી સ્થિતિમાં તેનો પગ અલગ કરાયો. એ પીડાનું સ્મરણ આજે પણ એનાં રૂવાડાં ઊભાં કરી દે છે.

2011ની 11 એપ્રિલે અરુણિમા C.I.S.F. માં જોડાવા માટે ઈન્ટરવ્યૂ આપવા પદ્માવત એક્સપ્રેસમાં લખનૌથી દિલ્લી જઈ રહી હતી, ત્યારે કેટલાક બદમાશોએ એની સોનાની ચેઈન ખેંચવા પ્રયાસ કર્યો. ડબામાં મુસાફરોની હાજરીમાં આ ઘટના બની પણ કોઈએ એનો વિરોધ ન કર્યો, કોઈએ એમને અટકાવ્યા નહિ. વૉલીબૉલની રાષ્ટ્રકક્ષાની રમતવીર રહેલી અરુણિમાએ સામી લડત આપી, એ ઝઝૂમી; પરંતુ એકલી અને અસહાય હોવાથી બદમાશોએ તેને ટ્રેન બહાર ફેંકી દીધી. એના દુર્ભાગ્યે એ જ વખતે સામેથી બીજી ટ્રેન પસાર થઈ અને એના ઉજ્જ્વળ ભાવિને કચડતી ગઈ. અરુણિમાનો ડાબો પગ ટ્રેન નીચે કપાયો. લોહીલુહાણ હાલતમાં આખી રાત એ મદદ માટે બૂમ પાડતી રહી પણ કોઈ એની મદદે આવ્યું નહિ. રાત્રિના અંધકારમાં તે 7 કલાક ટ્રેક ઉપર પડી રહી. ત્યાંથી 49 ટ્રેન પસાર થઈ ગઈ પણ આ કસોટી કાળમાં એની મદદે કોઈ ફરક્યું નહિ. માત્ર એના કપાયેલા પગના માંસની મિજબાની માણવા ઉંદરો આવ્યા !

અરુણિમાનો ડાબો પગ માત્ર ચામડીભેર લટકતો હતો. જમણા પગના હાડકાના ઘણા ટુકડા થઈ ગયા હતા. એની કરોડરજ્જુમાં તિરાડ પડી હતી. તે ચીસો પાડતી, સહન કરતી, રડતી પડી રહી. સવારે તેને બરેલી હૉસ્પિટલમાં લઈ જવાઈ અને ત્યાંના તાત્કાલિક ઑપરેશન પછી એને દિલ્લીની એઈમ્સ હૉસ્પિટલમાં ખસેડવામાં આવી. ત્યાંની લાંબી સારવાર પછી તેણે થોડી સ્વસ્થતા મેળવી ત્યારે તેણે સમાચારપત્રોમાં સમાચાર વાંચ્યા કે, ''અરુણિમા પાસે ટિકિટ ન હતી એટલે... આત્મહત્યા કરવા માટે કૂદી હતી એટલે... આમ બન્યું.'' એના પરિવારે તમામ અફવાઓનું ખંડન કર્યું, પણ કોઈએ માન્યું નહિ. સત્ય તો સમયની એરણે જ ઓળખાય છે. હવે એણે પોતાના જીવનની દિશા બદલવાનું નક્કી કર્યું. जहाँ चाह वहाँ राह । એ ન્યાયે તેણે હૉસ્પિટલની પથારીમાં જ નક્કી કર્યું કે હું પર્વતારોહણ કરીશ.

લોકોએ એને પાગલ ગણી, કારણ કે પગ વગરના માટે પર્વતારોહણ અશક્ય ગણાય. અરુણિમામાં દૃઢ સંકલ્પશક્તિ હતી; પરંતુ પર્વતારોહણ માટે જરૂરી માર્ગદર્શન અને તાલીમ મેળવવાં અને એ માટે આર્થિક સહાય મેળવવી એ બે કપરા પ્રશ્નો તેની સામે હતા. લોકોએ એને એનો સંકલ્પ પડતો મૂકવા સમજાવી અને કહ્યું, 'તારો એક પગ કપાઈ ચૂક્યો છે. બીજામાં રોડ છે, કરોડરજ્જુમાં તિરાડો છે. તું સાજી થાય પછી કોઈક નોકરી કરજે.' લોકોને એનું અપંગ શરીર દેખાતું હતું, એનો અડગ આત્મવિશ્વાસ નહિ. અરુણિમાનું અંતર આ દુર્ગમ લક્ષ્ય પામવા પ્રતિબદ્ધ થઈ ચૂક્યું હતું.

અરુણિમાના પરિવારે એને પ્રેમથી સંભાળી અને એના અડગ મનોબળે એને મજબૂત બનાવી. જિંદગીની મુશ્કેલીઓ અને મૂંઝવણો સાથે તે પથારીમાં પડી રહેવા માગતી ન હતી. તે 1985માં એવરેસ્ટ સર કરનાર ભારતીય પ્રથમ મહિલા બચેન્દ્રી પાલ પાસે પહોંચી. તેમણે અરુણિમાના નિશ્ચયની અડગતા જોઈ કહ્યું, ''એવરેસ્ટ જેવા દુર્ગમ પર્વતના આરોહણ વિશે વિચારીને તેં અંતરમાં તો એને સર કરી જ લીધો છે. માત્ર હવે જગતને બતાવવા ખાતર ત્યાં જઈ ચઢવાનું બાકી છે !!'' બચેન્દ્રી સાથેની મુલાકાતે એનામાં અનેરી હિંમત અને ઉત્સાહ ભરી દીધાં; પરંતુ આ ક્ષેત્રમાં અનેક મુશ્કેલીઓ એની વાટ જોતી બેઠી હતી. બચેન્દ્રી પાલ મેડમે એને સમજાવ્યું હતું, ''અરુણિમા, તારા વિચારથી કે તારા શબ્દોથી તેં એવરેસ્ટ સર કરી લીધું છે, પણ તું સાબિત કર કે તું આવા શરીરે એવરેસ્ટ સર કરી શકે છે.'' અને એ મંડી પડી.

પર્વતારોહણની તાલીમ દરમિયાન શરૂઆતમાં પર્વત ચઢવા બધા એકસાથે નીકળતા ત્યારે અરુણિમાને સલાહ મળતી, ''અરે, તું ધીમે ધીમે આવ...'' તે અકળાતી અને વધુ મહેનત કરતી. આઠ મહિના બાદ પરિસ્થિતિ બદલાઈ ગઈ. અરુણિમા હવે સામાન ઉપાડીને સૌની સાથે નીકળતી અને સૌથી પહેલી પહોંચતી ! લોકો એને પૂછતા, ''અરુણિમા કહે તો કે – તું ખાય છે શું ?''

તાલીમ બાદ સ્વપ્નને સાકાર કરવાની, લક્ષ્યને પામવાની ઘડી આવી પહોંચી. એ એવરેસ્ટને આંબવા સજ્જ બની, પરંતુ વિટંબણાઓ ડગલે ને પગલે હતી. પહેલી કસોટી શેરપાને સમજાવવાની આવી. શેરપાએ જાણ્યું કે અરુણિમાનો કૃત્રિમ પગ છે. તો તેણે કહી દીધું કે એ તેને નહિ લઈ જઈ શકે. શેરપાને પોતાને જીવનું જોખમ ખેડવું પડશે એમ વિચારી તે આનાકાની કરતો હતો. ખૂબ સમજાવટને અંતે તે રાજી થયો.

બર્ફીલા પહાડો વચ્ચેથી એણે એવરેસ્ટ તરફ પ્રયાણ કર્યું ત્યારે બીજી કસોટી તેનાં કૃત્રિમ પગને લીધે થઈ. ચઢાણ ચઢતાં વારંવાર કૃત્રિમ પગ ફરી જતો, ખસી જતો અને એના પર શરીરનું વજન લેવાતું નહિ, આગળ ચલાતું નહિ, પરંતુ તેણે પ્રયાસો ચાલુ રાખ્યા અને ધીમે ધીમે આગળ વધી. આગળ વધતાં આ માર્ગે તેણે અનેક પર્વતારોહકોને મૃત્યુની ચાદર ઓઢી સૂતેલા જોયા, તે કંપી ઊઠી. તેણે મનોમંથન કર્યું અને મૃત સાહસવીરોને મનોમન વચન આપ્યું કે, ''હું તમારા સૌ વતી એવરેસ્ટ સર કરીશ અને જીવતી પાછી આવીશ.'' તેનું દરેક ડગલું જાણે પડકાર હતો.

અનેક પડકારો સામે ઝઝૂમતી અરુણિમા હિલેરી સ્ટેપ પહોંચી. ત્યાંથી એવરેસ્ટ પહોંચાય છે. ત્યાં જ શેરપાએ આઘાતજનક વાત કહી કે અરુણિમાનો બૉટલનો ઑક્સિજન પૂરો થઈ રહ્યો છે અને તેણે પાછા ફરવું જોઈએ. જિંદગી સલામત હશે તો ફરી પ્રયત્ન કરી શકશે. તેણે પાછા ફરવું જોઈએ.' અરુણિમા જુદું જ વિચારતી હતી કે જિંદગીમાં આવી સોનેરી તક ફરી મળતી નથી. મા અને બચેન્દ્રી પાલે એને કહ્યું હતું, ''તમે જીવનમાં ક્યારેક એકલા રહી જાવ છો, ત્યારે નિર્ણય તમારે અને માત્ર તમારે લેવો પડે છે. ત્યારે વિચારવું કે એક-એક ડગ માંડીને હું અહીં સુધી પહોંચી છું. એવી પળે પાછળ નજર કરી એક કદમ આગળ માંડજે... રસ્તો આપોઆપ મળી જશે.'' અને તેણે જીવનું જોખમ ખેડવાનો સંકલ્પ કર્યો. એક ડગલું આગળ મૂક્યું. દોઢ કલાક પછી... તે એવરેસ્ટની ટોચે હતી ! અશક્ય એવી મંજિલ પર હતી. તે ખૂબ ખુશ હતી. આનંદના અતિરેકમાં તે બૂમો પાડીને દુનિયાને બતાવવા માગતી હતી કે, એક વિકલાંગ... એક મધ્યમવર્ગીય છોકરી ધારે તો શું ન કરી શકે ? જીવનની કસોટીઓમાં હારીને બેસી જનારા, નિષ્ફળ જનારાઓને એણે કહેવું હતું કે માણસ ખરેખર વિકલાંગ ત્યારે બને છે જ્યારે એ હાર કબૂલી લે છે, પ્રયત્નો છોડી દે છે. વ્યક્તિ શરીરથી નહિ, મનથી વિકલાંગ બને છે. એના પર વિજય મેળવવાનો હોય છે. 11 એપ્રિલ 2011માં અરુણિમાને અકસ્માત થયો હતો અને 21 મે, 2013ના દિવસે સવારે 10 : 55 મિનિટે તેણે એવરેસ્ટ સર કર્યું !!! કેવી રીતે...? મજબૂત મનોબળથી... હિંમતથી... સખત પરિશ્રમથી... એવરેસ્ટ આરોહણને તેણે જીવનધ્યેય બનાવી દીધું હતું. સફળતા એનું ઝનૂન બની ચૂક્યું હતું.

એવરેસ્ટ ઉપર અરુણિમાએ રાષ્ટ્રધ્વજ સાથે ફોટા પડાવ્યા. શેરપા પાસે વીડિયો શૂટિંગ પણ કરાવ્યું. સમય વીતતો જતો હતો અને એનો ઑક્સિજન પૂરો થઈ રહ્યો હતો. શેરપા તે યાદ કરાવતા ખૂબ ગુસ્સે થતો હતો. અરુણિમાને પોતાને પણ આ ખ્યાલ હતો કે પોતે કદાચ જીવતી નહિ રહી શકે પરંતુ તે શેરપા મારફતે એ વીડિયો ભારતના યુવાવર્ગને પહોંચાડવા માગતી હતી. જેથી યુવાનો પડકાર સામે લડતાં શીખી શકે... 8848 ફૂટની ઊંચાઈ પર લોહી થીજાવી દેતી ઠંડીમાં એનો આ ડર સાચો પડી શકે એમ હતો. અરુણિમા ઝડપથી શેરપા સાથે પાછી ફરી રહી હતી

ત્યાં જ એનો ઑક્સિજન ખલાસ થઈ ગયો. તે નીચે ઢળી પડી. શેરપા એને હિંમત આપતો હતો. ઊભી થવા માટે સમજાવતો હતો પણ અરુણિમામાં તાકાત જ ન હતી.

કહેવત છે કે 'હિંમતે મર્દા તો મદદે ખુદા' ઈશ્વરીય દુનિયાના નિયમો જુદા હોય છે, તે જ સમયે એક બ્રિટિશ પર્વતારોહક ચઢતો હતો, તેની પાસે ઑક્સિજનના બે બાટલા હતા. તેણે એક બાટલો અરુણિમા તરફ ફેંક્યો અને શેરપા 'Lucky lucky'ની બૂમ પાડતો તે લઈ આવ્યો અને અરુણિમાને 8848 ફૂટની ઊંચાઈ પર નવજીવન મળ્યું ! ખરેખર ભાગ્ય એને જ સાથ દે છે જે પુરુષાર્થ કરે છે, હાર માનતા નથી અને લોખંડી મનોબળથી પરિસ્થિતિ સામે ઝઝૂમે છે. હવે અરુણિમા પરત ફરવા માંડી... ત્યાં જ એનો કૃત્રિમ પગ નીકળી ગયો. તે ઘસડાતી ઘસડાતી ઊતરતી રહી. કૅમ્પ-4 થી સમિટ 3500 ફૂટના અંતરે છે. જે અંતર કાપતાં બીજાને 16-17 કલાક થાય, તે માટે અરુણિમાને 24 કલાક થયા. એના હાથ થીજી ગયા, હાથમાંથી લોહી નીકળવું શરૂ થયું, છતાં પડતી, ઊઠતી, રડતી, ઝઝૂમતી તે નીચે આવી. જેના હેમખેમ પાછા ફરવાની આશા સૌએ છોડી દીધી હતી, તે અરુણિમાને સલામત જોઈ સૌ સાથીઓ ખુશ થઈ ઊઠ્યા અને સૌએ એને અભિનંદન આપ્યા.

માનવીએ નદીઓને નાથી છે ને પર્વતોને વીંધ્યા છે. સાગરોનાં પેટાળ ખોળ્યાં અને રણને નંદનવન કર્યાં છે. માનવી ધારે તે પામે છે. પણ ધારવું અને એના માટે ઝઝૂમવું અગત્યું છે. અરુણિમાનું જીવન એનું ઉત્તમ ઉદાહરણ છે.

અરુણિમાએ એશિયાનું એવરેસ્ટ સર કર્યું. આફ્રિકાનું કિલિમાંજારો અને યુરોપનું એલ્બ્રુસ સર કર્યું છે; પરંતુ હજી એ એના કૃત્રિમ પગ સાથે ચાલી રહી છે. થાકતી નથી, હારતી નથી, નવાં શિખરો સર કરી રહી છે. તે ગીતો ગાતી રહે છે...

**''અભી અભી મૈંને લાંઘા હૈ સમંદરોં કો**
**અભી તો પૂરા આસમાન બાકી હૈ''**

**આલેખક : હેતલ નાયક**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**ડિસ્ટ્રિક્ટ** જિલ્લો; **CISF** Central Institute of Security Force; **મિજબાની** ઉજાણી; **વિટંબણા** મૂંઝવણ, મુશ્કેલી; **લક્ષ્ય** ધ્યેય; **પ્રતિબદ્ધ** ચોક્કસ ધ્યેયને વરેલો

### વિરુદ્ધાર્થી

**દુર્ભાગ્ય** સદ્ભાગ્ય; **શક્ય** અશક્ય; **દુર્ગમ** સુગમ; **મજબૂત** તકલાદી; **ઉત્સાહ** નિરુત્સાહ; **કુદરતી** કૃત્રિમ

### રૂઢિપ્રયોગો

**આભા બની જવું** દંગ રહી જવું, આશ્ચર્યચકિત થઈ જવું; **રૂંવાડાં ઊભાં કરી દેવાં** રોમાંચિત થઈ જવું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) ''તમે મારા ભલા માટે મારો પગ કાપશોને ! હું સહન કરી લઈશ.'' આ વાક્યમાં અરુણિમાનો કયો ગુણ જોવા મળે છે ?

(A) કાયરતા (B) માનવતા

(C) અડગતા (D) લાગણીશીલતા

(2) માણસ ખરેખર વિકલાંગ ક્યારે બને છે ?

(A) જ્યારે તે જાતે જ ચાલવા લાગે છે ત્યારે

(B) જ્યારે તે પડકારોનો સામનો કરે છે

(C) જ્યારે એ હાર કબૂલી અને પ્રયત્નો છોડી દે છે.

(D) જ્યારે તે પર્વત ચઢી શકતો નથી.

(3) અરુણિમાએ કયો સંકલ્પ કર્યો ?

(A) હું હવે ક્યારેય ટ્રેનમાં નહિ બેસું.

(B) હું પર્વતારોહણ કરીશ જ.

(C) હું હવે ક્યારેય પર્વતારોહણ કરીશ નહિ.

(D) હું બહાર જતી વખતે બીજાનો સહારો લઈશ.

(4) લોકોએ અરુણિમાને પાગલ ગણી...

(A) એક પગ કપાયા પછી પણ તેણીએ પર્વતારોહણ કરવાનું વિચાર્યું.

(B) તે ટ્રેનની મુસાફરી એકલી જ કરતી હતી.

(C) તેણીમાં સામાન્ય સમજશક્તિનો અભાવ હતો.

(D) તે હૉસ્પિટલમાં રાડો પાડતી હતી.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) અરુણિમા દ્વારા ભારતના યુવાનોને કયો સંદેશો મળે છે ?

(2) બચેન્દ્રી પાલને મળ્યા પછી અરુણિમાએ શું કર્યું ?

(3) ડૉક્ટર અને નર્સમાં માનવતા કેમ જાગી ઊઠી ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) અરુણિમાનું પાત્રાલેખન કરો.

(2) "દૃઢ સંકલ્પશક્તિ અને અડગ મનોબળ જ જીવન છે." આ વાક્યને પાઠના આધારે સમજાવો.

(3) પર્વતારોહણ વખતે અરુણિમાને કઈ-કઈ મુશ્કેલીઓ પડી ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- કુમારપાળ દેસાઈનું 'અપંગનાં ઓજસ' પુસ્તક મેળવીને વાંચો.
- તમે પોતે અરુણિમા હો એ રીતે એના અકસ્માત તથા પર્વતારોહણના અનુભવને વર્ગ સમક્ષ રજૂ કરો અને વર્ગને આત્મવિશ્વાસનો સંદેશ આપો.
- ઇન્ટરનેટ પરથી અરુણિમાની વીડિયો ક્લિપ મેળવીને જુઓ તથા ઈરા સિંઘલ વિશે માહિતી મેળવો.
- હેલન કેલરના જીવન વિશે માહિતી મેળવો. તેમની આત્મકથા મેળવીને વાંચો.
- નજીકની વિકલાંગ શાળાની મુલાકાત લેવી.

## ભાષા-અભિવ્યક્તિ

પ્રસ્તુત ગદ્યમાં વપરાયેલાં કેટલાંક વાક્યો તરફ ધ્યાન આપો.

- 'તેનું દરેક ડગલું જાણે પડકાર હતો.'
- 'વ્યક્તિ શરીરથી નહિ, મનથી વિકલાંગ બને છે.'
- 'સફળતા એનું ઝનૂન બની ચૂક્યું હતું.'
- 'એના કપાયેલા પગના માંસની મિજબાની માણવા ઉંદરો આવ્યા.'

અર્થની ભાવસભરતા માટે ઓછા શબ્દોમાં થયેલો ભાષાપ્રયોગ કેટલો અસરકારક બની શકે છે તે તમે સ્વયં અનુભવી શકશો. તો વળી...

'ચાહ ત્યાં રાહ' અને 'હિંમતે મર્દા તો મદદે ખુદા' જેવી કહેવતોનો યોગ્ય સ્થાને યોગ્ય ઉપયોગ કરવાથી અર્થનિષ્પત્તિનું ધાર્યું નિશાન સિદ્ધ થતું જોવા મળે છે.

દૃશ્યને તાદૃશ્ય કરવા માટે થયેલો ભાષાપ્રયોગ અસરકારક છે.

## શિક્ષકની ભૂમિકા

અપાહિજ અરુણિમાનો એવરેસ્ટ શિખર સર કરવાનો આ પ્રેરક પ્રસંગ તેના સમગ્ર જીવનની ઉન્નતિને આંકે છે. પંગુતા એ શારીરિક કરતાં માનસિક કક્ષાએ વધુ અસર કરે છે. માણસ મનથી અપંગ ન બને ત્યાં સુધી તેની પંગુતા વ્યક્તિને નિઃસહાય બનાવી શકતી નથી તે સત્ય આ જીવનપ્રસંગનો મુખ્ય વિચાર છે તે સ્પષ્ટ કરવું.

નાની-નાની બાબતોમાં નિરાશ અને હતાશ થનારા સૌ માટે આ પ્રેરણારૂપ પ્રસંગ છે. જીવન છે તો મુશ્કેલીઓ આવશે જ. તેનાથી નાસીપાસ થવાને બદલે તેમાંથી રસ્તો શોધી બહાર નીકળવાનું કાર્ય જે કરે છે તે જ સફળતાને વરે છે. મનુષ્ય ધારે તો શું ન કરી શકે ? આવી બાબતો વિદ્યાર્થીઓને અન્ય પ્રસંગો, ઉદાહરણો દ્વારા સમજાવી શકાય.

હિંમત, ધૈર્ય, સાહસિકતા, સહનશીલતા, મનની મક્કમતા, આત્મબળ અને આત્મસન્માન જેવા ગુણો જીવન વિકાસ માટે અત્યંત જરૂરી છે. તેમાંથી શક્ય તેટલા ગુણો વિદ્યાર્થીઓમાં દૃઢ થાય તેનો પ્રયત્ન કરવો.

નીચે જેવી ઉક્તિઓની વિસ્તૃત ચર્ચા દ્વારા પણ વધુ અસરકારક રીતે સમજાવી શકાય :

- હિંમતે મર્દા તો મદદે ખુદા
- કરતાં જાળ કરોળિયો...
- લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.
- નિષ્ફળતા સફળતાની ચાવી છે.
- નિષ્ફળતાને જ સફળતાની સીડી બનાવો, વગેરે.

●

# 19 પપ્પા, હવે ફોન મૂકું ?

**મનોહર ત્રિવેદી**

**(જન્મ : 4-4-1944)**

અમરેલી જિલ્લાના હીરાણા ગામમાં તેમનો જન્મ થયો હતો. જીવનભર તેમણે ઉત્તમ શિક્ષક તરીકે કાર્ય કર્યું. 'મોંસૂઝણું', 'ફૂલની નૌકા લઈને', 'છુટ્ટી મૂકી વીજ', 'આપોઆપ', 'વેળા' તેમના કાવ્યસંગ્રહો છે. 'નથી', 'ગજવામાં ગામ' અને 'નાતો' તેમની નવલિકા સંગ્રહો છે. 'ઘરવખરી', 'તેઓ' તેમના ચરિત્ર નિબંધોના સંગ્રહો છે. 'કાચનો કૂપો, તેલની ધાર', 'ટિલ્લી', 'આલ્લે લે' તેમની બાળસાહિત્યની કથાઓ છે. ગીતમાં અને ગઝલમાં તેમની નોંધપાત્ર ગતિ રહી છે.

હૉસ્ટેલમાં રહેતી દીકરી પપ્પાને ફોન કરીને જે ગોઠડી માંડે એ પ્રસંગ સહજ રીતિએ કવિએ આ ગીતમાં મૂક્યો છે. આ ગીત કવિના 'વેળા' કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. ગીતની શરૂઆત '...તો, પપ્પા ! હવે ફોન મૂકું ?' જેવા પ્રશ્નાર્થથી થાય છે. એટલે કે પપ્પા અને દીકરી વચ્ચે ઘણી વાત થઈ ગઈ છે છતાં ફોન મૂકવાની ઇચ્છા નથી થતી. આખા કાવ્યમાં દીકરી જ બોલે છે. પપ્પાના પ્રશ્નો દીકરીના ઉત્તરથી સૂચવાઈ જાય છે. મમ્મીનું ભોળપણ, પપ્પાની ઉતાવળ દ્વારા દીકરીની માતા-પિતા પ્રત્યેની ચિંતા-પ્રેમ-લાગણી બધું ખૂબ જ ઓછા શબ્દોમાં વ્યક્ત થઈ જાય છે. કાવ્યના અંતે પણ ફોન તો પૂરો થતો નથી, કારણ કે શરૂઆતમાં જેમ પ્રશ્ન છે તેમ અંતે પણ પ્રશ્ન છે. આથી ચતુર ભાવક પામી જાય છે કે ફોન મુકાવાનો નથી. વાત હજી આગળ ચાલવાની છે. આમ, માતા-પિતા અને દીકરીના લાગણી તંતુને વ્યક્ત કરતી આ ઉત્તમ ગીતરચના છે.

---

...તો, પપ્પા ! હવે ફોન મૂકું ?
તમને યે મોજ જરી આવે તે થયું મને STDની ડાળથી ટહુકું ?
હૉસ્ટેલને ?... હૉસ્ટેલ તો ફાવે છે... જેમ કે કાંટામાં સચવાતું ફૂલ
તોય એ તો ઊઘડે છે... રંગભર્યું મ્હેકે છે... ડાળખીમાં કરે ઝુલાઝૂલ
ફાગણના લીલાકુંજાર કોઈ ઝાડવાનું પાન એમ થાય નહિ સૂકું.
મમ્મીબા જલસામાં ?... બાજુમાં ઊભી છે ?... ના ના... તો વાસણ છો માંજતી,
કે'જો... આ દીકરીયે તારાં સૌ સપનાંઓ રાત પડ્યે નીંદરમાં આંજતી
સાચવજો... ભોળી છે... ચિન્તાળુ... ભુલકણી... પાડજો ના વાંકું કે ચૂકું,
શું લીધું ?... સ્કૂટરને ?... ભારે ઉતાવળા... શમ્મુ તો કે'તો'તો...ફ્રિજ
કેવા છો જિદ્દી ?... ને હપતા ને વ્યાજ ?... વળી ઘર આખ્ખું ઠલવશે ખીજ
ઝાઝી તે વાતુંનાં ગાડાં ભરાય... કહું હાઈકુમાં, એટલે કે ટૂંકું
તો, પપ્પા ! હવે ફોન મૂકું ?

**('વેળા'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**મોજ** આનંદ; **STD** Subscriber Trunk Dialling, અહીં ટેલિફોન બુથ પર જઈ ફોન કરવાની વ્યવસ્થા; **હૉસ્ટેલ** છાત્રાલય; **ઊઘડવું** ખીલવું, પ્રફુલ્લ થવું; **ફાગણ** વિક્રમ સંવતનો પાંચમો મહિનો; **લીલાકુંજાર** લીલા ઘટાદાર; **ખીજ** ગુસ્સો; **આંજવું** આંખમાં કાજળ લગાડવું, (અહીં) આંખમાં સમાવી લેવું

### વિરુદ્ધાર્થી

**ઊઘડવું** કરમાવું; **સૂકું** લીલું; **ભોળું** કપટી; **ખીજ** પ્રસન્નતા

## તળપદા શબ્દો

**નીંદર** નિદ્રા, ઊંઘ; **વાતું** વાતો

## રૂઢિપ્રયોગો

**વાતોનાં ગાડાં ભરવા** અતિશય વાતો કરવી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) દીકરીને હૉસ્ટેલ કેવી લાગે છે ?

(A) ફૂલ જેવી (B) કાંટા જેવી

(C) ડાળખી જેવી (D) કલરવ જેવી

(2) દીકરીના મતે માતા માટે કઈ બાબત લાગુ પડતી નથી ?

(A) ચિંતાતુર (B) ભોળી

(C) ભુલકણી (D) જિદ્દી

(3) 'ઝાઝી વાતુનાં ગાડાં ભરાય' દ્વારા શું કહેવા માગે છે ?

(A) બધી વાતો ગાડામાં બેસીને કરવાનું કહે છે.

(B) લાંબી લાંબી વાતો કરવા માગે છે.

(C) વાતો તો ખૂબ કરવી છે ટૂંકમાં કહીને જ બધું સમજાવવા માગે છે.

(D) ગાડાં ભરાય તેટલી બધી વાતો કરવા માગે છે.

(4) STDની ડાળથી ટહુકું ? કહીને દીકરી શું કહેવા માગે છે ?

(A) S.T.D. ફોન હવે બંધ થઈ ગયા છે.

(B) વૃક્ષની ડાળના બદલે STDની ડાળ ભૂલથી જ બોલાઈ ગયું છે.

(C) ફોનમાં કોયલના ટહુકાની રિંગટોન વાગે છે.

(D) પિતાજી સાથે મીઠી-મીઠી વાતો કરવા માગે છે.

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) માતાનાં સ્વપ્નોને દીકરી ક્યારે યાદ કરે છે ?

**3. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) પિતા સાથેનો પુત્રીનો આત્મીય સંબંધ આ કાવ્યમાં કયા કયા શબ્દપ્રયોગો દ્વારા વ્યક્ત થાય છે ?

**4. મુદ્દાસર નોંધ તૈયાર કરો :**

(1) હૉસ્ટેલમાં રહેતી દીકરીનું દૃઢ મનોબળ

(2) દીકરીની ઘર માટેની ચિંતા

5. **કાવ્યપંક્તિ સમજાવો :**

''હૉસ્ટેલને ? હૉસ્ટેલ તો ફાવે છે... જેમ કે કાંટામાં સચવાતું ફૂલ

તોય એ તો ઊઘડે છે... રંગભર્યું મ્હેકે છે... ડાળખીમાં કરે ઝુલાઝૂલ''

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ કાવ્યની દીકરીને બદલે તમે પપ્પાને ફોન કરો તો શું-શું કહો તેની નોંધ લખો.
- હાઈકુનું બંધારણ જાણીને તમે થોડા હાઈકુ લખો.
- તમારા પપ્પા સાથેના સંબંધ વિશે નિબંધ લખો.
- 'થેન્કયુ પપ્પા', 'વહાલી દીકરીને', 'વહાલા દીકરાને' 'દીકરી વહાલનો દરિયો' જેવાં પુસ્તકો મેળવીને વાંચો.
- આ કાવ્યને આધારે દીકરીના એકપાત્રીય અભિનય માટેના સંવાદો લખો અને વર્ગમાં ભજવો.

## ભાષા-અભિવ્યક્તિ

● આ સંવાદકાવ્ય નથી છતાં એક, બે શબ્દોથી રચાયેલા ટૂંકા પ્રશ્નો કે ફોન મૂકું ? હૉસ્ટેલને ? મમ્મીબા જલસામાં ? શું લીધું ? સ્કૂટરને ? આ પ્રશ્નોથી અને એના પછી તરત અપાયેલા ઉત્તરોથી કાવ્ય મઢાયું છે. ફોનથી એકોક્તિ વર્ણવાઈ છે છતાં અપાતા ઉત્તર પણ સહજસાધ્ય બન્યા છે.

● 'ફાગણના લીલાકુંજાર... નહિ સૂકું''

દીકરીને મુશ્કેલી તો છે પણ 'કાંટામાં સચવાતું ફૂલ'ની ઉપમાથી કવિ રાહત આપે છે. પ્રેમાળ, સંસ્કારી દીકરી એમ હાર શેની માને ? આ વાત કવિએ કેવી નાજુક નકશીકામથી મૂકી છે તે પણ જુઓ. દીકરી ફાગણના ઝાડનું પાન છે અને તે પણ લીલુંછમ ! આથી એની ચિંતાની જરૂર નથી એમ ઈશારો અપાયો છે.

● 'ઝાઝી તે વાતુંનાં ગાડાં ભરાય' રૂઢિપ્રયોગ છે અને 'હાઈકુ' સાહિત્યપ્રકાર છે. અહીં બંને એકસાથે સુંદર રીતે મુકાયા છે તે નોંધો.

● લાઘવ, વાતચીતની શૈલી, અંત્યાનુપ્રાસના પ્રયોગોથી કાવ્ય ધ્યાનાકર્ષક બન્યું છે, કાવ્ય ખીલ્યું છે.

## શિક્ષકની ભૂમિકા

હૉસ્ટેલમાં રહેતી દીકરીને ઘરની માહિતી પૂછવા કરતાં વધુ ચિંતા માતા-પિતાની છે. ઘરમાં વસ્તુ વસાવવાના આનંદ કરતાં પિતાના ખર્ચમાં થનારા વધારાની ચિંતા વિશેષ છે. મમ્મીને સાચવવાની, સંભાળ રાખવાની STD પરથી ફોન કરતી દીકરીને લાંબી વાત કરવાની ઇચ્છા તો છે પણ પપ્પાના ફોનનું બિલ વધે નહિ તેની પણ ચિંતા છે. એટલે 'પપ્પા, હવે ફોન મૂકું'થી શરૂ થયેલું કાવ્ય કુટુંબના ભાવાવરણને ઓછા શબ્દોમાં તાદશ્ય કરીને અંતે 'પપ્પા, હવે ફોન મૂકું'ના પુનરાવર્તને પ્રેમનો પરિઘ રચીને પૂર્ણ થાય છે. શીર્ષકની સાર્થકતા પણ સ્પષ્ટ થાય છે.

શિક્ષકે દીકરીઓની પરિવાર અને માતપિતા તરફની લાગણી અને એ દ્વારા તેનું સ્થાન સ્પષ્ટ કરવું.

- દીકરી દિલનો દીવો — દીકરી બે ઘર ઉજાળે
- દીકરી ઉંબરા પરનો દીવો — દીકરી વહાલનો દરિયો
- દીકરી એટલે લાડ - પ્રેમનો પર્યાય

સમજદારી સાથે સંસ્કારાયેલું દીકરીરૂપી પુષ્પ કાંટાની વચ્ચે પણ હેમખેમ વિકસે છે, તેથી દીકરીની સંભાળ જરૂરી પરંતુ અવિશ્વાસ નહિ તે સ્પષ્ટ કરવું.

●

# 20 સમાજ સમર્પિત શ્રેષ્ઠી

**- સંકલિત**

આ રેખાચિત્રમાં ગુજરાતમાં અને પૂર્વ આફ્રિકામાં જાણીતા થયેલા શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતાના વિરલ વ્યક્તિત્વ અને જીવનકાર્યોનું પ્રેરણા આપે તેવું દર્શન થાય છે. 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' એ તેમનો જીવનમંત્ર હતો. યુગાન્ડા, કેન્યા અને ગુજરાતમાં તેમણે ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રે સ્થાપેલી સંસ્થાઓ પાછળ તેમની અનન્ય કોઠાસૂઝ, દઢ સંકલ્પશક્તિ, પ્રબળ પુરુષાર્થ, નિષ્કામ સેવાવૃત્તિ, વિદ્યાપ્રીતિ અને ઈશ્વરશ્રદ્ધાનાં દર્શન થાય છે. યુગાન્ડામાં તેઓ 'બેતાજ બાદશાહ' તરીકે ઓળખાયા છે. 82 વર્ષનું કર્મનિષ્ઠ જીવન જીવી પરોપકાર અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું છે. શૂન્યમાંથી સર્જન કરનાર ગુજરાત અને પૂર્વ આફ્રિકાના સમાજને સમર્પિત આ ઉત્તમ શ્રેષ્ઠીની વિરલતા આ નાનકડા રેખાચિત્રમાં સજીવ બની છે.

---

ઇતિહાસ એવી વિશિષ્ટ વ્યક્તિઓની નોંધ લે છે જે અન્ય માટે જીવ્યા હોય, જેમણે નવી કેડીઓ કંડારી હોય, એમનાં કાર્યોને પરિણામે સમાજ વેંત ઊંચો ચડ્યો હોય. ગુજરાતમાં ઉત્તમ શ્રેષ્ઠીઓની હારમાળા છે તેમાં નાનજી કાલિદાસ મહેતા શિખર સમાન શ્રેષ્ઠી હતા.

નાનજીભાઈ કાલિદાસ પોરબંદરથી 40 કિ મી. દૂર ગોહાણા નામના નાનકડા ગામમાં તા. 17-11-1887ના રોજ જન્મ્યા હતા. પ્રેમાળ પિતા અને વત્સલ માતા જમનાબાઈના સંસ્કારો પામ્યા હતા. નાનપણથી અણદીઠેલી ભોંય ઉપર પગ મૂકવાની સાહસિકતા હતી. એ કાળે છાતીવાળા લોકો કમાવા માટે આફ્રિકા જતા. 13 વર્ષની કુમળી વયે નાનજીભાઈએ યુગાન્ડા જવાનું નક્કી કર્યું. મહિનાઓની સફર, વહાણની મુસાફરી - એમાં વચ્ચે તોફાન આવ્યું. કૂવાથંભ અને સઢ તૂટી ગયા. મૃત્યુ સામે દેખાતું હતું. ભૂખ, તરસ અને અનિશ્ચિત ભાવિ છતાં તેમણે હિંમત જાળવી, તાંડવ વચ્ચે સ્થિરતા રાખી, બીમાર સાથીઓની સેવા કરી અને ઈશ્વર ઉપર અડગ શ્રદ્ધા રાખી સફર પાર કરી. એક કિશોર માટે આ એવો અનુભવ હતો કે જીવનમાં પછી ગમે તેવી કપરી પરિસ્થિતિમાં તેઓ ડગ્યા નહિ. નવી નવી કેડીઓ કંડારતા રહ્યા.

એ કાળે યુગાન્ડા અને કેન્યામાં નિરક્ષરતા, ગરીબી અને પ્રાથમિક કક્ષાનું જીવન હતું. નાનજીભાઈએ ભોળી પણ પ્રેમાળ પ્રજાનો વિશ્વાસ જીત્યો. ખેતીનો કક્કો ન જાણનારે વણખેડેલી ધરતીમાં, અજાણ્યા પ્રદેશમાં કપાસ અને ચા-કોફીની ખેતી શરૂ કરી. આપસૂઝ અને સખત પુરુષાર્થથી સફળ થયા. પછી કેતકી અને રબ્બરનાં વિશાળ ખેતરો સર્જ્યાં. એક ઉદ્યોગ તરીકે કપાસનો એવો વિકાસ કર્યો કે યુગાન્ડા રૂ માટે જગવિખ્યાત બન્યો. યુગાન્ડાની આર્થિક પ્રગતિનો પાયો નાનજીભાઈએ નાખ્યો. શેરડીનું વાવેતર કરાવી 1924માં લુગાઝી સુગર ફેક્ટરીનો પ્રારંભ કર્યો. એક સદી પહેલાં જાપાનની ટેક્નોલૉજી અપનાવી નવા યુગનો પ્રારંભ કરાવ્યો.

એમણે વિપુલ કમાણી કરી. યુગાન્ડાના 'બેતાજ બાદશાહ' તરીકે ઓળખાયા. સાથે જ જે ધરતીએ તેમને સમૃદ્ધિ આપી હતી એને અનેક હાથે પાછી વાળી. પૂર્વ આફ્રિકામાં શિક્ષણ, સંસ્કારિતા અને સમૃદ્ધિનાં નવાં પગરણ માંડ્યાં. ઉદાર હાથે દાન આપીને તેમણે નર્સરી સ્કૂલ, આર્યકન્યા ગર્લ્સ હાઈસ્કૂલ, લાયબ્રેરી, ટાઉનહૉલ, નગરઉદ્યાનો, આર્યસમાજનાં મંદિરો અને મહિલા મંડળ ભવનોની સ્થાપના કરી. સૌરાષ્ટ્રના નાનકડા ગામનો ચાર ચોપડી ભણેલો છોકરો ઉદ્યોગપતિ તરીકે નીવડી આવ્યો તેના પાયામાં સખત પરિશ્રમ અને અડગ આત્મશ્રદ્ધા છે, એટલે તેઓ અજાણ્યા પ્રદેશમાં ઉદ્યોગ સાહસિક તરીકે સફળ થયા.

અનેક રાજપુરુષો, રાજા-મહારાજા, સંતો અને સેવકોની વચ્ચે રહ્યા પણ તેઓ કદી સામાન્ય જનને અને ગ્રામસમાજને ભૂલ્યા નહિ, કારણ કે આ પંચશીલ તેમના જીવનમાં કાયમ ટક્યાં હતાઃ સાદું ભોજન, સાદો પહેરવેશ, સાદું લખાણ, સાદી ભાષા અને ઉચ્ચ વિચાર. તેમાં તેમનાં સહચારિણી સંતોષબહેનનો સથવારો હતો. અઢળક કમાયા પરંતુ પોતાને ટ્રસ્ટી સમજીને આફ્રિકા અને ભારતમાં સમાજહિતનાં અનેક ઉત્તમ કાર્યોમાં ફાળો આપ્યો. અડધી સદી સુધી વ્યાપાર-ઉદ્યોગો વિકસાવ્યા, સ્થિર કર્યા. પછી માતૃભૂમિનું ઋણ ચૂકવવા ઉદ્યોગધંધા પુત્રોને સુપરત કરી સમાજ ઉત્કર્ષમાં જ બધો સમય ગાળ્યો.

આજથી 60 વર્ષ પહેલાં તેમણે પારખ્યું હતું કે દેશ-વિદેશના સંશોધનકારો માટે અનુકૂળતા અને સગવડ કરવી જોઈએ. એ માટે તેમણે મુંબઈમાં મરીન ડ્રાઇવ વિસ્તારમાં 'શ્રી નાનજી કાલિદાસ મહેતા ઇન્ટરનેશનલ હાઉસ'ની સ્થાપના કરી. વિકાસ માટેના દરવાજા ખોલ્યા.

આફ્રિકા પછી તેમણે સૌરાષ્ટ્રમાં પોરબંદર વિસ્તારમાં ઉદ્યોગોનું તારકમંડળ રચ્યું. સૌરાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસમાં મોટો ફાળો આપ્યો. ગાંધીજી પ્રત્યે પૂજ્યભાવ અને નારીશક્તિનો ઉદય એ એમનાં જીવનધ્યેય બન્યાં. પોરબંદરમાં 'ભારતમંદિર'ની સ્થાપના કરીને ભારતીય સંસ્કૃતિને પોષણ આપનાર ઋષિઓ અને સંતોનું મ્યુઝિયમ રચી તેમનો સંદેશો ઊગતી પેઢી સુધી પહોંચે તેવું ગોઠવ્યું. વિજ્ઞાન અને અવકાશના ઉત્તમ નિદર્શન માટે 'તારા મંદિર'ની રચના કરી.

ગાંધીજી માટે નાનજીભાઈના હૃદયમાં અપાર આદર હતો. ગાંધીજીના જન્મસ્થળને સ્મારકરૂપે આકાર આપવા તેમણે કીર્તિમંદિરનું જગવિખ્યાત સર્જન કરાવ્યું. ગાંધીજીના 79 વર્ષના જીવનને ધ્યાનમાં રાખીને 79 ફૂટની ઊંચાઈનું કલાત્મક કીર્તિમંદિર દેશ-વિદેશના પ્રવાસીઓ માટે તીર્થસ્થાન બની ગયું છે.

નાનજીભાઈની સ્પષ્ટ સમજ હતી કે પુત્ર-પુત્રીની સમાનતા અને જાતિ-વર્ણના ભેદભાવ વગરની સમાજરચના ભારતને મહાન બનાવશે. એ માટે તેમણે આર્યસમાજમાંથી પ્રેરણા લઈ ગુરુકુળ પદ્ધતિનું શિક્ષણ આપવા પોરબંદરમાં આર્યકન્યા ગુરુકુળની સ્થાપના (1936માં) કરી. આર્યકન્યા ગુરુકુળનો પાયો એક અનુસૂચિત જાતિની બાળાના હાથે નખાવી અસ્પૃશ્યતા નિવારણનું સાહસિક પગલું ભર્યું હતું. છેલ્લાં 80 વર્ષમાં કન્યા ગુરુકુળમાંથી 30 હજારથી વધારે કન્યાઓએ ડિગ્રી તો મેળવી છે, તેના કરતાંય વધુ નોંધપાત્ર એ છે કે તેમણે ભારતીય સંસ્કૃતિના ઉત્તમ સંસ્કારો મેળવ્યા છે. એવી કન્યાઓ દેશ-વિદેશમાં દીવડી બની પ્રકાશ પાથરી રહી છે. કન્યા ગુરુકુળને નાનજીભાઈનાં સુપુત્રી સવિતાબહેનનું ઉત્તમ માર્ગદર્શન વર્ષો સુધી મળ્યું હતું.

નાનજીભાઈની સમાજસુધારણાની ધગશ અને દૃષ્ટિ વ્યાપક હતી. શિક્ષણ દ્વારા ભેદભાવમુક્ત અને ધર્મના આડંબરથી મુક્ત સમાજની સ્થાપના થાય એવી એમને હોંશ હતી. માનવતાનાં મૂલ્યો માટે તેઓ જીવનભર મથ્યા હતા. 82 વર્ષની દીર્ઘ જીવનયાત્રામાં તેઓ પુરુષાર્થ અને પરમાર્થનો વડલો બની ગયા હતા. તા. 25-08-1969ના દિવસે તેમણે આ લોક છોડ્યો ત્યારે અનેક મહાનુભાવોએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમાં ગામડાની અભણ બહેનોની અંજલિ સર્વોત્તમ હતી, 'આજ ધરમનો થાંભલો ખરી પડ્યો'

પૂર્વ આફ્રિકાના આર્થિક વિકાસમાં અદ્‌ભુત ફાળો આપનાર નાનજીભાઈ કાલિદાસ માટે યુગાન્ડાના પ્રમુખ મિલ્ટન ઓબોટે ભવ્ય અંજલિ આપતાં કહેલું, 'નાનજીભાઈના નિધનથી યુગાન્ડાની આર્થિક સમૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો આપનાર મિત્ર અમે ગુમાવ્યો છે. તેમણે કરેલાં સમાજ ઉપયોગી કાર્યો કાયમ યાદ રહેશે.'

નાનજી કાલિદાસ મહેતા વાદળ જેવા ઉમદા અને ઋણભાવવાળા શ્રેષ્ઠી હતા. જેમ વાદળાં પૃથ્વી ઉપરથી વરાળરૂપે પાણી લઈને, એકઠું કરીને, યોગ્ય વખતે ફરી પૃથ્વી ઉપર વરસાવે છે તેમ નાનજીભાઈ કમાયેલું સમાજને અર્પણ કરતા રહ્યા. સંપત્તિ કમાનારા અનેક હોય છે પણ સમાજને આવી હિતકર રીતે પાછી વાળનાર બહુ થોડા હોય છે. નાનજી કાલિદાસ એવા વિરલ શ્રેષ્ઠી હતા.

**આલેખક : મનસુખ સલ્લા**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ

**શ્રેષ્ઠી** શેઠ, મહાજનના આગેવાન; **કૂવાથંભ** વહાણના સઢનો થાંભલો; **સઢ** પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાંભલાને બાંધેલું કપડું; **તાંડવ** (દરિયામાં) બેફામ તોફાન; **વિપુલ** પુષ્કળ; **પગરણ** આરંભ; **પંચશીલ** જીવન જીવવાના નિયત કરેલ પાંચ સિદ્ધાંત કે આચાર; **સહધર્મચારિણી** પતિ સાથે રહી જીવનની ફરજો બજાવતી પત્ની; **સથવારો** સાથ; **અઢળક** પુષ્કળ; **સુપરત** સોંપવું; **ઉત્કર્ષ** વિકાસ, વૃદ્ધિ; **તારક** તારનાર;

**નિદર્શન** જોવું તે; **સ્મારક** યાદગીરી માટે રચેલું પ્રતીક; **આડંબર** ખોટો ડોળ; **પરમાર્થ** પરોપકાર; **શ્રદ્ધાંજલિ** કોઈના અવસાન પછી અપાતી શ્રદ્ધાપૂર્વકની અંજલિ; **નિધન** અવસાન; **હિતકર** કલ્યાણકારી; **વિરલ** દુર્લભ; **કેન્યા** પૂર્વ આફ્રિકાનો એક પ્રદેશ; **આફ્રિકા** પૃથ્વીનો એક ખંડ

**સમાનાર્થી શબ્દ**

**પૃથ્વી** વસુંધરા, ધરતી; **જળ** પાણી, સલિલ; **મહિલા** સ્ત્રી, નારી; **ઈશ્વર** ભગવાન, પ્રભુ; **નિધન** મૃત્યુ, અવસાન; **ઉદ્યાન** બગીચો, બાગ; **ઉત્કર્ષ** ઉન્નતિ, વિકાસ; **પુત્રી** સુતા, દીકરી; **સંપત્તિ** દ્રવ્ય, ધન

**વિરુદ્ધાર્થી શબ્દ**

**બીમાર** સાજા; **પૂર્વ** પશ્ચિમ; **ગરીબ** શ્રીમંત; **સફળ** નિષ્ફળ; **દીર્ઘ** લઘુ; **નિરક્ષર** સાક્ષર; **ઉત્કર્ષ** અપકર્ષ; **નિશ્ચિત** અનિશ્ચિત

**રૂઢિપ્રયોગ**

**ધરમનો થાંભલો ખરી પડવો** કોઈ જાણીતા કર્મવીર, ધર્મવીરનું અવસાન થવું;

**નવાં પગરણ માંડવાં** નવી શરૂઆત કરવી

**સ્વાધ્યાય**

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) કિશોર વયે નાનજીભાઈમાં કેવા પ્રકારની સાહસિકતા હતી?

(A) અણદીઠેલી ભોમ પર પગ મૂકવાની (B) વણખેડેલી જમીન પર ખેતી કરવાની

(C) પર્વતના શિખર પર પગ મૂકવાની (D) દરિયાના તાંડવમાં વહાણ ચલાવવાની

(2) લેખકે યુગાન્ડાના 'બેતાજ બાદશાહ' તરીકે કોને ઓળખાવ્યા છે?

(A) યુગાન્ડાના પ્રમુખ મિલ્ટન ઓબૉટેને

(B) ગુજરાતના શ્રેષ્ઠી નાનજી મહેતાને

(C) યુગાન્ડાના ઉદ્યોગ સાહસિક નાગજીભાઈ પ્રભુદાસને

(D) માનવતાના ભેખધારી મહાત્મા ગાંધીજીને

(3) નાનજીભાઈના મતે કેવી સમાજરચના ભારતને મહાન બનાવશે?

(A) ધર્મ-જ્ઞાતિના આડંબરથી મુક્ત સમાજરચના

(B) ભેદભાવયુક્ત શિક્ષણપ્રથાવાળી સમાજરચના

(C) નિરક્ષરતા અને અસ્પૃશ્યતા નિવારણ માટેની સમાજરચના

(D) પુત્ર-પુત્રીની સમાનતા અને જાતિવર્ણના ભેદભાવ વગરની સમાજરચના

(4) નાનજીભાઈએ આર્યકન્યા ગુરુકુળનો પાયો કોના હાથે નખાવી અસ્પૃશ્યતા નિવારણનું સાહસિક પગલું ભર્યું?

(A) એક આદિવાસી કન્યાના હાથે (B) ગામડાની એક અભણ બહેનના હાથે

(C) એક હરિજન બાળાના હાથે (D) એક વિકલાંગ કન્યાના હાથે

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) 13 વર્ષની કિશોર વયે નાનજીને દરિયામાં જતી વખતે કેવો અનુભવ થયો?

(2) નાનજીભાઈ મહેતાના જીવનનો પંચશીલ સિદ્ધાંત જણાવો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) નાનજીભાઈ કાલિદાસ મહેતાને યુગાન્ડાના 'બેતાજ બાદશાહ' તરીકે શા માટે ઓળખાવ્યા છે?

(2) નાનજીભાઈ મહેતા અજાણ્યા પ્રદેશમાં ઉદ્યોગ સાહસિક તરીકે શા કારણે સફળ થયા?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ગુજરાતના ઉદ્યોગ સાહસિકોની માહિતી મેળવી તેમના ફોટાનું આલબમ બનાવી દરેકનો ટૂંકમાં દસ-બાર વાક્યમાં પરિચય લખી અંક બનાવો.
- યુગાન્ડા, કેન્યા, સૌરાષ્ટ્ર અને પોરબંદર જેવા સ્થળો વિશે કમ્પ્યૂટર પરથી માહિતી ભેગી કરી તેનો હસ્તલિખિત અંક બનાવો.
- ઉપરોક્ત વિગતોને હસ્તલિખિત અંકરૂપે પણ તૈયાર કરી શકાય.

## શિક્ષકની ભૂમિકા

ગુજરાતના અને ભારતના જાણીતા ઉદ્યોગપતિઓનો નામ-ઉલ્લેખ કરી ઉદ્યોગક્ષેત્રે જેમનું વિશિષ્ટ પ્રદાન છે એવી વિશિષ્ટ વ્યક્તિઓનો દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી એલ.ઈ.ડી. સ્ક્રીન પર તસવીર સાથે પરિચય કરાવી શકાય.

ગુજરાતની મહાજન પરંપરામાં શ્રેષ્ઠીઓ પોતાનાં ધન, આવડત, સંબંધો, સમાજને ચરણે ધરતા એ વિવિધ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થી આગળ સ્પષ્ટ કરવું.

આ ગદ્યપાઠ શીખવો ત્યારે પ્રારંભે પાઠનું આરોહ, અવરોહપૂર્વક શુદ્ધ ઉચ્ચાર સાથે પઠન કરવું. બાળકો પાસે પણ તેનું વારાફરતી પઠન કરાવવું.

●

# વ્યાકરણ

## એકમ-5 | વાક્યપ્રકાર

### રચનાલક્ષી વાક્ય

મિત્રો, તમે 'પરિસ્થિતિ' વિશે અભ્યાસ કર્યો છે. નીચેનાં વાક્યો વાંચો અને તેમાં કઈ પરિસ્થિતિનું નિરૂપણ થયું છે, તે જુઓ.

(1) અરે, બાબુએ આંખ ખોલી.

(2) તું સ્વર્ગમાં એક દાડાનો લા'વો લઈ શક્યો અને આપણે મળી શક્યા.

(3) તાવમાં સડસડતો હઉં તોય સ્નાન-સંધ્યા છોડ્યાં નથી.

(4) 8848 ફૂટની ઊંચાઈ પર લોહી થીજવી દેતી ઠંડીમાં એનો આ ડર સાચો પડી શકે તેમ છે.

(5) પર્વતારોહણની તાલીમ દરમિયાન શરૂઆતમાં પર્વત ચઢવા બધા એકસાથે નીકળતા ત્યારે અરુણિમાને સલાહ મળતી, 'અરે, તું ધીમે ધીમે આવ...'

આ વાક્યોમાં કઈ કઈ પરિસ્થિતિનું નિરૂપણ થયું છે ? ચાલો જોઈએ.

વાક્ય-1.માં 'ખોલવા'ની, વાક્ય-2.માં 'લા'વો લઈ શકવા'ની અને 'મળી શકવા'ની, વાક્ય-3.માં 'તાવમાં સડસડતા હોવા'ની અને 'છોડવા'ની, વાક્ય-4.માં 'થીજાવા'ની, 'સાચો પડી શકવા'ની અને વાક્ય-5.માં 'ચઢવા', 'નીકળવા', 'મળવા' તથા 'આવવા'ની પરિસ્થિતિનું નિરૂપણ થયું છે. ફરીથી વાક્યો વાંચો એટલે પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થશે.

વધુ ધ્યાનથી વાંચશો એટલે ખ્યાલ આવશે કે વાક્ય-1.માં એક જ પરિસ્થિતિનું, વાક્ય-2, 3, 4માં બે પરિસ્થિતિનું અને વાક્ય-5.માં ચાર પરિસ્થિતિનું નિરૂપણ થયું છે. એટલે કે, કોઈ એક વાક્યમાં એક કે તેથી વધુ પરિસ્થિતિનું નિરૂપણ થઈ શકે. વાક્યમાં કેટલી પરિસ્થિતિનું નિરૂપણ થયું છે અને એકથી વધુ પરિસ્થિતિ કઈ રીતે નિરૂપાઈ છે, તેને આધારે વાક્યના રચનાગત પ્રકાર થઈ શકે. ઉદાહરણો જોતાં આ પ્રકારો સ્પષ્ટ થશે.

નીચેનાં વાક્યો વાંચો.

(1) અરુણિમાની કરોડરજ્જુમાં <u>તિરાડ પડી</u> હતી.

(2) સિંહાસન પર ઇન્દ્રરાજા <u>બિરાજેલા.</u>

(3) લોકોને એનું અપંગ શરીર <u>દેખાતું હતું.</u>

(4) એણે બબ્બે તે કુળ <u>ઉજાળિયાં.</u>

(5) ભારતીય સંસ્કૃતિમાં આ જીવનપાથેય <u>અમોલું છે.</u>

(6) હાલો, હુંય લાપસીનું આંધણ <u>મૂકું.</u>

(7) રાતમાં ચારપાંચ વખત <u>તપાસ કરવામાં આવે છે.</u>

(8) હવે હું તમને બધું <u>આપીશ.</u>

આ વાક્યોમાં કેટલી પરિસ્થિતિનું નિરૂપણ થયું છે ? ઉપરનાં તમામ વાક્યોમાં માત્ર એક જ પરિસ્થિતિનું નિરૂપણ થયું છે. જ્યારે વાક્યમાં એક જ પરિસ્થિતિનું નિરૂપણ થયું હોય ત્યારે તેને 'સાદી વાક્યરચના' કહે છે. તેથી ઉપરનાં બધાં વાક્યો સાદાં વાક્યો છે.

વધુ ધ્યાનથી જોતાં ખ્યાલ આવશે કે અહીં 'અમોલું છે.' જેવી સ્થિતિ, 'તિરાડ પડવી' જેવી પ્રક્રિયા અને 'મૂકવું' જેવી ક્રિયા ધરાવતાં વાક્ય છે. 'બિરાજવું' જેવી અકર્મક ક્રિયા તો 'ઉજાળવું' જેવી સકર્મક ક્રિયા ધરાવતાં વાક્ય પણ છે. 'ઉજાળ્યાં'માં ભૂતકાળ તો 'આપીશ'માં 'ભવિષ્યકાળ'નો પ્રયોગ થયો છે. 'મૂકવું' કે 'આપવું' દ્વારા કર્તરિ વાક્યપ્રયોગ થયો છે તો 'તપાસ કરવામાં આવે છે' -માં કર્મણિ વાક્યપ્રયોગ થયો છે. એટલે કે, સાદી વાક્યરચનામાં કોઈ પણ પરિસ્થિતિ, કોઈ પણ કાળ કે કોઈ પણ પ્રયોગ ધરાવતી કોઈ એક પરિસ્થિતિનું આલેખન હોય છે.

હવે નીચેનાં વાક્યો વાંચો :

(ક) માનવીએ સાગરોના પેટાળ ખોળ્યા અને રણને નંદનવન કર્યાં છે.

(ખ) રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું છતાં દાદીમા તરીકે અમરતકાકી હરખપદૂડા થઈ જતાં નહિ.

(ગ) બીજા દેશોના લોકો તો કેળાં ખાઈને છાલ પ્લાસ્ટિકની બૅગમાં મૂકીને ડસ્ટબિન પાસે જઈને અંદર મૂકી આવે છે.

આ વાક્યોમાં કેટલી પરિસ્થિતિની રજૂઆત થઈ છે ? વાક્ય-ક.માં 'ખોળવા' અને 'નંદનવન કરવા'ની બે પરિસ્થિતિ નિરૂપાઈ છે. વાક્ય-ખ.માં 'આવવા'ની, 'હસી ઊઠવાની' અને 'હરખપદૂડા નહીં થવાની' - ત્રણ પરિસ્થિતિનું નિરૂપણ છે. તો વાક્ય-ગ.માં 'ખાવા'ની, 'મૂકવાની', 'જવાની', 'મૂકી આવવાની' - ચાર પરિસ્થિતિનું નિરૂપણ છે. વાક્યમાં જ્યારે એક જ પરિસ્થિતિનું નિરૂપણ હોય ત્યારે તેને સાદી વાક્યરચના કહે છે. તો જ્યારે વાક્યમાં એકથી વધુ પરિસ્થિતિનું નિરૂપણ હોય ત્યારે તેને 'મિશ્ર' વાક્યરચના કહે છે. તેથી અહીં આપેલાં ત્રણ વાક્યો મિશ્ર વાક્યરચનાઓ છે.

હવે આ ત્રણ વાક્યોને વધુ વિગતે જોઈએ. વાક્ય-ક.માં બે પરિસ્થિતિ છે. આ બંને પરિસ્થિતિને સાદા વાક્ય તરીકે જોઈએ.

વાક્ય-ક.1. માનવીએ સાગરોના પેટાળ ખોળ્યા છે.

વાક્ય-ક.2. માનવીએ રણને નંદનવન કર્યાં છે.

આ બંને પરિસ્થિતિ સમાન છે. બંનેને કેવી રીતે જોડવામાં આવી છે ? 'અને' સંયોજક દ્વારા. જ્યારે વાક્યમાં નિરૂપાયેલી એકથી વધુ પરિસ્થિતિ સમાન હોય, બંને મુખ્ય હોય (મુખ્ય અને ગૌણ ન હોય) ત્યારે તેને 'સંયુક્ત' (સમ્-યુક્ત) વાક્યરચના કહે છે.

અન્ય ઉદાહરણ જોઈએ :

(1) હૉસ્પિટલના ડૉક્ટર અને ફાર્માસિસ્ટે રક્તદાન કર્યું.
વાક્ય-1. અ. હોસ્પિટલના ડૉક્ટરે રક્તદાન કર્યું.
વાક્ય-1. બ. ફાર્માસિસ્ટે રક્તદાન કર્યું.

(2) ટાઢાંબોળ વાદળાંને કારણે જરા શરદી થઈ ગઈ છે ને માથું પકડાયું છે.
વાક્ય-2. અ. ટાઢાંબોળ વાદળાંને કારણે જરા શરદી થઈ ગઈ છે.
વાક્ય-2. બ. ટાઢાંબોળ વાદળાંને કારણે માથું પકડાયું છે.

(3) મોટા ભૈ, રોવાનું બંધ કરો અને ચંદુ, જરા પંખો લાવ, તો.
વાક્ય-3. અ. મોટા ભૈ, રોવાનું બંધ કરો.
વાક્ય-3. બ. ચંદુ, જરા પંખો લાવ, તો.

(4) અરુણિમાએ આફ્રિકાનું કિલિમાંજરો અને યુરોપનું એલ્બ્રુસ સર કર્યું છે.
વાક્ય-4. અ. અરુણિમાએ આફ્રિકાનું કિલિમાંજરો (શિખર) સર કર્યું છે.
વાક્ય-4. બ. અરુણિમાએ યુરોપનું એલ્બ્રુસ (શિખર) સર કર્યું છે.
સંયોજક : અને.

(5) મંગુને કોઈ તાલીમ પામેલી નર્સ કે દાક્તરની દેખરેખ નીચે રાખવી જોઈએ.
વાક્ય-5. અ. મંગુને કોઈ તાલીમ પામેલી નર્સની દેખરેખ નીચે રાખવી જોઈએ.
વાક્ય-5. બ. મંગુને કોઈ દાક્તરની દેખરેખ નીચે રાખવી જોઈએ.
સંયોજક : કે

અહીં આપેલાં પહેલાં ચાર વાક્યો 'અને' સંયોજક અને પાંચમું વાક્ય 'કે' સંયોજક ધરાવે છે. 'અને' સંયોજક દ્વારા બે વિગતોને જોડાય છે. 'કે', 'અથવા' વિકલ્પ દ્વારા બે વિગતો વચ્ચે વિકલ્પ સૂચવવામાં આવે છે. આ ત્રણેય સંયોજકોથી જોડાતાં વાક્યો સમાન હોય છે, બંને વાક્ય મુખ્ય હોય છે. તેમાં મુખ્ય કે ગૌણનો ભેદ હોતો નથી. તેથી આ વાક્યો સંયુક્ત વાક્યો છે.

આ વાક્યો ધ્યાનથી વાંચશો તો બીજી એક બાબત પણ જોઈ શકશો. વાક્ય-1માં એક જ ક્રિયા કરનાર બે કર્તા છે - ડૉક્ટર અને ફાર્માસિસ્ટ. તેથી તે વિગતો સંયુક્ત રીતે રજૂ થઈ છે. તો વાક્ય-2માં એક જ કારણને કારણે બે પરિસ્થિતિ ઊભી થઈ છે – શરદી થવી, માથુ પકડાવું. તેથી તે વિગતો સંયુક્ત રીતે રજૂ થઈ છે. વાક્ય-3માં એક જ વક્તા એક જ સમયે બે શ્રોતાઓને કહી રહ્યો છે તેથી તે વિગતો સંયુક્ત રીતે રજૂ થઈ છે. વાક્ય-4 કર્મની વિગતો સમાન છે.

આમ, મિશ્ર વાક્યરચનાનો પહેલો પ્રકાર છે : 'સંયુક્ત' વાક્યરચના. આ વાક્યરચનામાં એકથી વધુ પરિસ્થિતિ રજૂ થાય છે. આ બંને પરિસ્થિતિ સરખું મહત્ત્વ ધરાવે છે. તેથી તે સમાન રીતે જોડાય છે. તેથી તેમને 'સંયુક્ત વાક્યરચના કહેવાય છે. તેમને જોડનારા સંયોજકો 'અને', 'કે', 'અથવા' છે.

હવે વાક્ય 'ખ' જોઈએ.

(ખ) રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું છતાં દાદીમા તરીકે અમરતકાકી હરખપદૂડા થઈ જતાં નહિ.

આ મિશ્ર વાક્યને સાદાં વાક્યોમાં છૂટું પાડીએ.

ખ.1. રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા.

ખ.2. એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું.

ખ.3. દાદીમા તરીકે અમરતકાકી હરખપદૂડા થઈ જતાં નહિ.

સંયોજકો : ત્યારે, છતાં.

આ વાક્યને યોગ્ય રીતે સમજવું હોય તો આમ વાંચવું પડે – (રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું) છતાં દાદીમા તરીકે અમરતકાકી હરખપદૂડા થઈ જતાં નહિ.

અહીં પેટાવાક્યમાં 'રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા' વાક્ય ગૌણ છે, 'એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું' મુખ્ય છે. કારણ કે 'જ્યારે' દ્વારા પૂર્વશરતરૂપ પરિસ્થિતિ રજૂ થાય છે, 'ત્યારે' દ્વારા પરિણામરૂપ પરિસ્થિતિ રજૂ થાય છે. જ્યારે આખા વાક્યને જોઈએ તો પેટાવાક્ય ગૌણ છે અને 'છતાં' સંયોજક પછી રજૂ થતું – 'અનપેક્ષિત, અણધાર્યો પ્રતિભાવ' રજૂ કરતું વાક્ય મુખ્ય છે.

આમ, અહીં એકથી વધુ પરિસ્થિતિનું નિરૂપણ થયું છે. તે સંયોજકથી જોડાઈ છે. તેમાં એક પરિસ્થિતિ મુખ્ય છે અને અન્ય પરિસ્થિતિ ગૌણ છે. તેથી આ 'સંયોજક' ધરાવતું સંકુલ વાક્ય છે. અન્ય ઉદાહરણો જોઈએ.

(1) લોકોએ અરુણિમાને પાગલ ગણી, કારણ કે પગ વગરની વ્યક્તિ માટે પર્વતારોહણ અશક્ય ગણાય.

(2) તું સાજી થાય પછી કોઈક નોકરી કરજે.

(3) અરુણિમાએ હૉસ્પિટલની પથારીમાં જ નક્કી કર્યું કે, 'હું પર્વતારોહણ કરીશ.'

(4) કાળિયું આવી જાહે જ્યાં ગ્યું હશે ત્યાંથી. (વાક્યક્રમ)

(5) પૂન કરવાનું પણ એનો વિચાર નંઈ કરવાનો.

અહીં કારણ કે, પછી, કે જ્યાં-ત્યાં, પણ આદિ સંયોજકો પ્રયોજાયા છે. આવા કેટલાક સંયોજકોના અર્થસંબંધે પ્રકાર જોઈએ.

**મિશ્ર વાક્ય**

| કાર્ય | ઉદાહરણ | સંયોજક | અર્થસંબંધ |
|---|---|---|---|
| સંયુક્ત વાક્ય | ગોપાળબાપાએ આંબા, જાંબુડા અને ચીકુ વાવ્યાં છે. | અને | સમુચ્ચય |
| સંયુક્ત વાક્ય | આ લીંબુ છે કે બોર ?<br>કાં તો મા આવશે અથવા ફોઈ આવશે. | કે, અથવા, કાં તો | વિકલ્પવાચક |
| સંકુલ વાક્ય | અરુણિમાના થીજેલા હાથમાંથી લોહી નીકળવું શરૂ થયું છતાં પડતી, ઊઠતી, ઝઝૂમતી તે નીચે આવી. | છતાં, પણ, છતાંપણ, ઊલટું, | વિરોધાવાચક |
| સંકુલ | મંગુને દવાખાને મોકલવી એટલે જાણે મૂંગા ઢોરને પાંજરાપોળ મોકલવું. | એટલે, અર્થાત્ | પર્યાયવાચક |
| સંકુલ | કુસુમને દવાખાનામાં દાખલ કરી તેથી તે સાજી થઈ. | માટે, તેથી, એટલે, પરિણામવાચક | કાર્ય-કારણ |
| સંકુલ | મહારાજ અરજ તો એટલી જ છે કે આ કોતર મને યોગ્ય કિંમતે આપો. | કે | પૂરક વિગત |
| સંકુલ | શેરપાએ અરુણિમાને કહી દીધું કે એ તેને નહીં લઈ જઈ શકે. | કે | અવતરણવાચક |
| સંકુલ | એક સામાન્ય માણસ પણ જો દૃઢ સંકલ્પ કરે તો દુનિયા પલટાવી શકે છે. જેમકે, ગાંધીજી | જેમ કે | દૃષ્ટાંતવાચક |
| સંકુલ | ઈન્દ્રરાજાએ બાબુને સ્વર્ગમાં બોલાવ્યો, કારણ કે તેઓ દેવાંશી - દેવલાની મનોકામના પૂરી કરવા માગતા હતા. | કારણ કે | કારણવાચક |
| સંકુલ | (જો) હું મા થઈને ચાકરી ન કરી શકું તો દવાખાનાવાળાંને શી લાગણી હોય ? | જો...તો | શરત |
| સંકુલ | જ્યારે અરુણિમા દિલ્લી જઈ રહી હતી ત્યારે ટ્રેનમાં બદમાશોએ તેની ચેઈન ખેંચવાની કોશિશ કરી. | જ્યારે...ત્યારે | શરતી-સમય |
| સંકુલ | કાળિયું આવી જાહે જ્યાં ગ્યું હશે ત્યાંથી. | જ્યાં...ત્યાં | શરતી-સ્થાન |

સમુચ્ચય અને વિકલ્પવાચક સંયોજક સિવાયના અન્ય સંયોજક લાગતાં એક વાક્ય મુખ્ય અને અન્ય વાક્ય ગૌણ હોય છે તેથી તેવાં વાક્ય સંકુલ વાક્ય કહેવાય છે. કયું વાક્ય મુખ્ય છે, તે કેવી રીતે નક્કી કરવું ? આ માટે તમારે તમારી ભાષક તરીકેની સૂઝને ઉપયોગમાં લેવાની. જેમકે, 'અરુણિમાના થીજેલા હાથમાંથી લોહી નીકળવું શરૂ થયું છતાં પડતી, ઊઠતી, ઝઝૂમતી તે નીચે આવી.' - વાક્યમાં તમને અરુણિમા માટે દયા આવે છે કે માન થાય છે ? જો પહેલું વાક્ય મુખ્ય હોત તો તમને દયા આવત. પણ વાંચતી વખતે તમને અરુણિમા માટે માન, આદર જન્મે છે કે આવી પરિસ્થિતિ હતી... છતાં... તે પડતી, ઝઝૂમતી નીચે આવી... - એનો પરિસ્થિતિ સામે ઝઝૂમવાનો જુસ્સો દેખાય છે. એટલે કે, બીજું વાક્ય, 'છતાં' પછીનું વાક્ય મુખ્ય છે, પહેલું વાક્ય ગૌણ છે.

**નોંધ :** 'કે' સંયોજક એકથી વધુ અર્થ માટે પ્રયોજાય છે, તે ધ્યાનમાં રાખવું.

સંયોજક સિવાય પણ સંકુલ વાક્યની રચના થાય છે. ઉદાહરણ માટે પાઠની શરૂઆતમાં જોયેલું વાક્ય-ગ. ફરીથી જોઈએ.

(ગ) બીજા દેશોના લોકો તો કેળાં ખાઈને છાલ પ્લાસ્ટિકની બૅગમાં મૂકીને ડસ્ટબિન પાસે જઈને અંદર મૂકી આવે છે.

આ વાક્યમાં કઈ કઈ પરિસ્થિતિ રજૂ થઈ છે ? 'ખાવું, મૂકવું, જવું, મૂકી આવવું. એકથી વધુ પરિસ્થિતિનું નિરૂપણ છે, પરંતુ સંયોજક એક પણ નથી. (અહીં પ્રયોજાયેલ 'તો' નિપાત છે, સંયોજક નહીં.) તો અહીં વાક્યો કઈ રીતે જોડાયાં છે ? તમે અગાઉ કૃદન્ત વિશે ભણી ગયા છો. ફરી એક વાર યાદ કરવા છે ?

| **કૃદન્ત** | **પ્રત્યય** | **ઉદાહરણ** |
|---|---|---|
| વર્તમાનકૃદન્ત | -ત- | લખતો, વાંચતી |
| ભૂતકૃદન્ત | -ય- | પડ્યો પડ્યો, બેઠો બેઠો |
| | -એલ- | ભરેલી, લખેલું |
| ભવિષ્યકૃદન્ત | -વાન- | લખવાનું, વાંચવાનો |
| | -નાર | બોલનાર, જોનાર |
| હેત્વર્થ કૃદન્ત | -વા (અવિકારી) | લખવા, વાંચવા |
| વિધ્યર્થ કૃદન્ત | -વું- (વિકારી) | લખવું, શાંતિ રાખવી |
| સંબંધક કૃદન્ત | -ઈ | લખી (આપ્યું), મૂકી (આવવું) |
| | -ઈને | લખીને, મૂકીને |

હવે ઉપરનું વાક્ય-ગ. ફરીથી વાંચો. કયા કયા કૃદન્ત પ્રયોજાયા છે ? ખાઈને, મૂકીને, જઈને, મૂકી આવે - અહીં લગભગ બધે જ સંબંધક કૃદન્ત પ્રયોજાયા છે. અન્ય વાક્ય જોવાથી કૃદંતથી બનતી સંકુલ વાક્યરચના વધુ સ્પષ્ટ થશે.

(1) હુક્કો ગગડાવી <u>રહેલા</u> ડોસા ક્યારનાયે ડોસીને <u>તાકી રહ્યા હતા.</u>

(2) <u>રાંધતા રાંધતા</u> કેટલીય વખત ઊભા <u>થઈ</u> ડેલી પાસે <u>જઈ</u>ને હાથનું નેજવું <u>કરી</u> મીટ <u>માંડતાં,</u> થોડી વારે <u>બબડતાં બબડતાં</u> પાછાં <u>ફરતાં.</u>

(3) બીજાં બધાંય ગલુડિયાં પાછાં <u>આવી,</u> ઢાળિયામાં <u>જઈ,</u> ટૂંટિયું <u>વાળી પડ્યાં હતાં.</u>

(4) 8848 ફૂટની ઊંચાઈ પર લોહી <u>થીજવી દેતી</u> ઠંડીમાં એનો આ ડર સાચો <u>પડી શકે તેમ છે.</u>

(5) તાલીમ બાદ સ્વપ્નને <u>સાકાર કરવાની</u>, લક્ષ્યને <u>પામવા</u>ની ઘડી <u>આવી પહોંચી.</u>

વાક્ય-1.માં રહેલાં વાક્યો જોઈએ :

1.1. ડોસા હુક્કો ગગડાવી રહ્યા હતા.

1.2. ડોસા ક્યારનાયે ડોસીને તાકી રહ્યા હતા.

અહીં ગૌણ વાક્ય 1.1નું વાક્ય 1.2.ના કર્તાના વિશેષણ તરીકે મૂકવામાં આવ્યું છે.

વાક્ય-2.માં રહેલાં વાક્યો જોઈએ :

2.1. ડોસી રાંધતાં હતાં.

2.2. એ વખતે એ કેટલીયે વાર ઊભા થતાં.

2.3. (દર વખતે) એ ડેલી પાસે જતાં.

2.4. હાથનું નેજવું કરતાં.

2.5. (દૂર) મીટ માંડતાં.

2.6. એ બબડતાં.

2.7. (રાંધવા માટે) એ પાછાં ફરતાં.

આ સમગ્ર ક્રિયાઓનું ચિત્ર એક સંકુલ વાક્ય દ્વારા વાંચનારની સામે ઊભું થાય છે. વળી, સંકુલ વાક્ય તરીકે 'સમગ્રતા'નો ખ્યાલ, આ બધી ક્રિયાઓ એકમેક સાથે સંકળાયેલી છે તેનો ખ્યાલ ચિત્રને વધુ સ્પષ્ટ કરી આપે છે.

તમે બાકીના સંકુલ વાક્યોમાં રહેલા સાદાં વાક્યોને છૂટાં પાડવાનો પ્રયત્ન કરશો તો તમને સંકુલ વાક્યની વિશેષતા સમજશે.

હવે કેટલાંક એવાં વાક્યો પણ જોઈએ, જેમાં સંયોજક અને કૃદન્ત બંને હોય.

(1) પર્વતારોહણની તાલીમ દરમિયાન શરૂઆતમાં પર્વત ચઢવા બધા એકસાથે નીકળતા ત્યારે અરુણિમાને સલાહ મળતી...

(2) સ્વર્ગમાં ભોજન પછી આરામ કરતો'તો ત્યારે દેવલાએ મને ફોડ પાડીને વાત કરેલી.

(3) અમરતકાકીએ જોયું તો એનું મોં ધોયેલું હતું. છતાં સહેજ પણ ખિજાયા વગર પરિચારિકાએ પાણીનો લોટો લાવી એનું મોં ધોવડાવ્યું.

(4) અમરતકાકી અને દીકરો મંગુને મૂકી દવાખાનાની બહાર નીકળ્યા ત્યારે બંનેનાં મોં પર શોકનાં વાદળ છવાયેલાં હતાં.

(5) જન્મની ગાંડી અને મૂંગી દીકરીને એ જે રીતે ઉછેરતાં, ચાકરી કરતાં અને લાડ લડાવતાં એ પ્રત્યક્ષ જોઈ લોકો એમનાં વખાણ પણ કરતા કે, આવી રીતે ગાંડી દીકરી તો અમરતકાકી જ ઉછેરી શકે.

હવે, કૃતિ વાંચતી વખતે તેનાં વાક્યો વાંચજો અને તેની રચના તપાસજો. તમને ખ્યાલ આવશે કે લેખકની ભાષામાં આપણને વધારે રસ કેમ પડે છે.

ટૂંકમાં આપણે વાક્યરચનાને નીચે મુજબ જોઈ શકીએ :

**વાક્યરચના**

↓

સાદી ↓ (એક પરિસ્થિતિ)

મિશ્ર ↓ (એકથી વધુ પરિસ્થિતિ)

↓

સંયુક્ત ↓ સંયોજક

સંકુલ ↓ સંયોજક, કૃદન્ત

# વિધિવાક્ય - નિષેધવાક્ય

મિત્રો, આપણે દિવસમાં અનેક પ્રકારની વાતો કરતા હોઈએ છીએ. કોઈ વાતની હા-ના પણ થતી હોય છે. જેમકે,

- તેં કાલે ઘેર પ્રવાસની વાત કરી ?
- ના યાર, નથી કરી.

અહીં કોઈ વિગત માટે પ્રશ્ન પુછાયો અને એનો નકારમાં જવાબ મળ્યો. વિધિ કે નિષેધના રૂપાંતર વિના સામાન્ય રીતે વાતના સંદર્ભમાં આપણે હકાર કે નકાર પ્રયોજતા હોઈએ છીએ. કેટલાંક ઉદાહરણ જોઈએ.

**વિધિવાક્ય :**

(1) મેં એ બોરડી જાતે ઉછેરી છે.

(2) દીકરી કંઈ આગળ બોલે તે પહેલાં અમરતકાકીની આંખો વરસવા માંડતી.

(3) હાલો રે ખેતર ને હાલો રે વાડીએ, વેળા અમોલી આ વીતે.

(4) મેં તો અમેરિકામાં ત્યાંના ખેલાડીને મોઢામોઢ સંભળાવ્યું.

(5) દેવદૂતોએ ફોસલાવીને છૂટો પાડ્યો.

**નિષેધ વાક્ય :**

(1) એક કાળિયું હજુયે પાછું ફર્યું નહોતું.

(2) આમ ચંત્યા કર્યે કાંય વળવાનું નથ.

(3) પરંતુ ચિંતાજનક બાબત એ હતી કે અહીં ન હતી લોહી માટે વ્યવસ્થા કે ન હતી દર્દીને બેહોશ કરવા એનેસ્થેસિયાની સુવિધા.

(4) ઈ ભેદભાવ સ્વર્ગમાં નોં હોય બાપા.

(5) આંખમાંથી આંસુ માય નઈ. બથમાંથી છૂટો જ નોં થાય.

સામાન્ય રીતે આપણે વાતચીતમાં આવાં વાક્યો વાપરતાં જ હોઈએ છીએ. પણ કેટલાક સંજોગોમાં આપણે વિધિવાક્યને નિષેધમાં અને નકાર ધરાવતા વાક્યને વિધિવાક્ય તરીકે વાપરીએ છીએ. એનાં મુખ્ય બે પ્રયોજન છે :

(1) વાક્યનો અર્થ બદલવા માટે.

(2) જુદી રીતે અભિવ્યક્તિ સાધવા માટે.

આ બંને પ્રયોજનને સોદાહરણ જોઈએ.

મારા સપનામાં આવ્યા હરિ.

આ વાક્યમાં નિષેધનો અર્થ ઉમેરવો હોય તો આ વાક્યમાં નકાર ઉમેરવો પડે. જેમકે,

મારા સપનામાં ન આવ્યા હરિ.

અહીં વાક્યમાં નકાર ઉમેર્યો અને અર્થ બદલાયો. આવું વાક્યરૂપાંતર તમને આવડે ને !

ચાલો, નીચેનાં વાક્યો વાંચો. અને તેમાં નકારનો અર્થ ઉમેરો. અહીં વાક્યમાં નકાર ઉમેરાતા મૂળ અર્થ બદલાઈ જશે.

- ડોસા ફરીથી બોલ્યા.
- ઈ તો આવી જાહે.
- વળી ઘર આખ્ખું ઠલવશે ખીજ.
- શેરપા તે યાદ કરાવતા ખૂબ ગુસ્સે થતો હતો.

- ત્યાંજ એનો ઑક્સિજન ખલાસ થઈ ગયો.

સહેલું છે ને ! ચાલો, નકાર ઉમેરી, અર્થ બદલાતા જોઈએ.

- ડોસા ફરીથી ન બોલ્યા.
- ઈ તો નઈ આવે.
- વળી ઘર આખ્ખું ઠલવશે ના ખીજ.
- શેરપા તે યાદ કરાવતા ગુસ્સે થતો ન હતો.
- ત્યાં એનો ઑક્સિજન ખલાસ ન થયો.

અહીં નકાર ઉમેર્યો અને વાક્યના અર્થ બદલાયા.

નકારનું બીજું પ્રયોજન છે, વિશેષ ભાષાભિવ્યક્તિ : ક્યારેક આપણે નિષેધાર્થ ઉમેરવો હોય છે. પણ અર્થ ન બદલાય તેનું પણ ધ્યાન રાખવું હોય છે. આના કારણે જુદા પ્રકારની રીત પ્રયોજીએ છીએ. જેમકે,

'અરુણિમા, તું ધીમે ધીમે આવ.'

ને બદલે મિત્રો એમ કહે કે

'અરુણિમા, તું એમ ઉતાવળે ન આવ.'

અહીં આપણે શું કર્યું ? 'ધીમે ધીમે'નો વિરુદ્ધાર્થી શબ્દ વાપરીને નકાર ઉમેર્યો. તેથી વાક્યમાં નિષેધાર્થ ઉમેરાયો પણ વાક્યનો મૂળ અર્થ જળવાયેલો રહ્યો.

ચાલો, તો નીચેનાં વાક્યોમાં કોઈ પદનો વિરુદ્ધાર્થી શબ્દ પ્રયોજીને નકાર ઉમેરો.

(1) પગ વગરની વ્યક્તિ માટે પર્વતારોહણ અશક્ય ગણાય.

(2) તમે આઘા બેહો.

(3) આવરદા બાકી હશે, બીજું શું.

(4) તેણે પાછા જવું જોઈએ.

(5) અરુણિમાને ખ્યાલ હતો કે પોતે કદાચ મૃત્યુ પામશે.

તમને ખબર છે ને કે તમે કેવી રીતે નકાર ઉમેરશો ? જુઓ, નીચેનાં વાક્યો બરાબર છે ને !

(1) પગ વગરની વ્યક્તિ માટે પર્વતારોહણ <u>શક્ય ન</u> ગણાય.

(2) તમે <u>નજીક ન</u> બેહો.

(3) આવરદા <u>પૂરી નહીં થઈ હોય,</u> બીજું શું.

(4) તેણે <u>આગળ</u> જવું જોઈએ <u>નહીં.</u>

(5) અરુણિમાને ખ્યાલ હતો કે પોતે કદાચ <u>જીવતી નહીં રહી શકે.</u>

નિષેધાર્થ ઉમેરવા માટે આપણે જે બીજી રીતનો ઉપયોગ કરીએ છીએ, તે છે બે વખત નકાર ઉમેરવાની. જેમકે, સાહેબ તમને વર્ગમાં પૂછે, કે 'ઘરકામ કર્યું છે ?' તમારી પાસે નોટ નથી. તમે ક્યારેક એવો જવાબ આપ્યો હશે - 'મેં ઘરકામ નથી કર્યું, એવું નથી.' બરાબર ? નીચેનાં વાક્યોનો બેવડા નકારથી નિષેધ કરીએ...

(1) હું પર્વતારોહણ કરીશ.

(2) એના અડગ મનોબળે એને મજબૂત બનાવી.

અહીં પહેલા વાક્યમાં કોઈ શબ્દનો વિરોધાર્થી શબ્દ મળે તેમ નથી. તેથી અહીં જો નિષેધ ઉમેરવો છે, પણ વાતની હકારાત્મકતાને પણ જાળવી રાખવી છે. તો આપણે બેવડા નકારથી અભિવ્યક્તિ સાધી શકીએ.

(1) હું પર્વતારોહણ નહીં કરું એવું નહીં થાય.

અહીં 'નકાર' ઉમેર્યા બાદ પણ અરુણિમાના 'દૃઢ નિશ્ચય'નો અર્થ જળવાયેલો જોઈ શકાય છે. તો બીજા વાક્યમાં પણ બે નકાર ઉમેરીને મૂળ અર્થ સાથે સાતત્ય જાળવી શકાય તેમ છે.

(2) તેનું મનોબળ ડગે તેમ ન હતું, તેથી તે નબળી ન પડી.

વાક્યમાં નિષેધાર્થ ઉમેરવાની એક આકર્ષક રીત છે, તેને પ્રશ્નાર્થમાં મૂકવાની. નીચેનાં વાક્યો વાંચો એટલે વધુ સ્પષ્ટ થશે.

(1) ઇ સ્વર્ગલોકની સોડમ કંઈ અંઈ ધૂળલોકમાં આવે ?

(2) મોર્ય સારી પઠે તેલવાળાં શાક ખાધેલાં ને તે ખાણબાફણાં જેવાં શાક ચાંથી ભાવે ?

(3) શું આપણાં છોકરાં રસ ખાય અને મક્ષિકાના બચ્ચાં ભૂખ્યાં રહે ?

ખ્યાલ આવ્યો ? દેખીતી રીતે પ્રશ્નાર્થ વાક્યરચના છે. પણ ખરેખર 'નિષેધ' સૂચવાયો છે. ઉપરનાં વાક્યો વાંચતી વખતે મગજમાં જે વાક્યો ઊપસે છે તે-

(1) ઇ સ્વર્ગલોકની સોડમ અંઈ ધૂળલોકમાં નો આવે.

(2) મોર્ય સારી પઠે તેલવાળાં શાક ખાધેલાં ને તે ખાણબાફણાં જેવાં શાક નો જ ભાવે ને ?

(3) આપણાં છોકરાં રસ ખાય તો મક્ષિકાના બચ્ચાં પણ ભૂખ્યાં ના રહે.

નકાર ઉમેર્યા વિના નકારની આ રીત સમજાઈ ? આ રીત કેટલી સચોટ છે તે તમને તમારા કાવ્ય 'ગોદ માતની ક્યાં'માં જોવા મળશે. કવિ ચંદ્રકાન્ત શેઠ 'માની ગોદ'નું મહત્ત્વ સમજાવવા માગે છે. એટલે કહે છે કે દુનિયામાં બધું જ મળશે, પણ 'ગોદ માતની ક્યાં ?' અર્થાત્ - માની ગોદ નહીં મળે. બે અંતરા જોઈએ ?

છત મળશે ને છત્તર મળશે,
    ગોદ માતની ક્યાં ?
શયનખંડ ને શય્યા મળશે,
    સોડ માતની ક્યાં ?
.... .... .... .....
સૂર, તાલ ને સંગીત મળશે,
    ટહુકો માનો ક્યાં ?

અહીં કવિએ નકાર નહીં, પણ પ્રશ્નાર્થ મૂકી નકાર સૂચવ્યો છે. તેના કારણે કાવ્ય વધુ આસ્વાદ્ય બને છે.

વિધિવાક્યમાંથી જે રીતે નિષેધવાક્યમાં રૂપાંતર કર્યું તે જ રીતે નિષેધવાક્યમાંથી વિધિવાક્યમાં રૂપાંતર કરી શકો ? નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. વાંચો અને મૂળ અર્થ જળવાય તે રીતે તેનું રૂપાંતર કરો.

(1) આ એટલે તો મારે પાછા નો'તું આવવું.

(2) મારાથી કશું અજાણ્યું નથી બાબુરાજ !

(3) જિંદગીમાં આવી સોનેરી તક ફરી મળતી નથી.

(4) એક મધ્યમવર્ગીય છોકરી ધારે તો શું ન કરી શકે ?

(5) એ મૂંગી છે પણ કંઈ બહેરી નથી.

તમે જુઓ કે મૂળ અર્થ જાળવી રાખવા તમે શું શું કર્યું ?

(1) આ એટલે તો મારે ત્યાં જ રહેવું હતું. (વિરુદ્ધાર્થ)

(2) હું આ બધું જાણું છું, બાબુરાજ ! (કર્મણિમાંથી કર્તરિ)

(3) જિંદગીમાં આવી સોનેરી તક એક જ વાર મળે છે.

(4) એક મધ્યમવર્ગીય છોકરી ધારે તો બધું જ કરી શકે. (પ્રશ્નાર્થમાંથી નિર્દેશાર્થ)

(5) એ મૂંગી છે પણ સાંભળી તો શકે છે ને !

તમને આ વાક્ય રૂપાંતર કરતાં આવડે જ છે. જરૂરી એ છે કે તમારી રજૂઆતને વધુ સચોટ બનાવવા માટે તમે યોગ્ય રૂપાંતરનો પ્રયોગ કરો. તમારા નિબંધ, અર્થવિસ્તાર આદિમાં આવા રૂપાંતરથી સર્જનાત્મકતા વધારો. જેમકે,

ઉદ્યમે જ થતાં કાર્યો, નહીં માત્ર મનોરથે;

સૂતેલા સિંહને મુખે પ્રવેશે મૃગ ના ભૂલે.

પંક્તિનો અર્થવિસ્તાર કરવાનો હોય, અને તમે એમ લખો કે

- સૂતેલા સિંહના મુખમાં મૃગ ભૂલથી પણ પ્રવેશ ન કરે.

અને તમે એમ લખો કે

- સૂતેલા સિંહના મુખમાં મૃગ ભૂલથી પણ પ્રવેશ કરે ખરું ?

આ બધો અભ્યાસ આખરે તમારી ભાષાની અસરકારકતા અને સચોટતા વધારવા માટે છે. તમે એ રીતે ભાષા પ્રયોજશો ને !

## પ્રયોજનલક્ષી વાક્ય

માનો કે તમારા સાહેબ તમારા વર્ગમાં આવીને પૂછે કે, 'તમારામાંથી કોને ગાવામાં રસ છે ?' તો તમને શો વિચાર આવે ? સાહેબ આવું કેમ પૂછે છે ? કોઈ કાર્યક્રમ થવાનો છો ? એમાં ગીતો ગાવાના હશે ?... બરાબર ? અને જો સાહેબ એમ કહે કે, 'હું તો એમ જ, કોઈ કારણ વગર પૂછતો હતો.' તો ? તમને થશે આવી રીતે કાંઈ એમનેમ પુછાતું હશે ! બરાબર ? તમને શા માટે આવા વિચાર આવ્યા ? કારણ કે આપણને ખબર છે કે કોઈ પણ માણસ કોઈ વાત કરે તો તેની પાછળ કોઈ કારણ રહેલું હોય. કોઈ હેતુ અથવા કોઈ પ્રયોજન રહેલું હોય.

આ પ્રયોજન એટલે શું ? માનો કે તમે તમારા મિત્ર સાથે કોઈ બસડીપો પર ગયા. ત્યાં તમારા મિત્રને ત્યાંના અધિકારી સાથે નીચે મુજબ વાતચીત થાય છે :

મિત્ર : ઉદેપુરની બસ કેટલા વાગ્યે જશે ?

અધિકારી : બપોરે 4:00 વાગ્યે.

મિત્ર : એ પછી બીજી કોઈ બસ જશે ?

અધિકારી : હા, સાંજે 6:30 વાગ્યે.

મિત્ર : અહીંથી ઉદેપુર જતાં કેટલો સમય થશે ?

અધિકારી : લગભગ 4:00 થી 4:30 કલાક

આ સંવાદ વાંચ્યો ? તમારા મિત્રએ જે ભાષા વાપરી તેનું પ્રયોજન શું હતું ? માહિતી મેળવવાનું. તો અધિકારીએ જે ભાષા વાપરી, તેનું પ્રયોજન શું હતું ? માહિતી આપવાનું.

એ પ્રયોજન માટે આપણે કેવાં વાક્ય પ્રયોજીએ છીએ તેનો ખ્યાલ આવ્યો ? જેમકે, અહીં તમને ખ્યાલ આવ્યો હશે કે માહિતી મેળવવાનું પ્રયોજન હોય તો પ્રશ્નાર્થ વાક્ય વપરાય અને માહિતી આપવા માટે જે વાક્યનો પ્રયોગ થયો તેમાં 'માહિતીનો નિર્દેશ' છે, એટલે તેને **'નિર્દેશાર્થ'** વાક્ય કહેવાય. એટલે કે વાક્યના ચોક્કસ પ્રયોજનને આધારે વાક્યનો ચોક્કસ પ્રકાર કરી શકાય છે.

સામાન્ય રીતે આપણે ભાષાવ્યવહારમાં કેટલીક બાબતોનો નિર્દેશ કરતાં હોઈએ છીએ. જેમકે નીચેનો ફકરો વાંચો :

'અનેક પડકારો સામે ઝઝૂમતી અરુણિમા હિલેરી સ્ટેપ પહોંચી. ત્યાંથી એવરેસ્ટ પહોંચાય છે. ત્યાં જ શેરપાએ તેને આઘાતજનક વાત કહી કે અરુણિમાનો બૉટલનો ઑક્સિજન પૂરો થઈ રહ્યો છે અને તેણે પાછા ફરવું જોઈએ.'

આ ફકરાના દરેક વાક્યમાં કોઈક વિગતનો નિર્દેશ છે. તેથી આ નિર્દેશાર્થ વાક્ય છે. નિર્દેશાર્થ વાક્ય એ સૌથી વધારે પ્રયોજાતો મૂળ વાક્યપ્રકાર છે. તમે નીચેનો સંવાદ વાંચો :

બાબુ : .... અચાનક મારું ધ્યાન ગિયું ને ચમકીને બે ડગ ખસી ગ્યો. બચારી એક કીડી પલળીને મરી જાત. હવે આ તો એક પૂન થતાં થઈ ગિયું ને કીડી બચી ગઈ.

કૃપાશંકર : ઈનોય બચારીનો જીવ છે ને !

બાબુ : આ પછી હું ઘરમાં આવ્યો. ખાટલામાં બેહવા જઉં છું ત્યાં ઢબી પડ્યો. દેવલાએ મને કીધું કે બાબુ, તારા હાથે આ જે પૂનનું કામ થતાં થઈ ગયું એને કારણે જ તું સ્વર્ગમાં એક દાડાનો લા'વો લઈ શક્યો અને આપણે મળી શક્યા. (માટે પૂન કરજે.) પણ જોજે કરવા ખાતર નો કરીશ, એનો વિચાર નંઈ કરવાનો. (ઈમ જ થાવું જોઈએ, કુદરતી.)

હરિલાલ : મારું બેટું આ તો ભારે અઘરું કે'વાય.

ચંદુ : પૂન આપણે કરવાનું નંઈ.

ઉપર સંવાદમાં લગભગ બધાં વાક્યો કોઈ વિગતનો નિર્દેશ કરે છે. તેથી નિર્દેશાર્થ વાક્યો છે. તમે ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે કે તેમાં સાદી, સંયુક્ત અને સંકુલ વાક્યરચના છે, તેમાં ક્રિયા પણ છે અને પ્રક્રિયા પણ છે. તેમાં ભૂતકાળ અને ભવિષ્યકાળ પણ છે. ક્રિયાતિપત્ત્યર્થ (કીડી મરી જાત-) પણ છે. અર્થાત્ નિર્દેશાર્થ વાક્યમાં ત્રણે કાળ, અવસ્થા આદિનું નિરૂપણ થઈ શકે છે.

હવે, નીચેનાં વાક્યો વાંચો :

(1) દવાખાનામાં ઘડીએ ઘડીએ કોણ ઓઢાડશે ?

(2) એ લોકો કેવાં ગાયન ગાય ?

(3) સ્વર્ગ કેવું હોય છે બાબુ ?

(4) પણ તું ગિયો કેવી રીતે ?

(5) અરે, તું પટકાણો ક્યાંથી ?

ઉપરનાં વાક્યો વાંચો એટલે તમને ખ્યાલ આવે કે બોલનારને કોઈ વિગત, કોઈ માહિતી જોઈએ છે. અમરતકાકીને ખબર નથી કે દવાખાનામાં મંગુને કોણ ઓઢાડશે. તેમને આ માહિતી જોઈએ છે. તેથી એ પૂછે છે કે, દવાખાનામાં ઘડીએ ઘડીએ કોણ ઓઢાડશે ? કે હરિકાકાને જાણવું છે કે સ્વર્ગ કેવું હોય ? ચંદુને સ્વર્ગના ગાન વિશે જાણવું છે...

કોઈક માહિતી મેળવવી હોય ત્યારે જે વાક્ય પ્રયોજાય ત્યારે તેને પ્રશ્નાર્થ વાક્યરચના કહેવાય છે. પ્રશ્નાર્થ બે રીતે થાય : 1. વિગતે માહિતી મેળવવા માટે 2. અનુમાનિત માહિતીની ખાતરી કરવા માટે 'હા-ના' વાક્ય પ્રશ્નાર્થ.

જ્યારે આપણે વિગતે માહિતી મેળવવી હોય ત્યારે પ્રશ્નવાચક સર્વનામનો પ્રયોગ કરીએ છીએ. જેમકે, કર્તાવાચક : કોણ, કર્મવાચક : શું, કોને, (કંઈ), સ્થળવાચક : ક્યાં, સમયવાચક : ક્યારે, કારણવાચક : કેમ, શા માટે, માપવાચક : કેટલું (વિકારી) વિગેરે.

તમારા સ્વાધ્યાયના પ્રશ્નો વાંચો છો એટલે વિગતે માહિતી મેળવવી એટલે શું તે તો સમજાઈ જ ગયું હશે, બરાબર ને ?

જ્યારે આપણે અનુમાનિત માહિતીની ખાતરી જ કરવી હોય ત્યારે તે પ્રશ્નાર્થની રચના સામાન્ય, માહિતી આપતા વાક્ય જેવી જ હોય છે. પણ બોલવામાં લયભેદ અને લખવામાં પ્રશ્નાર્થચિહ્ન તેને અલગ કરી આપે છે. જેમકે, 'દેવલો, પેલા નરસીંનો છોકરો ? તો જો જવાબ 'હા'માં હોય તો માત્ર લય જ બદલાશે, 'હા, નરસીંનો છોકરો.'

અર્થાત્, 'માહિતી આપવા'નું પ્રયોજન હોય ત્યારે 'નિર્દેશાર્થ' વાક્યરચના થાય છે. અને 'માહિતી મેળવવાનું' પ્રયોજન હોય ત્યારે **'પ્રશ્નાર્થ'** વાક્યરચના થાય છે.

તમે ઘરમાં સાંભળતા હશો કે હવે રમવાનું બંધ કર, ટીવી જોવાનું બંધ કર, ભણવા બેસ. - સાંભળો છો ? આમ કહીને તમારાં મમ્મી-પપ્પા, વડીલ કે મોટા ભાઈ કે બહેન તમને શું કરવું અથવા શું ન કરવું - તે માટે પ્રેરે છે. જ્યારે આવી સીધી પ્રેરણા અપાય ત્યારે તેને 'આજ્ઞા' કહેવાય છે. 'આજ્ઞા' થાય પછી તેના વિશે વિચારવાનો અર્થ જ નહીં, કરવું જ પડે, બરાબર ? પણ તમારે પપ્પાને કાંઈ કહેવું હોય તો તમે આજ્ઞા કરી શકો ? ત્યાં તમે સૂચન કરી શકો, વિનંતી કરી શકો, આગ્રહ કરી શકો, પણ આજ્ઞા ? એટલે કે કોઈ કામ માટે સીધી પ્રેરણા - આજ્ઞા - અપાય તે વાક્ય **'આજ્ઞાર્થ'** પણ કોઈ કામ માટે સૂચન, વિનંતી, આગ્રહ આદિ જેવી આડકતરી પ્રેરણા અપાય તો તે વાક્ય - **'વિધ્યર્થ'.**

નીચેનાં વાક્યોમાંથી આજ્ઞાર્થ અને વિધ્યર્થ વાક્યો છૂટાં પાડી શકો ?

(1) ચંદુ, જરા પંખો લાવ તો.

(2) બા, મોડું થાય છે. હવે નીકળવું જોઈએ.

(3) એલા, આ બધો ડામચિયો બાર કાઢો.

(4) અરે, કઉં છું જરા ગરમ મસાલો નાખીને બાબુ માટે ચા બનાવી લાવો ને.

(5) હવે શાંતિ રાખો.

તમે જુઓ કે વાક્ય-1.માં 'ચંદુ'ને સીધી આજ્ઞા છે 'લાવ તો.' પણ વાક્ય-2.માં 'બા'ને કહે છે, તેથી સૂચન, વિનંતી - 'નીકળવું જોઈએ.' તો વાક્ય-1,3 અને 5માં આજ્ઞાર્થ છે અને વાક્ય-2 અને 4 વિધ્યર્થ વાક્યરચના છે.

આજ્ઞાર્થ એટલે કે સીધી પ્રેરણા આપતી આ વાક્યરચના પ્રથમ પુરુષ અને બીજો પુરુષ - બે જ આવી શકે. પ્રથમ પુરુષ એટલે કે વક્તા - આજ્ઞા આપનાર, બીજો પુરુષ - આજ્ઞા મેળવનાર. અહીં ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે પ્રથમ પુરુષ - વય, સામાજિક કે આર્થિક દૃષ્ટિએ મોટો હોય અને બીજો પુરુષ નાનો. એટલે કે, મમ્મી-પપ્પા મોટાં છે તેથી તેઓ આજ્ઞા કરી શકે. શેઠ ઉંમરમાં નાના હોય અને નોકર ઉંમરમાં મોટો હોય તો પણ સામાજિક રીતે શેઠ મોટા કહેવાય તેથી તેઓ નોકરને આજ્ઞા કરી શકે.

વિધ્યર્થ વાક્યમાં પણ પ્રથમ અને બીજો પુરુષ - બે જ હોય. પ્રથમ પુરુષ (વક્તા) - વિનંતી, આગ્રહ કે સૂચન આદિ કરનાર અને બીજો પુરુષ (શ્રોતા) - જેને વિનંતી આદિ કરવામાં આવે તે. અહીં આજ્ઞાર્થ કરતાં વક્તા - શ્રોતાનો સંબંધ ઊલટો હોય છે. જ્યારે પ્રથમ પુરુષ વય, સામાજિક કે આર્થિક દૃષ્ટિએ નાનો હોય અને શ્રોતા મોટા હોય ત્યારે વિધ્યર્થ વાક્યરચના થાય છે. જેમકે, કર્મચારી શેઠને પગાર વધારવા માટે વિનંતી કરી શકે. નીચેનાં ઉદાહરણ જોતાં વિધ્યર્થ વાક્ય વધુ સ્પષ્ટ થશે.

(1) તું ભણે તો સારું ! (સૂચન)

(2) સારું પરિણામ મેળવવા તો તારે ટી.વી. જોવાનું બંધ કરવું જોઈએ. (સલાહ)

(3) આ રજા મંજૂર કરી આપો તો મહેરબાની ! (વિનંતી)

(4) આટલું તો તમારે લેવું જ પડશે ! (આગ્રહ)

(5) ઘોંઘાટ કરવો નહીં. (વિધાનનું સામાન્યીકરણ)

(6) સાચું જ બોલવું. (ઉપદેશાત્મક વાક્ય)

તમારે ક્યારેય એવું બન્યું છે કે તમે ફરવા ગયા હોવ ને નજર સામે ખળખળ વહેતું ઝરણું હોય કે ઘૂઘવતો દરિયો હોય કે વરસાદ પડ્યો હોય અને આકાશમાં મેઘધનુષ રચાયું હોય... - આવું કંઈક તમે જુઓ... અને જોતા જ રહી જાવ અને તમારાથી બોલાઈ જાય, 'કેવું મસ્ત લાગે છે !' કશુંક તમને ડરાવી દે, થથરાવી દે, - કોઈ અકસ્માત, કોઈ અંધારી ગુફા - કાંઈ પણ - ત્યારે પણ તમારાથી કાંઈક બોલાઈ જાય. - કોઈને કોઈ માહિતી આપવા માટે નહીં, કોઈ પ્રેરણા આપવા માટે નહીં, બસ, એમ જ. કંઈક ગમ્યું ને બોલાઈ ગયું, ક્યાંક ડરી ગયા અને બોલાઈ ગયું. આવાં વાક્યોને 'ઉદ્‌ગારવાચક' વાક્ય કહે છે જે તમારી કોઈ લાગણીને, ભાવને વ્યક્ત કરે છે.

સામાન્ય રીતે એવું કહેવાય છે કે 'હેં !, અરે, વાહ ! અહો ! અરેરેરે !' વગેરે જેવાં ઉદ્દ્ગારવાચકો પ્રયોજાય તેને **ઉદ્દ્ગારવાક્ય** કહે છે. નીચેનાં વાક્યો જુઓ :

(1) આહાહા... હરિકાકા ! આપણું તો મગજ કામ નોં કરે.

(2) અરે, મારો બેટો દેવલો ! કેવું પડે !

(3) વાહ ! વાહ ! શું મીઠાશ અને હલક !

પણ આપણી રોજિંદી ભાષામાં આવા ઉદ્દ્ગારવાચકો વગર, આપણે લયથી પણ ઉદ્દ્ગાર વ્યક્ત કરતા હોઈએ છીએ.

(1) હરિ બોલ્યા : 'અરે, બ્હાવરી...'

(2) મને તો કંઈ એવો હરખ થાય !

(3) ભાતભાતનાં ઝાડ, વેલા, ફૂલ !

(4) મારો દીકરો... મારો સાત ખોટનો બાબુડો...


(5) હૈયું કકળી ઊઠ્યું - અબુધ દીકરીનું દુનિયામાં કોઈ નહિ ! સગી મા પણ એની ના થઈ !

ક્યારેક આપણે પ્રશ્નાર્થ રચના દ્વારા પણ ઉદ્દ્ગાર રજૂ કરતાં હોઈએ છીએ.

- એલા બાબુડા ! તું શી વાત કરેશ ?

અહીં બાબુ પાસે કોઈ વિગત માગવામાં નથી આવી. પણ બાબુએ જે વાત કરી છે તેના માટે આશ્ચર્ય વ્યક્ત થયું છે. તેથી અહીં દેખીતી રીતે પ્રશ્નાર્થ વાક્ય છે પણ ખરેખર તેના દ્વારા ઉદ્દ્ગાર વ્યક્ત થયો છે.

આપણે આ પ્રકારોને કોઠામાં એક નજરે જોઈ લઈએ ?




મિત્રો, આ પ્રકારોથી તમે વાક્યરૂપાંતર કરી શકો છો અને તમારી અભિવ્યક્તિને વધુ સચોટ અને આકર્ષક બનાવી શકો છો. જેમ કે,

- હોળીના તહેવાર સંબંધી અનેક લોકવાયકાઓ છે. (નિર્દેશાર્થ)

  હોળીનો તહેવાર કેમ ઉજવાય છે, તેની કથા શું આપણે સૌ નથી જાણતા ? (પ્રશ્નાર્થ)

- હોળીના દિવસે બધી જગ્યાએ હોળી પ્રગટાવવામાં આવે છે. (નિર્દેશાર્થ)

  સાંજે તમે બહાર નીકળો તો આ ચોક ને પેલો ચોક, આ ચાર રસ્તા ને પેલું મેદાન...

  બધે જ હોલિકાદર્શન ! (ઉદ્દ્ગાર)

- ઊંચનીચના ભેદભાવ ભૂલીને સૌ એકબીજાને રંગ છાંટે છે.

- અરે, કોણ ઊંચ ને કોણ નીચ ! હોળી એટલે તો રંગોનો તહેવાર ! રંગમાં ઊંચ-નીચ હોય કાંઈ ! શેઠ હોય કે કર્મચારી ને મા હોય કે દીકરી, એ દિવસે તો સૌ રંગોના દિવાના ! બસ હૈયે હોઠે એક જ વાત 'હોલી હૈ ભાઈ, હોલી હૈ' અને રંગોની ઝાકમઝોળ !

તમે જોઈ શકો છો કે નિર્દેશાર્થ વાક્યને બદલે જો તમે ઉદ્ગારવાચક વાક્ય પ્રયોજો તો તમારી રજૂઆત બદલાઈ શકે. અર્થાત્, એક વાક્યપ્રકારને બદલે તમે અન્ય વાક્યપ્રકાર પ્રયોજો તો તમારી રજૂઆત વધુ આકર્ષક થઈ શકે, તમારી અભિવ્યક્તિ બદલાઈ શકે. તમે વિચારી શકો કે જો તમારે ચિંતનાત્મક કે માહિતીપ્રધાન નિબંધ લખવાનો હોય તો નિર્દેશાર્થ વાક્યો વધુ અસરકારક લાગી શકે અથવા જો આત્મકથનાત્મક પ્રકારના નિબંધ લખવાના હોય તો અન્ય વાક્યપ્રકારનો ઉપયોગ કરીને તમે એમાં જીવંતતા ઉમેરી શકો. અર્થવિસ્તાર કે અન્ય કોઈ લખાણ લખતી વખતે પણ આ બાબત ધ્યાનમાં રાખી શકો.

વાક્યના પ્રકાર સાથે એના ઉપયોગને સમજશો તો તમારી ભાષા વધુ અસરકારક અને સચોટ થશે.

●

# 21 તેજમલ

શત્રુઓની ફોજ પોતાના રાજ્ય પર ચડી આવે છે, પણ પુત્રહીન વૃદ્ધ ઠાકોર – સાત-સાત દીકરીએ પણ આજ પોતાને વાંઝિયો સમજી, નિરુપાય બની રડે છે. ગામની રક્ષા કરનાર કોઈ નથી. ત્યાં તો બાપુની મૂંઝવણ જોઈને તેજમલ નામની દીકરી પુરુષવેશે શસ્ત્રો સજી, રણે ચડે છે. જે ફોજમાં પોતે લડવા જાય છે તેમાં પોતાની ચતુરાઈથી સ્ત્રીત્વનાં તમામ લક્ષણો છુપાવે છે અને વિજય મેળવી એ વીરાંગના બની પાછી આવે છે. દાદા અને તેજમલ તથા સેનાની પુરુષ અને તેજમલના સંવાદોમાં સ્ત્રી-પુરુષનાં સ્વભાવ લક્ષણોનું રમ્યચિત્ર મળે છે. સ્ત્રીનાં વીરત્વ અને મહત્તાનું પણ આ ઉત્તમ લોકગીત છે.

---

ઉગમણી ધરતીના દાદા કોરા કાગળ આવ્યા રે
ઈ રે કાગળ દાદે ડેલીએ વંચાવ્યા રે

કાકો વાંચે ને દાદો રહ રહ રુવે રે
ઉપરવાડેથી તેજમલ ડોકાણાં રે

શીદને રુવો છો દાદા શું છે અમને કહો ને રે
દળકટક આવ્યું છે દીકરી વહારે કોણ ચડશે રે

સાત-સાત દીકરીએ દાદો વાંઝિયો કહેવાણો રે
હૈયે હિમ્મત રાખો દાદા અમે વહારે ચડશું રે

માથાનો અંબોડો તેજમલ અછતો કેમ રહેશે રે
માથાનો અંબોડો દાદા મોળીડામાં રહેશે રે

કાનનાં અકોટા તેજમલ અછતાં કેમ રહેશે રે
કાનનાં અકોટા દાદા બોકાનામાં રહેશે રે

હાથનાં ત્રાજવાં તેજમલ કેમ અછતાં રહેશે રે
હાથનાં ત્રાજવા દાદા બાંયલડીમાં રહેશે રે

પગનાં ત્રાજવાં તેજમલ કેમ અછતાં રહેશે રે
પગનાં ત્રાજવા દાદા મોજડિયુંમાં રહેશે રે

દાંત રંગાવેલ તેજમલ અછતા કેમ રહેશે રે
નાના હતાં ત્યારે મોસાળ ગ્યાં'તાં રે

ખાંતીલી મામીએ દાંત રંગાવ્યા રે
નાક વીંધાવેલ તેજમલ અછતાં કેમ રહેશે રે

અમારી માતાને અમે ખોટનાં હતાં રે
નાનાં હતાં તે દિ' નાક વીંધાવ્યાં રે

ચલો મારા સાથી આપણે સોનીહાટ જઈએ રે
સોનીહાટે જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એનાં બેરખડે મન મો'શે રે
અસતરી હશે તો એનાં ઝૂમણલે મો'શે રે

સંધા સાથીડાએ ઝૂમણાં મૂલવિયાં રે
તેજમલ ઠાકોરિયાએ બેરખાં મૂલવિયાં રે

ચાલો મારા સાથી આપણ વાણીહાટે જઈએ રે
વાણીહાટે જઈને અસતરી પારખીએ રે

પુરુષ હશે તો એનાં પાઘડીએ મન મો'શે રે
અસતરી હશે તો એનાં ચૂંદડીએ મન મો'શે રે

સંધા સાથીડાએ ચૂંદડિયું મૂલવિયું રે
તેજમલ ઠાકોરિયાએ મોળીડાં મૂલવિયાં રે

તેજમલ ઠાકોરે જુદ્ધમાં પહેલો ઘા દીધો ને
સૌ સાથીડા એની પાછળ ધાયા રે

દળકટક વાળી તેજમલ ઘરે પધાર્યા રે
દાદે ને કાકે એને મોતીડે વધાવ્યાં રે

**('ગુજરાતી લોકગીતો'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**દળકટક** સૈન્ય; **વહારે** મદદે; **અછતો** છાનું, ગુપ્ત; **મોળીડો** ફેંટો; **સંધા** બધા; **ત્રાજવાં** છુંદણાં; **બેરખાં** રુદ્રાક્ષની માળા; **અકોટાં** સોપારી ઘાટનું ઘૂઘરીના ઝૂમખાવાળું કાનનું ઘરેણું; **સંઘેડાં** હાથીદાંત, લાકડાં વગેરેનો ઘાટ ઉતારવાનું યંત્ર; **વાણીહાટ** વાણિયાની દુકાન

### તળપદા શબ્દો

**શીદને** શા માટે; **અસતરી** સ્ત્રી; **જુદ્ધ** યુદ્ધ; **બોકાની** બુકાની; **રહ રહ** ડૂસકે ડૂસકે (રડવું)

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) કોરા કાગળનો અર્થ

(A) વાંચી ન શકાય તેવો પત્ર (B) યુદ્ધની ધમકીભર્યો પત્ર

(C) કશું જ લખ્યું ન હોય તેવો પત્ર (D) સફેદ રંગનો કાગળ

(2) દાદા શા માટે રડતા હતા ?

(A) દુશ્મનોના લશ્કરનો સામનો કરનાર પુત્રો નથી.

(B) દાદાના દીકરાઓ યુદ્ધમાં શહીદ થયા હતા.

(C) દાદાને પત્ર વાંચતાં આવડતું નથી.

(D) દાદાને તલવારના ઘા વાગ્યા હતા.

(3) દળકટક વળાવી ઘરે પધારેલા તેજમલને...

(A) દાદાએ ખૂબ જ ઠપકો આપ્યો.

(B) દુશ્મનો માટે સહાનુભૂતિનો ભાવ થયો.

(C) હવે ક્યારેય યુદ્ધમાં ન જવાની પ્રતિજ્ઞા લેવડાવી.

(D) દાદા અને કાકાએ મોતીડાંથી વધાવ્યાં.

(4) નીચેનામાંથી કયું વિધાન તેજમલને લાગુ પડતું નથી ?

(A) હૈયે હિમ્મત રાખો દાદા અમે વહારે ચડશું રે

(B) હાથનાં ત્રાજવા દાદા બાંયલડીમાં રહેશે રે

(C) તેજમલ સૌ સાથીડાની પાછળ રહ્યાં

(D) પગનાં ત્રાજવાં દાદા મોજડિયુંમાં રહેશે રે

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) દાંત રંગાવ્યા બાબતે તેજમલ કયો ખુલાસો આપે છે ?

(2) સોનાની દુકાને તેજમલ કઈ કસોટીમાંથી પાર ઊતર્યા તે જણાવો.

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) તેજમલને ઓળખવા સાથીઓએ કઈ કઈ પરીક્ષા કરી ? અને આ પરીક્ષામાં તેજમલ કઈ રીતે પાર ઊતર્યાં ? તમારા શબ્દોમાં લખો.

(2) સ્ત્રીસહજ કઈ કઈ લાક્ષણિકતાઓ કાવ્યમાં વર્ણવાઈ છે ? એ લાક્ષણિકતાને છુપાવવા તેજમલની શી યુક્તિઓ છે ? વિગતે જણાવો.

**4. કાવ્યપંક્તિ સમજાવો :**

શીદને રુવો છો દાદા શું છે અમને કહોને રે
દળકટક આવ્યું છે દીકરી વહારે કોણ ચડશે રે

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ લોકગીતમાં વર્ણવાયેલી કથા નાટ્યસ્વરૂપે શાળામાં ભજવો.
- ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, રઝિયા સુલતાન તથા અહલ્યાબાઈ જેવી વીરાંગનાઓનાં જીવન વિશે જાણી એમના વિશેનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- તમારા શિક્ષકની મદદથી પુત્રીનું મહત્ત્વ વર્ણવતાં લોકગીતો મેળવી એનું ભાવવાહી ગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

- આ લોકગીતનો લોકઢાળ અને લય અભિવ્યક્તિને વધુ અસરકારક બનાવે છે.
- ઉગમણી, દળકટક, અસતરી, બેરખા જેવી તળપદી છાંટ લોકગીતને સાહજિક અને લોકભોગ્ય બનાવે છે.
- સમગ્ર લોકગીતમાં જુદાં જુદાં લક્ષણો અછતાં કેમ રહેશે એ જાણવાની જિજ્ઞાસા અને એના સૂચિત ઉપાયોથી લોકગીત રસપ્રદ બન્યું છે.
- સમસ્યા અને ઉકેલની – લોકસાહિત્યની આ રીત ખૂબ પ્રચલિત છે જે અહીં પણ સુંદર રીતે આલેખાઈ છે.

## શિક્ષકની ભૂમિકા

આપણા પુરુષપ્રધાન સમાજમાં દીકરી કરતાં દીકરાનું મહત્ત્વ વિશેષ છે. કેટલાંક કામ દીકરો જ કરી શકે એવી માન્યતા છે. સ્ત્રી તો બિચારી અને બાપડી, સ્ત્રી એટલે અબળા... આવી ભ્રામક માન્યતાને સદંતર રદિયો આપતું આ લોકગીત દીકરા કરતાં દીકરી સહેજ પણ ઊતરતી નથી તેવા ભાવને વિદ્યાર્થીઓ સમક્ષ પ્રગટ કરવો.

સમાજમાં સ્ત્રીઓનું ગૌરવ થાય, તેમને સમાન તક, દરજ્જો અને સન્માન મળે તે સ્ત્રીઓના જન્મસિદ્ધ અધિકારથી વિદ્યાર્થીઓને વાકેફ કરી તેમનામાં સ્ત્રીદાક્ષિણ્ય કેળવાય તે અંગે ચર્ચા કરવી.

●

| 22 | # બોળો |
|---|---|

**ઝવેરચંદ મેઘાણી**

**(જન્મ : 28-8-1897, અવસાન : 9-3-1947)**

ઝવેરચંદ કાળીદાસ મેઘાણી 'રાષ્ટ્રીય શાયર' તેમનો જન્મ ચોટીલામાં થયો હતો. તેમનું વતન બગસરા હતું. તેઓ શામળદાસ કૉલેજ ભાવનગરમાં ભણ્યા હતા. તેમણે 'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટિયા' 'સોરઠી સંતવાણી', 'દાદાજીની વાતો', વગેરે લોકવાર્તાના સંપાદનો આપ્યાં છે. 'કંકાવટી', 'રઢિયાળી રાત', 'ચૂંદડી', 'હાલરડાં', 'ઋતુગીતો', જેવાં લોકગીતોનાં સંપાદનો તેમણે કરેલાં છે. 'સૌરાષ્ટ્રના ખંડેરોમાં' 'લોકસાહિત્યનું સમાલોચન', 'ધરતીનું ધાવણ', જેવા ગ્રંથોમાં લોકસાહિત્યની મીમાંસા કરેલી છે. 'યુગવંદના', 'સિંધુડો' તેમના કાવ્યસંગ્રહો છે. 'સોરઠ તારાં વહેતાં પાણી', 'સમરાંગણ', 'તુલસીક્યારો', 'વેવિશાળ', 'નિરંજન' વગેરે સામાજિક નવલકથાઓ છે. 'રાણોપ્રતાપ', 'શાહજહાં', નાટ્ય અનુવાદો છે. 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ' બાળકાવ્યોના સંગ્રહો છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

'બોળો' લોકવાર્તામાં ભાવનગરના ઠાકોર વજેસંગજી અને ખેડૂત સોંડાની જુદી-જુદી ઘટનાઓ દ્વારા ઠાકોર વજેસંગજીની દિલદારી અને કર્તવ્યનિષ્ઠા વ્યક્ત થઈ છે. વૈશાખના તાપમાં એક અજાણ્યા ઘોડેસવારને સોંડો પ્રેમથી બોળો જમાડે છે સાથે-સાથે પ્રજાને પડતી હાડમારી કહેતો જાય છે ને રાજા વિશે પણ કડવાં વેણ બોલે છે. બીજા દિવસે ભાવનગરમાંથી સોંડાને તેડું આવે છે. રાજમહેલમાં જઈ જુએ છે તો જે ઘોડેસવારને ગાળો આપેલી એ તો મહારાજ વજેસંગજી પોતે હતા. વજેસંગજી સોંડાને સજા કરવાને બદલે બિરદાવી જાગીર આપે છે. પોતાની પ્રજા કેટલી નીડર છે એ જાણી એમને આનંદ થાય છે. પ્રજા અને રાજકર્તાનો સંબંધ કેવો ખુલ્લો, કદર કરનારો અને વત્સલ હોવો જોઈએ એની આ નમૂનેદાર વાર્તા છે.

---

વૈશાખ મહિનાને બળબળતે બપોરે, ખોખરાના ડુંગરામાં બફાયેલો ઘોડેસવાર એક વાડીએ આવીને ઊતરી પડ્યો. પોતે ને ઘોડો બેય પરસેવે નાહી રહ્યા હતા. હાંફતા ઘોડાને વાડીના વડલાને થડે બાંધીને અસવારે હથિયાર ઉતાર્યાં. ધોરિયાને કાંઠે બેસીને પોતે હાથપગ ધોવા લાગ્યો. ગામનું નામ ભૂંભલી છે અને વાડીના ધણીનું નામ છે સોંડો માળી.

સોંડો માળી કોસ હાંકતો હતો. કંગાલ બે બળદ કોસ ખેંચતા હતા. કાગડાએ ઠોલી-ઠોલીને લોહીલુહાણ કરી નાખેલાં કાંધ : સોંડાએ ઉમેળી ઉમેળીને તોડી નાખેલ પૂંછડાં : બેસુમાર બગાંઓ : લોહીમાંસ વિનાનાં શરીરનાં હાડપિંજર : એવા બે બળદો છે. એકસો ને એક કાણાંવાળો એ કોસ છે. મંડાણ ઉપર પહોંચે ત્યારે અંદર માત્ર એક બોખ પાણી રહે ! અને ચીંથરેહાલ એ સોંડો ! અસવાર એ બધું નિહાળી રહ્યો. હાથ-મોં પર પાણી છાંટીને પોતે તડકો ગાળવા ધોરિયાની કૂણી લીલી ધ્રો ઉપર દેહ ઢાળીને બેઠો.

કોસ હાંકતા હાંકતા સોંડાએ વાત ઉચ્ચારી : ''ક્યાં રે'વાં ?''

''રે'વાં તો ભાવનગર.''

''ત્યારે તો રાજના નોકર હશો?''

''હા, છીએ તો રાજના નોકર.''

''સપાઈ લાગો છો, સપાઈ.''

''હા, સપાઈ છીએ.''

''એલા, તમે નમકહલાલ કે નમકહરામ ?''

''કેમ ભાઈ ? નિમકહરામ ને નિમકહલાલ વળી કોને કહેવાય ?''

''નમકહલાલ હો તો ઠાકોરને કહો નહિ ?''

''શું ?''

''કે આખો દી સાંસલા ને કળિયાર જ માર્યા કરશો કે વસ્તીના સામું કો'ક દી જોશે ? ખેડૂનાં ઘરમાં ખાવા ધાન નો રે'વા દીધું ! ઈ તે રાજા છે કે કસાઈ ? વસ્તી તો કેમ જાણે એના ગોલાપા કરવા જ અવતરી હોય !''

સોંડો તો કોસ હાંકતો જાય ને રાજાને ગાળો દેતો જાય. અસવારનું મોં મલકતું જોઈને સોંડાની જીભમાં સાતગણો વેગ આવવા લાગ્યો. એણે ન કહેવાનાં વેણ કહી નાખ્યાં.

અસવારને કકડીને ભૂખ લાગેલી, સોંડાની શબ્દ-પ્રસાદીથી તો એની ભૂખ ઊલટી વધી. એણે પૂછ્યું : ''ભાઈ, ભૂખ લાગી છે. કાંઈ ખાવાનું આપીશ ?''

''શું આપે, કાળજાં અમારાં ? તમે બધાએ ભેળા થઈને ખેડુના ઘરમાં ધાન કયાં રે'વા દીધું છે ?... બોળો ખાવો છે, બોળો ?''

''બોળો શું ?''

''બાપગોતર બોળોય દીઠો નથી ને ?'' એમ બોલી સોંડાએ વડલાની ડાળે એક નવી દોણી ટીંગાતી હતી તે ઉતારી. છાશની અંદર ઘઉંનું થૂલું નાખીને ખેડુ લોકો રાંધે, અને પછી એમાં મીઠું નાખીને ખાય; એનું નામ બોળો. સોંડો પોતાને માટે સવારે બોળો લઈ આવેલો, લાવીને એને ઊંચે વડલાની ડાળે ટિંગાડેલો. એક તો દોણી નવી હતી. ઉપરાંત એ વડલાની ઘટાને છાંયડે શીળી હવામાં ઘણી વાર સુધી રહી. એટલે બોળો શીતળ બની ગયેલ. પાંદડાંનો એક દડિયો બનાવીને સોંડાએ એમાં બોળો ભરી પરોણાને આપ્યો. ક્ષુધાતુર અને તાપમાં તપેલા એ શિકારી ક્ષત્રીને ખાટી અને શીતળ વસ્તુ એવી તો મીઠી લાગી કે પલવારમાં એક દડિયો ખલાસ કરીને એણે કહ્યું : ''વધારે છે ?''

સોંડે મીઠું મીઠું હસીને કહ્યું : ''કેમ, મારે ખાવાય નથી રે'વા દેવું ને ?'' એમ કહીને એણે બીજો દડિયો ભરી દીધો. મહેમાનને એવી તો લજ્જત આવી કે હર્ષભેર સોંડાએ આખી દોણી ખાલી કરી, બધો બોળો મહેમાનને ખવરાવી દીધો.

પરોણાનું પેટ ઠર્યું, તેમ દુખ્ખદાઝથી ભરેલા એક ખેડૂતની આટલી ઉદારતા જોઈને એનું અંતર પણ ઠર્યું.

તડકો નમ્યો, સાંજ પડી, શિકારી સવાર થયો. જાતાં જાતાં એણે પૂછ્યું : ''ભાઈ, તારું નામ શું ?''

''સોંડો.''

મુસાફરે નામ લખી લીધું. સોંડો બોલ્યો : ''કેમ, બોળો ચાખીને દાનત બગડી તો નથી ને ? નામ શીદ લખછ, બાપા ?''

હસતાં હસતાં અસવાર બોલ્યો : ''ભાઈ ! ભાઈ ! ભાવનગર કોઈ દિવસ આવશો ને ?''

''હં, ભાવનગર આવીએ એટલે તારા જેવા સિપાઈ ઠોંસે ચડાવીને વેઠે જ ઉપાડી જાય ! તેં તો વળી બોળો ખાધો ને નામેય લખ્યું, એટલે ઓળખીતાને બે ઠોંસા વધુ લગાવ્ય, ખરું ને ? ભગવાન અમને કોઈ દી ભાવનગર ન બતાવે !''

*

બીજા દિવસનું મોંસૂઝણું થયું ત્યારે છાશ-રોટલો શિરાવીને, માથે કોસ મેલી, વરત, વરતડી, પૈ અને ઢાંઢા સોતો સોંડો વાડીએ જાવા નીકળે છે. બરાબર એ જ ટાણે બે હથિયારબંધ ઘોડેસવાર આવીને ઊભા રહ્યા અને પૂછ્યું : ''સોંડો માળી કોનું નામ ?''

''મારું નામ સોંડો.'' કહીને ધડકતે હૈયે સોંડો થંભ્યો.

''તમને ભાવનગર તેડાવ્યા છે.''

''કોણે, બાપા ?''

''ઠાકોર વજેસંગજીએ પંડે.''

આ સાંભળી, સોંડાના અંતરમાં ફાળ પડી. એને ગઈકાલની વાત સાંભરી; લાગ્યું કે 'કાલ મેં ગાળ્યું દીધેલી ઈ ઓલ્યા અસવારે જઈને ઠાકોરને સંભળાવી હશે, અને હવે નક્કી મને કેદમાં નાખશે.'

બોલાશ સાંભળીને સોંડાની ઘરવાળી અને એનાં છોકરાં પણ બહાર નીકળી ઓસરીએ ઊભેલાં. એમને કાંઈ સમજ ન પડી.

સોંડાએ ઘરવાળીને કહ્યું : ''હવે આપડા તો રામરામ સમજવા !''

બળદ અને કોશ મેલી દઈ સોંડો અસવારની સાથે ભાવનગરને પંથે પડ્યો. માર્ગે જાતાં જાતાં મનથી નક્કી કર્યું કે ભલે હાથમાં કડિયું જડે, પણ ભેળાભેળ ઠાકોરને મોઢામોઢ જ મારે ઈનાં ઈ વેણ સંભળાવી લેવાં છે. હવે લૂંટાણા પછી ભો શેનો રાખવો ?

સોંડો પહોંચ્યો. રાજમહેલની મેડી ઉપર ચડવા લાગ્યો. ઉપર ચડીને ઓરડામાં જ્યાં નજર કરે ત્યાં સ્તબ્ધ બની ગયો ! એણે કાલના ઘોડેસવારને ખુદને જ ગાદી ઉપર બેઠેલ જોયો : આ તો ઠાકોર પોતે ! સોંડો ભયભીત બની ગયો.

ઠાકોર વજેસંગજીએ એને પોતાની પાસે બેસાડ્યો અને પંપાળીને પૂછ્યું : ''પણ સોંડા, તું બીવે છે શા માટે ?''

''બાપ, કાલ તમને બહુ ગાળો દેવાઈ ગઈ...''

''એમાં શું ખોટું થયું, ભાઈ ? તમે તો અમારા છોરું કહેવાઓ. તમારે દુખ્ખ હોય તો દુખ્ખ રોવાનો હક છે. બચ્ચાંની ગાળો તો માવતરને ઊલટી મીઠી લાગે.''

સોંડો શાંત પડ્યો. ઠાકોરે કચેરીમાં બેઠેલા અમીરોને અને અમલદારોને આગલા દિવસની વાત સંભળાવી : ''ઓહો જેસાભાઈ ! પરમાણંદદાસ ! શું કહું ? આ ભોળિયા ખેડૂનાં વગર ઓળખ્યે આદરમાન : એ મીઠો બોળો : અને એથીય મીઠી એની સાચુકલી ગાળો ! એવી મઝા મને આ મોલાત્યુંની મીઠાયુંમાં નથી પડી.'' બોલતાંબોલતાં ઠાકોરની છાતી ફૂલવા લાગી.

ઠાકોરે ફરી પૂછ્યું : ''સોંડા ! તારે કેટલી જમીન છે ?''

''બાપુ, સો વીઘાં જમીન ને એક કોસની વાડી છે.''

મહારાજાએ જેસાભાઈ વજીરને કહ્યું : ''એક ત્રાંબાનું પતરું મગાવો.''

ત્રાંબાનું પતરું આવ્યું. એના ઉપર ઠાકોરે લખાવ્યું કે : ''સોંડાને બાર સાંતીની જમીન અને છ વાડીના કોસ આપવામાં આવે છે.''

પતરા પર એ લખાયું. પાછા ઠાકોર બોલ્યા : ''અને પતરામાં લખો કે આ બધું ઠાકોર એનો બોળો જમ્યા તે માટે આપ્યું છે.''

એ પણ કોતરાઈ ગયું.

પછી દરબાર બોલ્યા : ''પણ એ બિચારો આટલી જમીન ખેડવાના બળદ લેવા ક્યાં જશે ? આપો બાર બળદ.''

બાર બળદ આપ્યા.

વળી દરબારે કહ્યું : ''બિચારો વાવણી કરવા દાણા લેવા ક્યાં જશે ? આપો વીસ કળશી બાજરો.''

બાજરો આપ્યો.

''બિચારાનાં છોકરાં છાશ લેવા ક્યાં જશે ? આપો ચાર ભેંસો.''

ચાર ભેંસો અપાઓી.

''રૂપિયા એક હજાર આપો.''

માથે મદરાસી શેલું બંધાવીને સોંડાને ભૂંભલી પહોંચાડી દીધો.

*

એક દિવસ વજેસંગજી શિકારે નીકળેલા. ઓળખાય નહિ તેવો શિકારી લેબાસ પહેરેલો. સમઢિયાળા ગામના એક ખેતરમાં મોલ ઊભા હતા અને એ ઊભા મોલમાં પોતે ટૂંકો રસ્તો લેવા માટે ઘોડો ચલાવ્યો. ખેતરમાં કણબીની ડોસી ઊભેલી. પોતાના મોલ ચગદાતા જોઈને ડોસીએ ઘોડેસવારને બેચાર ગાળો દીધી : ''મારા રોયા, ભાળતો નથી ? પીટ્યા, ઊભા ખેતરમાં ઘોડો હાંકછ તે લાજતો નથી ?''

મહારાજાએ ખોટો ગુસ્સો કરીને કહ્યું : ''ડોસી, ગાળો કેમ કાઢછ ? ઓળખછ ? અમે રાજના નોકર છીએ. જેલમાં ખોસી દેશું, જેલમાં !''

''હવે જા જા, રોયા ! તારા જેવા સપારડા તો કૈંક આવે ને જાય ! બાપુ વજેસંગના રાજમાં કોનું દેન છે કે કેદમાં પૂરે ?''

ઠાકોર ચાલ્યા ગયા. મનમાં વિચાર કર્યો કે 'વાહ ! મારી પ્રજા કેવી નીડર ! મારા પર એને કેવો વિશ્વાસ ! એને વધુ નીડર બનતાં શીખવું તો જ મારું જીવ્યું પ્રમાણ.''

એણે એ ડોશીના કુટુંબને કાયમની પટલાઈ આપી અને જમીન પણ ઇનામમાં દીધી.

**('સૌરાષ્ટ્રની રસધાર'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**કાંધ** બળદની ધૂંસરી મુકાય છે તે ખભાનો ભાગ (ખભો); **બોખ** કોસની આગળના ભાગમાં પાણી કાઢવા માટેનું ગોળાકાર ચામડું; **ઠોલવું** તોડી ખાવું; **ઉમેળવું** આમળવું, વાળવું; **ગોલાપા** દાસપણું; **ધાન** અન્ન; **ક્ષુધાતુર** ભૂખથી વ્યાકુળ; **મોંસૂઝણું** વહેલી સવાર; **બોલાશ** બોલવાની ઢબ; **શેલું** કિંમતી વસ્ત્ર

### વિરુદ્ધાર્થી

**નમકહરામ** નમકહલાલ; **કંગાલ** સમૃદ્ધ

### તળપદા શબ્દો

**સપાઈ** સિપાહી; **આપડાં** આપણાં; **ધ્રો** ધરો (એક વનસ્પતિ); **રેવાં** રહેવું; **હાંકછ** હાંકે છે; **ઢાંઢો** બળદ; **પૈ** પૈડું

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) સોંડાના અંતરમાં કેમ ફાળ પડી ?

(A) રાજા કેદમાં નાખશે તેવા ભયના કારણે

(B) બોળો ખવડાવવાની વાત જાહેર થઈ ગઈ

(C) સિપાઈઓ ફરી વખત બોળો ખાવા આવ્યાનું જાણીને

(D) અસવારો ઊભા પાકને નુકસાન કરશે તેવા ડરથી

(2) બોળો જમ્યાના બદલામાં રાજાએ સોંડાને શું આપ્યું ?

(A) આજીવન કેદની સજા

(B) બાર સાંતીની જમીન અને ચાર ભેંસો

(C) બાર બળદ અને વીસ કળશી બાજરો

(D) ઉપરના (B) અને (C) બંને

(3) બચ્ચાંની ગાળો તો માવતરને ઊલટી મીઠી લાગે... આ વાક્ય કોણ બોલે છે ?

(A) મહારાજા વજેસંગજી (B) જેસાભાઈ વજીર

(C) પરમાણંદદાસ ભાઈ (D) ભૂંભલીના ગ્રામજનો

(4) ભગવાન અમને કોઈ દી ભાવનગર ન બતાવે ! વાક્યમાં સોંડાનો ભાવ....

(A) ભાવનગર ખૂબ જ દૂર હતું

(B) રાજના સિપાઈ ઠોંસે ચડાવીને વેઠ કરાવે તેવો ભય

(C) ભાવનગરના રાજા ખૂબ જ ક્રૂર હતા.

(D) સોંડો સાવ અભણ હતો.

**2. કારણ આપો :**

(1) સોંડાએ ઘરવાળીને કહ્યું; હવે આપડા તો રામ... રામ... સમજવા... કારણ કે...

(2) સોંડાની વાત સાંભળી મહારાજા વજેસંગજીની છાતી ફૂલવા લાગી... કારણ કે...

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) મહારાજા વજેસંગજીની ઉદારતાને તમારા શબ્દોમાં વર્ણવો.

(2) સોંડાની મહેમાનગતિનું વર્ણન કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- જો તમે તમારા ગામ/શહેરના આગેવાન હો તો સામાન્ય માણસોની કેવી કેવી કાળજી કેવી કેવી રીતે લો તેની યાદી તૈયાર કરો.
- આ લોકકથાનું નાટ્યરૂપાંતર કરો અને ભજવો.
- શ્રી ઝવેરચંદ મેઘાણીની લોકકથાઓ મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

● ખેડૂતની દરિદ્રતા વર્ણવવા લેખકે ખેડૂત સોંડો અને કોશના વર્ણન માટે વાપરેલા શબ્દો જુઓ. કેવું આબેહૂબ વર્ણન કરે છે આ ઓછા શબ્દો...

- કંગાલ બે બળદ
- કાગડાએ ઠોલીઠોલીને લોહીલુહાણ કરી નાંખેલાં કાંધ
- સોંડાએ ઉમેળી ઉમેળીને તોડી નાખેલ પૂંછડાં
- એકસો ને એક કાણાંવાળો એ કોસ
- ચીંથરેહાલ સોંડો

● સોંડો તો કોસ હાંકતો જાય... વેગ આવવા લાગ્યો.

અહીં એક જ વાક્યમાં કોસ હાંકવાની, ગાળ દેવાની, મલકવાની અને વેગ આવવાની ક્રિયાઓ આલેખાઈ છે, જે અદ્‌ભુત શબ્દચિત્ર ખડું કરી જાય છે. વાક્ય વિન્યાસની આ રીત સમજો.

## શિક્ષકની ભૂમિકા

પ્રજાવત્સલ આગેવાનો કેવા હોય, તે શા માટે લોક હૈયે સ્થાન પામે છે તેનું ઉત્તમ ઉદાહરણ આ લોકકથા છે.

પ્રજા તરીકે તકલીફ અનુભવતો ખેડૂત સિપાઈ લાગતા અજાણ્યા માણસ સામે રાજા માટે કડવાં વેણ સંભળાવી દે છે અને પોતે ભૂખ્યો રહીને પણ અજાણ્યા – અતિથિને હોંશથી જમાડે છે. પોતાની પ્રજાની આ ઉદારતાને પરખનાર રાજકર્તા પણ ઉદાર હૈયે તેની કદર કરે છે તે વિશે વિદ્યાર્થીઓને સમજ આપવી. સાચા આગેવાનની લાક્ષણિકતા વિદ્યાર્થીઓ સમક્ષ પ્રગટ કરવી.

●

# 23 લઘુકાવ્યો

## દુહા

નીચેના દુહામાં અત્યંત લાઘવથી કળિયુગનાં લક્ષણો વર્ણવ્યાં છે. જે માણસનાં શરીર પ્રમાદથી ખોટાં થઈ ગયાં હોય, જેને ગમે તેટલું મળે તોપણ તૃપ્તિ ન હોય અને જેનાં હૈયાં ફૂટેલ હોય એ કળિયુગના, ખોટું કાર્ય કરનારા યુગના માણસો છે. સમજુ લોકો એ જાણતા હોય છે.

તન ખોટાં, હૈયાં ફૂટલ, ધરવ ન કશીયે વાત,
એ કળજગની જાત, શાણા સમજે સાનમાં

*

## મુક્તક

**મુકુન્દરાય પારાશર્ય**

**(જન્મ : 13-2-1914, અવસાન : 19-5-1985)**

તેમનો જન્મ મોરબી મુકામે થયો હતો. વતન ભાવનગર. ગાંધીયુગના કવિ પારાશર્યે કવિતા અને વ્યક્તિચિત્રોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. 'અર્ચન', 'સંસૃતિ', 'ફૂલ ફાગણનાં', 'દીપમાળા', 'કંઠચાતકનો', 'પ્રાણપપૈયો', 'ભદ્રા', 'અલકા' તેમના નોંધપાત્ર કાવ્યસંગ્રહો છે. 'સુદામાચરિત' અને 'ગજેન્દ્રમોક્ષ' આખ્યાનો છે. 'ઊર્મિલા' અને 'ગૌરી' તેમની નવલકથાઓ છે. 'સત્યકથા ભા-૧-૨-૩', 'મારી મા', 'સત્ત્વશીલ કથાઓ', 'મારાં મોટી બા અને બીજી સત્યકથાઓ' તેમનાં વ્યક્તિચિત્રોના ઉત્તમ સંગ્રહો છે. 'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન' વિશિષ્ટ જીવનચરિત્ર છે. તેમનાં વ્યક્તિચિત્રો ગુજરાતી ભાષાની સમૃદ્ધિ છે.

પ્રથમ લઘુકાવ્ય મુક્તક સ્વરૂપમાં છે. તેમાં માનવીના અડગ આત્મવિશ્વાસનો ભાવ રજૂ થયો છે. જે વ્યક્તિ ગમે તેવી મુશ્કેલીઓમાં પણ જિંદગીથી હારતી નથી એ મોત સામે પણ ઝઝૂમી શકે છે. આગ એટલે કે જીવનની ભીષણ પરિસ્થિતિ સામે જે ટક્કર ઝીલે છે એ ગમે તેવી વિકટ સ્થિતિને શાંત કરી શકે છે. ટાંકણાના ઘા સહન કરીને પણ આરસપહાણ તૂટતો નથી ઊલટાનું એમાંથી સરસ શિલ્પ બને છે. આમ જીવનમાં કોઈપણ પરિસ્થિતિ સામે અડગ રહેવાનો ભાવ આ મુક્તકમાં છે.

જિંદગીથી ના ડરે એ મોતને ડારી શકે,
આગને જે પી શકે તે આગને ઠારી શકે;
ટાંકણાના ઘા સહીને પણ કદી તૂટે નહિ,
એ જ આરસપ્હાણ નિજ પર શિલ્પને ધારી શકે.

**– મુકુન્દરાય પારાશર્ય**

*

## હાઈકુ

**સ્નેહરશ્મિ**

**(જન્મ : 16-4-1903, અવસાન : 6-1-1991)**

ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ' તેઓ વલસાડ જિલ્લાના ચીખલી ગામના વતની હતા. ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા હતા. જાપાનનાં 'હાઇકુ' કાવ્યપ્રકારને સૌપ્રથમ વાર ગુજરાતીમાં લાવવાનો યશ એમને જાય છે. 'અર્ઘ્ય', 'પનઘટ', 'અતીતની પાંખેથી', 'નિજલીલા' તેમના કાવ્યસંગ્રહો છે. 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ', 'કેવળબીજ' તેમના હાઇકુસંગ્રહો છે. 'તરાપો', 'ઉજાણી' તેમના બાળકાવ્ય સંગ્રહો છે. 'સકલ કવિતા' કવિની સમસ્ત કાવ્યરચનાનો ગ્રંથ છે. 'ગાતા આસોપાલવ', 'તૂટેલા તાર', 'સ્વર્ગ અને પૃથ્વી', 'મોટી બ્હેન', 'હીરાનાં લટકણિયાં', 'શ્રીફળ' તેમના વાર્તાસંગ્રહો છે. 'અંતરપટ' તેમની નવલકથા છે. 'સાહિત્યપલ્લવ' રૂપે તેમણે કરેલું પાઠ્યપુસ્તક સંપાદન નોંધપાત્ર છે.

હાઈકુ મૂળ જાપાનનો કાવ્યપ્રકાર છે. એ ત્રણ પંક્તિમાં પાંચ-સાત પાંચ અક્ષરોનું ચોક્કસ બંધારણ ધરાવે છે. સત્તર અક્ષરનું આ લઘુકાવ્ય સ્વરૂપ કોઈ વિચાર, સંવેદન કે પ્રકૃતિ દશ્યનું ચિત્ર દર્શાવતું હોય છે. અહીં ટેલિવિઝન આપણાં જીવનનું અભિન્ન અંગ બની ગયું છે ; છતાં દીકરો જ્યારે માતા-પિતાની ગોદમાં આવે છે ત્યારે ટેલિવિઝન પણ ગૌણ બની જાય છે, એ વાત રજૂ થઈ છે. એટલે કે ગમે તેવાં ભૌતિક સાધનોની વચ્ચે આકર્ષણ તો માનવીય સંવેદનનું જ હોય છે.

ટેલિવિઝન
બેકાર પડ્યું, છૈયો
ખૂંદતો ખોળો

**– સ્નેહરશ્મિ**

*

### શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**શાણું** સમજદાર; **ડારવું** ડરાવવું

### વિરુદ્ધાર્થી

**કળયુગ** સતયુગ; **શાણા** અણસમજુ

### તળપદા શબ્દો

**ફૂટલ** ફૂટેલા; **ધરવ** તૃપ્તિ; **કળજગ** કળયુગ; **છૈયો** છોકરો

### રૂઢિપ્રયોગ

**આગને ઠારી શકે** વિઘ્નોને શાંત કરવાં, પાર કરવાં

### સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) મોતને કોણ ડરાવી શકે ?

(A) આગને જે પી ના શકે તે (B) જિંદગીથી જે ન ડરે તે

(C) જિંદગીથી જે ડરી જાય તે (D) મૃત્યુની બીક લાગે તે

(2) કયો પથ્થર પોતાના પર શિલ્પને ધારણ કરી શકે ?

(A) ટાંકણાના ઘા સહીને પણ કદી તૂટે નહિ તે (B) ટાંકણાના ઘાથી તૂટી જાય તે

(C) ટાંકણાના ઘા સહન ના કરી શકે તે (D) જે સાવ કાચો પથ્થર હોય તે

(3) કળિયુગમાં માણસો કેવા હોય...

(A) હૈયાફૂટલ હોય તેવા (B) અસંતોષી

(C) શરીરથી સ્વસ્થ (D) ઉપર્યુક્ત (A) અને (B) બંને

(4) છૈયો ખૂંદતો ખોળો.... હાઈકુમાં

(A) ટેલિવિઝનનું મહત્ત્વ દર્શાવ્યું છે (B) માતૃત્વની ભાવનાના દર્શન થાય છે

(C) બેકારીનું મહત્ત્વ દર્શાવાયું છે (D) છોકરાનું મહત્ત્વ નથી

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) શાણા કઈ વાત સાનમાં સમજી જાય છે ?

(2) આગને કોણ ઠારી શકે ?

**3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) ટાંકણાના ઘા સહીને... પંક્તિમાંથી તમને શું શીખવા મળે છે ? સમજાવો.

**4. અર્થવિસ્તાર કરો :**

જિંદગીથી ના ડરે એ મોતને ડારી શકે
આગને જે પી શકે તે આગને ઠારી શકે.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમને ગમતાં મુક્તકોનો હસ્તલિખિત અંક બનાવો.
- તમને ગમતાં ચાર મુક્તકો કંઠસ્થ કરો.
- તમારા વડીલોને યાદ હોય એવા બે-ત્રણ દુહા તમારી નોટબુકમાં લખીને વર્ગ સમક્ષ રજૂ કરો.
- સ્વરચિત મુક્તક, હાઇકુનો હસ્તલિખિત અંક તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● અડગતાના ગુણગાન ગાતા આ લઘુકાવ્યમાં કવિ વિષમતા પચાવી જવાની વાત કેવી કાવ્યાત્મક રીતે રજૂ કરે છે તે જુઓ. કવિ તો કહે છે 'આગને જે પી શકે' આગ પીવાનો પદાર્થ નથી છતાં કલાત્મકતાથી કવિ મુશ્કેલીઓનો સામનો કરવાનું શીખવે છે.

● કવિએ હાઇકુ સ્વરૂપ જાળવવા 'છોકરો'ને બદલે 'છૈયો' શબ્દ વાપર્યો છે તે પણ ધ્યાનમાં લો.

## શિક્ષકની ભૂમિકા

પ્રસ્તુત લઘુકાવ્યો અને તેનાં સ્વરૂપ વિશે, પ્રકારો વિશે પ્રાથમિક માહિતી આપવી.

**(1) દુહા :** 'દુ' એટલે બે લીટીમાં/પંક્તિમાં એવી વાત રજૂ થઈ હોય, જે સાંભળીને 'હા' કહેવું પડે તે દુહા એવો લોકડાયરામાં અર્થ આપવામાં આવે છે.

કળિયુગમાં એવા માણસો વધુ હોય જેમનાં શરીર તકલાદી હોય, હૈયાં ફૂટેલાં હોય અને કોઈ વાતથી સંતોષ ન હોય. આ શાબ્દિક અર્થથી આગળ જઈ શિક્ષકે માનવતા, સંવેદનશીલતા શૂરવીરતા, ઉદારતા જેવા ગુણો મનુષ્ય જીવન માટે અત્યંત જરૂરી છે તે સમજાવવું.

**(2) મુક્તક :** મુક્તક એટલે મોતી. તેનાં ત્રણ લક્ષણો :

(1) લાઘવ (2) સચોટતા (3) જીવનમૂલ્ય

પ્રસ્તુત મુક્તકમાં કશુંક મેળવવા કશુંક ગુમાવવું પડે છે. જે ડરે તે મરે. સાહસ, શૌર્ય, ધૈર્ય, પરાક્રમ થકી સફળતા મળે તે વાત વિદ્યાર્થીઓને પ્રસંગો કે ઉદાહરણ દ્વારા સમજાવવી.

**(3) હાઇકુ :** જાપાનમાંથી આવેલો કાવ્યપ્રકાર, 5 + 7 + 5 = 17 અક્ષરનું બંધારણ, ઓછામાં ઘણું કહેવાની, ચિત્ર દ્વારા રજૂ કરવાની કળા સ્પષ્ટ કરવી.

સમૂહ માધ્યમો એ માત્ર મનોરંજનનાં માધ્યમો બન્યાં. પરદેશમાં હવે 'ઇડિયટ બૉક્સ' તરીકે ઓળખાતું ટી.વી. આપણા પરિવારનું અભિન્ન અંગ બની ગયું છે. પરિવાર, મિત્રો, શિક્ષણ, સંસ્કાર વગેરે ઉપર તેની વિપરીત અસરથી બાળકોને સાવધ કરવા. તેનો વિવેકપૂર્વક ઉપયોગ કેમ થાય તે સમજાવવું. માતૃત્વ ધારણ કરનાર સ્ત્રીના કેન્દ્રમાં માત્ર પોતાનું બાળક હોય છે. અન્ય સર્વ ગૌણ બની જાય છે તે ભાવ પ્રગટ કરવો.

●

# 24 પ્રેરક પ્રસંગો

**એક :** **સંકલિત**

પ્રથમ પ્રસંગમાં કોઈ પણ કાર્ય કરતી વખતે શ્રદ્ધા અતિમહત્ત્વની છે એ ભાવ રજૂ થયો છે. એક નાની બાળકી પણ જે શ્રદ્ધાથી પ્રાર્થના કરવામાં આવી છે એ આ પ્રસંગનું કેન્દ્રબિંદુ છે. મોટાઓને શ્રદ્ધા નથી, બાળકીને છે માટે એ છત્રી લાવી છે.

**બે :**

નાનકસાહેબના પ્રેરક પ્રસંગમાં જન્મથી નહીં પણ કર્મથી માણસ મહાન અને આદરપાત્ર બને છે એ ભાવના રજૂ થઈ છે.

**ત્રણ :**

ત્રીજા પ્રેરક પ્રસંગમાં રઘુનાથજી પુરુષોત્તમ પરાંજપેના પ્રસંગ દ્વારા દેશસેવા જ મુખ્ય ધર્મ છે. એ પ્રતિપાદિત કર્યું છે.

**ચાર :**

ચોથા પ્રેરક પ્રસંગમાં આંધળી વ્યક્તિના વ્યવહાર દ્વારા સ્ત્રીદાક્ષિણ્યની ઉજ્જ્વળ ભાવના વ્યક્ત થઈ છે.

---

(1)

એક ગામમાં લાગલગાટ ત્રણ વરસ વરસાદ ન પડ્યો. લોકો ત્રાસી ગયા. તેમણે ધર્મગુરુની સલાહ લીધી કે હવે શું કરવું ? ધર્મગુરુએ સલાહ આપી : ''ચાલો, આપણે સહુ પ્રાર્થના કરીએ.'' આખું ગામ પ્રાર્થના કરવા માટે એક મેદાનમાં ભેગું થયું. નાનાં-મોટાં, સ્ત્રી-પુરુષ સહુ આવ્યાં. એક નાની બાળકી પણ આવી. તે છત્રી લઈને આવી એટલે કોઈએ તેની મશ્કરી કરી, 'વરસાદનું ઠેકાણું નથી, અને જુઓ આ છોકરી તો છત્રી લાવી છે !'' ધર્મગુરુએ પણ પૂછ્યું : ''બેટા, છત્રી કેમ લાવી છે ?'' એટલે સાવ સરળતાથી પેલી બાળા બોલી : ''તમે જ શીખવો છો કે શ્રદ્ધા રાખશો, પ્રાર્થના કરશો તો વરસાદ આવશે અને આપણે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરવા જ આવ્યા છીએ એટલે વરસાદ તો આવશે જ ને ? તેથી ભીંજાઈ ન જવાય એટલે હું છત્રી લાવી છું !'' પ્રાર્થના તો આપણે સહુ કરીએ છીએ, પણ આવી પ્રબળ શ્રદ્ધારૂપી છત્રી લાવનાર કેટલા ?

(2)

નાનકસાહેબનો એક કિસ્સો છે. તેમના પછી ગુરુસ્થાને કોને મૂકવા તે વિચાર ચાલતો હતો. નાનકસાહેબે એક દિવસ પોતાના દીકરાને કહ્યું, ''બેટા, કોઢ બહુ ગંદી છે માટે જરા વાસીદું કરી આપ તો.''

ગુરુનો દીકરો ! સૂર્ય તપતો નથી પણ નીચે પડેલા પથરા તો તપી જાય છે. દીકરો તો છાણ-વાસીદું કરવા ન ગયો. નાનકસાહેબે પોતાના એક શિષ્ય અંગદ તરફ નજર કરી. તેણે માથે સૂંડલા ઉપાડી કોઢ સાફ કરી નાખી – છેલ્લો સૂંડલો લઈને જતો હતો ત્યાં નાનકસાહેબે પાસે જઈ પોતાના ઉપરણા વતી તેના મોં પરના છાણના રેગાડા લૂછી નાખ્યા ને પોતાની પાઘડી પહેરાવી દીધી ને કહ્યું, ''તું મારો વારસ.'' દીકરાએ વાંધો ઉઠાવ્યો ત્યારે કહે : ''આટલી કોઢનો મેલ તારાથી ન ઉઠાવાયો, તો મારા આટલા બધા શિષ્યોનો મેલ તું કેમ ઉઠાવી શકીશ ?''

(3)

રઘુનાથ પુરુષોત્તમ પરાંજપેજી કેમ્બ્રિજ વિદ્યાપીઠમાં ગણિતમાં પ્રથમ આવ્યા. પ્રતિભા જબરી. ચારે બાજુથી ભારે પગારે રોકવા માગ આવી. પરાંજપેજી એનાથી આકર્ષાયા વિના ભારતસેવક ગોખલેજીના ચરણે બેસી ગયા. 75 રૂપિયાના સામાન્ય વેતનથી ફર્ગ્યુસન કૉલેજના આચાર્ય બન્યા. તેમણે કહ્યું, ''દેશસેવા એ પ્રથમ ધર્મ છે. એમાં જેની પાસે ધન હોય તે ધન આપે. મારી પાસે વિદ્યા છે એટલે હું વિદ્યા આપીશ.''

(4)

એક સવારે ન્યૂયૉર્કની ભોંયગાડીમાં હું જતો હતો. ત્યાં એક આંધળા જુવાનને તેને દોરનાર કૂતરા સાથે મેં જોયો. ડબામાં હું તેની બાજુમાં જ ઊભો હતો. નજીકમાં બેસવાની એક જગ્યા ખાલી પડી કે તુરત મેં જુવાનને કહ્યું, ''ચાલો હું ત્યાં તમને દોરી જાઉં.'' તેણે મારો ખૂબ આભાર માન્યો અને મૃદુ અવાજે અણધાર્યો સવાલ કર્યો, ''આજુબાજુમાં કોઈ બહેનો ઊભેલી તો નથી ને ?''

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**લાગલગાટ** સતત; **કોઢ** ગમાણ, ઢોરને બાંધવાની જગ્યા; **પ્રતિભા** વ્યક્તિત્વ; **સૂંડલો** ટોપલો; **ઉપરણું** ખેસ, ખભે નાખવાનું વસ્ત્ર; **વાસીદું** ઢોરનું છાણ, મૂતર વગેરે, પૂંજો; **પ્રબળ** બળવાન

### વિરુદ્ધાર્થી

**સરળ** કઠિન; **શ્રદ્ધા** અશ્રદ્ધા

### ભાષા-અભિવ્યક્તિ

- ''એક ગામમાં..... ભેગું થયું.''

પ્રસંગની શરૂઆત ધ્યાનથી વાંચો. તમે જોઈ શકશો કે અહીં (1) લગભગ દરેક વાક્યમાં નવી ઘટના સમાવી લેવાઈ છે, તેથી કથનમાં વેગ વરતાય છે. (2) જે કહેવું છે તે કશી આળપંપાળ વિના બરાબર કહી શકાયું છે. (3) ક્યાંય સુસ્ત કે બિનજરૂરી લંબાણવાળી ભાષા જણાતી નથી.

- ''..... ભારતસેવક ગોખલેજીના ચરણે બેસી ગયા.''

ગુજરાતી ભાષામાં ચરણ ચાંપવા, ચરણ પખાળવા, ચરણે પડવું જેવા રૂઢિપ્રયોગો છે. અહીં લેખકે ચરણે બેસી ગયા શબ્દપ્રયોગ કર્યો છે. એનો એક અલગ અર્થ અનુયાયી બની જવું એવો થાય છે જે તમે નોંધ્યું હશે.

## શિક્ષકની ભૂમિકા

(1)

નાની અમથી મુશ્કેલીમાં પણ ઈશ્વર તરફની શ્રદ્ધા ડગી જવાના પ્રસંગો અવારનવાર સાંભળવા મળે છે. પ્રબળ અને અતૂટ શ્રદ્ધા ધરાવનાર આ નાની બાળાનો પ્રસંગ શ્રદ્ધા કોને કહેવાય તે સમજાવતું શ્રેષ્ઠ ઉદાહરણ છે, તે વિશે વિદ્યાર્થીઓને સમજાવવું. શ્રદ્ધા પોતે જ મોટું બળ છે તે સમજાવવું.

(2)

'ગુરુની આજ્ઞા એટલે ઈશ્વરનો બોલ' તેવો વિશ્વાસ રાખનાર શિષ્ય અને એ વિશ્વાસને સાચો ઠેરવતા ગુરુનો આ કિસ્સો ગુરુ અને શિષ્યનાં લક્ષણોને ચરિતાર્થ કરે છે તે વાત વિદ્યાર્થીઓને સમજાવવી.

ભેદભાવ વિના યોગ્યતાને આધારે પદભાર (પદવી) આપવાની ગુરુની વિવેકબુદ્ધિ વિશે વિદ્યાર્થીઓને જ્ઞાત કરવા.

(3)

ઉમાશંકરના કાવ્ય – 'દેશ તો આઝાદ થતાં થઈ ગયો, તેં શું કર્યું ?' જેવા સંદર્ભો સાથે 'દેશસેવા એ પ્રથમ ધર્મ છે.' એ વાતને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી દેશભાવના વધુ પ્રબળ બને તેવા પ્રયત્નો કરવા.

ટિળક, ગોખલે, પરાંજપે, સરદાર, ગાંધીજીના આવા પ્રસંગો રજૂ કરવા.

(4)

એક પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ પણ પોતે ખાલી થયેલી સીટ પર બેસતાં પહેલાં વિનમ્ર ભાવે આજુબાજુમાં કોઈ બહેનો ઊભી હોય તો પોતે સીટ પર બેસવાને બદલે ઊભેલી બહેન બેસે તેવી ઇચ્છા વ્યક્ત કરી સ્ત્રીદાક્ષિણ્ય દર્શાવે છે. વિદ્યાર્થીઓ સ્ત્રીઓને માન-સન્માન અને મહત્ત્વ આપે તે અંગે સમજાવવું. તેમજ આ પ્રકારની માણસાઈની કેળવણી અંગે ચર્ચા કરવી.

●

# વ્યાકરણ

## એકમ-6 અલંકાર

ક. મિલ્ખાસિંઘ ખૂબ ઝડપથી દોડતા.

ખ. મિલ્ખાસિંઘ તો એવું દોડતા જાણે ઊડતા ન હોય !

તમે આ બન્ને વાક્ય વાંચો. બન્નેમાં કહેવાની વીગત તો એક જ છે. પણ જ્યારે તમે વાંચો છો ત્યારે તમને કોઈ ફેર લાગે છે ? તમે જ્યારે વાક્ય **ક.** વાંચો છો ત્યારે તમારી પાસે મિલ્ખાસિંઘની દોડની વિશેષતાને વર્ણવતું એક વિશેષણ છે - 'ખૂબ'. આ વિશેષતાને તમે હજુ વધારવા માંગતા હોવ તો તમે એમ કહી શકો કે

– મિલ્ખાસિંઘ ખૂબ ખૂબ ખૂબ ઝડપથી દોડતા.

આમ કહેતી વખતે પણ તમારા મનમાં એક શાબ્દિક અર્થ જ ખુલે છે. પણ જ્યારે તમે વાક્ય **ખ.** વાંચો છો ત્યારે જાણે તમે તેમને 'દોડતા' જોઈ શકો છો. કારણ કે હવે તમારી પાસે એમની 'દોડની ઝડપ'ને સમજવા માટે કોઈ આધાર છે. તમે કોઈ પક્ષીને ઊડતું જોયું જ હોય, તેની અંતર કાપવાની ઝડપ તમે જોઈ જ હોય, તમારો એ અનુભવ અહીં મિલ્ખાસિંઘની દોડ સામે તમે જોડી દો છો. તમને મિલ્ખાસિંઘના દોડતા પગ જ નહીં, પણ ઝડપ ધરાવતું, હવામાં સરતું, ગતિ કાપતું શરીર દેખાય છે. આ કારણથી ઉપરનાં બન્ને વાક્યમાં મિલ્ખાસિંઘની ઝડપી દોડની જ વાત હોવા છતાં બીજું વાક્ય વધુ અસરકાર લાગે છે. રજૂઆતને સચોટ અને અસરકારક બનાવવા ભાષાની જે અભિવ્યક્તિને આપણે ઉપયોગમાં લીધી તે અભિવ્યક્તિ એટલે 'અલંકાર'.

ભાષાના - શબ્દનાં બે પાસાં - ધ્વનિશ્રેણી અને અર્થ. આપણે આ બન્નેમાં આવી કોઈ વિશેષતા સાધીને અભિવ્યક્તિને વધુ આકર્ષક, વધુ સચોટ બનાવી શકીએ છીએ. અલંકાર પણ બે પ્રકારના હોય છેઃ **શબ્દાલંકાર** અને **અર્થાલંકાર**. જેમાં ધ્વનિ કે ધ્વનિશ્રેણીનું સૌંદર્ય કે ચમત્કૃતિ અભિવ્યક્તિને આકર્ષક બનાવે તે શબ્દાલંકાર. અને અર્થને ઉપયોગમાં લઈને સચોટતા સધાય તે અર્થાલંકાર. આપણે આ બંને વિશે વિગતે જાણીએ.

### શબ્દાલંકાર

શબ્દનો મૂળભુત ઘટક ધ્વનિ છે. તે ધ્વનિ અથવા શબ્દના વિશિષ્ટ સંયોજનને કારણે કાવ્યમાં ધ્વનિસૌંદર્ય, નાદસૌંદર્ય નીપજે. આ વિશિષ્ટ સંયોજનને કારણે ચમત્કૃતિ સધાય અને આ બધાંને કારણે કાવ્યના સૌંદર્યમાં વધારો થાય ત્યારે તેને શબ્દાલંકાર કહે છે. આ અલંકારના સૌંદર્યનો આધાર 'શબ્દ' હોવાથી પંક્તિમાં એક શબ્દને સ્થાને અન્ય શબ્દ પ્રયોજાતાં તેનું સૌંદર્ય હણાઈ જાય છે.

**1. વર્ણાનુપ્રાસ :**

જ્યારે કોઈ એક વર્ણના પુનરાવર્તનથી કાવ્યપદાવલિમાં સૌંદર્ય અનુભવાય, ધ્વનિસૌંદર્ય નીપજે, કર્ણમાધુર્ય અનુભવાય ત્યારે તે અંલકારને વર્ણાનુપ્રાસ અલંકાર કહેવાય છે. જેમ કે,

**"કામિની કોકીલા કેલિ કૂજન કરે, સાગરે ભાસતી ભવ્ય ભરતી."**

અહીં પહેલી પંક્તિમાં 'ક' વર્ણનું અને બીજી પંક્તિમાં 'ભ' વર્ણનું પુનરાવર્તન ધ્વનિસૌંદર્ય નીપજાવે છે. તેથી અહીં વર્ણાનુપ્રાસ અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) પીગળે પીગળે પડછાયાના પ્હાડ.

(2) કાળું એનું કામ, કાળાં કરમનો કાળો મોહન.

(3) ગોતી, ભૂલી ભૂલી હું તને ભાળી હો વાલમા. ગોતીને થાઉં ગૂમ.

(4) સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો.

(5) બે પાંપણ પરે, પરોઢે પોઢીને પલભર.

## 2. પ્રાસસાંકળી :

કોઈ એક પંક્તિના બે ચરણમાં પહેલા ચરણનો અંતિમ શબ્દ અને બીજા ચરણનો પ્રથમ શબ્દ જ્યારે પ્રાસ ધરાવતા હોય ત્યારે તે અલંકારને પ્રાસસાંકળી અલંકાર કહેવાય છે. જેમકે,

**''મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યો ઓચ્છવ.''**

અહીં એક જ પંક્તિ છે. તેમાં પહેલા ચરણનો છેલ્લો શબ્દ 'આવ્યા' અને બીજા ચરણનો પ્રથમ શબ્દ 'લાવ્યા' વચ્ચે પ્રાસ જોઈ શકાય છે. જાણે આ પ્રાસ બે ચરણોને જોડતી સાંકળ હોય તેવું લાગે છે. તેથી અહીં 'પ્રાસસાંકળી' અલંકાર છે, તેમ કહેવાય.

**અન્ય ઉદાહરણ :**

(1) વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.

(2) પ્રેમ પદારથ અમો પામીએ, વામીએ જન્મ મરણ જંજાળ.

(3) વાપરીએ વિચારીને વાણી, પાણી પણ એમ જ વેંતે વેંતે...

## અર્થાલંકાર

શબ્દ એ બાહ્ય દેહ છે અને અર્થ એ તેનો આંતરિક દેહ છે. જ્યારે અર્થ દ્વારા ચમત્કૃતિ સધાય, કાવ્યના સૌંદર્યમાં વધારો થાય ત્યારે તેને અર્થાલંકાર કહે છે, આ અલંકારનો આધાર 'અર્થ' હોવાથી એ જ અર્થ ધરાવતો અન્ય શબ્દ પ્રયોજાય તો સૌંદર્યને હાનિ પહોંચતી નથી.

**મહત્ત્વના પારિભાષિક શબ્દ :**

(1) ઉપમેય : કવિ અથવા સર્જક જે બાબત વિશે વાત કરવા માંગે છે, જે વસ્તુને અન્ય સાથે સરખાવે છે તેને કહેવાય છે 'ઉપમેય'.

(2) ઉપમાન : કવિ અથવા સર્જક જે બાબતને આધારે વાત કરવા માંગે છે, ઉપમેયને જે વસ્તુ કે બાબત સાથે સાંકળે છે તેને 'ઉપમાન' કહે છે.

(3) સાધારણ ધર્મ : ઉપમેય અને ઉપમાન વચ્ચે રહેલા સમાન ગુણ. ક્રિયા, સ્વભાવ, પ્રકૃતિ વગેરે બાબતને 'સાધારણ ધર્મ' કહે છે.

## 1. ઉપમા અલંકાર :

જ્યારે બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે કોઈ સમાન ગુણધર્મોને લક્ષ્યમાં રાખીને સરખામણી-તુલના કરવામાં આવે ત્યારે તે અલંકારને ઉપમા અલંકાર કહેવાય છે. અહીં ઉપમેય અને ઉપમાન વચ્ચે સાધારણ ધર્મની તુલના દર્શાવવા 'જેવો-જેવી-જેવું, સરખો-સરખી-સરખું, પેઠે, પેઠમ, શો-શી-શું, સમો-સમી-સમું, સમોવડો' વગેરે જેવા ઉપમાવાચક શબ્દો પ્રયોજાતા હોય છે. જેમ કે,

**''દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.''**

અહીં 'દમયંતીનું મુખ'ઉપમેય અને 'ચંદ્ર' ઉપમાન વચ્ચે 'સુંદર' સાધારણ ધર્મને આધારે સરખામણી કરવામાં આવી છે. આ સરખામણી 'જેવું'- ઉપમાવાચક શબ્દ દ્વારા કરવામાં આવી છે. આમ, અહીં ઉપમેય, ઉપમાન, સાધારણ ધર્મ તથા ઉપમાવાચક શબ્દ એમ ચારેય ઘટક છે. તેથી અહીં ઉપમા અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) ભમરા સમો આ ભમતો પવન.

(2) તેણે ખીંટીએથી કાળી નાગણ જેવી તલવાર લીધી.

(3) ઊડે ધવલ ફેન શી વિખર કેશવાળી છટા.

(4) કાળ સમોવડ તરંગ ઉપર ઉછળે આતમનાવ.

(5) અમારા એ દાદા વિપુલ વડના ઝૂંડ સરખા.

## 2. રૂપક અલંકાર :

જ્યારે ઉપમેય અને ઉપમાન બન્ને એક જ છે એમ દર્શાવવું હોય ત્યારે સર્જક એ બન્ને વચ્ચે 'અભેદત્વ' છે તેમ દર્શાવે છે. ઉપમેય અને ઉપમાન વચ્ચેની એકરૂપતા – અભેદત્વ દર્શાવાય ત્યારે તેને રૂપક અલંકાર કહે છે. જેમ કે,

**"દમયંતીનો મુખચંદ્ર શોભી રહ્યો છે."**

અહીં ઉપમેય 'મુખ' અને ઉપમાન 'ચંદ્ર' વચ્ચે એકરૂપતા – અભેદત્વ દર્શાવવા 'મુખચંદ્ર' – એમ એક જ બાબત તરીકે રજૂ કરાયા છે. અહીં 'મુખ' અને 'ચંદ્ર' વચ્ચે સરખામણી કરવામાં આવી નથી. પરંતુ 'મુખરૂપી ચંદ્ર' અથવા 'મુખ એ જ ચંદ્ર' એમ કહેવાયું છે. જેમ કે,

**"મારી બંસીમાં બોલ બે વગાડી તું જા, મારી વીણાની વાણી જગાડી તું જા."**

અહીં 'વીણાની વાણી' દ્વારા 'વાણીરૂપી વીણા'ના સૂર જગાડવાની વાત કરવામાં આવી છે. એટલે કે વિશેષણ વિશેષ્યના સંબંધ દ્વારા ઉપમેય 'વાણી' અને ઉપમાન 'વીણા' વચ્ચેની એકરૂપતા – અભેદતા દર્શાવવામાં આવી છે. તેથી અહીં રૂપક અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) દુઃખના ઊગ્યા છે ઝીણા ઝાડ જો.

(2) ન્હોતી ખબર કે જિંદગી, તું તો છે માત્ર ગણિત!

(3) પ્રેમની પ્રેમની પ્રેમની રે, મુને લાગી કટારી પ્રેમની રે.

(4) રજપૂતના મોં પર આશાનાં કિરણ ફૂટવાં લાગ્યાં.

(5) મારે મન લાયબ્રેરી લોકશાહીનું મંદિર છે.

## 3. ઉત્પ્રેક્ષા અલંકાર :

જ્યારે ઉપમેયની ઉપમાન તરીકે હોવાની સંભાવના, શંકા કે કલ્પના કરવામાં આવી હોય ત્યારે તેને ઉત્પ્રેક્ષા અલંકાર કહેવાય છે. અહીં ઉપમેય અને ઉપમાન વચ્ચેની સંભાવના, શંકા કે કલ્પના સૂચવવા જાણે, રખે, શકે, લાગે, દિસે વગેરે ઉત્પ્રેક્ષાવાચક શબ્દો પ્રયોજાય છે. જેમ કે,

**"દમયંતીનું મુખ એવું શોભી રહ્યું છે કે જાણે ચંદ્ર ન હોય !"**

અહીં 'દમયંતીનું મુખ' ઉપમેય છે અને 'ચંદ્ર' ઉપમાન છે. ઉપમેય 'મુખ' એ ઉપમાન 'ચંદ્ર' હોય તેવી કલ્પના કરવામાં આવી છે. તેથી અહીં ઉત્પ્રેક્ષા અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) ઝાંખા ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ.
વર્ષાકાલે જલધિજલનાં હોય જાણે તરંગ.

(2) એની પાતળી દેહલતા જાણે નાગણની જેમ ફૂંફાડા મારતી ઊભી થઈ ગઈ.

(3) એની મૂંછોના આંકડા જાણે અત્યંત ઝેરી વીંછીના વાળેલા બે લાલચટ્ટક ડંખ.

(4) અરે, કારતક મહિનાની ટાઢને પણ આજની સંધ્યાએ જાણે ફૂલગુલાબી બનાવી દીધી.

(5) એ અંધારી રાતે ડોસાનું રોવું એવું લાગતું કે જાણે સામા કાંઠાનો પેલો વગડો જ જાણે વલપતો ન હોય !

## 4. વ્યતિરેક અલંકાર :

જ્યારે ઉપમેયને ઉપમાન કરતાં કોઈક ગુણધર્મની બાબતમાં ચડિયાતું દર્શાવવામાં આવે ત્યારે તેને વ્યતિરેક અલંકાર કહે છે. સામાન્ય રીતે ઉપમેય કરતાં ઉપમાન ચડિયાતું હોય છે. પરંતુ આ અલંકારમાં ચડિયાતા ગણાતા ઉપમાનને ઉપમેય કરતાં ઊતરતું દર્શાવવામાં આવે છે, તેમાંથી ચમત્કૃતિ નીપજે છે. જેમ કે,

**"દમયંતીના મુખ આગળ તો ચંદ્ર પણ ઝાંખો લાગે."**

આ ઉક્તિમાં 'દમયંતીનું મુખ' ઉપમેય છે અને 'ચંદ્ર' ઉપમાન છે. અહીં ઉપમેય 'મુખ'ને ઉપમાન 'ચંદ્ર' કરતાં ચડિયાતું દર્શાવ્યું છે અથવા એમ કહી શકાય કે ઉપમાન 'ચંદ્ર'ને ઉપમેય 'મુખ' કરતાં ઊતરતો દર્શાવ્યો છે. તેથી અહીં વ્યતિરેક અલંકાર છે.

(1) સુદામાના વૈભવ આગળ તો કુબેર કોણ માત્ર ?

(2) વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે !

(3) કમળ થકીયે કોમળું રે, બ્હેની ! અંગ છે એનું !

(4) એ કામિનીનો કંઠ સાંભળી, કોકિલા થઈ કાળી.

(5) ગણિતમાં આંકડા ભૂંસી શકાય, જિંદગીમાં એ ક્યંહી.

**5. અતિશયોક્તિ અલંકાર :**

જ્યારે ઉપમાન દ્વારા ઉપમેયનું નિગરણ કરવામાં આવે, એટલે કે ઉપમાન ઉપમેયને ગળી જાય, (પોતાની વાતને સચોટતાથી રજૂ કરવા સર્જક ઉપમેયનો ઉલ્લેખ જ ન કરે) ઉપમેયનો લોપ થાય અને માત્ર ઉપમાનનો જ નિર્દેશ થાય ત્યારે પ્રસ્તુત અલંકારને અતિશયોક્તિ અલંકાર કહે છે. જેમ કે,

**"મહારાજ ચંદ્રને નીરખતાં નીરખતાં પોતાના ચંદ્રની પ્રતીક્ષા કરી રહ્યા હતા."**

અહીં 'મહારાજની પ્રેયસી અથવા રાણી' ઉપમેય છે. પરંતુ, તેની સુંદરતાને સચોટતાથી રજૂ કરવા કવિએ તેનો ઉલ્લેખ કરવાને બદલે માત્ર ઉપમાન 'ચંદ્ર'ને જ રજૂ કર્યું છે. એટલે કે અહીં માત્ર ઉપમાન 'ચંદ્ર'નો જ નિર્દેશ થયો છે અને ઉપમેય 'પ્રેયસી કે રાણી'નો લોપ થયો છે. એટલે કે ઉપમેય દ્વારા ઉપમાનનું નિગરણ થયું છે. તેથી અહીં અતશિયોક્તિ અલંકાર છે.

**અન્ય ઉદાહરણ :**

(1) કાચે તે તાંતણે હરિજીએ બાંધી (પ્રેમ - ઉપમેય, તાંતણો - ઉપમાન)

(2) આ કમૂરતા ઊતરશે ને આણુ વાળવા આવશે એટલે મારી કોયલ ઊડી જશે.
(દીકરી - ઉમેય, કોયલ - ઉપમાન)

(3) બીજી સાંજે તલાશમાં નીકળેલા સિપાઈની નજર એ બે બોકડાઓ ઉપર જ પડી.
(બે વ્યક્તિ - ઉપમેય, બોકડો - ઉપમાન)

(4) મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું. (આત્મા - ઉપમેય, હંસલો - ઉપમાન), (દેહ, શરીર - ઉપમેય, દેવળ - ઉપમાન)

**નીચેના અલંકાર ઓળખાવો :**

(1) જાણે એને મટ્યું હોય તેમ અમરતકાકી મંગુના લગ્નની યોજના પણ વિચારવા મંડી જતા.

(2) દીકરાનાં બાળકો એમને દીઠાં ગમતાં નથી અને ગાંડા હીરાને છાતીએથી અળગો કરાતો નથી.

(3) મહારાજ, આ તમારી પડખેના દીપડા ન રંજાડે તોયે ઘણું છે.

(4) આશ્ચર્યથી સયાજીરાવ મહારાજ ગોપાળદાસે ધરેલાં મીઠાં લીંબુ જેવા બોરને જોઈ રહ્યા.

(5) ભગતનો અવાજ જોયો હોય તો વાંસળી જેવો.

●

# પૂરક વાચન

## 1 પંડ્યનાં

**નસીમ હરીશ મહુવાકર**
**(જન્મ : 23-4-1974)**

તેમનો જન્મ ભાવનગરમાં થયો હતો. હાલ તેઓ મામલતદાર તરીકે ફરજ બજાવી રહ્યા છે. 'અમે', 'ફરીથી' એમના લઘુકથા સંગ્રહો છે.

'પંડ્યનાં', 'ગુજરાતી લઘુકથા સંચય'માંથી પસંદ કરવામાં આવી છે. લઘુકથામાં માત્ર એક નાનકડા પ્રસંગ દ્વારા જીવનના કોઈ મોટા સત્યની વાત રજૂ થાય છે. 'પંડ્યનાં'માં ડોશી એટલી ચિંતામાં છે કે ઘરમાં આવી જતા બધાં ગલૂડિયામાં એક કાળિયો હજી પાછો આવ્યો નથી, કારણ કે પંડ્યના એટલે કે પોતાના દીકરા તો મા-બાપની પાસે આવતા નથી. આ ગલૂડિયાં જ એવા છે કે રાત્રે પાછા આવી જાય છે. એમ એક નાનકડા પ્રસંગ દ્વારા ડોસા-ડોશીના જીવનની કરુણતા આ લઘુકથામાં ઉપસાવી આપી છે.

---

ડોશીનું મન ક્યારનુંયે આકળ-વિકળ થતું હતું. બીજાં બધાંય ગલૂડિયાં પાછાં આવી, ઢાળિયામાં જઈ, ટૂંટિયું વાળી પડ્યાં હતાં. એક કાળિયું હજુયે પાછું ફર્યું નહોતું. ડોશીનું મન કાળિયામાં અટવાયા કરતું હતું. રાંધતાં-રાંધતાં કેટલીયે વખત ઊભાં થઈ ડેલી પાસે જઈને હાથનું નેજવું કરી મીટ માંડતાં, થોડી વારે બબડતાં-બબડતાં પાછાં ફરતાં. 'કોણ જાણે કાળિયું ક્યાં વઈ ગ્યું હશે ? કાંય થ્યું તો નય હોય ને ?'

ઘરના કામમાં જીવ પરોવવા ડોશીએ ઘણીયે મથામણ કરી જોઈ, પણ જીવ ન ચોંટ્યો તે ન જ ચોંટ્યો. એક વખત તો ઢાળિયામાં ટૂંટિયું વાળી બેઠેલાં બીજાં ગલૂડિયાંઓ પાસે જઈ ઠપકો આપતાં હોય એમ બોલ્યાંય ખરાં, 'લ્યા, તમે કાળિયાને ક્યાં એકલું મૂકી આવ્યાં ?' વળી ત્યાંથી ઊભાં થઈ ડેલી જઈ ઊભાં રહ્યાં.

હુક્કો ગગડાવી રહેલા ડોસા ક્યારનાયે ડોશીને તાકી રહ્યા હતા. કાળિયાની ચિંતા તો એમનેય થતી હતી. પણ ડોશીની મમત... ને હોય જ ને !

ઘણોયે વખત વહી ગયો પણ ડોશી ડેલી પાસેથી હલ્યાં નહિ. ડોસા હુક્કો એક બાજુ મૂકી ડોશી પાસે ગયા.

'લે હાલ્ય, હવે ખાઈ લે. કાળિયું આવી જાહે જ્યાં ગ્યું હશે ત્યાંથી.' પણ ડોશી હલ્યાં નહિ. ડોસા ફરીથી બોલ્યા, 'આમ ચંત્યા કર્યે કાંય વળવાનું નથ. તું તો જાણે છોકરો વયો ગ્યો હોય એવું કરેસ. ઈ તો આવી જાહે.'

ડોશી ભીની આંખે ડોસા સામું જોઈ રહ્યાં, થોડી વાર પછી ભારે હૈયે બોલ્યાં : 'મારે મન તો આ ગલૂડિયાં જ..., હાંજ પડ્યે આપડું ઘર સે એમ હમજી પાસાં તો આવે સે, ને પંડ્યનાં તો...' ડોશીના ગળે ડૂમો બાઝી ગયો. આગળ બોલી શકાયું નહિ.

### શબ્દાર્થ

**આકળ-વિકળ** આકુળ-વ્યાકુળ, ગભરાયેલું; **ઢાળિયું** છાપરું; **મમત** જીદ; **પંડ્યનાં** પોતાનાં; **મથામણ** પ્રયત્નો કરવા

●

# 2 એકલો જાને રે

**મહાદેવભાઈ દેસાઈ**

**(જન્મ : 1-1-1892, અવસાન : 15-8-1942)**

મહાદેવભાઈ દેસાઈનું વતન : દહેણ (જિ. સુરત) મહાદેવભાઈની ડાયરી (**1** થી **17**), સંત ફ્રાંસિસ, બે ખુદાઈ ખિદમતગારો, વીર વલ્લભભાઈ વગેરે તેમનું મહત્ત્વનું લેખન છે. અનુવાદમાં નોંધપાત્ર કાર્ય કર્યું છે.

સત્યને રસ્તે ચાલનારાએ કોઈની રાહ જોઈને બેસી ન રહેવું તેવી આ કાવ્યની શીખ છે. સત્પંથે ચાલનારને અનેક વિઘ્નો આવવાનાં. તેનાથી બધાં મોં ફેરવી બેસશે, શરૂઆતમાં સાથ આપનારા પણ ભીંસ પડતાં પાછા ભાગી જશે, આગલો રસ્તો ન સૂઝતાં મૂંઝવણો જ દેખાશે. આવે વખતે પણ પોતાની સાચી વાતને છોડી ન દેતાં મંડ્યા રહેવું. તકલીફો આવે તેને સહન કરવી અને આત્મસૂઝથી રસ્તો કાપવો જોઈએ.

મૂળ રવીન્દ્રનાથ ટાગોરના બંગાળી કાવ્યનો આ ગુજરાતી અનુવાદ વાંચીને ખુદ રવીન્દ્રનાથ પ્રસન્ન થયા હતા.

---

તારી જો હાક સુણી કોઈ ના આવે,
તો એકલો જા ને રે !
એકલો જા ને, એકલો જા ને
એકલો જા ને રે ! – તારી જો.
જ્યારે સૌનાં મોં સિવાય
ઓ રે, ઓ રે, ઓ અભાગી ! સૌનાં મોં સિવાય!
જ્યારે સૌએ બેસે મોં ફેરવી, સૌએ ડરી જાયઃ
ત્યારે હૈયું ખોલી -
અરે તું મન મૂકી
તારા મનનું ગાણું એકલો ગા ને રે ! – તારી જો.
જો સૌએ પાછાં જાય,
ઓ રે, ઓ રે, ઓ અભાગી! સૌનાં મોં સિવાય!
ત્યારે કાંટા રાને,
તારે લોહી નીગળતે
ચરણે ભાઈ એકલો ધા ને રે ! – તારી જો.
જ્યારે દીવો ન ધરે કોઈ,
ઓ રે, ઓ રે, ઓ અભાગી ! દીવો ન ધરે કોઈ;
જ્યારે ઘનઘોરી તૂફાની રાતે, બાર વાસે તને જોઈ;
ત્યારે આભની વીજે–
ઓ તું સળગી જઈને
સૌનો દીવો એકલો થા ને રે ! – તારી જો.

**('આશ્રમ ભજનાવલી'માંથી)**

### શબ્દાર્થ

**સિવાય** બંધ થઈ જાય; **રાને** વગડે, જંગલમાં; **નીગળતે** ટપકતે; **ધાને** દોડી જા; **બાર વાસે** બારણાં બંધ કરે

# 3 કાશીમાની કૂતરી

**પન્નાલાલ નાનાલાલ પટેલ**

**(જન્મ : 7-5-1912, અવસાન : 6-4-1989)**

(**સમય :** 1912) ગુજરાતની પૂર્વ સરહદે આવેલા ડુંગરપુર પાસેના માંડલી ગામમાં જન્મેલા શ્રી પન્નાલાલ પટેલે સાહિત્યમાં મુખ્યત્વે ત્રણ ક્ષેત્રો ખેડ્યાં છેઃ નવલકથા, ટૂંકી વાર્તા અને નાટક. 'વળામણાં', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ' વગેરે ગ્રામજીવનને લગતી અને માનવજીવનના સનાતન ભાવોને કલામય રીતે આલેખતી નવકલથાઓ, 'વાત્રકને કાંઠે,' 'સાચાં સમણાં' જેવી અનેક ટૂંકી વાર્તાઓ અને 'એળે નહિ તો બેળે' જેવી નાટ્યરચનાઓથી એમણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. માનવભાવોના એમના નિરૂપણમાં અનુભવનું બળ વરતાય છે. એમને જ્ઞાનપીઠનો એવૉર્ડ પ્રાપ્ત થયો હતો.

પ્રસ્તુત કૃતિમાં એક તરફ કૂતરી માટેની કાશીમાની લાગણી અને બીજી તરફ એમનું ઘવાયેલું અહમ્ - એના તાણાવાણા, દુષ્કાળના કપરા દિવસોની ભૂમિકામાં, લેખકે કલાત્મક રીતે ગૂંથ્યા છે. કૂતરીનું વર્તન અને કાશીમાના ભાવપલટા લેખકે બારીકાઈથી આલેખ્યા છે. કાશીમા પોતાની જાત સાથે વાત કરે છે ત્યાં કૂતરી માટેની એમની લાગણી, એને મારી તેનો પસ્તાવો, પોતાના અહમ્ માટેની શરમ, મારે હાથે જ આવું થવા નિર્માયું હશે એવો નસીબવાદનો સધિયારો - એકસાથે કેવા કેવા ભાવો લેખકે નિરૂપ્યાં છે, લોકબોલીની છટાઓ, એની લઢણો દ્વારા લેખક એ કુશળતાથી કરી શક્યા છે.

---

ગામ સીમાડે ચાલતા રાહતકાર્ય ઉપરથી બપોરિયા રોટલા ખાવા આવેલાં ગામનાં માણસો ખાધું ન ખાધું કરીને વળી પાછાં કામ ઉપર ઊપડી ગયાં. કાશીમાએ પોતાના બેઉ દીકરાની વહુઓને પણ ખવરાવતાંકને સહુની સાથે રવાના કર્યાં. રિસેસમાં ઘરે આવેલા દસ-આઠના બે પૌત્રોને પણ મૂઠી-મૂઠી મકાઈની ધાણી આપી કાઢી મૂક્યાઃ ''ઊપડી જાઓ!, ઘંટ હવે વાગવામાં છે.'' ને પછી સૂમસામ બની રહેલા વાતાવરણમાં કાશીમાએ કામ કાઢ્યું : 'લાવ ત્યારે હુંય ગોળ ભાંગીને માટલામાં ભરી દઉં.'

આ વર્ષે તો જાણે દુકાળ હતો ને ગોળેય બારમાસી ખર્ચીરૂપે અધમણ જ લાવ્યાં હતાં, પણ સારાં વર્ષોમાં જ્યારે અઢી-ત્રણ મણ ગોળ લાવતાં ત્યારે પણ કાશીમા ઘર-ફળીનું લોક સગેવગે થઈ જતું પછી જ એકાદ વહુની મદદ લઈને ગોળ ભરવા બેસતાં હતાં કે ન માગે છોકરાં યા ન કોઈ ગામ-ફળીનું માણસ આવી 'ચાખી' જુએ!

પણ કાશીમાએ જેવું રવા ઉપરથી કંતાન ખોલ્યું કે ચોપાડનાં નેવાં આગળ કાબરી કૂતરીએ ડોકું કાઢ્યું. સત્કાર કરતાં કાશીમાએ કહ્યું પણ ખરુંઃ ''આવી પહોંચ્યાં તમે?... નઘરીને ગમે તેટલી હાડહાડ કરીએ પણ જવાની છે ઓછી હવે?.... એટલે રે' નકર ભોડું જ ફોડી આપીશ, જો ઉંબરામાં પેઠી છે તો.''

કાબરી ભિખારીની જેમ અડધી ચોપાડે બે પગ ઉપર બેસી ગઈ. એના છયે આંચળ લીલા ચામડાની જેમ લટકી પડ્યા હતા. પેટનાં પાસાં એકબીજાથી ભેટવાની અદામાં હતાં. આંખો ઊંડી ઊતરી ગઈ હતી. ભૂખનો માર્યો જીવ જાણે કે પાંપણોમાં આવીને વલવલતો લાગતો હતો.

માણસ જ્યારે એકલું હોય છે ત્યારે પણ મનની અંદર કંઈ ને કંઈ ચર્વણ ચાલતું હોય છે, તો કાશીમાને તો સામે સાંભળનાર કાબરી હતી ! બબડવા લાગ્યાં : 'જાણું છું કે તારા પેટમાં શ્વાસેય નથી. પણ મનેખ જેવા મનેખને જ કપરો કાળ આવ્યો છે ત્યાં કૂતરાં બિલાડાંની ક્યાં વાત કરવી ?'

કાશીમાની વાત ધ્યાનપૂર્વક સાંભળવા માગતી હોય તેમ કૂતરી ચાર પગ માંડી હળવે હળવે બારણા તરફ પગ ઉપાડ્યા.

કંતાન પર ચોંટેલા ગોળ વણછોડવા વળેલા કાશીમાનું એ તરફ ધ્યાન જતાં વળી એને પડકારી : ''જો હાં, કાબરી આજ તારું આવી બન્યું એમ નક્કી જાણજે, માનતી નથી પણ.''

કાબરીને જબાન હોત તો કહેત કદાચ : 'તમે મને ઉંબર ઓળંગવાની ના પાડી છે ને, કાશીમા આટલે તો બેસવા દો ને હુકમ માનતી હોય એ રીતે ઉંબર લગોલગ બહારની બાજુએ વળી પછી બે પગ ઉપર બેસી ગઈ.'

કાશીમા અત્યારે ચિડાયેલાં ના હોત તો એમને જરૂર થાત : 'બારણાની વચ્ચોવચ ઠેકડે બેઠેલી લાગે છેય કેવી મૂઈ!' સફેદ અને કાળા રંગની કાબરી હતી પણ રૂપાળી પાછી. કાશીમાએ તેની દયામણી આંખો જોઈને વળી કહ્યું : ''અહીં બેસીને ટટળ્યા વગર ફળી બા'ર નીકળીને વાડ્યો ઘંઘોળ તે કાંકેય મળશે... તે દન બટકું રોટલો તને નાખ્યો ત્યારે ભણેલો ભાઈ શું કે' તો તો, ભૂલી ગઈ ?'' કાશીમાનો વીસેક વર્ષનો દીકરો પાંચ ચોપડી ભણ્યો હતો

ને કાશીમા એને ભણેલો કહીને સંબોધતાં હતાં.

આ સાથે કાશીમાને મહિના પર બનેલો આ પ્રસંગ યાદ આવ્યો. બે કોળિયા ભૂખ્યાં રહીને કાશીમાએ કાબરીને કકડો રોટલો નેવ આગળ નાખ્યો, ત્યાં કામ પરથી પાછો ફરે ભણેલો જોઈ ગયો. માને એ કહ્યા વગર રહી ન શક્યો : 'એટલો રોટલો કોઈ મનેખને આપ્યો હોત તો કેવું, મા? કૂતરાં તો ઈધરઉધર શિકાર કરીનેય જીવી શકે.'

કોઈ ગુનો કર્યો હોય તેમ કાશીમાનું મોં પડી ગયું. દીકરા આગળ બચાવ કર્યો તે પણ લૂલા મને : 'કરું, ભાઈ, જન્મારાની ટેવ છે તે કૂતરાને બટકું નાખ્યા વગર હોરો નથી વળતો!'

કાબરી મૂળેય કાશીમાની કૂતરી હતી. એ ગલૂડિયું હતી ત્યારે કાશીમાએ ફળીનાં છોકરાંને કહી દીધું હતું – 'આ ગલૂડિયું મારું છે, છોરાં!' ને ત્યાર પછી ફળીની મજિયારી કાબરી જોડે કાશીમાનું નામ જોડાઈ ગયેલું : 'કાશીમાની કાબરી'. કાબરીની પહેલી સુવાવડ વખતે કાશીમાએ ફળીનાં છોકરાંને તુક્કો પણ સુઝાડેલો : 'જાઓ, છોરાં, ફળીમાંથી ચપટી-ચપટી લોટ ને કાંકરી-કાંકરી ગોળ લઈ આવો. આ વાટકી લેતાં જાઓ તો આંગળી-આંગળી ઘી આપશે. આપણે કાબરી માટે શીરો બનાવીશું.'

કાશીમાનેય ખબર ન પડી કઈ ઘડીએ કાબરી ઉંબર ઓળંગી કમાડ સાથે લપાતીકને બેસી ગઈ હતી! કાશીમાના હૈયામાં ભયનો ધ્રાસકો પથ્થર થઈને પડ્યો હતો. બબડ્યાં પણ ખરાં : 'આજે અડી કરીને પેઠી છે તે ગોળનું રોડું લીધે જ કાં તો છોડવાની છે!' ઓછું હોય તેમ ફળીમાં કાબરીએ કરેલાં આ પહેલાંનાં પરાક્રમ પણ કાશીમાના મનઃપ્રદેશમાં રમવા લાગ્યાં.

શરૂશરૂમાં તો કાશીમાં કાબરીનાં આ પરાક્રમમાં પ્રણેતા નહીં તો સાક્ષી તો રહ્યાં જ હતાં. એક બપોરે દોલાભાઈનાં કમાડ નીચે માણસ જેમ આંગળાં નાખે એમ પગ નાખીને કાબરીએ અંદરનો ઉલ્લાળો ઊંચો કરી કમાડ ઉઘાડ્યાં હતાં. એ જોઈને તો કાશીમાએ જાણ્યેઅજાણ્યે કાબરી માટે વાહવાહ કર્યું હતું. તો મોંઘી બહેનનું ઘી ખાધું એ વખતેય નવાઈના બુરખા નીચે અભિમાન છુપાવતાં કાશીમાએ કહ્યું હતુંઃ 'આ કૂતરાની જાતને શી ખબર પડી કે ઘંટી તાણતા – તાણતાં મોંઘી બેન ઊંઘે છે તો લાવ ઘરમાં પેસી જાઉં?...'

આવે વખતે કાશીમા કૂતરીનો બચાવ કરતાં આડકતરી રીતે ફળીવાળાંને કહેતાં પણ હતાં : 'ભાઈ, અત્યાર લગી તો આપણ બધાં કૂતરાંને નાખવાનું પુણ્ય ગણતાં'તાં, એટલે ખાઈને ઊઠ્યા પછી કકડો નાખતાં'તાં, ને રાતનું વધ્યુંઘટ્યુંય કૂતરાંને નાખતાં'તાં, પણ હવે તો, 'કૂતરું શું દૂધ દેવાનું છે? નાખો ડોબાને કે છાપૈકું દૂધ વધારે મળશે.' એમ કહીને કૂતરાંને ખસતાં કર્યાં. પછી ભૂખનાં માર્યા કૂતરાંએય મનેખની પેઠે ચોરવાની ને છાનેમાને ખાવાની કળા શીખવા માંડી લાગે છે!''

કાશીમાના ભણેલા દીકરાએ એ વખતે પણ કાશીમાની વાત કાપેલી : 'ખરુંસ્તો, મા! કૂતરાંને નાખ્યે શું પુણ્ય મળવાનું? આપણી ફળીમાં જ ચાર કૂતરાં છે તો ભારતભરમાં કેટલાં કૂતરાં હશે? અને લાખો કૂતરાં કેટલું ધાન ખાતાં હશે? તેમ જ કો' હવે, આ બધું ધાન જો માણસોને મળે તો એ પુણ્ય મોટું કે કૂતરાં ખાય એ પુણ્ય વધારે?''

કાશીમા ભણેલા સામે દલીલ ન કરતાં આટલું કહીને ચૂપ રહેલાં : 'તમારું ભણતર જે કે' એ સાચું, ભાઈ! અમારું ગણતર હવે શું કામમાં આવવાનું?''

પણ આ પછી ભણતરના ગણતરનો વિરોધ કરતાં હોય એ રીતે અવારનવાર બબડ્યા કરતાં : 'ના, ભાઈ, ના! ધરતી કંઈ એકલા મનેખના બાપની નથી.... આય બધા ભગવાનના પેદા કરેલા જીવો છે. ઢોરઢાંખર ને કૂતરાં બિલાડાંની જંજાળ જ ન હોય, તો આપણે જ વિચાર કરો ને, એકલમૂડિયું મનેખ લાગે કેવું?' કાશીમાએ અહીં વિચિત્ર એવી ઉપમાય ઉચ્ચારેલી : 'બોડારોડા માથા જેવું !'

આજે પણ કાશીમાએ ગોળ જોઈને ટટળી રહેલી ભૂખી-ડાંસ કાબરીને જોઈને આવી જ વાત ઉચ્ચારી : 'ઢોરાં જેમ આપણે પાલે પડ્યાં છે એમ કૂતરાં. બિલાડાંય આપણી જ માયા છે ને?... આપણને તો, ભાઈ, છોરાં વગરનો અવતાર, બિલાડી વગરનું ઘર ને કૂતરાં વગરની ફળી ત્રણેય સરખાં-સૂનાંસટ જ લાગે છે!' ને વળી એમણે કાબરીને સલાહ આપી : 'સમજ, ભૂંડી, સમજ ! સરાયાં વરસોય હવે તમારા માટે કપરાં છે, તો આ વળી દુકાળનું વરસ છે.. સમય જરા ઓળખ ને ધાનની લાલચ મેલીને ઊપડી જા સીમમાં. ભગવાને તને દાંત આપ્યા છે તો ચાવણુંય આપશે. જો....લે, આટલી કાંકરી લઈને નીકળ મારી આંખો આગળથી, નઘરી! ટટળ્યા વગર ને લોહીનાં શેકણાં કરાવ્યા વગર.' ને કાબરી તરફ કાશીમાએ સોપારી જેવડી ગોળની એક કાંકરી નાખી.

નાખ્યા પછી જ કાશીમાને ખ્યાલ આવ્યો કે કાંકરી જેવી કાબરી પાસે નાખી એવી ઉંબર બહાર નાખી હોત

તો ટાંટિયો કેવો ઘરમાંથી નીકળી જાત! અરે! કામબરી જેવી કાંકરી લેવા જાત એવાં અહીં પોતેય ઊઠતાંકને ઘંટીનું પાટિયું લઈ શક્યાં હોત.

ને પોતે કરેલી ભૂલ ઉપર પછતાતાં કાશીમા વળી કાબરીને પટાવી રહ્યાં : ''જા, હવે નીકળ હેંડ.''

પણ કાબરી તો ચાર પગ માંડી, કાંકરી ખાઈને હોઠ પર જીભ ફેરવતી વળી પાછી – ચીઢ ભેગું હાસ્ય કરતાં કાશીમા જ બોલી પડ્યાં : ''આ પાછી થડિંગ-બોકડો થઈને બેઠી! હું જાણું કે કાંકરી ખાઈ જશે, ત્યારે રાંડ તો જવાની ક્યાં વાત, વેંતેય ઊલટી આગળ આવી!'' ને દાઝે ભરાયેલાં કાશીમાએ તબેથો ફટકાર્યો. પણ ચીકણા હાથમાંથી છૂટેલો તબેથો તો કાબરીનાં ઓવરણાં લેતો માથા ઉપરથી પસાર થઈ ચૂલા આગળ જઈ પડ્યો. કાબરીનું એક રૂંવાડ્યું ફરક્યું નહિ.

કાબરીની સિકલ પણ હવે ઘવાયેલા વાઘ જેવી લાગતી હતી. પાંપણોના પટપટાવ વચ્ચે એની એકાગ્ર આંખો જોતાં કાશીમાનો ભય પણ વધ્યોઃ બગલું જાણે પાણી પર ઝળુંબ્યું છે, ને હમણાં કાં તો ડબૂક દઈને પડે એટલી જ વાર છે.

ત્યાં જ કાબરી ઊભી થઈ. ખચકાટભર્યા ડગ પણ તસુતસુ જેટલાં ટૂંકાં છતાંય મક્કમ એવાં ભરવા લાગી.

દાઝભર્યાં કાશીમાએ ઝાળ જેવી રાડો પાડી : ''જો હાં, કાબરી આ માટલું જ માથામાં પછાડીશ!''

પણ પા પા પગલે આગળ વધતી કાબરી હવે બહેરી બનેલી લાગતી હતી... કાશીમાનું અસ્તિત્વ પણ દૂરની બાબત બની ગયું. ગોળનું પેલું આ તરફ પડેલું નારિયેળ જેવડું રોડું જ હવે તેનું એકમાત્ર લક્ષ્ય હતું.

કાશીમા પામી ગયાં : 'લીધું રોડું કાં તો!' ને કાળભર્યાં કાશીમાએ હાથમાંનું ગોળનું રોડું એવા જોરથી ફટકાર્યું કે–

રોડું વાગતાં કાબરીથી 'કાઉ' થઈ ગયું ને 'કાઉ' કરતાં ફાટેલું મોં રોડાં ઉપર મંડાઈ ગયું!

''હાય હાય'' કરતાં કાશીમા વીજળીની ઝડપે ઊભાં થયાં, પણ એમને બે પગ હતા, કાબરીને ચાર હતા ! એ પહોંચ્યાં ઉંબરે ત્યાં કાબરી પહોંચી સામા ઘેર. પાછળ દોડતાં કાશીમા હજુય બૂમો પાડતાં હતાં : ''હાય હાય, શેર ગોળનું રોડું લઈ ગઈ! દોડો, છોરાં દોડો કોઈ!''

પણ દોડે એવાં ફળીનાં બધાં છોકરાં નિશાળમાં પુરાયેલાં હતાં. કોણ દોડે? ઈધર-ઉધર નાનાં-નાનાં ભૂલકાં રમતાં હતાં એ તો જાણે તમાસો જોતાં રાજી થયા : 'કુતુ કુતુ કાછીમા... કુતુ...કુતુ... કાછીમા.'

સામે ઘરેથી ડાહ્યાભાઈ ને બાજુના ઘેરથી મોંઘીબહેન ઘરમાંથી બહાર નીકળી આવ્યાં, પણ એય કાશીમાની રોડું માર્યાની કથની સાંભળી પેટ પકડીને હસવા લાગ્યાં.

ડાહ્યાભાઈએ ડામ તો બેચાર ચોડી દીધા : ''પાળ્યું કૂતરું પગે વળગે તે આનું નામ, કાશીમા! મારો ગોળ ખાઈ ગઈ ત્યારે લઈ લઠ ને હું નીકળ્યો'તો, પણ તમે જ મને કે'વા લાગ્યાં, 'હોય, ડાહ્યાભાઈ, એ તો કૂતરી છે, પણ આપણે તો મનખે છીએ - શમાવ કરો!' તો તમેય હવે શમાવ કરો, કાશીમા! જાઓ ઘેર, નકર કમાડ ઊઘાડું છું ને કાબરીનો વસ્તારેય એ ફરે ફળીમાં પાછો!''

કૂતરીને રોડું માર્યાની ને એ રોડું લઈને કૂતરી પલાયન થઈ ગયાની વાત કાશીમાએ કરતા તો કરી દીધી, પણ હવે એમને ખ્યાલ આવ્યો કે હાથે કરીને પોતાની મૂર્ખવિદ્યા બહાર પાડી : ને ક્રોધનાં માર્યા પાગલ સરખાં કાશીમાએ કાબરીને સંભળાવતાં હોય એ રીતે ખેતરો તરફ બૂમ પાડી : ''એ ગોળ ખાઈને હાડકાં કાઠાં કરી લે હેંડ ત્યારે!'' ને ચાલતાં થયાં બબડતાં-બબડતાં : 'યાદ રાખ હેંડ, તને દાવમાં લેતાં કેટલી વાર મને?' ચપટી પણ વગાડી....

બીજી જ બપોરે કાશીમાના સંકજામાં કાબરી ફસાઈ પડી. એ જાણે કે ઘર વચ્ચે રોટલાનો કકડો મૂકી છોકરું કોઈ આઘુંપાછું થયું છે, તો દબ્યે પગે-એને શી ખબર કે રિસેસનો ઘંટ તો હમણાં હજી વાગવામાં છે ને છોકરાંનો મૂકેલો રોટલો નથી પણ આ રોટલો તો–

દબ્યે પગે બારણામાં દાખલ થઈને જેવો રોટલો લેવા ગઈ એવાં જ બારણાં ભિડાઈ ગયાં!

પછી તો દોઢ હાથ લાંબા ઘંટીના પાટિયાના ક્રોધભર્યા પ્રહારો ને કાશીમાનું ગાલિપ્રદાન : 'લે, ખા ગોળ... ખા લે... સુવાવડનો શીરો, લે...'

કાબરીના આર્તનાદ ને રિસેસમાંથી ઘેર આવેલાં ફળીનાં છોકરાંની બારણાં ઉપર ધમાધમ ને બરાડા : 'કાશીમા, ઉઘાડો! કાબરીને ન મારો, મરી જશે, કાશીમા, જવા દો, હવે...'. જ્યારે પૌત્રો તો વળી રાડો પાડતા રડતા પણ હતા : 'મા, રે'વા દો, મા! કાબરી મરી જશે...''

કમાડ ઊઘડ્યું ને લથડિયાં ખાતી બહાર નીકળતી કાબરી ઉપર વળી એક છેલ્લું પાટિયું : ''લેતી જા, લે ગોળનું રોડું! મીં તો તને સુવાવડમાં શીરા કરી કરીને ખવડાવ્યા ને મારું જ રાંડ નાક લઈ ગઈ....''

બેબાકળાં બની રહેલાં નિશાળિયાંને સમજ ન પડી – રણચંડી સરખાં, પસીને નાહેલાં કાશીમા હાંફતાં હાંફતાં લડતાં હતાં કે રડતાં હતાં! - કાશીમાએ છોકરાંનેય પડકાર્યા : 'વેરાઈ જાઓ, નકર તમનેય એકએક દઈ વાળીશ, હાં...'

છતાંયે છોકરાંએ હિંમત કરી, એકે લીધી થાળી, બીજાએ વાડકી લીધી. પહેલી શરૂઆત ડાહ્યાભાઈના નમાયા ને એકના એક દીકરાએ પોતાના ઘેરથી કરી. અને પછી એ સામી હારમાં છ સાત આ નિશાળિયાં ને બેચાર બીજાં ફાલતુ છોકરાંની આખીય મંડળી, ''લાવો, કાકી, ચપટી લોટ, કાંકરી ગોળને આંગળી ઘી આપો... કાબરી માટે શીરો કરીશું.'' એમ કહેતી ને સીધું ઉઘરાવતી ઘેર ઘેર ફરી રહી. કોઈ કંઈ કકળતું તો આખીય ટોળી ચૂપચાપ સાંભળી લેતી..

કુંભી પકડી નેવાં આગળ ઊભેલા કાશીમાના પૌત્રોની નજર એ મંડળી પાછળ ફરતી હતી.

કાશીમાને કરવાનીય ગંધ આવી હતી – સામે ઘેર ડાહ્યાભાઈને ત્યાં થાળી ફરતી જોઈ હતી ત્યારથી - નમાયા સરખા પૌત્રોની સિકલ પણ પારખી હતી. એક બે વાર બહાર આવી ફળીમાં ફરતાં છોકરાંની નોંધ લેતાં ત્રીજી વારનાં ડોકિયાં વખતે સવાલ કર્યો : 'કેમ'લ્યા, તમે બે ભાઈ સૂનમૂન થઈને ઊભા છો?'

''અમથા.'' મોટાનો અવાજ રિસામણો હતો.

''ફળીનાં છોકરાં નથી રમાડતાં?''

''ક્યાં રમે છે છોકરાં?''

''ઘેરઘેર ફરે છે ને?'' કાશીમાએ પોતાની હારમાં આવેલાં તરફ નજર પણ નાખી.

''કાબરી માટે શીરો કરવા ઉઘરાણું કરે છે એ તો.'' મોટો જ જવાબ આપતો હતો.

કાશીમાએ કાબરી પરના હેતને દળીદળીને સારી પેઠે 'ગોળ' ખવડાવ્યો હતો, પણ એટલી હદે તો નો'તાં ગયાં કે કાબરીનું કોઈ અંગ ભાંગે કે લોહી નીકળે! કહ્યું : 'એવું શું કાબરીને લોર વાગ્યું છે?'

''લોર તો નહીં પણ માથું જ ફૂટી ગયું છે, ખાતી જ નથી.''

કાશીમાને ખ્યાલ આવ્યો. કેડ ઉપર પડતા પાટિયા વચ્ચે એક વાર કાબરીએ માથું નાખ્યું હતું ને કડાક અવાજ ઊઠ્યો હતો. નિઃશ્વાસ નાખતાં બબડ્યાં : ''ઓ! તો તો કાબરી સારુ શીરો કરે છે! પણ તારે જરા પૂછવું'તું કે કાબરી માટે શીરો કરવાનું શિખવાડ્યું'તું કોણે પેલું? આજે બધાં કાબરીનાં વાલેશરી થઈને નીકળી પડ્યાં છો, પણ...'' કાશીમાનો અવાજ તૂટ્યો. બારણા તરફ વળેલો પગ ધરતી પર પડ્યો ખરો, પણ જીવ એમનો ચકડોળે ચઢ્યો હતો. ઝાડુ લઈને વાળવા વળ્યાં ત્યારેય બડબડાટ ચાલુ હતો : 'કાબરી જ રાંડ દાવે આવી'તી! મીં એને ફરીફરીને ચેતવી'તી કે સો ફેરા મીં તને મારામાંથી છોડાવી છે, પણ મારા મારમાંથી તને કોઈ નહીં છોડાવે હાં! પણ મૂઈની કૂંડાળી મારા હાથે જ લખાયેલી તે... પેલા અવતારની વેરવણ થઈને તીં જ મારો શીરો ખવડાવેલો ધોઈ આપ્યો...''

બારણા સામે મંડળી આવી. એકબીજાના પાસમાં લપાતી, આડી નજરે બારણા તરફ જોતી ને ચોરની પેઠે પગલાં માંડતી પસાર થઈ ગઈ.

કાશીમા વીફર્યાં. હાથમાંથી ઝાડુ નાખી, આવ્યાં હતાં તો મંડળીને તતડાવવા પણ બોલતાંબોલતાં અવાજ એમનો ફાટી ગયો : ''કેમ, છોરાં... મારું ઘર ટાળ્યું....ભાઈ?''

કુંભીએ જડાઈ રહેલા બેઉ પૌત્રોને જીવન પ્રકટ્યું. મોટાએ હાંક પાડી : ''દલપા, મારી મા બોલાવે.''

બીજો બોલ્યો : ''ફાળો આપે.''

દલપો ગૂંચવાયો. બાપડો ગૂંગળાતા અવાજે ગુનેગારની પેઠે બોલ્યો : ''આ તો, મા, કાબરીનો ફાળો છે!''

''અલ્યા, કાબરીનો ફાળો ને મારું ઘર ટાળવાનું, છોરાં?'' કાશીમાએ હસતું મોં ઘણુંય રાખ્યું, પણ રુદનનો ઊભરો એવો પ્રબળ હતો કે ખચકાઈને ઊભેલી મંડળીમાંથી બે ચાર છોકરાંને તો ઊલટાનો ભય પેઠો : ''છેતરીને બોલાવે છે, લ્યો!''

સાફ કરેલું ગળાનું રુદન આંખોમાંથી ઊભરાતાં કાશીમાએ બારણાં તરફ મોં કરતાં વળી કહ્યું : ''લાવો હેંડો થાળીવાટકો.'' પણ છોકરાંને તો કાશીમાનો આ અવાજ પણ દોદળો લાગ્યો. અણસમજુ એવાં છોકરાંને એ દોગલો પણ લાગવા માંડ્યો. સમજુ એવા દલપાએ કહ્યું : ''હેંડો, સાચકલો ફાળો આપે છે!'' એક બેએ એનું ખમીસ ખેંચ્યું : ''ઊંહું થાળી બાળી નાખી આપશે હોં!''

દલપાએ જોયું તો કાશીમા બાચકો ભરીને લોટ લાવ્યાં હતાં. ફટ એણે પગ ઉપાડ્યો. ''હેંડો લ્યો, સાચકલો આપે છે!''

લોકોની ચપટી ને કાશીમાનો બાચકો ! છોકરાં તો જોતામાં જ ક્ષોભ, બીક બધું ભૂલી ગયાં ને ઘૂઘરાનું ઝૂમખું આખુંય જાણે ઘરમાં પેઠું. પૌત્રો પણ સાથે જોડાઈ ગયા.

અને પછી તો બીજા ઘરની કાંકરીઓ ને કાશીમાનો ગોળનો કાંકરો. બીજા લોકોની આંગળી ને કાશીમાનું આંગળું. સીધું આપતાં બોલતાં હતાં તે પણ છોકરાંને તો મધ જેવું મીઠું લાગતું હતું : ''ગોળ ગયો એનો વાંધો નો' તો, પણ મૂઈએ મારી વાત કરાવી એની મને ઝાળ ઊઠી... મને પાછું એમય થયું, ઘરની બિલ્લી મારાથીય મ્યાઉં? એટલે પછી હું બળ્યું – ડાહ્યાભાઈ જેવાને કેતી'તી કે કૂતરું બચકું ભરી જાય પણ કાંઈ મનેખથી એને ભરાય છે? પણ આ મૂઈની કૂંડાળીએ જ મને ભૂલવી દીધી.''

અને પછી તો છોકરાંને એ સમાચાર પૂછવા લાગ્યાં : ''બહુ વાગ્યું છે, દલપા, એને? મારતી'તી તો હું કેડોમાં, પણ એ મૂઈ માથું વચ્ચે ઘાલી ગઈ! આંખો તો પટપટાવતી'તી ને? તો તો હવે વાંધો નથી...''

પણ ઘી આપતાં-આપતાં વળી કાશીમા છોકરાંને વીફરેલાં લાગ્યાં. કે' છે : ''અલ્યાં છોરાં! શું કામ કાબરી જિવડાવવી છે? છો ને મરી જતી ને છો ને મને ગોજ લાગતી!''

છોકરાં-દલપો સુધ્ધાં-એકમેક તરફ તાકવા લાગ્યાં. થાળીવાળો છોકરો તો દલપાના ઈશારાની જાણે રાહ જોતો પગની લાલમ ખેંચે એટલી જ વાર હતી.

ત્યાં તો ક્ષણેક થંભી કાશીમાએ કહ્યું : ''ફળીમાંથી કોઈ એને ખાવાનું તો નાખતું નથી!'' ઉમેર્યું : ''નાખે તો બટકુંક રોટલો. ત્યારે છો ને બાપડી ટાંટિયા તાણતી મરતી!''

દલપો ભેદ પામી ગયો. બોલ્યો : ''ના કાશીમા!'' છોકરાં સામે જોઈ બોલ્યો : ''અમે આજથી નીમ કર્યો છે : અમારા ખાવામાંથી એક કોળિયો કાબરીનો.'' છોકરાં પાસે દલપાએ હુંકારો માગ્યો : ''હેં ને, છોરાં?''

કાશીમાનું ઘર જાણે કે નિશાળ હોય તેમ એકી અવાજે છોકરાંનો હુંકારો મળ્યો : ''એક કોળિયો કાબરીનો.''

''સવાર સાંજ.'' દલપો બોલ્યો.

''સવાર સાંજ'' છોકરાંએ પડઘો પાડ્યો.

''તો તો ખરી વાત!'' વાઢી સાથે રસોડા તરફ ફરતાં કાશીમાનો અવાજ પણ આહ્‌લાદથી ભરેલો હતો. રસોડામાં પ્રવેશતાં એમણે પણ છોકરાંની તાનમાં તાન પુરાવી : ''તમારો એક તો આપણા બે કોળિયા, જાઓ.''

ને કાશીમાના આ હૂંફભર્યા શબ્દો અને ત્રણ ઘર જેટલો ફાળો લઈને ઘર બહાર નીકળેલાં છોકરાંનેય હવે તો કાશીમાના વાંકને બદલે કાબરીનો વાંક જ દેખાવા લાગ્યો : ''કાબરીબાઈ જ મારનાં ઘરાક હતાં, કાશીમાનેય મ્યાઉં! પછી માર જ ખાય ને?''

ઓછું હોય તેમ ગુસપુસ કરતાં ને એક કોળિયાનો પાકો નીમ કરી દલપાને ઘેર જઈ રહેલાં આનંદઘેલાં છોકરાંને કાને બારણામાંથી ડોકું કરતાં કાશીમાનો અવાજ પડ્યો : ''એ છોરાં! કાબરી શીરો ન ખાય તો મને બોલાવજો... કેવોક નથી ખાતી જોઉં!''

ને કાશીમાનો આ ટહુકો સાંભળી છોકરાંનાં ઉરમાં જ નહીં, ફળીમાં પણ આહ્‌લાદનું એક હળવું મોજું ફરી વળ્યું. ડાહ્યાભાઈએ કહ્યું પણ ખરું : ''કાશીમાય ખરાં લાગે છે. એક પા માર માર્યો ને બીજી પા હવે શીરો ખવરાવી કૂતરીનાં પાછાં મનામણાંય કરવાં છે!''

**('પન્નાલાલ પટેલની વાર્તાઓ'માંથી)**

## શબ્દાર્થ

**ખર્ચી** વપરાશ; **ચોપાડ** ઓશરી; **નઘરી** નઠોર; **ભોડું** માથું; **ચર્વણ ચાલતું હોય છે** વિચારો ઘોળાયા કરતા હોય છે; **વણછોડવું** ઉખાડવું; **ઠેકડે બેઠેલી** બે પગ ઊભા રાખીને બેઠેલી; **ઘંઘોળ** ફંફોળ; **નેવ** નેવું; **હોરો** ધરપત, શાંતિ; **મજિયારી** સહુની સરખી માલિકીની; **અડી** હઠ; **પ્રણેતા** પ્રેરનાર; **છાપકું** ચાપું, હથેળીમાં સમાય એટલું; **ગણતર** વ્યવહારનું જ્ઞાન; **એકમૂડિયું** એકલદોકલ; **બોડારોડા** સાવ બોડા, મૂંડેલા; **પાલે પડ્યાં છે** આશ્રયે આવીને રહ્યાં છે; **સરાયાં** ફળદ્રુપ; **શમાવ** ક્ષમા; **કુંભી** મકાનની થાંભલી; **લોર** મૂર્છા આવવા જેવું વાગ્યું છે; **દોદળો** ખોખરો; **દોગલો** લુચ્ચાઈભરેલો; **ગોજ** પાપ; **લક્ઠ** લાઠી; **નમાયો** મા વિનાનો, અહીં નિરાશ; **મારનું ઘરાક** માર ખાવા યોગ્ય; **થડિંગ બોકડો** (ઊંચું થઈ) થનગનતું

# 4 | ઉપયોગી ટાંકણી લઈ લઈએ

**કુમારપાળ દેસાઈ**
**(જન્મ : 30-8-1942)**

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ગામના વતની શ્રીકુમારપાળ દેસાઈનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેઓ ગુજરાતીના અધ્યાપક હતા. વાર્તા, બાળ-સાહિત્ય અને પ્રૌઢ સાહિત્યમાં એમનું નોંધપાત્ર અર્પણ છે. ''અખબારી લેખન'' અને ''સાહિત્ય અને પત્રકારત્વ'' એ બે એમનાં ઉલ્લેખપાત્ર પ્રકાશનો છે. કવિ આનંદઘન વિશેનો સંશોધનગ્રંથ અને શબ્દસંનિધિ એ અભ્યાસલેખોના સંગ્રહો છે. ''અપંગના ઓજસ''માં એમણે અપંગ વ્યક્તિઓની સિદ્ધિઓને આકર્ષક રીતે રજૂ કરી છે. વર્તમાનપત્રોમાં તેઓ નિયમિત રીતે લોકભોગ્ય શૈલીમાં કટારો લખે છે. રમત-ગમત એમના ખાસ રસનો વિષય છે. હાલ તેઓ ''ગુજરાત વિશ્વકોશ''માં મુખ્ય કામગીરી સંભાળવા સાથે લેખનકાર્ય કરી રહ્યા છે.

આ નિબંધમાં લેખકે નિંદા કે ટીકાને ગૌણ ગણીને, તેમાંથી ઉપયોગી બાબત ગ્રહણ કરવા ઉપર ભાર મૂક્યો છે. પુરુષાર્થી અને મોટા મનવાળા માણસો ટીકાથી ડરતા નથી. અંતે જતાં તેઓ સાચા ઠરે છે. ટીકાને કેવી રીતે જોઈ શકાય તે લેખકે સચોટ રીતે સમજાવ્યું છે.

---

જગતમાં ક્યાં કોઈ માનવી, મહાત્મા કે ઈશ્વર નિંદામુક્ત રહી શક્યા છે? બૌદ્ધ ધર્મગ્રંથ 'ધમ્મપદ'માં કહ્યું છે કે લોકો વાચાળની નિંદા કરે છે, થોડું બોલનારાની નિંદા કરે છે અને મૌન રહેનારાની પણ નિંદા કરે છે. પછી નોંધે છે કે 'જગતમાં એવો કોઈ પણ નથી કે જેની નિંદા કે ટીકા કરવામાં આવી ન હોય.' ટીકાના વૃક્ષને જેટલું ઈર્ષાનું ખાતર મળે, એટલું વૃક્ષ વિશાળ થાય, કટુ ફળ આપતું જાય. કેટલીક વ્યક્તિઓને સારી વાત કરતાં આવડતી નથી, નિંદા કરતાં જ ફાવે છે.

કોઈ પણ ઘટના બને, પછી તે ગમે તેટલી યોગ્ય, ઉપયોગી કે લાભદાયી હોય, તેમ છતાં કેટલાક માણસો દરેક ઘટનાની ટીકા કરવાના એમના જન્મસિદ્ધ અધિકારને આંચ આવવા દેતા નથી. આપણે ત્યાં પ્રત્યેક વ્યક્તિ રાજકારણ અને ક્રિકેટની સમીક્ષક હોય છે. મનની હતાશા અને દૃષ્ટિની નકારાત્મકતા ટીકાનો આધાર છે. વળી આપણે ત્યાં તો ટીકા કરવાના ઘણા માર્ગો અને ઉપાયો મળી રહે છે. વ્યક્તિની જ્ઞાતિને અનુલક્ષીને ટીકા થાય છે તો એની જાતિને અનુલક્ષીને પણ ટીકા થઈ શકે છે. એનો પહેરવેશ અને એની જીવનરીતિને ધ્યાનમાં રાખીને પણ ટીકા થઈ શકે છે. ક્યારેક કોઈ ભ્રાન્ત ધારણા કે સ્વરચિત કલ્પનાના માધ્યમથી પણ ટીકા થતી હોય છે. અરે, જો વ્યક્તિ પોતાના વિશે થયેલી એક એક ટીકા સાંભળે તો એમાંથી બચવા માટે એને ડેનિયલ ડીફોની નવલકથાના પાત્ર રોબિન્સન ક્રૂઝોની માફક દૂરના ટાપુ પર એકાંતવાસ વેઠવો પડે. લોકમાન્ય ટિળક સવારે ચાના સમયે અખબાર વાંચતા હતા અને કહેતા કે 'ચાની સાથોસાથ હું મારી ટીકાઓને પણ પી રહ્યો છું.'

ચાર્લ્સ ડાર્વિનના પિતા રૉબર્ટને સ્વપ્નેય કલ્પના નહોતી કે પોતાનો પુત્ર જગતમાં પરિવર્તન લાવનારો બનશે. આથી એમણે એક પત્રમાં પુત્રને લખ્યું, 'તું આખો દિવસ નિશાનબાજી પાછળ તથા કૂતરાઓ અને ઉંદરો પકડવામાં ગાળે છે. બીજી કોઈ બાબતની તને કશી દરકાર નથી. તું તારી જાત માટે અને તારા કુટુંબને માટે કલંકરૂપ છે.' ચાર્લ્સ ડાર્વિને એના ડૉક્ટર પિતાની ઉજ્જ્વળ કારકિર્દીની ઇચ્છાને બદલે પોતાના અંતરના અવાજને અનુસરીને અવલોકનની કળાને વિકસાવી અને ઉત્ક્રાંતિવાદનો પ્રણેતા બન્યો. પાંચ-પાંચ વર્ષ સુધી ડાર્વિને પ્રકૃતિનો અભ્યાસ કર્યો. સાહસભરી સફરો ખેડી, વેરાન ટાપુઓની મુલાકાત લીધી. ખડક, જીવજંતુ, પ્રાણીઓ અને અશ્મીઓનો સંગ્રહ કર્યો. આ બધું કરતી વખતે ડાર્વિનને ટીકાનો સામનો કરવો પડ્યો, પરંતુ એ પછી એ જ ડાર્વિનને પિતાની ચાહના પણ મળી.

ટીકા સ્વપ્રશંસાનો ટૂંકો માર્ગ છે. અન્ય વ્યક્તિથી પોતાની સરસાઈ કે ઊંચાઈ સિદ્ધ કરવા માટે ટીકાનો માર્ગ અપનાવનારા અનેક મળે છે. તેઓ ટીકાનો ઉપયોગ પોતાની અશક્તિના ઢાંકપિછોડા માટે કરે છે. બહાઈ ધર્મમાં તો મનુષ્યના મોટામાં મોટા અવગુણ અને સૌથી મોટા પાપ તરીકે પરાયી નિંદાને ગણવામાં આવી છે. અન્યની સિદ્ધિને ઓછી આંકવા માટે ઘણા ટીકાનું રબર લઈને સતત ભૂંસતા જ રહેતા હોય છે. પુરુષાર્થી ઉદ્યોગ-સાહસિકે વિકાસ સાધ્યો હોય, ઉદ્યોગમાં સફળ થયા હોય તો એને બિરદાવવા જોઈએ, પરંતુ ટીકાનું માનસ ધરાવનારો, તો, 'અરે દેશના આવા આવા મોટા ઉદ્યોગપતિઓ સામે આ તો કશી વિસાતમાં નથી'. એમ કહી એને વખોડવાનું જ કરે છે.

નિંદાખોરની દૃષ્ટિ કેવી હોય? આ માટે મહાકવિ કાલિદાસને જ યાદ કરવા પડે. 'રઘુવંશ' મહાકાવ્યમાં 'નિર્મળ ચંદ્રમા પર પડેલી પૃથ્વીની છાયાને ચંદ્રમાનું કલંક કહીને એને લોકો બદનામ કરે છે.'

આવી ટીકાનો ઉત્તર કઈ રીતે આપી શકાય? કેટલાક લોકોએ આવા ટીકા પત્રોને પોતાના અભ્યાસખંડની દીવાલ પર રાખ્યા હતા. જનરલ મૅક આર્થરે એમની ટીકા કરનારો એક પત્ર યુદ્ધ દરમિયાન એમની મુખ્ય છાવણીની પર ટાંગ્યો હતો. વિન્સ્ટન ચર્ચિલે તો નોંધ્યું કે 'જો હું મારી દરેક ટીકાનો જવાબ આપું, તો જિંદગીમાં બીજું કંઈ જ કામ કરી શકું નહીં.' એણે કહ્યું, 'મારો હેતુ તો હું મારી દૃષ્ટિએ જે યોગ્ય લાગે તે કામ કરી રહ્યો છું. મારા મૃત્યુ સુધી સારી રીતે કરતો રહીશ.'

સંત કબીરે તો નિંદકનો ઘણો મહિમા કર્યો છે અને કહ્યું છે કે એને ઘરના આંગણામાં કુટિર બાંધીને રાખવો જોઈએ. કારણ કે સાબુ અને પાણી વિના એ તમને નિર્મળ કરે છે. અને ગાલિબ જેવા તો,

'ન સૂનો, ગર બૂરા કહે કોઈ, ન કહો, ગર બૂરા કરે કોઈ.'

આવી નિંદામાંથી પ્રશંસા પણ શોધી શકાય. જેમ જેમ નિંદકના વ્યક્તિત્વને ઓળખો છો, તેમ તેમ એમાંથી તમારી પ્રશંસાના અંશો પણ મળે. બાકી તો તમે 'હૅમ્લેટ'માં શેક્સપિયરે કહ્યું છે તેમ 'બરફ જેવા નિર્મળ હો અને હિમ સમાન પવિત્ર હો તોપણ લોકનિંદાથી બચશો નહીં.'

મહાત્મા ગાંધીજીએ આપણી નબળાઈઓ વિશે વારંવાર કહ્યું હતું. અસ્પૃશ્યતાને હિન્દુ ધર્મનું કલંક ગણાવ્યું હતું. એથી એક માણસે ગુસ્સામાં આવીને ગાંધીજીને પત્ર લખ્યો. તેમાં ગાંધીજીની ટીકા તો કરી હતી, સાથે અપશબ્દો પણ વાપર્યા હતા. ગાંધીજીએ શાંતિથી એ પત્ર વાંચ્યો. એમાં ટાંકણી હતી તે કાઢી લીધી અને પત્ર ફાડીને કચરાપેટીમાં નાખી દીધો. તેમના અંતેવાસીએ આ બધું જોઈને કારણે પૂછ્યું તો ગાંધીજીએ કહ્યું, 'આખા પત્રમાંથી કાંઈ રાખવા જેવું ન હતું તેથી ફેંકી દીધો, તેમાંથી માત્ર આ ટાંકણી રાખવા જેવી હતી તે મેં રાખી લીધી છે. એમાંથી આટલું જ ઉપયોગી હતું.' માણસની મોટાઈ એ છે કે તેઓ પોતાની ટીકાથી અકળાતા નથી, સચ્ચાઈની નાનીશી ટાંકણી મળી જાય તો લઈ લે છે. આપણી ટીકા કરનારની વાતમાં જો ગ્રહણ કરવા જેવું કાંઈ હોય તો એ લઈ લેવું જોઈએ. ટીકાને કેવી દૃષ્ટિથી જોઈ શકાય તેનું આ ઉત્તમ દૃષ્ટાંત છે.

અબ્રાહમ લિંકન અમેરિકાનો મહાન રાષ્ટ્રપ્રમુખ ગણાયો છે. ગુલામી નાબૂદી માટે તેણે આંતરવિગ્રહ પણ સ્વીકાર્યો હતો. તેનો યુદ્ધમંત્રી સ્ટેન્ટન લિંકનનો ઉદ્ધત ટીકાકાર હતો. અગાઉ લિંકન વકીલાત કરતા હતા ત્યારે સ્ટેન્ટન અમેરિકાનો અગ્રણી વકીલ ગણાતો હતો. ત્યારે સ્ટેન્ટનને કહેવામાં આવેલું કે તમે લિંકનને મદદનીશ તરીકે રાખો. તો સ્ટેન્ટને તોછડાઈથી કહેલું કે, એ લાંબા હાથવાળા અને અણઘડ માણસ સાથે હું કામ કરવા ઇચ્છતો નથી. પછી લિંકન અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારે સ્ટેન્ટને કહ્યું હતું કે, 'આ માણસ રાજવહીવટ ચલાવવાને બિલકુલ નાલાયક છે.' પછી લિંકનની હાંસી ઉડાવતાં કહ્યું હતું, 'અસલ ગોરીલાને જોવા માટે આફ્રિકા સુધી જવાની કશી જરૂર નથી. લાંબા પગ કરીને તે વ્હાઇટ હાઉસમાં જ બેઠો છે.' આવી તુમાખી, ઉદ્ધતાઈ અને મનધાર્યું કરવા માટે જાણીતા સ્ટેન્ટનમાં કાર્યશક્તિ અદ્ભુત હતી. યુદ્ધ વખતે લશ્કર અને વહીવટમાં પેસી ગયેલી શિથિલતા દૂર કરવા માટે સ્ટેન્ટનની શિસ્ત અને પુરુષાર્થ લિંકનને જરૂરી લાગ્યાં. લિંકને પોતાની ટીકાઓ અને સ્ટેન્ટની ઉદ્ધતાઈ ભૂલીને તેને યુદ્ધમંત્રીની મહત્ત્વની કામગીરી સોંપી. સ્ટેન્ટનને લિંકનનો કોઈ નિર્ણય ગળે ન ઊતરતો ત્યારે અકળાઈને લિંકનને 'મૂરખનો સરદાર' પણ કહી દેતો. પરંતુ યુદ્ધમાં સમય જતો ગયો તેમ તેમ સ્ટેન્ટનને લિંકનની મહાનતાનો ખ્યાલ આવતો ગયો. પછી લિંકનને સન્માન અને આદરની નજરે જોવા લાગ્યો. અબ્રાહમ લિંકનના મૃત્યુ પછી સૌથી મહાન અંજલિ એના યુદ્ધમંત્રી સ્ટેન્ટને આપી હતી કે 'દુનિયાએ ક્યારેય જોયો ન હોય એવો માનવીઓનો સૌથી પરિપૂર્ણ શાસક અહીં સૂતો છે. હવે તે અમર થઈ ગયો છે.'

ટીકાકારના હૃદયમાં પણ પરિવર્તન થઈ શકે છે અને ટીકાથી અકળાયા વિના તેમાંથી ઉપયોગી હોય તે લઈ લેવું જોઈએ એ સંદેશો લિંકન અને ગાંધીજી પાસેથી મળી રહે છે.

### શબ્દાર્થ

**દૃષ્ટિ** નજર, મીટ; **અખબાર** વર્તમાનપત્ર, સમાચારપત્ર; **દરકાર** પરવા, કાળજી; **ટીકા** નિંદા, વગોવણી; **પૃથ્વી** ધરતી, વસુધા અવનિ; **મૃત્યુ** અવસાન, નિધન; **કુટિર** ઝૂંપડી, કૂબો; **પ્રશંસા** વખાણ, સ્તુતિ

●●●